અજાણ છાયા

સંપાદક: ઉમાશંકર જોશી



અખાના છપ્પા

•

ઉમાશંકર જોશી

અખાના છપ્પા

તે નોહે ખૂણેખાંચરે, આ પ્રત્યક્ષ મુખેમુખ વાતો કરે.

સંપાદક

ઉમાશંકર જોશી

વોરા

ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

Akhana Chhappa, edited by Umashankar Joshi

ત્રીજી આવૃત્તિ
૧૯૭૭

કિંમત રૂા. ૧૦-૦૦

© ઉમાશંકર જોશી

આ આવૃત્તિમાંથી કોઈ પણ ભાગ
ફરી છાપતાં પહેલાં સંપાદકની
અનુમતિ મેળવવી આવશ્યક છે.

પ્રકાશક

શિવજી આશર
વોરા ઍન્ડ કંપની
ગાંધી ચેમ્બર્સ
ગાંધી માર્ગ
અમદાવાદ-૩૮૦ ૦૦૧

મુદ્રક

ભરતભાઈ કે. પટેલ
અંબિકા પ્રિન્ટરી
૪૬૬, દૂધવાળી પોળ
ઘીકાંટા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

પંડિત સુખલાલજીને

પ્રજ્ઞા-પ્રાસાદથી અંતઃચક્ષુએ જગ પેખતા
પ્રસન્નશીલ ગરવા નમું પંડિતવર્યને.

અનુક્રમ

અખાની આતમસૂઝ

કવિજીવન ૧૩

આતમસૂઝ ૨૨

'છપ્પા' કાવ્ય તરીકે ૩૯

અખો કેમ સમજાતો નથી ૪૭

સંશોધિત લોકભોગ્ય આવૃત્તિ ૫૦

૭૫૬ છપ્પાની આ વાચના ૫૩

'છપ્પા'ની ભાષા ૫૭

વિષયસૂચિ ૭૩

અખાના છપ્પા

૧. શિષ્ય અંગ ૮૧

૨. છોત અંગ ૮૨

૩. ગુરુ અંગ ૮૩

૪. સહજ અંગ ૮૪

૫. કવિ અંગ ૮૫

૬. વૈરાગ્ય અંગ ૮૬

૭. સ્વસ્વરૂપ અંગ ૮૮

૮. દ્વૈષ અંગ ૯૦

૯. માયા અંગ ૯૨

૧૦. ક્ષમા અંગ ૯૫

૧૧. તીર્થ અંગ ૯૬

૧૨. સર્વાતીત અંગ ૯૯

૧૩. ચેતના અંગ ૧૦૦

૧૪. કૃપા અંગ ૧૦૨

૧૫. ધીરજ અંગ ૧૦૩

૧૬. સૂઝ અંગ ૧૦૪

૧૭. મહાલક્ષ અંગ ૧૦૮

૧૮. વિશ્વરૂપ અંગ ૧૦૯

૧૯. સ્વભાવ અંગ ૧૧૧

૨૦. પ્રપંચ અંગ ૧૧૨

૨૧. જ્ઞાની અંગ ૧૧૪

૨૨. જીવઈશ્વર અંગ ૧૧૫

૨૩. ચાનક અંગ ૧૨૧

૨૪. ભક્તિ અંગ ૧૨૨

૨૫. અદોષ અંગ ૧૨૩
૨૬. ચીકણિયા અંગ ૧૨૩
૨૭. પ્રાપ્તિ અંગ ૧૨૫
૨૮. ભાષા અંગ ૧૨૭
૨૯. પ્રતીતિ અંગ ૧૨૯
૩૦. ખલજ્ઞાની અંગ ૧૩૦
૩૧. જડભક્તિ અંગ ૧૩૪
૩૨. સગુણભક્તિ અંગ ૧૩૮
૩૩. દંભભક્તિ અંગ ૧૩૯
૩૪. આત્મલક્ષ અંગ ૧૪૨
૩૫. જ્ઞાનદગ્ધ અંગ ૧૪૭
૩૬. વિભ્રમ અંગ ૧૪૮
૩૭. વિચાર અંગ ૧૫૫
૩૮. વેષવિચાર અંગ ૧૬૦
૩૯. જીવ અંગ ૧૬૪
૪૦. સંત અંગ ૧૬૬
૪૧. દશવિધજ્ઞાની અંગ ૧૭૦
૪૨. વેદ અંગ ૧૭૨
૪૩. અજ્ઞાન અંગ ૧૮૯
૪૪. વૈરાગ્ય અંગ ૧૯૨
૪૫. ફુટકળ અંગ ૧૯૫

શબ્દસૂચિ **૨૧૭**

પાઠાન્તરો **૨૨૮**

★

લેખકનાં પુસ્તકો

કવિતા

વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, પ્રાચીના,
આતિથ્ય, વસંતવર્ષા, મહાપ્રસ્થાન, અભિજ્ઞા

નાટક

સાપના ભારા, હવેલી, ઉત્તરરામચરિત (અનુ.), શાકુન્તલ (અનુ.)

ટૂંકી વાર્તા

શ્રાવણી મેળો, વિસામો

નવલકથા

પારકાં જણ્યાં

નિબંધ

ગોષ્ઠી, ઉઘાડી બારી

સંશોધન

પુરાણોમાં ગુજરાત, અખાના છપ્પા

વિવેચન

અખો : એક અધ્યયન, સમસંવેદન, અભિરુચિ,
શૈલી અને સ્વરૂપ, નિરીક્ષા, કવિની સાધના,
શ્રી અને સૌરભ, પ્રતિશબ્દ, કવિની શ્રદ્ધા

પ્રવાસ

ઈશાન ભારત અને અંદામાનમાં ટહુકયા મોર

ડાયરી

'૩૧માં ડોકિયું'

શબ્દચિત્રો

ગાંધીકથા, હૃદયમાં પડેલી છબીઓ ભા. ૧–૨

સંપાદન

'મ્હારાં સૉનેટ', બ. ક. ઠા; 'ક્લાન્ત કવિ', બાલાશંકર;
'સ્વપ્નપ્રયાણ', હરિશ્ચન્દ્ર ભટ્ટ;
આચાર્ય આનંદશંકર ધ્રુવના સાહિત્યગ્રંથો (શ્રી રા. વિ. પાઠક સાથે)

સંસ્કૃતિ : સાહિત્ય અને જીવનવિચારનું માસિક (આરંભ ૧૯૪૭)

કવિતાસંગમ : દેશવિદેશની કવિતાના અનુવાદની પુસ્તક શ્રેણી

અખાની આતમસૂઝ

કવિજીવન

અખા વિશે કોઈ સંશયાતીત માહિતી મળતી હોય તો તે આટલી છે : (૧) એનાં પદોમાં 'સોનારા' એવું નામનિર્વચન હોય છે, જે એ સોની હતો એમ દર્શાવે છે. (૨) છપ્પા ૧૬૭-૮ પ્રમાણે, શ્રી ગોકુળનાથ(સં. ૧૬૦૮-૧૬૯૭)ને એણે ગુરુ કર્યા હતા. એ ઉપરાંત (૩) અખો સં. ૧૭૦૧માં અને સં. ૧૭૦૫માં હયાત હતો. પહેલી 'પંચીકરણ'ની અને બીજી 'અખેગીતા'ની રચનાસાલ છે.

અખો અમદાવાદની દક્ષિણે દસ માઈલ દૂર આવેલા જેતલપુરનો વતની હતો અને પછીથી અમદાવાદમાં આવીને રહ્યો હતો એમ કહેવાય છે. અમદાવાદમાં દેસાઈની પોળમાં કૂવાવાળા ખાંચામાં એક મકાનના ખંડને આજે પણ 'અખાનો ઓરડો' કહે છે. નર્મદાશંકર દે. મહેતા શ્રી લલ્લુભાઈ ધોળીદાસના મત પ્રમાણેનું 'મોઢે ઉતરાવેલું' પેઢીનામું આપે છે ('અખાકૃત કાવ્યો - ૧', પૃ. ૩). ધોળીદાસના પિતા મગનલાલ, તેમના પિતા અનોપચંદ, તેમના પિતા ભૂખણ અને ભૂખણના પિતા ગંગારામ. ગંગારામ, અખેરામ અને ધમાસી એમ રહિયાદાસ સોનીને ત્રણ દીકરા હતા. અખેરામને કાંઈ પ્રજા હતી નહિ. પણ કવિને થયે ત્રણસો વરસ થયાં તેમાં માત્ર પાંચેક પેઢી જ થાય એ, હિસાબથી, બંધબેસતું નથી. શ્રી ગોકુળનાથજીની ગાદીએ અત્યારે બારમા પુરુષ વિદ્યમાન છે. એટલે 'પેઢીનામું' સાચા વંશજોનું હોય તોપણ અપૂર્ણ છે.

અખાના જીવન અંગે પ્રચલિત જનશ્રુતિમાંથી નર્મદ પછીના લેખકોએ વિગતો આપી છે તે સંસારમાંથી એનું મન શી રીતે ઊઠી ગયું અને એને સાચું જ્ઞાન કેવી રીતે ને કોની મદદથી મળ્યું એને

લગતી છે. વીસ વરસની ઉંમર પહેલાં જ એણે પિતા ગુમાવ્યા. પછી એકની એક બહેન, જેની ઉપર એને બહુ ભાવ હતો, તે પાછી થઈ. નાનપણમાં પોતાનું જેની જોડે લગ્ન થયું હતું તે યુવાન પત્ની મૃત્યુ પામી. બીજી વાર લગ્ન કર્યું એનો પણ મૃત્યુએ વિયોગ કરાવ્યો. એકે પત્નીથી એને સંતતિ થઈ ન હતી. એવામાં સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉપજાવનાર બે બનાવો બન્યા : એક બાઈને પોતે ધર્મની બહેન ગણતો હતો. તેણે ત્રણસો રૂપિયા મૂકેલા હતા તે ઉપાડી લેવાની ઇચ્છાથી એની સોનાની કંઠી બનાવી આપવા કહ્યું. અખાએ ગાંઠના સો રૂપિયાનું સોનું ઉમેરી કંઠી બનાવી આપી. સોની તો સગી બહેનનું કે માનું પણ ચોરે એવી કહેણીથી પ્રેરાઈને બાઈએ કંઠીને તોડાવી, કસ કઢાવી જોયો. કંઠી ચારસોની નીકળી. કસ કાઢવા માટે કાપ મૂકનારે 'એ તો એનો મૂળ ઘડનારો જ હવે પહેલાં હતી એવી કરી શકે' એમ કહી કંઠી પાછી આપી. કંઠી ઉંદરે કાપી નાખી એમ કહી બાઈએ અખા આગળ સમારાવવા માટે ધરી. કાપ ઉંદરનો નથી, સાચી વાત શી છે તે કહે—એમ પૂછતાં અખાને વાતનો ભેદ મળ્યો અને એને બહુ નિર્વેદ થયો. બીજો પ્રસંગ એમ છે કે અખો ટંકશાળનો ઉપરી હતો ત્યારે સિક્કાઓમાં એ હલકી ધાતુ ભેળવે છે એવી કોઈએ રાવ ખાધી તે ઉપરથી તપાસ થઈ પણ અખો થોડોક સમય કાચી જેલમાં રહી છેવટે નિર્દોષ છૂટયો. આ પ્રસંગથી પણ એને સંસાર પ્રત્યે નિર્વેદ થયો, સોનીના ધંધા પર ધિક્કાર આવ્યો અને ઓજારો કૂવામાં નાખી દઈ સંસારમાં સાચું શું છે તેની 'ખંતે ખોળ' કરવા એ નીકળી પડયો. ગોકુળમાં ગયો ત્યારે તો હજી સ્થિતિ સારી હતી એટલે માનપાનથી એ શિષ્યમંડળમાં ઘૂમ્યો. પણ પછી મન ન માનતાં કાશી તરફ ગયો. ત્યાં મણિકર્ણિકાના ઘાટ ઉપર બ્રહ્માનંદ કરીને સ્વામી રાત્રે શિષ્ય આગળ પ્રવચન કરતા તે, અંદર પોતાને કદાચ સાંભળવા બેસવાનો અધિકાર ન મળે એ ખ્યાલથી, પર્ણકુટીની બહાર લપાઈ રહીને એણે સાંભળ્યા કર્યું. દિવસે દ્રવ્ય આદિની લાલચોથી બ્રહ્માનંદની એ કસોટી

કરતો. કંચનકામિનીમાં એમની આસક્તિ નથી એ જોતાં એમના બોધમાં એને વધુ રસ પડચો. વરસેક દિવસ આમ ચાલ્યું. એક રાતે શિષ્ય નિદ્રાની અસરને વશ થઈ હોંકારો ભરી શક્યો નહીં ત્યારે પ્રવચનમાં ભંગ પડશે એ ડરે અખાથી હોંકારો ભરાઈ ગયો. બ્રહ્માનંદે ઊઠીને બહાર તપાસ કરી તો અખો. અખાની જ્ઞાનપિપાસાથી આર્દ્ર બનીને એમણે એને કેટલાક પ્રશ્નો કર્યા. અખાએ જે જ્ઞાન પચાવ્યું હતું તેથી પોતે પ્રભાવિત થયા અને એને પ્રેમપૂર્વક અનેક શાસ્ત્રગ્રંથોના રહસ્યનો પરિચય કરાવ્યો. કાશીથી પાછા વળતાં અખો ફરી ગોસાંઈજીના દર્શને જાય છે. પણ આ જ્ઞાની અખા પાસે પહેલાંનું કોઈ વૈભવચિહ્ન ન હતું. 'હું અખો શેઠ છું' એવું કહેવા ગયો ત્યાં દરવાને પરખાવી દીધું : 'અખો શેઠ તો બડો પૈસાદાર હતો ને તું તો ફકીર છે તે અખો શેઠ ક્યાંથી થઈ પડચો ?' અખાએ જ્ઞાનની કવિતા કરી તેમ બ્રહ્માનંદના બીજા ત્રણ ગુજરાતી કવિશિષ્યો પણ હતા અને એ ચારેનો નિર્દેશ નીચેના દુહામાં છે એમ કહેવાય છે :

અખાએ કર્યા ડખો, ગોપાળે કરી ઘેંશ,
બૂટે કર્યા ફૂટા, નરહરને કહે શિરાવા બેસ.

'નરહરિએ કીધી રાબડી, બૂટો કહે શિરાવા બેશ' એમ પણ બીજી પંક્તિનો પાઠ છે.

આ બધી વિગતો જનશ્રુતિ–દંતકથાના સ્વરૂપની છે, એમને ઐતિહાસિક તથ્ય તરીકે સ્વીકારવા માટેના કોઈ પુરાવા નથી. બલકે એ વિગતોના તથ્ય અંગે સ્પષ્ટ શંકા ઉઠાવી શકાય એમ છે : 'ગોપાળગીતા'-(સં. ૧૭૦૫)માં ગોપાળ પોતાના ગુરુનું નામ 'સોમરાજ' આપે છે એટલે આ ચારે કવિઓ કોઈ એક(બ્રહ્માનંદ) ગુરુના શિષ્યો હતા એવી જનશ્રુતિ માનવા આડે બાધ આવે છે. થોડેવત્તે અંશે ચારે કવિઓ જ્ઞાનના ઉપાસકો હોઈ એમનાં નામ આ રીતે એક દુહામાં ગૂંથાયાં હોવાનો સંભવ વધારે છે. બીજું, પોતે શ્રી ગોકુળનાથજીને ગુરુ બનાવી પોતાને સન્માર્ગે વાળવાનો પ્રયોગ કરી જોયો એ અંગે

અખો છપ્પામાં ઉલ્લેખ કરે છે, પણ એ ઉલ્લેખ નિષ્ફળ અખતરાનો છે. છેવટે 'આત્મા ગુરુ' થયો અને 'આવી અચાનક હરિ પરગટ થયો'(૧૬૯) એમ એ પોતાની આધ્યાત્મિક અનુભવ અંગેની સફળતા વિશે ઉદ્ગાર કાઢે છે. પણ નિષ્ફળ સાધનાક્રમમાં જેમ અમુક માનવ ગુરુનો નામોલ્લેખ કરે છે તેમ આ સફળ સાધનાક્રમમાં કોઈ માનવ ગુરુનો સ્પષ્ટ નામોલ્લેખ એ કરતો નથી. બ્રહ્માનંદ શબ્દ એની રચનાઓમાં–ખાસ કરીને ભજનોમાં વારંવાર આવે છે, પણ તે બધે ઠેકાણે બ્રહ્મનો આનંદ એ અર્થ પૂરા સ્વારસ્યથી ધરે છે. અખો લેભાગુ ગુરુઓનો તીખો ટીકાકાર છે : 'બીજા ગુરુ તે લાગ્યાં વરુ' (૩૦૦), 'બીજા ગુરુ બાજીગર મહોર' (૩૩૬). પણ ગુરુતત્ત્વનો એ વિરોધી નથી. મહિનાની પેઠે વાર પણ જૂના કવિઓ લખતા. અખો પોતાના 'વાર' ગુરુથી શરૂ કરે છે. 'અખેગીતા'નું દરેક કડવું 'સેવો હરિ-ગુરુ-સંતને'થી પૂરું થાય છે. જીવન્મુક્ત, વિદેહી, જ્ઞાની સંત એ જ ગુરુ છે – એ જ હરિ છે એવું સમીકરણ અખાએ અનુભવ્યું છે. અખાનો ગુરુ હાડમાંસના માનવ કરતાં વધુ તો માનવમાં પ્રગટ થતું પરમતત્ત્વ છે. એથી એ 'આત્મા ગુરુ' થવાની વાત કરે છે (છપ્પા-૧૭૦) અને 'ગુરુ થા તારો તું જ' (અનુભવબિંદુ) એમ અનુરોધ કરે છે.

આવા અખાની પણ ગાદી સ્થપાઈ! જંબુસર પાસે કહાનવા બંગલાના શ્રી ભગવાનજી મહારાજ, જેમણે 'સંતોની વાણી' અને અખાની સાખીઓનું પ્રકાશન કર્યું છે તે અખાની શિષ્યપરંપરામાં પોતે સાતમા છે એમ કહે છે. સામાન્ય ગણતરીએ, અખા પછીના ત્રણ સૈકામાં સાધુ-શિષ્યોની પણ સાત કરતાં વધુ પેઢીઓ થવી જોઈએ એટલે શિષ્યપરંપરાનું એ 'અક્ષયવૃક્ષ' પણ માહિતીની દૃષ્ટિએ કદાચ અપૂર્ણ હોય.

અખા અંગેની જનશ્રુતિમાં વૈષ્ણવ ગોસાંઈ પ્રત્યે અખાની ટીકા-વૃત્તિ હતી એવો ધ્વનિ ઊઠ્યા વગર રહેતો નથી, પણ કદાચ એ 'ગુરુ કર્યા મેં ગોકુળનાથ' એ છપ્પા(૧૬૮)નો ઉતાવળિયો અને નિંદારસિક

અર્થ કરવાનું પરિણામ હોય. હસ્તપ્રતો બીજી પંક્તિ 'નગુરા મનને ઘાલી નાથ' – એમ આપે છે. 'ઘરડા બળદને–' પાઠ લેતાં પણ (બે હસ્તપ્રતોમાં એવો પાઠ મળે પણ છે) 'ઘરડા બળદ'ની ઉપમા તો કવિએ પોતાને – પોતાના મંદપ્રાણ મનને આપી છે. કહે છે કે એમ મન મનાવીને સગુરો થયો પણ વિચાર તો નગરાનો જ રહ્યો, ગુરુ કર્યાનું કોઈ ફળ મેળવી શક્યો નહીં : 'જન્મ જન્મનો ક્યાં છે સખા?' આખું 'પ્રપંચ અંગ' તે ગુરુઓના પ્રપંચ અંગે નથી, પણ વાક્-પ્રપંચ અંગે છે. 'શ્લોક સુભાષિત મીઠી વાણ' ગાનારા કવિઓને પોતે કહે છે કે હું પણ મન મનાવવા એક મોટા માણસને ગુરુ કરી આવ્યો હતો, પણ એટલા માત્રથી આધ્યાત્મિક અનુભવ મળી જતો નથી. ત્રણ મહાપુરુષ (પ્રથમ ત્રણ વૈષ્ણવ આચાર્યો) ખરા, પણ ચોથો આપ, 'જેનો ન થાયે વેદે થાપ' તેને 'અખે ઉરઅંતર લીધો જાણ, ત્યાર પછી ઊઘડી મુજ વાણ.' આધ્યાત્મિક અનુભવ મળે તે પછી પોતે મોઢું ખોલ્યું છે, કવવા માંડ્યું છે – ચર્વિતચર્વણ કરવાનો વાક્પ્રપંચ પોતે કર્યો નથી : 'ચવ્યું ન ચાવે અખો અજાણ.' અંતે ઉમેરે છે : 'જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે.' સાચા ક્રાન્ત-દર્શી કવિ થવા માટે આત્માને ગુરુ કરવાની જરૂર છે એ આખા 'પ્રપંચ અંગ'નો મથિતાર્થ છે. મહાજનોને ગુરુ કરવાથી આપણે સગુરા થયા એમ મન મનાવી શકાય છે, વિચારથી તો નગુરા જ રહીએ છીએ એવો સ્વાનુભવ એમાં એ ટાંકે છે. એમાં મહાજનનો નહીં પણ બાહ્ય આચારમાં રાચતા પોતાના મનનો જ દોષ હોય છે એમ એ જુએ છે. ઘરડા બળદને નાથ ઘલાવી આવીએ એથી એ શું વધારે કામ આપવાનો હતો? એવું જ બાહ્ય આચારમાં રાચતા મનને ગુરુવાળું બનાવવાથી થશે. દયારામ ''મારું ઢણકતું ઢોર ઢણકે છે સહુ નગ્રમાં... વશ કરી રાખો નિજ પાસ માગું... મન મતિ બગડતાં સર્વ કાંઈ બગડિયું,' – એ પંક્તિઓમાં મનને ઢોર સાથે સરખાવી ગુરુ એને કોઈ રીતે નાથીને વશ કરે એમ માગે છે એ જોઈ શકાય છે. અખો

મનને બળદ સાથે જ સરખાવે છે એમ નહીં, ઘરડા – નિર્બળ બળદ સાથે સરખાવે છે. પુરોગામી માંડણે આવા સંદર્ભમાં લગભગ આવી જ ઉપમા યોજી છે: 'એતાં પછી સગુરુ શું કહઇ, જુ ગલીઉ ઢાંઢુ થઇ રહઇ?' – પોતે ગળિયા બળદ જેવો થઈને રહે તો પછી ગુરુવાળો છે એમ કહીને શું? માંડણે પ્રચલિત કહેવતોનો સંચય કર્યો છે તે જોતાં અખાએ પણ નિર્બળ–અડિયલ મન ગુરુવાળું–સગુરુ બને તે તો ઘરડા – ગળિયા બળદને નાથ ઘલાવવા જેવું છે એવા પ્રચલિત દૃષ્ટાંતનો જ ઉપયોગ કર્યો હોય તો નવાઈ નહીં. ટૂંકામાં, મોટા માણસને ગુરુ કરી સગુરુ થવું એ નગુરા મનને – ઘરડા બળદને નાથ ઘલાવવા જેવું નિરર્થક ઉપચારરૂપ છે, એથી કાંઈ વળે નહીં; આત્મા ગુરુ થાય તો અચવ્યો પદાર્થ ગાવાની શક્તિ મળે; તે સિવાયનો બીજો વાક્પ્રપંચ છે; – આ સંદર્ભ જોતાં ગુરુ ગોકુળનાથને ઉતારી પાડવાનો આ 'પ્રપંચ અંગ'માં પ્રસંગ જ નથી.

બે હસ્તપ્રતો 'નગુરા મનને ઘાલી નાથ'ને બદલે 'ઘરડા બળદને ઘાલી નાથ' એવો જે પાઠ આપે છે તે ઉપર જોયું તેમ સંદર્ભમાં બંધબેસતો છે. પણ તે પછી તે બંને 'ધન હરે પણ ધોખો ન હરે, લોક વહેવાર આઘેરો કરે' પંક્તિઓ આપે છે, તે સંદર્ભમાં ભાગ્યે જ બરોબર ઘટે છે. 'ધન હરે ધોખો નવ હરે' એ પંક્તિ છપ્પામાં બીજે આવે છે (૩૦૦ઈ) ત્યાં એ સયુક્તિક છે. સંભવ છે કે ઘરડા બળદની ઉપમા ગુરુને અપાઈ છે તે માન્યતા ઘણી વહેલી શરૂ થઈ હતી અને 'ધન હરે–'વાળી (૩૦૦ઈ) પંક્તિ અહીં પણ યોજી દેવામાં આવી હતી. એ બંને હસ્તપ્રતો છેલ્લી બે લીટીઓ, 'અખા ગુરુ જ્ઞાની કરવા ખરા, જે હરિ દેખાડે સભરા ભર્યા' આપે છે, તે પણ 'છપ્પા'માં અન્યત્ર (૩૨૨ઈઈ) આવતી 'તે માટે જ્ઞાની ગુરુ કરો, જે હરિ દેખાડે સભરાભર્યો' – પંક્તિઓ જ છે. ટૂંકમાં, 'ગુરુ કીધા મેં ગોકુળનાથ' એ પહેલી પંક્તિ પછી બીજીમાં 'ઘરડા બળદ'વાળો પાઠ આપતી

અંને હસ્તપ્રતોમાં તે પછીની ચાર પંક્તિઓનો પાઠ પણ વીંખાઈ ગયો છે.[૧]

અખો વૈષ્ણવ નામધારીઓની ટીકા કરે છે ('વૈષ્ણવ ભેખ ધારીને ફરે, પરસાદ ટાણે પત્રાવળાં ભરે' ૬૬૪), જેમ દયારામ જેવા પરમ વૈષ્ણવ પણ કહે છે: 'વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' પણ ગોકુળનાથના ઉલ્લેખવાળી પંક્તિઓમાં એ મહાજનની ટીકા કરવાનો અખાનો આશય નથી એ ઉપરની ચર્ચાથી સ્પષ્ટ થશે.

---

૧. આ છપ્પા ઉપરાંત, લોકપ્રિયતાને કારણે લોકજીભે અથવા બીજી રીતે બદલાયા હોય એવા બે (૩૨૦, ૬૫૪) છપ્પા છે, જે 'પાઠાન્તરો'માં ન આપતાં અહીં ઉતાર્યા છે.

છપ્પો ૩૨૦ (અનુક્રમે હસ્તપ્રત ૪, ૭, ૮ પ્રમાણેના પાઠ):—

વા વાયો ને નલીયું પશું, તે દેષીને કુતરું ભશું.
તે જાંણીને જાગ્યો જાર, જ્યારે ઉઠી કીધી લાર.
લારેલારે કીધો સોર, કહે અષો કેણે દીઠો ચોર. (૪માં)
વા વાયો ને નલીયું ખસું, તે દેખીને કુતરૂં ભસું.
તે જાણીને જાગો જાર, તાં ઉઠીને કીધો લાર.
લારેલારે વાધો શોર, કહે અખો કોણે દીઠો ચોર. (૭માં)
વા વાયો ને નલીઉ ષસું, તેહેને ભણકારે કુતરૂ ભસુ.
કુતરૂં ભસુ ને થયો છ સોહોર, કહે અષા એ કીહો ચોર. (૮માં)

જૂની સરકારી વાચનમાળાનો પાઠ :

વા વાયાથી નળિયું ખસ્યું, તે દેખીને કૂતરું ભસ્યું.
બહુ થયો ત્યાં શોરબકોર, કોઈ કહે મેં દીઠો ચોર.

છપ્પો ૬૫૪ (૮ પ્રમાણેનો પાઠ) :—

આંખો મીચી બેઠાં ગુઠ, જાંહાં દેષુ તાહાં કુડેકુડ. ૫
સૂરજ દીઠાની વાત જ કરે, તારે લેઈ ચાંચુ ને મારવા કરે.
સુણ રે સીસ્ય હુ કહુ કથી, અમારી નજર તો સુરજ નથી. ૬
સીસ્ય પૂછે ગુરૂને વાત, અનંત કાલ અમારે રાત.
આજનાં બાલક ભોલાં થયાં, અનંત વર્ષ અંધારે ગયાં. ૭

અખાનો જીવનકાળ? ગોકુળનાથજીનો અંતકાળ સં. ૧૬૯૭માં થયો. અખાએ તેમનું શિષ્યપદ તે પૂર્વે સ્વીકાર્યું હોવું જોઈએ. એની રચનાઓમાંથી 'પંચીકરણ' સં. ૧૭૦૧ અને 'અખેગીતા' સં. ૧૭૦૫ રચનાસાલ આપે છે. આનો અર્થ એ કે અખાના કવનકાળની પૂર્વમર્યાદા મોડામાં મોડી સં. ૧૬૯૭(ઈ. સ. ૧૬૪૧) અને ઉત્તરમર્યાદા વહેલામાં વહેલી સં. ૧૭૦૫(ઈ. સ. ૧૬૪૯).

'બાવનપેં બુધ્ય આથીવટી' (૨૪૩) ઉપરથી અખાને બાવન વરસે આત્મસાક્ષાત્કાર થયો; 'ત્યાર પછી ઊઘડી મુજ વાણ'નો એકરાર જોતાં બાવનની ઉંમર પછી અખાએ લખવું શરૂ કર્યું; 'અખેગીતા' ૧૭૦૫માં રચાઈ ત્યારે અખો બાવનની ઉંમરે પહોંચી ચૂકેલો હોય; – આ જાતની ગણતરી અંબાલાલ જાનીએ કરેલી. પણ નર્મદાશંકર મહેતાએ પ્રસ્તુત પંક્તિમાં તેમ જ બીજે 'બાવન' મૂળાક્ષરો માટે, આખા શબ્દપ્રપંચ માટે, વપરાયું છે એ યોગ્ય રીતે બતાવ્યું છે. પણ 'તિલક કરતાં ત્રેપન થયાં' (૬૨૮) એ પંક્તિ ઘણું કરીને પોતાને ઉદ્દેશીને લખાઈ છે એમ નર્મદાશંકર મહેતા અનુમાન કરે છે. આ 'ત્રેપન' 'તિલક' સાથે અનુપ્રાસમાં અને ઘણી ઉંમર ચાલી ગઈ એ સૂચવવા પૂરતું જ હોય. એ જ છપ્પામાં 'કથા સુણી સુણી ફૂટચા કાન' એમાં જેમ ખરેખર કાન ફૂટવાની વાત નથી – અખાના પોતાના કાનની હાલત વર્ણવવાનો તો ભાગ્યે જ એમાં પ્રયત્ન હોય, પણ બાહ્ય આચારમાં બહુ લાંબા સમય સુધી રચ્યાપચ્યા રહેવાયું એ અંગેનો ઉલ્લેખ છે, તેવો જ 'ત્રેપન થયાં'માં પણ જોઈ શકાય. આખો છપ્પો અખાની પોતાની વાત વર્ણવવાને બદલે તરત પછીના 'એક મૂરખને એવી ટેવ'વાળા છપ્પામાં ઉલ્લેખાયેલા 'મૂરખ'ની જીવનચર્યાની ટકોર કરનારો હોવા સંભવ છે.

'પંચીકરણ'માં ૧૦૨ (ચાર ચરણી) શ્લોક છે, પણ તેના આરંભના ૩૨ શ્લોક ખરું જોતાં 'છપ્પા'માંનું ૨૩ છપ્પાનું 'પંચીકરણ અંગ' છે, કેમ કે એમાં ૭ ૭ ચરણે 'અષા'ના નામનો ઉલ્લેખ મળે છે. બીજા શબ્દોમાં, સં. ૧૭૦૧ના 'પંચીકરણ' પૂર્વે 'છપ્પા'ની,

કાંઈ નહીં તો તેના કેટલાક ભાગની, રચના થયાનો આ રીતે પુરાવો મળે છે. 'છપ્પા'માંના છૂટક વિચારો પ્રકરણ ગ્રંથ 'અખેગીતા'માં વ્યવસ્થિત અને સુગ્રથિતરૂપે રજૂ થયા હોય એવું જોઈ શકાય એમ છે, જે ઉપરથી 'છપ્પા'ના મોટા ભાગની રચના સં. ૧૭૦૫ પહેલાં થઈ હોય એમ મનાય. સામાજિક અને સાંપ્રદાયિક દંભ ઉપર કટાક્ષ કરતા છપ્પા આધ્યાત્મિક અનુભવના પરિપાક સમયના કરતાં આરંભકાળના હોવાનો સંભવ કલ્પી શકાય. આમ, 'છપ્પા'નો કેટલોક ભાગ સં. ૧૭૦૧ પહેલાં રચાયો છે અને જૂજ ભાગ જ સં. ૧૭૦૫ પછી રચાયો હોય તો હોય.

સં. ૧૭૦૧(ઈ. ૧૬૪૫)માં અખો ઓછામાં ઓછો ચાળીસ વરસનો હોય એમ માનીએ તો ઈ. સ. ૧૬૦૫–૧૬૫૦ વચ્ચે એ હયાત હતો એમ ચોકસાઈથી કહી શકાય.

અખાની નાનીમોટી સળંગ રચનાઓ ચૌદ છે : પંચીકરણ, ગુરુ-શિષ્ય સંવાદ, ચિત્તવિચાર સંવાદ, સંતપ્રિયા (હિંદી), બ્રહ્મલીલા (હિંદી), અનુભવબિંદુ, અખેગીતા, કૈવલ્યગીતા, અખાજીનો કક્કો, અખાજીના વાર, અખાજીના મહિના, અવસ્થાનિરૂપણ (હિંદી), એકલક્ષરમણી (હિંદી), સંતનાં લક્ષણ અથવા કૃષ્ણ-ઉદ્ધવનો સંવાદ. અખાની પ્રકીર્ણ રચનાઓ છ પ્રકારની છે : છપ્પા, સોરઠા, સાખીઓ (ગુજ. અને હિંદી), પદો કે ભજનો (ગુજ. અને હિંદી), અખાજીની જકડી (હિંદી), અખાજીના ઝૂલણા (હિંદી). શ્રી કૃષ્ણલાલ ઝવેરીએ 'પંચદશી-તાત્પર્ય' અને 'પરમપદપ્રાપ્તિ' એ બે ગ્રંથ અખાના હોવાનો 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો'(–૧, પૃ. ૫૦)માં નિર્દેશ કર્યો છે. પણ તે હજી સુલભ થયા નથી. અખાના સાહિત્યમાંથી 'સંતનાં લક્ષણ,' 'અખો : એક અધ્યયન'માં અને બાકીનું બધું સાહિત્ય અત્યારે 'અખાકૃત કાવ્યો – ભાગ ૧' (સં. ન. દે. મહેતા), 'અખાકૃત કાવ્યો – ભાગ ૨' (અપ્રસિદ્ધ અક્ષયવાણી : સં. સાગર), 'શ્રી અખાજીની સાખીઓ' (સં. કેશવલાલ અ. ઠક્કર, પાયોનિયર

હાઈસ્કૂલ, ભરૂચ) અને 'અખાની વાણી' (પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, આવૃત્તિ ૩જી) એ ચાર પુસ્તકોમાં સુલભ છે. પહેલાં ત્રણ પુસ્તકો હસ્તપ્રતોની મદદથી કાંઈક સંભાળપૂર્વક સંપાદિત થયેલાં છે, છેલ્લું પુનર્મુદ્રિત થયે જતા સર્વસંગ્રહ જેવું છે. (૩જી આવૃત્તિમાં 'છપ્પા'ને હસ્તપ્રતોની મદદથી કાંઈક સંસ્કારવાનો પ્રયત્ન થયો છે અને પછીથી તે હમણાં જુદા પુસ્તક રૂપે પણ પ્રગટ થયા છે.) સાક્ષરશ્રી કેશવલાલ હ. ધ્રુવે 'અનુભવબિંદુ'નું સંશોધનપૂર્વક સંપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે.

આતમસૂઝ

અખો તત્ત્વજ્ઞ કવિ છે. વાક્પ્રપંચમાં રચ્યાપચ્યા રહેનાર કવિઓને જોઈ 'કવિ'પદથી એ દૂર પણ ભાગે છે : 'જ્ઞાનીને કવિતા ન ગણેશ' (૨૨). જ્ઞાની એટલે શાસ્ત્રો જેની જીભને ટેરવે રમે છે એવો પંડિત નહીં, પણ અનુભવી. આત્માનુભવમાં સ્થિર થયા પછી અખાએ કવન આદર્યું છે : 'ત્યાર પછી ઊઘડી મુજ વાણ' (૧૬૯). આને લીધે ગુજરાતી ભાષામાં ઉપનિષદ કે ગીતાની આત્માનુભવથી ધબકતી વાણીનો રણકાર ક્યાંય સાંભળવા મળતો હોય તો તે અખાનાં આતમસૂઝનાં સરળ ઊંડાં મર્માળાં વાક્યોમાં.

આપણા દેશના મધ્યકાલીન ઇતિહાસના હૃદયસ્થાને સંતો વિરાજે છે. ભારતનો સંસ્કૃતિઆત્મા જુદી જુદી દેશભાષાઓની સંતકવિતા દ્વારા પ્રગટ થયો હતો. એ સંતકવિતામાં કબીરની જ્ઞાનાશ્રયી નિર્ગુણધારા, સૂફીઓની પ્રેમાશ્રયી નિર્ગુણધારા, વૈષ્ણવો(સુરદાસ, નરસિંહ, મીરાં)ની પ્રેમલક્ષણાશ્રયી સગુણધારા, ઉપરાંત તુલસીદાસજી જેવાની રામાશ્રયી સગુણધારા જોવા મળે છે. નવા આવેલા કૌવતભર્યા ઇસ્લામ સામે, ખખડી ગયેલા હિંદુ ધર્મને નવું બળ આપી ટકાવી રાખનાર ભક્તિનો જુવાળ આ સમયમાં આવ્યો છે. કબીરે નિર્ગુણ જ્ઞાનોપાસનાના માર્ગ દ્વારા રામ અને રહેમાનનો ઝઘડો શમાવવા કરી જોયું હતું પણ

જનતાને તો સગુણોપાસના બોધતા ભક્તિમાર્ગનું આલંબન સહેલું થઈ પડ્યું. ભક્તિનું આ પ્રચંડ મોજું દેશભરમાં ફરી વળ્યું તે પછી અખો તો આવે છે, તે છતાં નિર્ગુણ જ્ઞાનોપાસનાની વાત એ કેમ લઈ આવે છે? બે કારણ સંભવે છે : એક તો નિર્ગુણ જ્ઞાનોપાસનાનું પોતાનું એટલું અંતર્ગત બળ. બીજું, પેલા ભક્તિની બ્રહ્મભરતીના જુવાળની પાછળ હવે એને બાહ્ય સાંપ્રદાયિકતાના કીચડ જોવા મળ્યા હશે એ. અનુભવાર્થી અખાએ અધ્યાત્મચર્યાના પ્રચલિત માર્ગોને નાણી જોવાનો પ્રયત્ન કરવામાં કચાશ રાખી હોય એમ લાગતું નથી. જાગ, જોગ, વ્રત, તપ, તીરથ, કથાકીર્તન, મૂર્તિપૂજા, ભેખ, ગુરુપદું, પંથઅભિમાન, શાસ્ત્રનૈપુણ્ય, બધામાં એને બાહ્યાચારનો આડંબર, મોક્ષ કરતાં બંધનની સામગ્રી, વિશેષ દેખાય છે. આ બધાંને અખો પોતાની સોંસરી વાણીમાં ઉઘાડાં પણ પાડે છે. 'છપ્પા'માંની આ કટાક્ષવાણી સહેજે આકર્ષક નીવડી છે. પણ 'છપ્પા'માંના એ નિષેધાત્મક(negative) અંશ કરતાં અનેકગણો મહત્ત્વનો એમાંનો વિધેયાત્મક(positive) અંશ છે. અખાનું હૃદય છેવટે કઈ વસ્તુ ઉપર આવીને ઠર્યું છે એ જાણવું એ વધારે મહત્ત્વનું તો છે. 'છપ્પા'ના છૂટક છૂટક ઉદ્‌ગારોમાં (જેમ 'અખેગીતા'ની સળંગ પ્રકરણ-રચનામાં પણ) અખાનો જે આત્માનુભવ આલેખાયો છે તેમાંથી એ વાત સ્પષ્ટ તરી આવે છે કે એ નિર્ગુણોપાસક છે અને એનો વિચારપિંડ ગૌડપાદાચાર્યના અજાત-વાદ અને શંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાંતથી બંધાયેલો છે. શંકરાચાર્યનો અદ્વૈત સિદ્ધાંત અખાની વાણીમાં રસમય રીતે નિરૂપાયેલો જોવા મળે છે, કેમ કે અખાએ તાર્કિક પંડિતની રીતે નહીં પણ બ્રહ્મભાવ અનુ-ભવનાર, 'અચવ્યો રસ' આસ્વાદનાર, તરીકે એ ઉદ્‌ગાર્યો છે. શાંકર મત આટલી રસિક અને હૃદયંગમ રીતે અન્ય કોઈ ભાષામાં જવલ્લે જ રજૂ થયો હોય.

શંકરાચાર્યનો સિદ્ધાંત છે : ब्रह्म सत्यं, जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः । – બ્રહ્મ એ એક જ સત્ય પદાર્થ છે, જગત મિથ્યા ભાસરૂપ છે,

જીવ સ્વયં બ્રહ્મ જ છે – બીજું કશું નથી. બ્રહ્મ એટલું જ છે, ઉપરાંત એ કેવલ (ગુણ ક્રિયા ધર્મ વિશેષ વિનાનું) છે. એના જેવું કે એના સિવાય બીજું કાંઈ નથી. બીજું કાંઈ છે એમ ભાસે છે તે તત્ત્વતઃ જોતાં મિથ્યા છે. મિથ્યા હોવા છતાં એવા ભાસો થાય છે તેનું કારણ અજ્ઞાન એટલે કે અવિદ્યા અથવા માયા છે. આ અજ્ઞાનને લીધે જીવ અને જગતનો ભાસ થાય છે. જગત બ્રહ્મમાંથી અને બ્રહ્મ વડે હોઈ બ્રહ્મ એ જગતનું (ઉપાદાન તેમ જ નિમિત્ત) કારણ છે. આવા કારણરૂપ બ્રહ્મમાં એના કાર્ય તરીકે જગતનો ભાસ માત્ર થાય છે, વસ્તુતઃ જગત છે જ નહીં. જેમ રજ્જુમાં સર્પ, રણમાં મૃગજળ કે છીપમાં રૂપાનો ભાસ થાય છે તેમ બ્રહ્મમાં જગતરૂપી વિવર્તનો ભાસ થાય છે. જીવ જ્યારે અજ્ઞાનથી માનેલું જીવપણું ખંખેરી દે ત્યારે બ્રહ્મ જ છે, બીજું કશું નથી.

કેવલાદ્વૈતીઓ જગત અને જીવની પ્રતીતિ કરાવનાર મિથ્યા જ્ઞાનને માયા અથવા અવિદ્યા કહે છે. કેટલાક માયા અને અવિદ્યા એમ એને બે રૂપે પણ જુએ છે અને માયાને ઈશ્વર સાથે અને અવિદ્યાને જીવ સાથે જોડે છે. શુદ્ધ ચૈતન્ય(બ્રહ્મ)ને ઢાંકે તે અવિદ્યા અને આ રીતે ઢંકાયેલું ચૈતન્ય તે જીવ. શુદ્ધ ચૈતન્યને જડ જગતરૂપે વિક્ષિપ્ત કરી દેખાડે તે માયા. આ માયા જેમાં આરોપાય તે ઈશ્વર.

માયા એ કારણબ્રહ્મનું વિશેષણ નથી, પણ ઉપાધિ અથવા વ્યાપાર છે અને બ્રહ્મને સગુણબ્રહ્મ(ઈશ્વર)રૂપે પ્રતીત કરાવે છે. માયામાં પડેલું બ્રહ્મનું પ્રતિબિંબ તે ઈશ્વર અને અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ તે જીવ.

જીવ અને ઈશ્વર બંનેમાં જ્ઞાનસ્વરૂપ અથવા ચેતન તે અવિકૃત બ્રહ્મ છે અને એ બંનેમાં સમાન છે, ઓછુંવત્તું નથી. જીવની અલ્પજ્ઞતા અને ઈશ્વરની સર્વજ્ઞતા છોડીને મૂળ રૂપે વિચારતાં જીવ-ઈશ્વર બંને અખંડ ચૈતન્યરૂપે પ્રતીત થાય છે. જીવચૈતન્ય અને ઈશ્વરચૈતન્ય એ

વાસ્તવિક ભેદ નથી, વ્યાવહારિક ભેદ છે. જેમ જીવ અને જગત વસ્તુતઃ નથી પણ એમની વ્યાવહારિક સત્તા (અસ્તિત્વ) છે, તેમ ઈશ્વરની એટલે કે સગુણબ્રહ્મની પણ વાસ્તવિક અથવા પારમાર્થિક સત્તા નથી, વ્યાવહારિકી સત્તા છે. પારમાર્થિકી સત્તા માત્ર નિર્ગુણબ્રહ્મની છે.

જીવ, જગત અને ઈશ્વિર વાસ્તવિક નથી પણ વ્યાવહારિક છે. જગત મિથ્યા છે, એનો અર્થ એ દેખાતું નથી એવો નથી, પણ એ દેખાય છે એવું નથી (પદાર્થો દેખાય છે એવા વસ્તુતઃ નથી. એમાંથી તો દુનિયાનું દરેક તત્ત્વજ્ઞાન પ્રસર્યું છે), બલકે જેમ સ્વપ્ન દેખાય છે પણ જાગ્રત દશામાં એ સ્વપ્ન દેખાતું નથી એટલું જ નહીં પણ એ છે જ નહીં એવી પ્રતીતિ થાય છે, તેમ બ્રહ્મજ્ઞાન થતાં જગત મિથ્યા છે એવી પ્રતીતિ થાય છે.

આ જગદ્‌ભ્રમ, જીવ-ઈશ્વિરભ્રમ, જીવના સંસારીપણાનો અને જીવની અનેકતાનો ભ્રમ તત્ત્વજ્ઞાનથી શમે છે. આવી જ્ઞાનની દૃષ્ટિ એ જ મુક્તિ. કર્મ અને ભક્તિ ચિત્તશુદ્ધિને ઉપકારક છે, પણ મુક્તિનું મુખ્ય સાધન જ્ઞાન છે. આ જ્ઞાન મેળવવાનો અધિકાર વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, શ્રદ્ધા એ સાધનસંપત અને મુમુક્ષુત્વથી ખીલે છે.

અખંડ બ્રહ્મભાવ અનુભવતો ચૈતન્યદૃષ્ટિ પુરુષ તે જીવતો છતાં મુક્ત, જીવન્મુક્ત છે.

અખો રીતસર શાસ્ત્રો ભણ્યો હોય એવું લાગતું નથી, પણ દેશાટન કરીને સજ્જનો પાસેથી જ્ઞાનવાર્તા સાંભળીને જરૂર એ 'બહુ-શ્રુત' બનેલો છે. 'ગીતાને અધ્યાય સાતમે,' 'તેર કાંડ,' એવા શાસ્ત્ર-ઉલ્લેખો પણ ક્યારેક એ કરે છે. પણ 'છપ્પા'નું મહત્ત્વ છે તે એના રચનારાની બહુશ્રુતતાને કારણે નહીં પણ એમાં એક 'સૂઝાળા' અનુભવીની ચૈતન્યદૃષ્ટિનાં કિરણો ઝિલાયાં છે એ કારણે.

બ્રહ્મ એક છે એ વાત અખાએ એક સાદા પ્રશ્નથી સૂચવી છે:

'ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?'(૩૮૫). વળી કહે છે : 'અનુભવ કરે ત્યારે એક આતમા'(૨૬૫). બ્રહ્મમાં ખરું જોતાં 'એક' એવી સંખ્યા પણ ઘટતી નથી. એ વાત માર્મિક રીતે એ મૂકે છે; 'એક નહીં, ત્યાં બીજું કશું?'(૮). કૅન્ટે દર્શાવ્યું છે તેમ શાંકરમત પણ દેશ અને કાલને ઉપાધિઓ રૂપે જુએ છે. અખો ઉપમાથી કાલનો બ્રહ્મમાં સમાસ દર્શાવે છે :

દેશકાળનો મહિમા કર્મમાં, પણ ભાવભેદ નહિ પદ પર્મમાં.
સતજુગ ત્રેતા દ્વાપર કલિ, જ્યમ લઘુ દીર્ઘ હસ્તે અંગુલિ.
અખા હાથ ચૈતન્ય ત્યમ એક, એમ સમજવો વસ્તુવિવેક. (૯૭)

બ્રહ્મવસ્તુ અદ્વિતીય છે : 'પ્રતિ ન મળે તે વસ્તુ અમૂલ'(૯૦). બ્રહ્મ યથાવત્, નિર્વિકાર છે : 'શાથું લઈને શામાં ભરું? ક્યમ અખંડ બ્રહ્મની ખંડણા કરું? અખા એ તાં છે, અદબદ'(૨૬૦); 'અરૂપી રૂપે બહુ થયો, સ્વસ્વરૂપે જ્યમનો ત્યમ રહ્યો'(૧૫૬); 'જ્યમ છે ત્યમ એ છે આતમા'(૨૦). ચૈતન્ય 'ત્યમનું ત્યમ' નિર્વિકાર રહે છે એ કહેતાં અખો થાકતો નથી (૬૬ઉ, ૧૪૭ઉ, ૨૫૭ઉ, ૩૦૯ઉ, ૩૪૦ઉ, ૩૪૬ઊ, ૩૪૮ઈ, ૫૧૮ઉ). અને એના એ નિરૂપણ ઉપર ગૌડપાદાચાર્યના અજાતવાદનો પ્રભાવ પડેલો છે. ઉપમાથી આ ચૈતન્ય વસ્તુ વર્ણવી શકાય એવી નથી :

વસ્તુ અનોપમ છે તે પ્રાયે, તો તે કહીએ ક્યમ ઉપમાએ? (૫૫)
સગુણને ઉપમા સર્વ ઘટે; જે ઉપમાને ગુણ ભેદયે વટે,
જ્યાં થાવા ને જાવા નથી, ત્યાં વાણી શું કાઢે કથી? (૫૬)
કૈવલ્યને કો ક્યમ કરી કવે, પોતે પોતાને શું સૂચવે? (૩૪૭)

બ્રહ્મવસ્તુ વર્ણનક્ષમ નથી, અનુભવક્ષમ છે :

કાંઈ સમજ્યા સરખો છે મહારાજ. (૩૪૩)

જગત મિથ્યા છે, કારણબ્રહ્મનું કાર્ય છે :

નવ દીસે તેને સત્ય જાણ, દીસે તેને નાસ્ત પ્રમાણ. (૪૯૬)
જે છે તે તાં આપે આપ, બીજો તે આરોપણ થાપ. (૧૫૮)

એ ચાલ્યો જાય સત-મિથ્યા ઠાઠ.
સત ચૈતન્ય ને મિથ્યા માય, અખા એમ દીઠો પરભાય. (૫૦૪)
ચૈતન્ય કારણ, કાર્ય ભૂત. (૩૯૩)
લોક ચૌદ ચૈતન્યનો ઠાઠ, નીપજતા જાયે ઘાટેઘાટ. (૩૮૯)
ચલણવલણ તે ચૈતન્ય તણી, પંચરૂપે આપે થયો ધણી.
આપ આપમાંહે વિસ્તર્યું. (૨૫૭)
એમ જોતાં ભાસે નહિ ભિન્ન, માયાચિત્રથી ઊતરે મન.
કારણવેધી મુખ્ય જે રહે, કારજ કેરું ચિત્ર ન લહે.
ચિત્રવિચિત્ર દૃષ્ટેથું ગયું, ત્યારે અખા ધામ મૂળગું રહ્યું. (૪૬૨)

જગતરૂપી માયાચિત્રનો ખ્યાલ આપવા અખો પોત અને ભાતનું દૃષ્ટાન્ત વારંવાર આપે છે :

આપે આપ પૂરણબ્રહ્મ હરિ, પોત પસાર્યું રચના કરી. (૧૭)
સહજ સ્વભાવે સર્વાતીત, દ્વૈત તોડ જ ભાસ્યું અદ્વૈત.
જ્યમ કુમાસ વિષે બહુ દીસે ભાત, પણ પોતથકી નહિ અળગી જાત. (૧૭૩)
થાય ભાત પણ સામર્થ્ય પોત. (૫૫૫)

જગતને સ્વપ્નરૂપે અખો વર્ણવે છે :

ત્યમ અખા સઘળો સંસાર, ત્રિગુણ ભોગ કરે છે આહાર. (૧૩૦)

પંચમહાભૂતના કદલીતરુ પર લળૂંબતી કેળાંની લૂમ જેવું જગત અખો ઉપમાવાણીથી વર્ણવે છે અને તેના કારણરૂપ અરૂપી બ્રહ્મને જોવા પ્રબોધે છે :

જગત કાતરો કેળ મહાભૂત, પણ જે વડે રંભા તે અદ્ભુત.
અખા અરૂપી ઊગ્યો જોએ. (૩૫૪)

માયાની લીલાને એ દર્પણમાં ભાસતા આકાર સાથે સરખાવે છે :

મનન કરતાં મનશું અખે, પ્રપંચ દીઠો ચૈતન્ય વિખે.
જ્યમ નિર્મળ દર્પણ હોય અતિ સાર, તેમાં ભાસે બહુ આકાર. (૩૪૦)

'હું તે શું ચૈતન્ય કે ચર્મ ? એ સમજેવું પહેલું જને' (૬૧૪) એવો અનુરોધ કરી જીવ બ્રહ્મ છે, બ્રહ્મથી જુદો નથી એમ અખો

'હું પૂરણ બ્રહ્મ ચૈતન્યઘન એક' (૫૯), 'તન તીરથ, તું આતમદેવ' (૪૦૫) અને 'અખા અક્ષર તું ક્ષર વસ્તુ નોહે' (૪૦૬) એવા સ્પષ્ટ શબ્દોમાં કહે છે. વળી વિસ્તારથી એ જ વાત કહે છે:

હું નહિ ગુણઇન્દ્રિયદેહવાન, પ્રકૃતિ પુરુષનું નહિ મુજ માન.
મુજમાં સહુ, હું સર્વાતીત. (૪૨)

અજ્ઞાનને કારણે જીવપણાનો ભાવ પ્રગટે છે અને અખંડ આત્મ-પરિચય થતો નથી:

અખા કસુધ્યે કરી પરિચય પિંડ, પણ આતમ પરિચય છે જ અખંડ. (૨૭૬)

દ્વૈતભાવ એ આભાસ છે એનું સુંદર દૃષ્ટાન્ત અખો આપે છે:

હું તું થઈ બોલાયે ખરું, તે હું જ નહિ તો શું ઉચરું?
જ્યમ મોહરમાં બે વાજે સાદ, તે એકલો ગારુડી પૂરે નાદ. (૩૦૩)

સ્વપ્નની ઉપમાથી વળી એ જ વાત સૂચવે છે:

અંશી નર ઊંઘ્યો આપમાંય, સપને ભોગવે ત્રિતાપ જ ત્યાંય. (૬૭૦)

જીવભાવ અંગે કેવલાદ્વૈતીઓનાં વિવિધ વિધાનો છે તેનો અખામાં ઉલ્લેખ મળે છે. અવચ્છેદવાદ જીવને અવચ્છિન્ન–ઘેરાયેલું બ્રહ્મ લેખે છે. પ્રતિબિંબવાદ જીવને અવિદ્યામાં પડેલું બ્રહ્મનું પ્રતિબિંબ ગણે છે. ['જે ગગનચંદ નાવે જળ વિખે; વારિવિકાર ઇંદુને નહિ કદા.' (૧૬૨)] કેટલાક કહે છે કે જીવ તે સ્વસ્વરૂપ ભૂલેલું બ્રહ્મ છે, જેમ ભીલોમાં ઊછરેલો રાજકુમાર અથવા શિયાળવાંમાં ઊછરેલું વાઘનું બચ્ચું પોતાનું સાચું સ્વરૂપ પામે નહીં. ['તું રાજપુત્ર કાં દીનમાં ભળે?' (૪૭૨) 'રાજપુત્રને શાની દોહોલ?' (૧૮૫) 'સિંહનું બાળ રમે એકલું...પ્રાકૃત જીવ બીએ શિયાળ'–(૫૮૫); 'જ્યમ શાર્દૂલસુત માતા હેતે મળે, અન્ય અખા રિપુ જાણી પળે' (૪૩૭).] જીવ અણછતો, અછતો છે એમ વારંવાર અખો કહે છે. 'અછતો' આપણે 'છૂપો', 'ન દેખાતો' એ અર્થમાં વાપરીએ છીએ, અખો મૂળ 'असत् – જે છે જ નહીં એવો' એ અર્થમાં એ શબ્દ યોજે છે.

અણછતો જીવ તું કાં થાયે છતો ? (૨૨૯)
જે મુજ પહેલો હૂતો કિરતાર.
મુજ જાતે રહે છે હરિ, વચ્ચે હું રહ્યો માથે કરી.
અખા એમ વિચારી રહે, શીશ-પોટલો નાખી દે. (૩૦)

આમ 'અછતો' જીવ અજ્ઞાનને લીધે પોતાને છતો માને છે.
મધ્યે વ્યસન લાગ્યે કરી જીવ, અખા આદિ અંતે શિવ. (૨૩૬)

પોત ન લહ્યું તે પોતે થયા. (૨૫૩)
સર્વ થાય અખા, જો પોતે ટળે. (૨૩૩)
હું ટાળી અછતો થઈ રહે, હરિપ્રવાહમાંહે થો વહે.
પોતાપણેથી જે નર ટળે, તે અણઆયાસે હરિસાગર ભળે. (૬)

આ રીતે સાચા અર્થમાં જીવ 'અછતો' થઈ રહે, જીવભાવ તજે, તો જીવ બ્રહ્મ છે એવી अहं ब्रह्मास्मिની પ્રતીતિ થાય :

અહંબ્રહ્મ રોપી રહે થંભ...
એ સદાસર્વદા ચાલ્યું જાય, તું અણછતો ઊભો શાને થાય ? (૩૭૬)
કામ સકળ મુજ પૂરણ થયાં, બ્રહ્મસાગર માંહે ગળી ગયાં.
હું હરિમાં અને મુજમાં હરિ, એમ અખા નખશિખ રહ્યો ભરી. (૨૩૯)

જીવ–ઈશ્વર ભિન્ન નથી : 'જીવ–શિવ વસ્તુગતે એક' (૩૪); 'જીવ–શિવ વચ્ચે અંતર કાંઈ નથી'(૪૮૮). બન્ને બ્રહ્મરૂપ છે : 'એક મસાલો બ્રહ્માકીટ'(૨૩૧). બંનેમાં બ્રહ્મતત્ત્વ સમાન છે, વસ્તુઓછું નથી; સામર્થ્યમાં ભલે અધિકતા-ન્યૂનતા હોય :

પિંડને લેખે છે બ્રહ્માંડ, બ્રહ્મા આદિ કીટ પતંગ.
પ્રાક્રમ વિષે અદકું ન્યૂન હોય, પણ કારણ પ્રત્યે સમતા સહોય. (૪૬૧)

જીવની અલ્પજ્ઞતા અને ઈશ્વરની સર્વજ્ઞતારૂપી વિકારો ભાગલક્ષણા અથવા જહદજહલ્લક્ષણા રીત (મુખ્ય અર્થનો કાંઈક ભાગ રાખીને અને કાંઈક તજીને) નિવારતાં શુદ્ધ ચૈતન્યનો, નિત્ય પદાર્થનો અનુભવ થાય છે :

એક મૂળ મંત્ર સાંભળજો સત્ય, જેણે પદારથ લહિયે નિત્ય :

જીવ તણું જે જીવ-જ-પણું અને ઐશ્વર્ય ઈશ્વર તણું,
એ બેના બે વિકાર જો તજે, તો શેષભાગ અખા નીપજે. (૪૧૮)

કૈવલ્ય, ઈશ્વર, જગત, જીવ – એ બધાના પરસ્પર સંબંધનું વર્ણન શ્વેતાશ્વતર ઉપનિષદના સમયથી ચાલી આવતી અને શંકરાચાર્યે ઉપયોગમાં લીધેલી માયા અને માયિન્‌ની ઉપમાથી 'વિશ્વરૂપ અંગ'માં અખાએ કર્યું છે :

આળા ચર્મ કેરાં બહુ રૂપ, નટ દેખાડે ભાત અનુપ.
છામખેડામાં બેઠો છપી, રમી રૂપ પાછાં વળે ખપી.
ખેલ ચાલે જે દીપક વડે, તેને અખા કાંઈ નવ અડે. (૧૫૧)
લક્ષચોરાશી ખાણે જંત, પડમાં નટ તે ઈશ્વર અનંત.
દીપક તે પરમ ચૈતન્યબ્રહ્મ, જે વડે ચાલે ઈશ્વરકર્મ.
અખા એમ સમજી રહે જેહ, તેને નથી કો કાળે દેહ. (૧૫૨)

આમ, જીવના સંસારીપણાનો અને અનેકપણાનો ભ્રમ, જગદ્‌ભ્રમ, જીવ–ઈશ્વરભ્રમ એ અજ્ઞાન અથવા માયા કે અવિદ્યાને લીધે છે. એ શમી જતાં નિરંતર શુદ્ધ ચૈતન્યનો જ પરિચય થાય છે :

ચિદાનંદ કેરાં સર્વ રૂપ. (૪૪૪)
એક સ્વામી સઘળે વિસ્તર્યો. (૧૮૯)

જગત(વિશ્વ)માં બ્રહ્મ અને બ્રહ્મમાં જગત અનુભવાય છે :

હરિમાં વિશ્વ ને વિશ્વમાં હેર, એમ અખા સહુ ઘેરનું ઘેર. (૧૯૪)

જગતને બ્રહ્મભરી દૃષ્ટિએ સેવવાનું છે :

વિશ્વ ભજંતાં વસ્તુ ભજાય, જ્યમ નીર નદીનાં સાગર જાય.
લોક સકળ હરિ, — વેદ જ વદે. (૨૦૦)
વિશ્વ-નિયંતા જો બે કહેવાય, તો અખંડ બ્રહ્મની ખંડણા થાય. (૪૪૬)

જગત અને બ્રહ્મનું દ્વૈત શમતાં અખંડાકાર બ્રહ્મભાવની ભરતી અનુભવાય છે:

ચિદ્‌અર્ણવ સદા ભરપૂર, અખા ઉત્પત્ય સ્થિતિ લય લહેરી પૂર. (૪૪૩)
ચિદ્‌અર્ણવ કેરા બુદબુદા, ઊપજે ખપે સ્વભાવે સદા. (૪૬૫)
ચૈતન્યબ્રહ્મ સદોદિત સદા, સહેજ કલ્લોલ કરે છે ચિદા. (૧૨૭)

આવો અખંડ ચૈતન્યપરિચય એનું જ નામ **મુક્તિ.** મુક્તિ એ જુદો મેળવવાનો પદાર્થ નથી : 'મુક્તિ વાંછવી એ જ બંધન નામ' (૨૬). મુક્તિ વાંછવામાં દ્વૈત–અધ્યાસ પ્રગટ થાય છે :

મુક્તિ બંધ બેઉ વાંછે ભ્રમ, પણ બેઉથી અળગો આતમધર્મ.
જીવ થઈ થાપે ભિન્ન ભગવંત, જીવ થઈ મુક્તિ મન માને જંત.
એ તો ત્યમનું ત્યમ છે અખા, દ્વૈત વિના નોહે પખપખા. (૩૦૯)

ખરું જોતાં જ્ઞાતા અને જ્ઞેય એ દ્વૈત પણ રહેતું નથી, માત્ર **જ્ઞાન** રહે છે : 'અખા અણુલિંગી પદ અનુપ, જ્યાં ધ્યેયધ્યાતાનું ન રહે રૂપ' (૧૬૦); 'જાણપણું મેલીને જાણ, જાણ થયે જાણ્યું નહીં જાય. જાણણહારો બીજો થાય' (૨૩૩); 'સમજણહાર વિના સમજવું, કહે અખો હું એવું કવું' (૧૭૪). આત્મામાં જ્ઞાનકર્તૃત્વ એવો ધર્મ આરોપાય છે એટલું જ. અખો એની મર્માળી રીતે પૂછે છે : 'કોણ કળે ને કોને કળે.?' (૫૧૪) 'તું કલ્પદ્રુમ, કાં કલ્પી મરે ?'(૪૦૪) અને દર્શાવે છે કે બરફ જેમ પાણી બની રહે છે એમ નિજ જ્ઞાનનું બને છે : 'નિજજ્ઞાન નિજરૂપે હોય, પાલો જ અખા જયમ થાયે તોય' (૪૭); 'અખા શમી રહે તું તુજમાંય'(૪૪).

શંકરાચાર્યે કર્મનો વિરોધ વારંવાર કર્યો છે અને જડ કર્મકાંડમાં ગૂંચવાયેલા હિંદુ ધર્મના હૃદયમાં ફરી ઉપનિષત્કાલીન જ્ઞાનદીપ પેટાવ્યો છે. રામાનુજના જ્ઞાનકર્મસમુચ્ચયવાદને કેવલાદ્વૈતમાં સ્થાન નથી. અખાએ **કર્મ**નો વિરોધ કરવામાં આળસ જાણી નથી: 'અખા જે કરીશ તે માથ'(૧૩૯), 'જે જે કરવું તે અહંકાર' (૨૦૯); 'જે જે સાધન સાધે સાય, તે જ વાતના મળ બંધાય' (૨૦૪); 'નિષ્કર્મ થઈ નર હરિને જાણ, તો અખા ટળશે તુજ તાણ' (૨૧૭). સત્કર્મ કરવા જેવાં એમ પણ નથી : 'કો એક ઉત્તમ વ્યસની થયા, કો એક મધ્યમ વ્યસનમાં વહ્યા, ઉત્તમ મધ્યમ બેય વ્યસન; સતકર્મ વિકર્મ બેય વિકાર, અખા નિજરૂપે રહે નિરધાર' (૨૩૭), કર્મકંડુ(ખજવાળ)થી સંસાર વધે છે, 'આત્મતત્ત્વવિચાર'થી શમે

છે. (૧૧૭-૮) અખાને મતે 'સાચું સાધન શુદ્ધ વિચાર' (૨૯૫). એટલે કે જ્ઞાન છે. 'સદ્‌વિચાર વિના કરે જે ઘણું, પણ ધૂળ ઉપર અખા લીપણું' (૪૨૩). શુદ્ધ વિચારને અખો સહેલો મારગ કહે છે. હરિમણિ કંઠે છે તેને શોધવા રસ્તાની ધૂળ ચાળે ત્યાં કર્મકાચની કણિકા જડે છે, એ 'અલ્પ પ્રાપ્તિ ને અતિ આયાસ'નો માર્ગ છે(૧૧૧). આત્મતત્ત્વ-વિચારવાળાને તીર્થાટન, દેહદમન આદિ અનિવાર્ય રહેતાં નથી : 'ગોળે મરે કાં શોધે વખ ? તપી ભમી કાં પામે દુઃખ ?'(૩૧) આત્મતત્ત્વ-વિચાર સાધતાં પછી પોતાને 'કાયક્લેશ કરવો નવ પડ્યો'(૩૫૫), 'એમ જાણી અખો આળસ્યો'(૨૦૫), 'પછે નવરો થઈને સૂઈ જા' (૧૩૯), – એ જાતના ઉદ્‌ગારો વારંવાર અખામાં મળે છે. શાંકર વેદાન્ત નિષ્કામ બુદ્ધિથી અને યજ્ઞરૂપે થતા કર્મને, વસ્તુવિવેક પ્રગટાવવામાં મદદરૂપ થતાં કર્મને, નિર્વાહ્ય લેખે છે. અખો સકામ કર્મ ખુવાર થવાનો માર્ગ છે એમ કહે છે : 'કરમ કરે ને ફળની આશ, એ તો હરિમારગમાં મેવાસ'(૧૭૮), અને નિષ્કામ બુદ્ધિથી, અંતરથી અકર્તા રહીને, કર્મ કરવાં જોઈએ એમ સૂચવે છે :

અંતરે રહે અકર્તા થઈ, તો કર્મ કરતાં લાગે નાહીં;
જ્યમ ભાજે ઘડે સહેજે સંસાર, પણ અખા અકર્તા રહે કિરતાર. (૧૮૦)

અખાને મન **ભક્તિ** પણ જ્ઞાનઅંતર્ગત છે : 'સદ્‌વિચાર તે સાચી ભક્તિ' (૪૧૭); 'જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જ્યમ ચક્ષુ-હીણો જ્યાં ત્યાં અથડાય' (૩૨૨). વારંવાર એ કહે છે કે પહેલાં પ્રીછો, પછી ભજો : 'ભક્ત તો, જે પ્રીછી ભજે' (૧૮૯); 'પહેલે ઓળખ હરિ, પ્રીછી ભજે'(૩૧૯); 'રામનામ પ્રીછયે ગુણ ઘણો...વણ સમજ્યે સૂડો નિત્ય કહે, સામું કઠપંજરમાં રહે' (૩૨૯). ભક્તિરસ એ સંસારમાંથી, કર્મમાંથી, રસ હટાવવા માટે છે : 'જાણ્યું જીવ નવધા આદરે, ભક્તિરસે કર્મરસ વીસરે' (૫૪૬). ભક્તિમાં દ્વૈતભાવ અભિપ્રેત છે, અખો કહે છે કે ભક્તિ દ્વૈતશમન માટે – અદ્વૈતજ્ઞાન માટે છે : 'ધ્યે-ધ્યાતા જાણેવા એક, નવધા ભક્તિનો કીધો વિવેક'(૧૨૬). અંતે

અદ્વૈતાનુભવીને ભક્તિ કરવા જેવું જ રહેવા પામતું નથી એ સચોટ વાણીમાં અખાએ દર્શાવ્યું છે :

જીવ ભક્તિ કરે શા વડે, જે સામગ્રી હરિની નીમડે ?
તેનું લાવી તેને સજે, પણ પોતાને મળે નહિ રજે.
જાણ્યું આપ સમપું હસ્ત, તેહ નીમડી તેની વસ્ત.
અખો જે જે કરવા ગયો, એ તો એમ અણબોલ્યો રહ્યો. (૨૦૮)
કુંવારી વરનું લે નામ, પણ સદા સોહાગણ સંગે સ્વામ.
પોતે પોતાને કરવો સાદ, એ તો અખા ઘેલાનો વાદ. (૨૮૯)

અખો માર્મિક રીતે પૂછે છે : 'હરિમાં રહે તે ગુણ શું ગાય ?' (૨૮૯) અને 'અળગો જાણે તો લેવા જાય...તોય કાંઈ તરસ્યું કહેતું ફરે ?...દ્વૈત નહીં ત્યાં રીત જ કશી ?'(૨૯૦) પાણી કાંઈ કહેતું ફરતું નથી કે હું તરસ્યું છું.

આમ અખાની ભક્તિ સગુણની નથી. નિર્ગુણ જ્ઞાનોપાસનામાં ભક્તિ અંતર્ગત છે એવો એનો ખ્યાલ લાગે છે : 'વિચારે ભક્તિ થાયે વણ-કરી.'(૪૨૨). જ્ઞાનવિહાર અનુભવતા જ્ઞાનીને એથી એ ગોપી સાથે સરખાવે છે :

જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જેને ગોપીની દશા.
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કુટુમ્બ પરિવાર.
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામની કુળવંત થઈ. (૬૯૫)

અખાએ ગોકુળનાથજી પાસેથી દીક્ષા લીધેલી છે. પ્રેમલક્ષણાનાં પદો પણ કેટલાંક એનાં મળે છે. પણ 'છપ્પા'માં અને 'અખેગીતા'માં સગુણને બદલે નિર્ગુણની ઉપાસના એને ઇષ્ટ છે એ સ્પષ્ટ જોવા મળે છે. 'અખેગીતા'માં ભક્તનું વર્ણન છે ત્યાં પણ વિશ્વને પરબ્રહ્મથી ભરેલું જોનારને એ ભક્ત સંજ્ઞા આપે છે. 'નિત્ય રાસ નારાયણનો' જોનારને એ ભક્ત તરીકે ઓળખાવે છે. આ 'રાસ' કે 'જયમ જારે લુબધી જુવતી' એ દૃષ્ટાન્તમાંની પ્રેમલક્ષણાભક્તિ કે છપ્પામાંનાં ગોપીઓના અનન્યાશ્રય વગેરેનાં વર્ણનોમાં વલ્લભભક્તિમાર્ગનો પાસ વરતાય છે,

પણ નવધા ભક્તિ એ દ્વૈતશમન માટે, જ્ઞાન માટે, છે એ અખાના ભક્તિવિચારની ભૂમિકા 'છપ્પા' અને 'અખેગીતા'માં સ્પષ્ટ છે. 'જેની ભક્તિ એકચાશીપૂરણ થઈ, બ્યાસીમે ખુબ્ય આવી રહી'(૭૯), એમ કહી બ્યાસીમી, નિર્ગુણની, ઉપાસના ઉપર આવીને એનો વિચાર સ્થિર થાય છે. 'અદ્વૈતસિદ્ધિ'કાર મધુસૂદન સરસ્વતી, જે ગોકુળનાથજીના પિતા વિઠ્ઠલનાથજીના શિક્ષક હતા, તેમણે कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने– કૃષ્ણથી વધીને કોઈ તત્ત્વની મને જાણ નથી – એવું વચન કહ્યું છે તેમાં પણ શાંકર વેદાન્તે પછીથી બહુ ખીલેલા ભક્તિમાર્ગ સાથે સમન્વય સાધ્યો એમ જોવા કરતાં આ જાતનાં વચનોમાં કૃષ્ણ શબ્દનો અર્થ જ બ્રહ્મના પર્યાય જેવો લેવો એ કદાચ વધુ ઉચિત હોય. 'છપ્પા'માં અખો બ્રહ્મ માટે ગોવિંદ, હરિ, નારાયણ, મહારાજ – એવા શબ્દો વાપરે છે. ઉપરાંત શંકરાચાર્યે પોતે શિષ્યોને સગુણની ભક્તિ કરવા અનુમતિ આપી હતી, તેનો અર્થ પણ એટલો કરવાનો છે કે જીવ અને જગતની જેમ સગુણબ્રહ્મ (ઈશ્વર) પણ વ્યાવહારિકી સત્તા ભોગવે છે અને સંસારી જીવ અસંસારી ઈશ્વરરૂપે પોતાને સમજે. અંતિમ સાધન તો તત્ત્વાનુભવ જ છે, ભક્તિ નહિ. અખો એથી અનુપમ ઉપમાવાણીમાં કહે છે કે નિર્ગુણની ઉપાસના એ સ્વયં મિષ્ટ પોષક દૂધ છે એમાં પછી સગુણની ભક્તિ ઉમેરો (એને બદલે નહિ પણ વધારામાં) તો એમાં સાકર ઉમેર્યા જેવું થશે, એટલી મીઠાશ વધશે; 'નિર્ગુણ થઈ એ સગુણમાં મળે, તો અખા દૂધમાં સાકર ભળે'(૭૩૦).

જ્ઞાનનો અધિકાર મેળવવાનાં સાધનોમાં વિવેક ઉપર અખાએ ભાર મૂક્યો છે, અને એમાં સદ્‌ગુરુનું એણે બહુ મહત્ત્વ કર્યું છે: 'સદ્‌ગુરુશરણે જ્ઞાન વિવેક'(૧૫૩). મુમુક્ષુત્વ અંગે આરતભર્યા અનેક ઉદ્‌ગારો છપ્પામાં મળશે. શમદમાદિ સંપત્ અંગે અખો બહુ આગ્રહી નથી. એ તો કહે છે તને જેમ સુતર – સમું આવે ત્યમ રહે પણ 'જ્યમ ત્યમ કરીને હરિને લહે' (૧). **વૈરાગ્ય** ઉપર, અલબત્ત, એણે ખૂબ ભાર મૂક્યો છે, પણ તે સાચા વૈરાગ્ય ઉપર :

વૈરાગ વિના તે ઊપજે ખેદ, મારાતારા ભેદાભેદ.
એક સત્ય વૈરાગ બીજી ગોળી ચોટ, જો લાગે તો થાય લોટપોટ. (૨૫)

આવો સત્ય વૈરાગ એ મુક્તિના પાયામાં છે: 'મુક્તિ પામવા મુખ્ય વૈરાગ્ય'(૬૧૦); 'જ્યમ ફૂલ પાછળ ફળ નિદાન, ત્યમ અખા વૈરાગ તે પરમ નિધાન'(૨૪); 'સત્ય વૈરાગ સ્વેં જાણો હરિ' (૨૮). અખો અધ્યાત્મચર્યાના પાયામાં જ વૈરાગ્યને જુએ છે. એવો વૈરાગ્ય સર્વત્ર હરિનું દર્શન કરાવનારી ભક્તિ પ્રગટાવે છે, જેને લીધે દ્વૈતશમન થતાં જ્ઞાનપ્રાપ્તિ થાય છે. આમ, મુખ્ય સાધન જ્ઞાનને અને વૈરાગ્ય તેમ જ ભક્તિને અખો એકાકાર જુએ છે :

ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય, પદારથ એક ત્રણ નામ વિભાગ. (૪૫૩)
જગત ભાવ રહેથી ગયો, ત્યારે તાં વૈરાગ જ થયો.
જ્યાં જુએ, હરિ દૃષ્ટે પડે, ત્યારે ભક્તિ સરાડે ચઢે,
દ્વૈતભાન અખા જ્યારે ગયું, એ ત્રણ પ્રકારે જ્ઞાન જ થયું. (૪૫૪)

અખાને પ્રચલિત 'જ્ઞાન' શબ્દ કરતાં ભક્તિ જ્ઞાન વૈરાગ્યને સમાવી લેતા અનુભવને સૂચવવા માટે 'સદ્‌વિચાર' કે 'શુદ્ધ વિચાર' વધુ પસંદ હોય એમ લાગે છે :

વિચારે ભક્તિ થાયે વણ-કરી, જ્ઞાન કથ્યા વિના પામે હરિ;
વણત્યાગે ફળે વૈરાગ, અખા સદ્‌વિચાર જ્યારે આવ્યો ભાગ. (૪૨૨)

આવો શુદ્ધ વિચાર પ્રગટ્યો હોય તો પછી વૈરાગ્યના બાહ્ય ચિહ્ન રૂપે સંન્યાસ અંગીકાર કરવો જ જોઈએ એમ અખો માનતો નથી. શંકરાચાર્ય તો यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् -જે દહાડે વૈરાગ્ય ઊપજે એ જ દહાડે પ્રવ્રજ્ય (સંન્યાસ) લેવામાં માનનારા છે. અખો કહે છે :

તપ ત્યાગ કરી તીરથ ફેર, કે વનિતા વેઠી રહેજે ઘેર.
એ કાળા ધોળા બેઉયે કેશ. (૮૬)
એ સમજેવું પહેલું જને, પછે ઘેર રહેજે કે જાજે વને. (૬૧૪)
હરિ જાણી તું સૂએ નચિંત, એ સુલભ મારગ સમજ્યા સંત.

સનકાદિકે ન ભજ્યો પ્રપંચ, જનકાદિકે નવ તજિયો રંચ.
તજવું ભજવું તે સંસાર, અખા સમજતાં આવે પાર. (૫૨)

વિચાર, સદ્‌વિચાર, શુદ્ધવિચાર – એ પ્રયોગો કરતાં પણ 'સમજ' અને આપણો સાદો શબ્દ 'સૂઝ' અખો યોજે છે: 'અખા, લાઘવ સમજ્યા માંહ્ય'(૫૮૮); 'જ્ઞાતાને સાધન તે સૂઝ'(૨૮૭); 'પણ જ્ઞાન તો છે આતમસૂઝ'(૩૦૮); 'અખા સમજ તે સાધનરાજ, બેઠાં બેસાર્યાં સીઝે કાજ'(૧૪૯). આવા 'સૂઝ–' 'સમજ–'વાળા માણસ માટે અખો છપ્પામાં 'સૂઝાળો,' 'અનુભવી,' 'જ્ઞાની,' 'હરિજન', 'સંત,' 'મહાપુરુષ', 'સદ્‌ગુરુ,' 'અણલિંગી,' 'અમન નર', 'બ્રહ્મ-વેત્તા', **'જીવન્મુક્ત,'** જીવન્મૃત', 'તત્ત્વદર્શી,' – એવા શબ્દો યોજે છે. આવા પુરુષને મનુષ્યદેહે એ ઈશ્વરરૂપ, પૂર્ણબ્રહ્મરૂપ માને છે: 'પુરુષાકારે પૂરણબ્રહ્મ'(૪૭); 'અખા અનુભવી ઈશ્વરનું રૂપ'(૬૩૪); 'નરવેષે હરિ પૂરણબ્રહ્મ'(૭૩).

આમાંની બેત્રણ સંજ્ઞાઓ જરી વિગતે જોવા જેવી છે. 'અણ-લિંગી'('અલિંગી, 'અલિંગ,' 'નલિંગ')ની સ્થિતિ એટલે 'જે વડે કોઈ પણ પ્રાણી પદાર્થની ફૂટ થાય અથવા જુદા રૂપમાં ઊગી નીકળે અથવા જન્મે'[૨] એવાં ફરી ફરી જન્મોની નવી ફૂટ કરાવનાર ભોગલિંગ(ઇષ્ટલિંગ), યોગલિંગ(પ્રાણલિંગ) અને જ્ઞાનલિંગ(ભાવલિંગ) ચોથા મોક્ષલિંગમાં શમે એવી નારાયણના સર્વાવાસવાળા ચિન્મય શરીરરૂપે મહાસુક્તની સ્થિતિ.

'અમન નર'ની દશા મનાતીતને જાણનારની છે. અખો મનને સંસારભાવ અને જીવભાવનું એટલે કે અજ્ઞાનનું મોટું કારણ લેખે છે:

ચૌદલોકરૂપે મન થયું, અખા મનાતીત જ્યમનું ત્યમ રહ્યું. (૩૨૬)
મોટું વૈગુણ્ય ચિત્તનું ઘડયું, વસ્તુ વિષે દ્વૈતપડ ચઢયું. (૪૩૮)

---

૨. વિગતવાર 'લિંગો' વિશેની ચર્ચા માટે જુઓ નં. દે. મહેતા સંપાદિત 'અખાકૃત કાવ્યો'–૧ પૃ. ૫૩–૬.

ભુવન ત્રણ સ્ફુરણ મન તણું (૧૭૫)
મન ઊભે, ઊભો સંસાર. (૪૧૧)

ચિત્ત શમે ત્યારે જીવભાવ અને જગતભાવ શમે છે :

ચિત્ત શમતે નિશ્ચલ મન થાય, નિશ્ચલ મન તે શિવ સદાય. (૪૩૯)
ચિત્ત સહિત જોતાં તે જક્ત, ચિત્તરહિત હરિ છે અવ્યક્ત. (૪૩૭)
અખા ફેરવવું છે મંન, જો જાણે તો જાણે જંન. (૧૩૧)

ચૈતન્યતત્ત્વમાં મનનો પ્રવેશ નથી, મનથી એ અતીત છે. મનાતીત વસ્તુને પામી તેમાં જેનું મન અસ્ત પામે છે તેવો પુરુષ 'અમન નર' છે.

અતિ ઘણો આઘો પરમેશ, મન તણો ત્યાં નોહે પ્રવેશ.
અમન નર આઘેરો જાય. (૩૩૪)
વસ્તે અસ્ત પામ્યું મન જદા. (૫૨૦)

જીવન્મુક્ત માટે અખાએ 'જીવન્મૃત' શબ્દ પણ યોજ્યો છે. જીવભાવથી જીવવું એ મૃત્યુ છે, જીવભાવથી મરવું એ પરમ પુરુષાર્થ છે. આ રીતે, પંચત્વ પામતાં પહેલાં મરવું, અણહાલ્યા જળની પેઠે નીતરી રહેવું એટલે જ જીવતેજીવત મોક્ષનો અનુભવ કરવો, જીવન્મુક્ત દશા ભોગવવી :

જીવપણે જીવે તે જીવતો નહિ. (૭૧૩)
તે જ સજીવન જેને વસ્તુજ્ઞાન. (૭૧૨)
મરતાં પહેલો જાને મરી, પછે જે રહેશે તે હરિ. (૧૩૯)
સહેલો પામીએ સામું હરિ, જ્યમ અણહાલ્યું જળ રહે નીતરી. (૧૪૦)
તું તાં તારે જીવથી મેર. ...
તાણો જીવ અખા ગયો ટળી, હવે શાશું વાણો રહેશે મળી ? (૨૨૪)

જીવભાવરૂપી તાણો નીકળી જાય, પછી માયાપ્રપંચનો વાણો કોઈ રીતે કાર્યક્ષમ રહેવાનો નથી. શ્રી કનૈયાલાલ મુનશીએ 'અખાનો મૃત્યુનો સંદેશ' ('Akha's Gospel of death') એવો એમના 'ગુજરાત ઍન્ડ ઈટ્સ લિટરેચર'માં ઉલ્લેખ કર્યો છે તે આ

સંદર્ભમાં વિચારવા જેવો છે. અખાની પારલૌકિકતાની અસર છેક દલપત સુધી રહી અને તે પછી જીવનનો આનંદ (joy of life – 'જીવનનો ઉલ્લાસ') એનું સ્થાન લે છે એમ એ નોંધે છે. અખામાં પરલોકની વાત નથી, આ લોકમાં જ પૂર્ણ જીવન કેમ જીવી શકાય, સત્-ચિત્-આનંદ રૂપ કેમ થવાય, એની જ એ વાત કરે છે. 'જીવન' અને 'આનંદ' શબ્દોનો જુદા જુદા માણસો માટે જુદો જુદો અર્થ હોય છે. દેહબુદ્ધિથી જીવન જીવવું એ જીવન કે ચૈતન્યભાવે વર્તવું એનું નામ જીવન? પ્રેયની પ્રાપ્તિમાં આનંદ કે શ્રેયની શોધમાં આનંદ? શ્રી મુનશીના શબ્દોનો અર્થ એટલો જ કે એમને પ્રેયોદૃષ્ટિ ઇષ્ટ છે. અખો શ્રેયોદૃષ્ટિની વાત કરે છે, જે अमृतस्य पुत्राने ઉદ્દેશીને ઉપનિષદોના સમયથી આ દેશમાં, તેમ જ દુનિયાના સૌ ધર્મોમાં, પુરસ્કારાતી આવી છે. જેમાં મૃત્યુ નામે પરપોટો પણ નાબૂદ થઈ જાય એવા બ્રહ્મભાવભર્યા ચૈતન્યના વિલાસની આનંદછોળોથી ભીંજાતા મહાજીવનનો અને નહિ કે મૃત્યુનો, બીજા શબ્દોમાં અમૃતનો, સંદેશ અખો ગાઈ રહ્યો છે :

ભૂત ભૂતમાંહે વિચરે, અને મૃત્યુ નામ પરપોટો મરે.
એ ભૂત કલ્લોલ કરે સદા સર્વદા, એ ચિદ્વિલાસ અખા મન મુદા. (૨૫૯)

પરમ જીવનને પામ્યાનો આનંદ અખાએ ઉલ્લાસભેર ગાયો છે :

છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ. (૨૪૨)
મારે મોટો હુન્નર જડયો, જે ઈશ્વરરૂપી જહાજે ચઢયો.
પંચ સહિત ઊતરિયો પાર, પગ ન બોળું જળસંસાર.
હું હસતો રમતો હરિમાં ભળ્યો. (૨૪૪)

શરીરધારી(પંચસહિત) છતાં મુક્ત, જીવન્મુક્ત, અનુભવી, જ્ઞાની, તેની સરખામણી અખો ઊંચે ઊડયે જતા પંખી સાથે કરે છે. પંખીનો પડછાયો જાળમાં સપડાય પણ પંખી એથી બંધનમાં આવતું નથી એમ જીવન્મુક્ત માયાના બંધનથી નિરાળો વર્તે છે :

વાત અલૌકિક અનુભવ તણી, પ્રપંચપારે રહેણ આપણી.
જ્યમ પંખી ઓછાયો પડિયો જાળ, પણ પોતે ઊડે નિલગ નિરાળ;
અખા જ્ઞાનીની એવી કલા, વર્ત્યા જાય તે ઉપરછલા. (૧૪૮)

'છપ્પા' કાવ્ય તરીકે

'છપ્પા' એ કાંઈ અખાએ પોતે પોતાની કૃતિને આપેલું નામ નથી. છંદની દૃષ્ટિએ પણ એ 'ચોપાઈઓ' છે, 'છપ્પા' નથી. છપ્પા તો શામળમાં આવે છે તે ('સપૂત તે કહેવાય...' વગેરે). પ્રથમ ચાર ચરણ રોળાનાં અને છેલ્લાં બે ઉલ્લાલાનાં હોય એ છંદ છપ્પા નામથી ઓળખાય છે. અખો પણ 'અનુભવબિંદુ'માં એ છંદ વાપરે છે ત્યારે એ નામે જ એને ઓળખાવે છે: 'છપ્પા એ છતરીશ...' અખાએ બંને રચનાઓના છંદને 'છપ્પા' ન જ માન્યા હોય. ગમે તેમ, પણ અખાના 'છપ્પા' એ છંદનું નામ નથી પણ ચોપાઈ છંદની છ પંક્તિઓની કડીની એ રચના છે એટલું એ સૂચવે છે. હસ્તપ્રતોમાંથી ૧ છપદી સાખી (સાખી નહિ પણ ચોપાઈ જોઈએ), ૨ છપદી, ૩ ષટ્પદી, ૪ છપા, ૬ ષટ૦ અને ૭ છપા નામથી કૃતિને ઓળખાવે છે. કૃતિનું નામ મૂળ છપદી કે ષટ્પદી હોય ('ચોપાઈ' અને 'છપ્પા' છંદનાં નામ પણ ચતુષ્પદી, ષટ્પદમાંથી જ આવ્યાં છે) અને પછી ક્રમશઃ 'છપ્પા' છંદનામ સાથેના ગોટાળાની પરવા કર્યા વગર પરિચિત છપા, છપ્પા શબ્દ વપરાવા લાગ્યો હોય.

ઉપર જોયું તેમ છંદ ચોપાઈ છે, પણ અંતે ગુરુલઘુને બદલે લઘુગુરુ પણ હોય છે એ પ્રસંગે એ 'જેકરી' છંદ ગણાય. બધી જ કડીઓ જડપણે છ પંક્તિઓની રાખી નથી. જરૂર પડ્યે આઠ[3] પંક્તિ સુધીએ ધસી જાય છે. અને ચાર[4] પંક્તિમાં વાત પતી જતી હોય તો એટલેથી પણ અટકી જાય છે. વૈધક સુભાષિત માટે ચાર પંક્તિઓ (ખાસ કરીને દુહાની) પૂરતી નીવડતી હોય છે, પણ છપ્પામાં છે એવા વિચારકથન માટે ચોપાઈ જેવા સહેજ વધુ લાંબા છંદની છ પંક્તિ એ ઉચિત ઘટક ગણાય.

---

૩. છપ્પા ૧૮, ૫૯, ૧૯૭, ૨૦૦, ૨૦૨, ૨૦૫, ૨૦૮, ૩૫૪, ૩૯૭, ૪૦૮, ૬૫૪, ૬૯૪, ૬૯૬, ૭૦૩, ૭૧૦, ૭૫૪, ૭૨૧, ૭૨૩, ૭૫૪.

૪. છપ્પા ૭૦૬, ૭૨૫.

ચોપાઈની ૭ પંક્તિનો ઘટક એ અખાની સરજત નથી. એનાથી દોઢસો વરસ પૂર્વેના શિરોહીના માંડણ બંધારાએ 'પ્રબોધબત્રીશી'ની રચના ચોપાઈની ૭ પંક્તિઓની વીસ કડીઓની એક વીશી એવી બત્રીશ વીશીઓમાં કરી છે. માંડણ પણ આઠ લીટી સુધી ક્યારેક જાય છે. માત્ર આ છંદ પૂરતું જ અખા ઉપર માંડણનું ઋણ નથી. માંડણે પ્રચલિત કહેવતોનો કોશ, બત્રીસ વિષયોમાં તેમને વહેંચીને, રચ્યો છે. કહેવતો કે કહેવત જેવા ઉદ્ગારો, જે અખાના છપ્પાનું આગવું આકર્ષણ લાગે છે તે, માંડણ પાસેથી અખાને મળેલી પ્રસાદી છે. કહેવતોની અનેક પંક્તિઓ એ જ, ચોપાઈ છંદના, ઢાળામાં માંડણમાંથી અખાએ સ્વીકારીને 'છપ્પા'માં વણી દીધી લાગે છે.૫ ૬૫૬મો છપ્પો તો આખો, જૂજ ફેરથી, માંડણનો ૧૦૩મો છપ્પો છે. આ ઉપરાંત પણ માંડણની કાંઈક અસર કથ્ય વસ્તુ અંગેની પણ સંભવે છે. તીર્થ, કથાવાર્તા, ભેખ, ઊંચનીચભેદ, ગુરુ, વૈષ્ણવ, મૂર્તિપૂજા – એ બધા બાહ્યાચારના વિષયો ઉપર માંડણનું ટીકાનું વલણ પ્રચલિત લોકોક્તિઓની મદદથી પ્રગટ થાય છે. અખો, અલબત્ત, આ બધા જ અંગે ભારે ઉગ્રતાથી ટીકા કરે છે, પણ આ બાબતમાંય એના એક પુરોગામી તરીકે માંડણની મૂર્તિ પણ આપણી નજર આગળ જરૂર તરવરે છે. માંડણની એક અસર અખા પર પડી હોત તો સારું એમ થયા વગર રહેતું નથી : માંડણે અસંખ્ય કહેવતોની વેરણછેરણ સામગ્રીને બત્રીસ વિષયમાં વહેંચી, પ્રત્યેક મથાળા નીચે વીસ કડીઓ રચી, એવી દરેક વીશીને વિષયનિરૂપણની દૃષ્ટિએ સુગ્રથિત કરી છે. સામગ્રી ઉપરની પકડ અને રચનાકૌશલ માટે માંડણ માન ઉપજાવે છે. અખાને અધ્યાત્મચર્યાના પોતાના અનુભવના પદાર્થો રજૂ કરવાના છે, પણ વિષયવાર કડીબદ્ધ રૂપે એ રજૂ કરતો નથી, પણ મન ફાવે તેમ જેમ યાદ આવતું ગયું કે સ્ફુરતું ગયું તેમ એક વિષયથી બીજા પર કૂદાકૂદ

૫. જુઓ 'અખો : એક અધ્યયન', પૃ. ૮૯-૯૧.

કરતો રચ્યે જાય છે.[૬] અખો એકસૂત્ર રચના સહેજે આપી શક્યો હોત. માંડણને ગંજાવર મુશ્કેલી હતી છતાં એણે એ દિશામાં પ્રયત્ન કર્યો. વિષયનિરૂપણની દૃષ્ટિએ અખાનું રચનાશૈથિલ્ય માંડણને પડછે તરત ઉઘાડું પડે છે. અખાએ મુક્તપણે રચના કરી છે. એથી 'છપ્પા' એ સળંગ પ્રકરણ રચના બની શકી નથી. અંગોની લંબાઈ પણ વિષય બલકે કવિના મિજાજ (mood) ઉપર અવલંબતી લાગે છે. એ[૭] કડીનું અંગ પણ છે, ૯૧નું પણ એક – વેદ અંગ – છે. અંગોનાં નામ પણ અંદરના નિશ્ચિત વિષયને સૂચવે છે એવું હમેશાં નથી, ઘણી વાર પહેલા શબ્દ ઉપરથી પણ નામ પાડેલાં છે. અંગોનો ક્રમ પણ ક્વચિત જ એક ડાળીમાંથી બીજી ફૂટતી હોય એ રીતનો જોવા મળશે. આમ, છેલ્લું 'ફુટકળ અંગ' જ નહિ, આખી કૃતિ ફુટકળ – પ્રકીર્ણ – રચના છે.

કહેવતો માંડણની અસર નીચે અખાએ ગૂંથી છે એ ખરું, પણ પોતે એક અનુભવી હોઈ એની વાણી આપોઆપ લોકોક્તિની કોટિએ પહોંચે છે. અખાના પોતીકા અનેક ઉદ્‌ગારો આપણી ભાષામાં લોકોક્તિરૂપ બની ચૂક્યા છે. લોકોક્તિની ટંકશાળ અખાના જેવા ગંજાવર

૬. 'છપ્પા'માં ચર્ચાયેલા વિષયો તારવી વિષયવાર છપ્પાનાં ઝૂમખાં આપી, શ્રી કાકાસાહેબ કાલેલકરે 'સંકલિત ગીતા' આપી છે એવી, છપ્પાની આવૃત્તિ તૈયાર કરવા આડે પણ ઘણી મુશ્કેલીઓ છે. એક જ છપ્પામાં ઘણી વાર એક કરતાં વધુ વિષય છેડાયા હોય છે. હસ્તપ્રતો પ્રમાણે જ વાચના આપી, વિષયોનો ખ્યાલ મળી રહે એ માટે 'વિષયસૂચિ' આપી છે, જેમાંથી મુખ્ય વિષયોનો સામાન્ય ખ્યાલ મળી રહેશે. 'વિષયસૂચિ' બહુ વિગતોમાં ઊતરીને આપી નથી, તે સિવાય પણ દા. ત. 'આત્મા' વિષય જુદો આપ્યો નથી. એના ઉલ્લેખો 'બ્રહ્મ' મથાળા નીચે સામેલ કર્યા છે. (કોઈ છપ્પો ક્યાં હશે એ શોધવાનું ઘણી વાર મુશ્કેલ હોય છે. જો એમાં કોઈ વિશિષ્ટ શબ્દ હોય તો 'શબ્દસૂચિ'માંથી એ શબ્દ જોતાં છપ્પાનો અંક મળશે.)

૭. ધીરજ અંગ ૧૧૯–૨૦.

પાયા પર ભાગ્યે જ કોઈ સર્જક કવિએ ગુજરાતમાં ખોલી હોય.૮

કવિ તરીકે અખાની મુખ્ય શક્તિ ઉપમાની અને હાસ્યની છે. શાંકર વેદાન્ત જેવા વિષયના નિરૂપણને આ શક્તિની મદદથી એ રસમય બનાવી શક્યો છે. રહસ્યમય વાતને ઉપમાથી ચિત્ર ખડું કરી અથવા માર્મિક હાસ્યથી એ સ્પષ્ટ કરી આપે છે. પંડિત અને મૂર્ખ બંને સરખા છે એ વાત એ ઉપમાથી કહે છે :

જ્યમ શલા એક ટાંકી ચીતરી, અણઘડી બીજી મેલે ભરી.
બેય નાખી ઊંડા જળ વિખે, પણ સરખી બેઉ એ તરવા પંખે,
ત્યમ પંડિત મૂર્ખ સરખા નીમડે. (૩૯૯)

'ઉન્મત્ત મનને યોગ સાધવો, જે કર્મબોધ કરે નહિ નવો.' કર્મમાંથી છૂટવા માટે યોગનું સાધન સ્વીકાર્યું, ત્યાં નવી જ આફત ઊભી થઈ. 'જ્યમ છૂટી ધેનુ મારતી ફરે, તેને અંધારે બાંધ્યે ટેવ વીસરે; અખા તે જાણી કર્યો ઉપાય ત્યાં સિદ્ધિરૂપિણી લાગી બગાઈ' (૧૪૧). શંકરાચાર્યની જેમ અખાને પણ યોગ(ખાસ કરીને સિદ્ધિલક્ષી યોગ)થી અસંતોષ છે. એ આ દૃષ્ટાન્તથી કેવું સચોટ રીતે વ્યક્ત થાય છે!

ઉપમા યોજવામાં અખાની એક વિલક્ષણતા છે કે 'જેવું'ને બદલે એ 'અને'–'ને' મૂકે છે: 'અણસમજ્યો જીવ અને બીજું ઝાંખરું, જ્યાં દેખે ત્યાં વળગે ખરું'(૧૯૭); 'કુબુદ્ધિ જીવ અને કપાસ, તે પીલ્યાવોણા નાવે રાસ'(૧૧૨). 'એક' આ અને 'બીજું' પેલું એ રીતે પણ એ દૃષ્ટાન્ત રજૂ કરે છે: 'એક અફીણ, બીજો સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ'(૧૧૬). છપ્પામાં અખાએ ઉપમાની તો આતશબાજી ઉડાવી ન હોય!

ઉપમાઓમાંથી અખાની ચિત્રો ઉપજાવવાની અદ્ભુત શક્તિનો પરિચય થાય છે, તે સાથે જગતનું એનું અવલોકન કેવું વ્યાપક તેમ જ સૂક્ષ્મ છે એ પણ જોવા મળે છે. આ ચિત્રો માત્ર ગ્રામજીવનની સૃષ્ટિનાં જ

૮. અખા અને માંડણ અંગે જુઓ 'અખો : એક અધ્યયન', આવૃત્તિ ૧, પૃ. ૭૨–૧૦૯.

છે એવું નથી. 'ધેન ઊછળતી ને ડહેરો ગળે'(૨૧૩)થી માંડીને અનળપંખી સુધી એની કલ્પના ફરી વળે છે. એની કવિતાના અલંકારો પરથી દેખાય છે કે ઇહજીવનના અખાના અનુભવનો ફલક બીજા કોઈ પણ કવિ કરતાં સંકુચિત નથી. બહુ જ સરળતાથી સામાના મનમાં ઠસી જાય એ રીતે એ દાખલો ગોઠવી દે છે: 'અખા માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને ચાવતાં રેત'(૫૬૦); 'જેમ લૂણ આવી આંધણમાં ઊકળે, તો અર્ણવ તેથી શેને બળે?' (૭૩૬)

અખો આપણો હસતો કવિ છે.[૯] અખાનું ખડખડાટ હાસ્ય એ આપણા સાહિત્યનું મહામૂલું ધન છે. સરળ અને સચોટ વાણીમાં અને ઘણુંખરું તો હાસ્યજનક ચિત્રો દોરીને એણે જેવો હાસ્યરસ જમાવ્યો છે તેવો આપણા સાહિત્યમાં બહુ ઓછા લેખકોએ સિદ્ધ કર્યો છે. અખાના પૂર્વજીવનની રચનાઓ એકલી ધાર્મિક જ નહિ પણ સમગ્ર સામાજિક સંસ્થાઓના દંભો સામે પ્રહારાત્મક ટીકારૂપે યોજાઈ લાગે છે. એટલે એવી કૃતિઓમાં ઉપહાસ અને કટાક્ષને રૂપે જ હાસ્ય આપણને મળે છે. આત્માનુભવની સભરતા અનુભવ્યા પછી એના હાસ્યનું રૂપ પણ કુદરતી રીતે બદલાઈ જાય છે. અખો લોકપ્રિય છે તે પ્રથમ પ્રકારના હાસ્યને લીધે, પણ એની મોટાઈ તો બીજા પ્રકારને લઈને છે એમ કહેવું જોઈએ.

પ્રથમ પ્રકાર કટાક્ષનો, મર્મપ્રહારનો, અટ્ટહાસ્યપૂર્વકના ઉપહાસનો છે. એના 'તિલક કરતાં ત્રેપન થયાં,' 'એક મૂરખને એવી ટેવ,' આદિ નમૂના કયા ગુજરાતી બાળકને કંઠે નથી?

કોઈ વાર અખો અટ્ટહાસ કરે છે, તો કોઈ વાર ટાઢો ટમકો મૂકીને ખસી જાય છે. હમણાં એને દાંત કચકચાવીને બોલતો આપણે સાંભળીએ છીએ, તો ઘડી વાર પછી મૂછમાં આછું આછું હસતો ઠેકડી

૯. અખાની કાવ્યશક્તિ અંગે જુઓ મારા 'અખો : એક અધ્યયન'નું છેલ્લું પ્રકરણ 'અક્ષયરસ', જેમાંથી કોઈક વાક્યો અને કંડિકાઓનો અહીં ઉપયોગ કર્યો છે.

કરતો એને જોઈએ છીએ. એક વખતે હાથમાં ચણાના ખારમાં પાયેલો કરડો કોરડો લઈને ઊભેલી એની રુદ્રમૂર્તિ નજરે પડે છે, બીજી વખતે જીવનની બે પરસ્પર કશા સંબંધ વગરની ચીજોને જોડાજોડ મૂકીને અણધારી રીતે આપણને હસવાની ફરજ પાડતા ટીખળી જેવો એ લાગે છે. જાદુગરની પેઠે આસાનીથી ગમેત્યાંથી એ હાસ્ય બહાર લાવે છે. કઢંગાપણા(the ludicrous)નો એનો ખ્યાલ 'સાગર આગળ શું કૂદે કૂપ ?'(૬૩૪) જેવાં દૃષ્ટાન્તો દ્વારા પ્રગટ થાય છે.

અખાના હાસ્યમાં કટાક્ષ મુખ્ય છે. આ કટાક્ષને પ્રો. બલવંતરાય ઠાકોર 'ત્રીજા નેત્રની પ્રસાદી' તરીકે ઓળખાવે છે : "નરસિંહ અને મીરાંનાં કોઈ કોઈ ઊર્મિકાવ્યો વિશે આપણે ગુજરાતીમાં એક અવાજે સ્વીકારીશું કે એ 'ઇન્સ્પાયર્ડ', 'ત્રીજા નેત્રની પ્રસાદી' છે. અખાની ટીકાની ધગધગતી શિખાઓ વિશે પણ આપણે કેટલેક ઠેકાણે સંમત થઈશું કે એ અગ્નિ અલૌકિક. (આવો 'પ્રોફેટિક સેટાયર' બાઇબલમાં છે, કુરાનમાં છે, ભાગવતમાં પણ આરંભે કલિયુગનાં લક્ષણોના વર્ણનમાં છે.)"[૧૦] 'ધામધૂમ તે ધનનો ધા'(૨૧૦), 'ઊંચમાં રામ બમણો નથી ભર્યો'(૩૭૧), 'શબરી સંસ્કૃત શું ભણી હતી ભાઈ ? કયા વેદ વાંચ્યા કરમાબાઈ ?'(૭૧૭), 'કાંઈ ભણ્યેગણ્યે માણો આફરો ?'(૫૨૪) – જેવી પંક્તિઓમાં 'કેટલેક ઠેકાણે' જરૂર અખાનો કટાક્ષ 'પ્રોફેટિક સેટાયર' – પયગંબરી કટાક્ષ – ની કોટિનો છે. પણ કોઈ વાર તે પયગંબરી પુણ્યપ્રકોપ મટી જઈ અનભિજાત શાપોક્તિનું કે ગાળાગાળીનું રૂપ ધારણ કરે છે : 'ખાઈ પીને થયા ખૂંટડા'(૭૧૯), 'કાલ વાગશે ઢીલા ઢોલ' (૨૨૬), 'બીજા ગુરુ તે લાગ્યાં વરુ'(૩૦૦), 'જેના શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર'(૬૫૫).

શાંકર વેદાન્તનાં રહસ્યોને, આત્માનુભવની વાતને અખો હાસ્યની મદદથી રજૂ કરે છે ત્યારે એની હાસ્યશક્તિનો સારો પરિચય થાય છે.

---

૧૦. 'લિરિક', પૃ. ૧૨૪.

હાસ્ય વડે આત્માનુભવની વાતને એ સુંદર રીતે ઉઠાવ આપી શકે છે. 'કુંવારી વરનું લે નામ, પણ સદાસોહાગણ સંગે સ્વામ'(૧૮૯)માં બ્રહ્મભાવ અનુભવનારને સદાસોહાગણ સાથે સરખાવી, સગુણબ્રહ્મની ભક્તિ કરનારાઓને 'કુંવારી'નું પદ આપી અખો ટીખળથી હસી રહે છે. 'વદે ઢીંકે ને કટારી કડે'(૨૯૭), 'તું કલ્પદ્રુમ, કાં કલ્પી મરે ?'(૪૦૪), 'તોય કાંઈ તરસ્યું કહેતું ફરે ?'(૨૯૦), 'સામો હોય, તો સાહે હાથ'(૫૮૮), 'તે વિણજાણ્યે રાગવિરાગ, અખા ઊછળી ભાજવો પાગ'(૬૧૩), – જેવામાં આત્માનુભવની વાતોને હાસ્યની મદદથી અખો સોંસરી સમજાવી શકે છે અને એમાં 'જ્ઞાની'ને 'કવિ' ઘણો ઉપકારક નીવડે છે.

ભાષા તો અખાની આગળ નાચે છે. ૧૪૧માં 'યોગ' પાછળ 'બોધ' શબ્દ કેવો સહેજે તણાતો આવે છે અને છંદોલયમાં ઉપહાસનો ધીરો ઘોર ઊભો કરે છે ! 'ઓડે તોડે જોડે વાળ' (૩૪૧)માં શબ્દો કેવા કહ્યાગરા થઈને અખાને વશ વર્તે છે !

'છપ્પા' ગુજરાતી ભાષાનું અંતર્ગત બળ સમજવા માટે એક અનિવાર્ય પુસ્તક છે. 'શબ્દસૂચિ' ઉપર નજર નાખતાં અખાના શબ્દભંડોળની સમૃદ્ધિનો ખ્યાલ આવશે. બોલચાલની છટા અને છંદોલયમાં પંક્તિ-આરંભે કે મધ્યમાં ઉમેરેલા શબ્દોનો ઉલ્લેખ આગળ (પૃ. ૬૭-૭૧) ભાષા અંગેની ચર્ચાને અંતે કર્યો છે.

શ્રી નરસિંહરાવ 'જ્ઞાનીને કવિતા ન ગણેશ' ઉદ્ગાર ઉપરથી 'Well, we take him at his word'[૧૧] – વારુ ! તો તું કહે તે સહી ! – એમ કહીને અખાનો કવિમાંથી કાંકરો કાઢી નાખે છે ! નર્મદ કાંઈક વધુ સૂક્ષ્મતાથી મૂલ્યાંકન કરે છે : "એનાં વેદાન્તનાં પુસ્તકો જ્ઞાન ઘણું આપે છે પણ તેથી વાંચનારનું કોમળપણું વધતું

---

૧૧. 'ગુજરાતી લૅન્ગ્વેઈજ ઍન્ડ લિટ્‌રેચર', પૃ. ૧૦૯.

નથી–સચ્ચિત થવાય છે, પણ સચ્ચિદાનંદ થવાતું નથી. એનાં પુસ્તકો-માંથી બ્રહ્મજ્ઞાન થાય છે, પણ બ્રહ્માનંદનો અનુભવ થતો નથી. અખાએ જે વેદાંત લખ્યોછ તે વેદાંત કવિને લખવાના વિષયને યોગ્ય નથી. તેમાં શુદ્ધ કવિતા થોડીક છે ને અખો પોતે પણ કેહેછ કે 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ, કિરણ સૂર્યનાં કેમ વરણીશ.' એ પુસ્તકો કરતાં છપ્પામાં કવિતા વિશેષ જણાય છે. અખાને જ્ઞાની દાખલ ઘણું માન છે, પણ કવિદાખલ તો એ બીજા વર્ગમાં આવે છે. એની કવિતામાં હાસ્યરસ શિવાય બીજો રસ જ નથી"(–'નર્મગદ્ય')

ગુજરાતી કવિતામાં નરસિંહ, મીરાં, દયારામ જેવા ભક્તકવિ-ઓના ઊર્મિલઝકાર આગળ અખાને જરીક સહન કરવું પડે એવું છે. એની શૈલી પણ બરછટ ક્યારેક તોછડી અને જૂજ દાખલામાં ગ્રામ્ય પણ છે. પુનરુક્તિઓ બહુ છે. ઉપમા, રૂપક, દૃષ્ટાંતમાં એક ઉપરથી બીજા પર કૂદવાની વૃત્તિ જોવા મળે છે, જે અર્થબોધમાં અંતરાયરૂપ નીવડે છે. પણ ગુજરાતી કવિતામાં અખાનું સ્થાન ઊંચું છે એ હકીકતને આથી બાધ આવતો નથી. અખો જ્ઞાની–કવિ છે અને આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ સાહિત્યનો, ચિરંતન કરતાં ઊંચો, સનાતન પ્રકાર કહે છે તે પ્રકારની રચનાઓને અખાના છપ્પા જેવી રચના મળતી આવે છે. શ્રી કાકાસાહેબ કાલેલકર જેને 'બ્રાહ્મી સાહિત્યકાર' કહે છે તેવો આ 'જ્ઞાની'–કવિ છે. એનામાં હાસ્ય છે તે પણ જરીક ઊંડું અવલોકતાં શાન્તનો વિવર્ત માત્ર છે. તત્ત્વજ્ઞાનલક્ષણ શાન્તને અભિનવગુપ્તપાદ સર્વ રસોમાં સ્થાયિતમ કહે છે અને બધા રસોનો શાન્ત જેવો જ આસ્વાદ હોય છે એમ દર્શાવે છે તે વાતની 'છપ્પા'ના હાસ્ય પાછળના 'શાન્ત'થી પ્રતીતિ થાય છે. બ્રાહ્મી સાહિત્યકારનો, 'સનાતન' સાહિત્યના રચયિતા જ્ઞાની–કવિનો, મુખ્ય રસ શાન્ત હોય છે, જે કાવ્યરસાનુભૂતિ અને આત્મદર્શનની એકતા સ્થાપી કાવ્યરસને બ્રહ્માસ્વાદસહોદર નહિ પણ કહો કે બ્રહ્માસ્વાદરૂપ બનાવી દે છે. શાન્ત રસ ચિત્તદ્રવ કરતાં ચેતોવિસ્તારનો, ચિત્પ્રકાશનો, અનુભવ કરાવનાર

હોય છે. અખો વેદાન્તને પદ્યમાં ગૂંથનારો માત્ર નથી, પણ બ્રહ્મભરી દૃષ્ટિવાળો અનુભવી જ્ઞાની-કવિ છે અને એથી 'મૃત્યુ નામ પરપોટો મરે'(૨૫૬) જેવા ઉદ્‌ગારો એના મોંમાંથી નીકળી પડે છે. જે મનુષ્ય પોતાને આ શરીરમાં સીમિત ગણે છે તે અમાપને ઓળખતો નથી ('ઊઠ હાથનું જે ગણે આપ, તે નર જાણે નહિ અમાપ') એમ કહી શરીર માટે એ કેવું સુંદર વચન ઉચ્ચારે છે : 'તે રામરસ ભરવાનું પાત્ર'(૪૦૧)! આવા આતમસૂઝના ઉદ્‌ગારોને લીધે છપ્પાની વાણી ગીતાઉપનિષદની વાણીની યાદ અપાવનારી નીવડી છે.

આમ, 'છપ્પા' એ અખાનો જ નહિ પણ ગુજરાતી સાહિત્યનો એક ઉત્તમ ગ્રંથ છે. ગુજરાતી ભાષાની ગુંજાશનું સારું એવું માપ છપ્પામાં મળે છે. એક કવિએ સંસારમાંથી ચારે બાજુથી ઉપાડેલાં દૃષ્ટાન્તો અને ઉપમાચિત્રોથી છપ્પા આપણા મનને ભરી દે છે. સમાજને ચિકિત્સક નજરે જોનારા એક સાધકની તીખી કટાક્ષશક્તિનો પણ એ પરિચય કરાવે છે. અને તે ઉપરાંત ખાસ તો મનુષ્યના જીવનસમગ્રનો ચરખો જોઈ રહેલા એક અનુભવીની 'બ્રહ્મખુમારી'ની ધબક છપ્પાની વાણીમાં વારંવાર વરતાય છે.

અખો કેમ સમજાતો નથી

કેટલીક વાર સાંભળીએ છીએ કે છપ્પાની ભાષા કૂટ છે, સમજાતી નથી. પણ તેનું એક મુખ્ય કારણ એ છે કે છપ્પા શુદ્ધ રૂપે છાપવાનો પ્રયાસ થયો નથી. ૧૮૫૨માં અમદાવાદની પુસ્તકવૃદ્ધિ કરનાર મંડળ તરફથી 'અખાજીના છપ્પાની ચોપડી' શિલાછાપમાં પ્રગટ થઈ હતી. મુદ્રણયંત્ર આવ્યા પછી જુદા જુદા સ્થળેથી છપ્પા પ્રગટ કરવાના પ્રયત્નો થયા. એવા પાંચ પ્રયત્નો મારા જોવામાં આવ્યા છે, જેમાં પૂજારા કાનજી ભીમજીએ કરેલું સંપાદન, 'બ્રહ્મજ્ઞાની અખા ભક્તના છપ્પા',

સૌથી જૂનું છે(સં. ૧૯૪૦, ઈ. ૧૮૮૪). શ્રી પૂજારાના સંપાદન વખતથી કેટલીક ભૂલો આજ સુધી બધી જ છપાયેલી પ્રતોમાં ચાલુ રહી છે એમ કહી શકાય. સ્થૂળ સંખ્યાનો દાખલો લઈએ. શ્રી પૂજારાએ છપ્પાની સંખ્યા ગણતરીની ભૂલથી ૭૪૬ને બદલે ૭૫૦ આપી તે પછીનાઓએ સુધારી છે. પણ ચાર[૧૨] છપ્પા એમાં બે વાર છપાયા છે તે એ પ્રમાણે આજ સુધી છપાતા રહ્યા છે. ઉપરાંત બે છપ્પા, અંદરથી થોડુંક છૂટી જતાં, એક તરીકે છપાયા છે, તે ભૂલો આજ સુધી રહી છે. શ્રી પૂજારાના સંપાદન પાછળ જે હસ્તપ્રત હશે તેમાં જ કદાચ આ પ્રમાણે હોય. હસ્તપ્રતો એકના એક છપ્પા ફરીફરી આપે છે, પણ છાપતી વખતે એવી પુનરુક્તિઓ દૂર થવી જોઈએ. અખામાં ક્રમવાર વિષયનિરૂપણ ન હોઈ શરૂઆતમાં આવેલો છપ્પો ફરી ત્રણસો-ચારસો છપ્પા પછી આવે તો ઝટ ખ્યાલમાં ન આવે એ સંભવિત છે. પણ આ બધાનો અર્થ એટલો ચોક્કસ છે કે ગુજરાતી ભાષાના એક મહત્ત્વના પુસ્તક ઉપર ઘટતું ધ્યાન અપાયું નથી. છપ્પાના અંતરંગ અંગે, શબ્દાર્થ અંગે, વધુ ધ્યાન ન અપાયું હોય તો શી નવાઈ?

કેટલાક અપરિચિત શબ્દોને કારણે પણ વાચનામાં પંક્તિઓ બદલાઈ ગઈ છે અને સાચો અર્થ પકડવાનું મુશ્કેલ બન્યું છે. 'જ્ઞાનીની કવિતા ન ગણીશ' પંક્તિ સાંભળી હશે. મૂળ પાઠ 'જ્ઞાનીને' છે, પણ

---

૧૨. 'જાય સમૂળો ત્યમ સંસાર'(૧૧૮) ફરી ૬૬૬ તરીકે, 'કે આળસે કે ક્રોધે થયો'(૧૯૪) ફરી ૬૬૫ તરીકે, 'જ્યારે મન પામ્યું નિજ ભાન'(૩૬૪) ફરી ૬૬૪ તરીકે અને 'આદિ કર્મ કીહે જીવ થાય'(૫૨૦) ફરી છેલ્લા છપ્પા-૭૪૬-તરીકે. છાપેલી આવૃત્તિઓમાં ૫૨૦ની પહેલી બે પંક્તિ ૫૧૯ના અંતે અને ૫૧૯ના અંતની ૫૨૦ના આરંભે આવી ગઈ છે. શ્રી પૂજારાએ ૫૧૯ આઠ પંક્તિનો 'અખા'ની મુદ્રા સાથેનો છપ્પો આપી પછીનો ૫૨૦ ચાર પંક્તિનો આપ્યો છે, બીજાઓએ ૫૧૯ 'અખા'ની મુદ્રા વગરનો છ પંક્તિનો અને ૫૨૦ પણ છ પંક્તિનો પરંતુ બે વાર 'અખા'ની મુદ્રાવાળો આપ્યો છે.

એ રીતે અર્થ ઝટ સમજાતો ન હોઈ 'જ્ઞાનીની૦' કરવામાં આવ્યું. એક આવૃત્તિએ 'જ્ઞાનીને' રાખ્યું, પણ અર્થસંગતિ ખાતર 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ' કર્યું ! પણ આ બંને પાઠ યથાર્થ નથી. અખાને અભિપ્રેત પાઠ છે 'જ્ઞાનીને કવિતા ન ગણેશ.' 'કવિતા' શબ્દ 'કવનાર, કવિ'ના અર્થમાં પ્રચલિત હતો એ માંડણ આદિમાં એનો વારંવાર ઉપયોગ થયો છે તે પરથી જણાય છે. અખાએ આ શબ્દ છપ્પામાં ચાર વાર વાપર્યો છે. 'કવિતા થઈ અધિકું શું કવ્યું'(૧૬૬), 'કવિતા થયો ન કાઢ્યું કર્મ'(૨૬૬)માં 'કવિતા' કવિના અર્થમાં છે એ સ્પષ્ટ છે. મૂળ શબ્દ છે કવયિતા, कवयितृ ઉપરથી. (આપણે સ્ત્રીકવિ માટે 'કવયિત્રી' શબ્દ તો વાપરીએ છીએ.) 'કવયિતા'નું 'કવ્યિતા', 'કવિતા' થયું છે.

'માયાના ગુણ જ્યાં નવ છબે, તેને અખા તે કોણ આલંબે ?' (૫૭) પંક્તિ સાદી છતાં ફૂટ લાગે એવી છે. માયાના ગુણ જેને ન પહોંચે તેનું તે આલંબન લેવાતું હોય, તેને કોણ આલંબે, – એવો પ્રશ્ન અખો શા માટે કરતો હશે એ સમજાતું નથી. મેં જોયેલી હસ્તપ્રતોમાં છમાં આ છપ્પો છે અને બધીજમાં છેલ્લો શબ્દ લબે (અરબી 'લબ'= હોઠ) છે : 'તેહ અખાને આવ્યું લબે.' એ પરમતત્ત્વ અખાને હોઠે આવ્યું છે, તેની અખો વાત કરી રહ્યો છે, – એ અર્થ અભિપ્રેત છે. શ્રી પૂજારાના સમયથી 'આલંબે'વાળો પાઠ આજ સુધી પ્રચલિત છે.

કેટલાક દાખલાઓમાં કોઈ હસ્તપ્રતે આવા સુધારા કરી દીધા હોય એ પૂરું સંભવિત છે. 'જ્યમ વાયુ હીંડે વિના પરાગ'(૬૧૫) શ્રી પૂજારાના સમયથી પ્રચલિત પાઠ છે. તેને ગુજરાત વિદ્યાસભાની હસ્તપ્રત નં. ૫૮૨નો ટેકો છે. પણ સુગંધ વિના વાયુ હીંડે છે એનો શો અર્થ ? બીજી હસ્તપ્રતો જોતાં 'પરાગ'ને બદલે 'પર-પાગ' (ફારસી 'પર' = પીછું. પાંખ) મળતાં વાયુ પાંખ કે પગ વગર ચાલે છે — એ અર્થ ચોખ્ખો થઈ જાય છે. 'જો લાગે અખા પર કે પાગ'(૨૫)માં 'પર' શબ્દ અગાઉ અખાએ વાપર્યો છે જ. ઇતબાર, કરાર, હિમાયત,

દાવાગીર, હજૂર, હાકેમ આદિ ફારસી-અરબી શબ્દોનો વપરાશ અખામાં છૂટથી થયેલો છે.

કોઈ વખતે જૂની ભાષાની અને હસ્તપ્રતોની રીતિની પૂરતી માહિતી ન હોવાના કારણે પણ મૂળ અર્થ ન સમજાય એવું બને છે. ભાષા કૂટ હોય તો જ મૂળનો અર્થ ચૂકી જવાય એવું નથી. ઘણી વાર તો ભાષા સરળ હોય છતાં લખનારનો મૂળ અર્થ હાથ ન આવે એવું બને છે. 'જયમ સકળ તેજનું આલે ભાન'(૩૮૦)નો અર્થ જયમ સકળ તેજનું ભાન આપે — કરાવે એવો કરવાનું તરત સૂઝે એ દેખીતું છે. પણ આપણે જેમ 'જયજય'નું 'જે જે' બોલીએ છીએ તેવું 'આલય'નું 'આલે' થયું છે અને 'ભાન' છે 'ભાનુ–ભાણ.' (હસ્તપ્રત ૬ 'ભાનૂ' આપે પણ છે.) એટલે કે, જેમ સકલ તેજનું રહેઠાણ સૂર્ય છે — એવો ઉપરની પંક્તિનો અર્થ જૂની ભાષા-રસમ ખ્યાલમાં ન રહે તો તરત ચૂકી બેસાય એવું છે. 'વિષે' શબ્દ આવે ત્યાં તેનો અર્થ અંદર નહિ પણ 'વિષય' હોય એ તરફ ધ્યાન રાખવું જોઈએ.

આવા અનેક દાખલાઓ છે તે અહીં ઉતારવાની જરૂર ન હોય. આજ સુધી છપાયેલી આવૃત્તિઓના પાઠ સાથે આ આવૃત્તિના પાઠો સરખાવતાં, ચાલુ, નાનાંમોટાં અનેક રમૂજભર્યાં દૃષ્ટાન્તો મળયે જશે.

સંશોધિત લોકભોગ્ય આવૃત્તિ

આ આવૃત્તિ માટે આઠ હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે. એમાં એક જ લખ્યાસાલ આપે છે. ડૉ. મંજુલાલ ર. મજમુદાર પાસેથી મળેલી ૨૪૭ છપ્પાવાળી હસ્તપ્રત સં. ૧૮૮૨ની સાલની છે. વડોદરા પ્રાચ્યવિદ્યામંદિરની, ભાષાની દૃષ્ટિએ, સૌથી જૂની છે, પણ તેમાં પણ અર્ધા જેટલા છપ્પા છે. ગુજરાત વિદ્યાસભાની હસ્તપ્રત નં. ૫૮૨ અધૂરી છે, પણ ૬૫૭ સુધીના છપ્પા આપે છે. એને ૧ સંખ્યાંક આપી ભૂમિકા તરીકે સ્વીકારી છે. એની નકલ કરી, તેમાં બીજી હસ્તપ્રતો(૨થી ૮)માંથી વધુ સારા પાઠ મળે તે દાખલ કર્યા છે. આમ,

આ આવૃત્તિમાં પાઠાન્તરોની પસંદગીપૂર્વક થયેલી (eclectic) વાચના આપવાનો પ્રયત્ન છે. એક પણ શબ્દ હસ્તપ્રતોની બહારનો, પોતાના તરફથી ઉમેરેલો કે છાપેલાં પુસ્તકોમાંથી લીધેલો નથી.

ઉપર કહ્યું તે, મોટાં બીબાંમાં છાપેલા છપ્પાને જ લાગુ પડે છે. હમણાં કહ્યું તેમ ૬૫૭(ની બીજી પંક્તિમાં 'મા' અક્ષર) સુધીના છપ્પા હસ્તપ્રત ૧ના આધારે તૈયાર થયા છે. તે પછીનામાંથી ૬૬૨, ૬૬૫થી ૬૭૦ અને ૭૪૩થી ૭૫૬ ભૂમિકા તરીકે સ્વીકારેલી ૧ સિવાયની ૨થી ૮ હસ્તપ્રતોમાંથી મળેલા છે, એટલે એ પણ મોટાં બીબાંમાં છાપેલા છે. એ સિવાયના છપ્પા નાનાં બીબાંમાં મૂક્યા છે, તે એ સૂચવવા કે આ છપ્પાઓને કોઈ હસ્તપ્રતનો આધાર નથી, છાપેલાં પુસ્તકોની મદદથી એ છાપ્યા છે. તેમાં મુખ્યત્વે આધાર શ્રી કાનજી પૂજારાની આવૃત્તિ (એને ટિપ્પણમાં 'પૂ' સંજ્ઞા આપી છે) અને ઈ. ૧૮૪૯ની મણિલાલ મહાસુખરામની કં.ની આવૃત્તિ('મ')નો લીધો છે. અલબત્ત એમાં પણ ક્યાંય પોતાના તરફથી કશો સુધારોઘટાડોવધારો કે એવો ફેરફાર કર્યો નથી.

ઉપરની પદ્ધતિએ વાચના તૈયાર કરી હોય તો તેને શાસ્ત્રીય (scientific, સંપાદનની વૈજ્ઞાનિક પદ્ધતિએ તૈયાર કરેલી) વાચના કહી શકાય, પણ આ આવૃત્તિમાં શાસ્ત્રીય વાચના રજૂ કરવાને બદલે એને અત્યારની માન્ય જોડણીમાં ફેરવીને છાપી છે. અખાની ભાષા અર્વાચીન ગુજરાતીના આરંભની છે, ઉત્તર-મધ્યકાલીન અને અર્વાચીનના ઉંબર ઉપરની છે એવાં થોડાંક ચિહ્નો પણ મળે છે. કાંઈ નહિ તો લહિયાઓની કલમને તો જૂની ટેવ હજી છૂટતી ન હોય એવું સ્પષ્ટ દેખાય છે. આઠમાંથી જૂનામાં જૂની પાંચમી પ્રત 'જ્ઞાનીને કવિતા ન ગણેશ'વાળી પંક્તિમાં (તેમ જ અન્યત્ર) ચતુર્થીના પ્રત્યયનો દીર્ઘ ઉચ્ચાર 'ને' છંદદૃષ્ટિએ કરવો અનિવાર્ય હોવા છતાં 'જ્ઞાનીનિ' પાઠ આપી જૂના 'નિ' પ્રત્યયને પક્ષપાતપૂર્વક વળગી રહે છે. એ રીતે જ્યાં 'ઓ' ઉચ્ચાર છંદમાં અભિપ્રેત છે ત્યાં એ

જૂનું 'ઉ'વાળું' જ રૂપ આપે છે; 'ભગત તુ જુ પ્રીછી ભજિ, નહીં તું ફ્રોત્યર ફાકિ સાત્ય જ તજિ'(૧૮૯અઆ). આ પ્રત અર્ધા જેટલા છપ્પા આપે છે. એવી આખી પ્રત મળે તોપણ ભાષાના સાચા (બોલાતા) સ્વરૂપને રૂઢિવશ બની જૂની રીતે પ્રતિબિંબિત કરતા સ્વરૂપને વાચના માટે સ્વીકારવું કે કેમ એ પ્રશ્ન વિચાર માગી લે. અખો પોતે જે ભાષા બોલતો હશે તે મુખ્યત્વે અર્વાચીન ગુજરાતી છે એ એની છંદોવાણીમાં પ્રતીત થતા ઉચ્ચારો ઉપરથી સમજવા મળે છે. અર્વાચીન ગુજરાતીનું, અને તે પણ લોકપ્રિય 'છપ્પા' જેવું આ પુસ્તક અત્યારની જોડણીમાં આપવાનું યોગ્ય ગણ્યું છે (જેમ શેક્સ્પિયર-મિલ્ટનનાં પુસ્તકો આજની ચાલુ જોડણીમાં આપવામાં આવે છે). છપ્પાની જૂના વખતના જોડણીભેદો સાચવતી 'શાસ્ત્રીય' વાચના છપાય તોપણ આવા લોકપ્રિય પુસ્તકની ચાલુ જોડણીની વાચના પણ આપવાપણું રહે. ખાસ તો ગુજરાતીની અર્વાચીન પૂર્વેની ભૂમિકાઓનાં પુસ્તકો માટે, વિશિષ્ટ દાખલામાં, એવાં એવડાં સંપાદનોની જરૂર રહે. તેમ છતાં મને અભિપ્રેત છપ્પાની શાસ્ત્રીય વાચના પ્રત ૧ (ગુજ. વિદ્યાસભાની હસ્તપ્રત નં. ૫૮૨)ના પાઠમાં, બીજી હસ્તપ્રતોમાંથી મેં જે પાઠાન્તર સ્વીકાર્યાં છે તે, પુસ્તકને અંતે આપેલાં 'પાઠાન્તરો'માંથી, સામેલ કરવાથી મળી રહેશે. જૂના વખતના જોડણીભેદ જાળવવાથી મુખ્ય લાભ ભાષાના અભ્યાસીઓને ભાષાકીય અધ્યયનની સામગ્રી મળે એ હોય છે. તેવી ઠીક ઠીક સામગ્રી 'પાઠાન્તરો'માં હસ્તપ્રતોમાંથી યથાતથ ઉતારેલા અંશો ઉપરથી મળશે એવી આશા છે. ક્યાંક, કેવળ પાઠાન્તરની દૃષ્ટિએ તદ્દન અનિવાર્ય ન હોય છતાં ભાષાસ્વરૂપ ઉપર પ્રકાશ પડે એ ખાતર, આવી સામગ્રી ઉતારી છે. ઉપરાંત આ આવૃત્તિની વાચનામાં કેટલાક વિશિષ્ટ શબ્દો દા. ત. 'નીમડે' (નીવડે), દૂહ્વે (દૂભવે) અને વ્યાકરણપ્રયોગો દા. ત. દીજે (દઈએ), બોલીજે (બોલીએ), કેર (કર), આદેર (આદર), પામેવા (પામવા), કાઢેવા (કાઢવા), ગણેશ (ગણીશ), કરેશ (કરીશ), વસ્તે (વસ્તુએ), શક્તે (શક્તિએ) એમના એમ સાચવી લીધા છે.

ઉપર જોયું તેમ આ આવૃત્તિ દ્વારા શબ્દશઃ[૧૩] 'શાસ્ત્રીય' વાચના આપવા કરતાં શાસ્ત્રીયતાનાં ધોરણોને અનુસરીને અત્યારની જોડણીમાં 'સંશોધિત લોકભોગ્ય' વાચના આપવાનો પ્રયાસ છે.

૭૫૬ છપ્પાની આ વાચના

ચાલુ આવૃત્તિઓમાં ૭૪૬ છપ્પા હોય છે. તેમાં ચાર બેવડાયેલા છે તે રદ કરતાં, બે છપ્પાના ટુકડાઓનો એક થઈ ગયેલો તેના યથા-સ્થિત બે મળ્યા છે તે આપતાં અને નવા તેર મળ્યા છે તે ઉમેરતાં, આ વાચના ૭૫૬ છપ્પાની બની છે; જેમાંના ૬૭૭નો પાઠ હસ્તપ્રતો ઉપરથી નિર્ણીત થયેલો છે, ૧નો પાઠ હસ્તપ્રત ઉપરથી (અંશતઃ) અને મુદ્રિત પ્રતો ઉપરથી અને ૭૮નો મુદ્રિત પ્રતો ઉપરથી આપેલો છે.

બધા જ છપ્પા જેમાં હોય એવી છપ્પાની સંપૂર્ણ હસ્તપ્રત મારા જોવામાં આવી નથી. જો કોઈ એવી હસ્તપ્રત બતાવશે તો આભારી થઈશ.

અત્યારના સંજોગોમાં, ઉપર કહ્યું છે તેમ, ગુજરાત વિદ્યાસભા-વાળી હસ્તપ્રત નં. ૫૮૨(જેને ૧ની સંજ્ઞા આપી છે તે)ને ભૂમિકા તરીકે સ્વીકારીને આ વાચના તૈયાર કરી છે. કુલ આઠ હસ્તપ્રતોનો ઉપયોગ કર્યો છે, જેમાંની આઠમી તો નગણ્ય જેવી છે. (એવી થોડાક છપ્પાઓવાળી કેટલીક હસ્તપ્રતો ફા. ગુ. સભામાં પણ છે.) એ ૧થી ૮ હસ્તપ્રતોની વિગત પાછળ 'પાઠાન્તરો'ના આરંભમાં આપી છે.

---

૧૩. સંસ્કૃતમાં શબ્દશઃ શાસ્ત્રીય વાચના આપવાનું સુકર છે. પછીની ગુજરાતી જેવી ભાષામાં વ્યાકરણરૂપો અને શબ્દજોડણી લહિયે લહિયે એટલાં બદલાતાં ચાલે છે કે જે વાચનામાં એકેએક શબ્દ કોઈ ને કોઈ હસ્તપ્રતમાંથી યથાતથ ઉતાર્યો હોય, એક પણ શબ્દના સ્વરૂપમાં સંપાદકને ફેરફાર કરવો પડયો ન હોય, એવી 'શાસ્ત્રીય' વાચના આપવી કદાચ મુશ્કેલ છે. તે સમયની ભાષાનું સ્વરૂપ એ ભૂમિકાની શ્રદ્ધેય હસ્તપ્રતો ઉપરથી નક્કી કરી વ્યાકરણ-રૂપોમાં કાંઈક એકધારાપણું લાવવાનું રહે જ, અને એવા ફેરફારો શબ્દની નીચે તરંગરેખા .... થી નિર્દેશવાના રહે.

સંખ્યાની દૃષ્ટિએ ૧માં સૌથી વધુ છપ્પા, ૧થી ૬૫૭ (છેલ્લો અધૂરો), ઉપરાંત 'પંચીકરણ અંગ' (૨૩ છપ્પા) છે. ૨ અને ૬માં છસો જેટલા છે. ૩માં ચારસો જેટલા, ૪માં ૩૪૯, ૫માં ૩૩૨ (પંચીકરણના પ્રથમ ૧૧ છપ્પા સહિત) અને ૭માં ૨૪૭ છપ્પા છે. ૮ છછને બદલે ચારચારને આંતરે સંખ્યાંક આપી એવા ૧૮ આપે છે.

૬૫૭ સુધીના છપ્પા ૧ને ભૂમિકા રાખીને આપ્યા છે, પણ તે સિવાયના થોડાક જે મોટાં બીબાંમાં આપ્યા છે તે બાકીની હસ્તપ્રતોમાંથી મળ્યા છે : ૬૬૨ (૨, ૬ માંથી), ૬૬૫–૬૭૦ (૨, ૩, ૬, ૭માંથી), ૭૪૩ (૬, ૭માંથી), ૭૪૪ (૮માંથી), ૭૪૫–૭૪૮ (૨, ૬ માંથી), ૭૪૯–૭૫૨ (૨, ૩, ૬, ૭માંથી) અને ૭૫૩–૭૫૬ (૨, ૬ માંથી).

બધી હસ્તપ્રતો જોતાં અખાના 'છપ્પા'ની ગોઠવણી અંગે બે પરંપરા જોવા મળે છે. એક આપણે ત્યાં શિલાપ્રેસની 'અખાજીના છપ્પાની ચોપડી' અને તે પછીની બધી જ છપાયેલી આવૃત્તિઓમાં 'સુતર આવે ત્યમ તું રહે૦'થી શરૂ થતી વાચનાની પરંપરા. હસ્તપ્રત ૧ અને ૫ આ રીતની છે. બીજી પરંપરા ૫૯૫મા છપ્પાથી શરૂ કરી ૫૯૫–૬૩૩ (વચમાં બે ત્રણ સિવાયના) પછી ૬૬૭–૬૭૩ આપી 'સુરત આવે ત્યમ તું રહે૦' એ પહેલા છપ્પા ઉપર આવે છે. ૨, ૩, ૬ આ રીતની છે. ૪ અને ૭ પણ પહેલા છપ્પા પર આવતાં પહેલાં સારી સંખ્યામાં બીજા છપ્પા આપે છે.

છપ્પાનાં અંગો પાડેલાં છે, પણ એક વિષયને એક અંગમાં વ્યવસ્થિત રજૂ કરવામાં આવ્યો હોય એવું ક્વચિત જ જોવા મળે છે. અંગોના ક્રમમાં પણ કોઈ એવી માંડણી નજરે પડતી નથી. એટલે એ પરંપરાની નોંધ કરવા ઉપરાંત, પસંદગી અંગે કોઈ ખાસ પ્રશ્ન રહેતો નથી. આજ સુધી પેલી આવૃત્તિઓના ક્રમ સાથે અનુસંધાન જળવાય તે સારુ મેં પહેલી પરંપરા જ પસંદ કરી છે. 'અખો : એક અધ્યયન' (આવૃત્તિ ૨, પૃ. ૨૦૧, પાદટીપ ૫૪)માં મેં અગાઉ

બતાવેલું છે કે 'અખાજીના છપ્પાની ચોપડી' ગુજરાત વિદ્યાસભાની હસ્તપ્રત નં. ૫૮૨ (આપણી ૧) ઉપરથી છપાઈ લાગે છે. બીજી મુદ્રિત આવૃત્તિઓ પાછળ પણ પહેલી પરંપરાની જ આવી કોઈ હસ્તપ્રત છે.

પહેલી પરંપરામાં 'પંચીકરણ અંગ' વધારાનું મળે છે. ૧ અને ૫ બંને ૧૦૯મા છપ્પા પછી પંચીકરણ અંગ આપે છે (૫માં ૩૩માંથી માત્ર આરંભના ૧૧ શ્લોક જ છે). અખાની 'પંચીકરણ' નામે જુદી સ્વતંત્ર કૃતિ પણ મળે છે, જેના આરંભનો ભાગ તે આ 'પંચીકરણ અંગ' છે. 'અખો : એક અધ્યયન' (આવૃત્તિ ૨, પૃ. ૧૮૩–૧૯૩)માં ચર્ચ્યા પ્રમાણે પંચીકરણની રચના છપ્પાના એક અંગ તરીકે આરંભાઈ હોવા સંભવ છે, પણ છપ્પાના સામાન્ય વિચાર– કે ભાવના– પ્રધાન સ્વરૂપ કરતાં આ ગાણિતિક અને માહિતીપ્રધાન અંગ જુદું પણ પડી આવે છે એથી આ વાચનામાં આપ્યું નથી, તેમ પરિશિષ્ટરૂપે પણ આપ્યું નથી. ('અખો : એક અધ્યયન', આવૃત્તિ ૨, પૃ. ૧૮૪–૧૮૭ ઉપર આખુંય ઉતારેલું છે.) આ રીતે છપ્પાની જૂની આવૃત્તિઓના ક્રમ સાથેની એકવાક્યતા પણ જળવાશે.

આવી એકવાક્યતા એક ઠેકાણે ખંડિત કરવી પડે એવું હતું. ૧માં બે 'સૂઝ અંગ' છે. એક 'ધીરજ અંગ' અને 'મહાલક્ષ અંગ' વચ્ચે ૧૨૧મા છપ્પાથી ૧૩૧મા સુધીનું અને બીજું 'જીવઈશ્વર અંગ' અને 'ચાનક અંગ' વચ્ચે ૨૧૩મા છપ્પા પછી ૧૧ છપ્પાનું. 'અખાજીના છપ્પાની ચોપડી'માં ૧માં છે તે પ્રમાણે જ છૂટાં છૂટાં બે 'સૂઝ અંગ' છે. પણ પૂજારાની આવૃત્તિમાં તેમ જ બીજી મુદ્રિત આવૃત્તિઓમાં એ બંનેને ભેગાં કરી દેવામાં આવેલાં જોવા મળે છે. હસ્તપ્રતને (૧ને) વળગી રહી બંનેને સૂઝ અંગ–૧ અને સૂઝ અંગ–૨ એમ જુદાં આપવા મેં વિચાર કરી જોયો, પણ સહેજ વિચાર કરતાં બંને સળંગ આપવાં એ વધુ યોગ્ય જણાયું. આ વાચનામાં પહેલું ૧૨૧–૧૩૧ અને બીજું ૧૩૨–૧૪૨ છે. બીજું 'એમ જાણે તે હરિનો જન૦'થી

શરૂ થાય છે. એને હસ્તપ્રત પ્રમાણે ‘જીવઈશ્વર અંગ’ના છેલ્લા (૨૧૩મા) છપ્પાના અનુસંધાનમાં ‘અખા જાણે હરિ વળણે વળે’ પછી લેતાં વિચારની સાંકળ પકડાતી નથી; જ્યારે પહેલા સૂઝ અંગની છેલ્લી (૧૩૧ની ઉઊ) પંક્તિઓ ‘અખા ફેરવવું છે મંન, જો જાણે તો જાણે જંન’ સાથે બીજા સૂઝ અંગની ‘એમ જાણે તે હરિનો જન : જે મ્હારે પોતે ક્યાંથું મન’ (૧૩૨અઆ) તરત જ વિચારસાતત્યનો અનુભવ કરાવે છે. ૧૩૧ઊમાં ‘જંન’ તે છપ્પામાં બીજાં સ્થળોએ છે તેમ ‘હરિજન’ના અર્થમાં છે અને ચર્ચ્ય વિષય મન છે એ બે હકીકતો આ સાંધણને અનિવાર્ય જેવું ઠેરવવા માટે બસ ગણાય. શ્રી પૂજારા આદિની આવૃત્તિ પાછળની કોઈ હસ્તપ્રતમાં જ બંને સૂઝ અંગોને જોડી દેવામાં આવ્યાં હોય એ સંભવિત છે, પણ મારા જોવામાં એવી કોઈ હસ્તપ્રત આવી નથી. બલકે બંને છૂટાં અંગોને ‘સૂઝ અંગ’ નામ માત્ર ૧ જ આપે છે. ૫ માં પહેલું સૂઝ અંગ આગલા ધીરજ અંગના ભાગરૂપ છે, જેવું ૨, ૩, ૬, ૭માં પણ છે. હસ્તપ્રતોથી છૂટ લઈને બંને સૂઝ અંગને ભેગાં મૂક્યાં છે તે ઉપર નિર્દેશેલ વિચાર-સાંકળના કારણે, માત્ર મુદ્રિત પ્રતો સાથે ક્રમની એકવાક્યતા જાળવવા માટે નહિ. આમ, આ વાચના છપ્પાની મુદ્રિત આવૃત્તિઓ સાથે ક્રમમાં લગભગ મળતી છે. લગભગ એટલા માટે કે ૧૩૯ પછી આ વાચનાના સંખ્યાંકમાં એકનો અને ૬૬૪ પછી બેનો વધારો જોવા મળશે.

છપ્પાની બીજી પરંપરામાં એક નોંધપાત્ર લક્ષણ એ જોવા મળે છે કે તેમાં અંગોનું વિભાજન જુદી રીતનું છે અને નામો પણ જુદાં જોવા મળે છે. દા. ત. ૧માં વિચાર અંગ ૩૭–૪૪, દોષ અંગ ૪૫–૫૬, માયા અંગ ૫૭–૭૦ અને ક્ષમા અંગ ૭૧–૮૦ છે તેને બદલે ૨, ૩, ૬નાં વિભાજન અને નામ જુદાં છે : સસ્વરૂપ અંગ ૩૭–૫૨, વસ્ત (વસ્તુ) અંગ ૫૩–૭૦, ભક્તિ અંગ ૭૧–૮૨, વગેરે. અંગનાં નામો બબ્બે વાર પણ વપરાયાં છે. બંને પરંપરામાંનાં વિભાજનનો અને

નામોનો કોઠો, વિભાજન અને નામો મૂળે શિથિલતાપૂર્વકનાં છે એ જોતાં, આપ્યો નથી, ખાસ કરીને હસ્તપ્રતો અધૂરી છે એ સંજોગોમાં. પહેલી પરંપરાની ૧માં જ્યાં અંગનાં નામને ઠેકાણે કોરી જગ્યા છે, ત્યાં બીજી પરંપરામાંથી નામ સ્વીકાર્યું છે. દા. ત. પહેલા જ અંગને એ રીતે 'શિષ્ય અંગ' નામ આપ્યું છે. ૧માં બે સૂઝ અંગ હતાં તે તો ઉપર કહ્યું તેમ સળંગ રજૂ થયાં છે, પણ ૩૭થી અને ૪૦૫થી શરૂ થતાં બે 'વિચાર અંગ' છે, તેમાંથી બીજાને માટે ૨, ૩, ૬, ૭માં પણ વિચાર અંગ નામ છે તે કાયમ રાખી પહેલા (૩૭થી શરૂ થતા) માટે ૨, ૩, ૬નું 'સ્વસ્વરૂપ અંગ' નામ સ્વીકાર્યું છે.

'છપ્પા'ની ભાષા

ઉપર કહ્યું તેમ ભાષાદૃષ્ટિએ હસ્તપ્રત ૫ જૂનામાં જૂની છે :

ભેદ્ય માયા સમૂલી ગલિ । સાંહાંમૂં ટાલિ નિં પોતિ ટલિ ।
આપાપર ટલતિ ઉગરિ । સહિજ લક્ષ તેહમાં સ્થિત્ય કરિ ।
અષા ચીત્યાનૂં ન ધરિ માન । ચીત્યો હારિ ઝાલિં કાંન ।

છંદ પ્રમાણે વાંચતાં 'ઇ'ને બદલે 'એ' બોલવું પડશે : '...ટાલેં નેં પોતે ટલેં.' એટલે કે અખાના સમયની ભાષાને લિપિપ્રતિબિંબનમાં હજી લહિયાઓ ભલે જૂના રૂપે રજૂ કરતા હોય, તેનું બોલચાલનું સ્વરૂપ અર્વાચીન ગુજરાતી જેવું જ છે. લહિયાઓ બોલચાલની ભાષા કરતાં કેટલાક દસકા પાછળ હોય, જૂનાં પુસ્તકોના ભાષાસ્વરૂપને અભ્યાસ(ટેવ)વશાત્ વળગી રહેતા હોય એવું જોવા મળતું હોય છે.

આ જ છપ્પો ૧માં નીચે પ્રમાણે છે :

ભેદ્ય માયા સમૂલી ગલે ॥ સાંહાંમૂં ટાલે ને પોતે ટલે ॥
આપાપર ટલતે ઉગરે ॥ સહેજ લક્ષ તેમાંહાં સ્થિત્ય કરે ॥
અષા જીત્યાનૂં ન ધરે માન ॥ જીત્યો હારે ઝાલે કાન ॥

અખો પોતે ખરેખર બોલતો હશે તેવી ભાષામાં વાચના તૈયાર કરવી એ વળી જુદો જ પ્રશ્ન થાય. લિપિપ્રતિબિંબનમાં બોલાતી ભાષાનો

એક વિશિષ્ટ આકાર જ પ્રાપ્ત થાય છે. ૫ સિવાયની હસ્તપ્રતો અખાના સમયથી ઠીકઠીક દૂરની હોઈ, અખાના સમયમાં બોલાતી ભાષા કરતાં તે તે હસ્તપ્રતના સમયમાં બોલાતી ભાષાના પડઘા પણ એમાં ઝિલાતા ગયા છે. પણ એકંદરે, અખો અર્વાચીન ગુજરાતીનો લેખક હોઈ, અત્યારની જોડણીમાં એને રજૂ કરવામાં કોઈ, પાયાની, મોટી મુશ્કેલીઓ નથી.

જોડણીમાં ખાસ ફેરફાર હશ્રુતિ અને યશ્રુતિ અંગેના છે. બંનેનું સહજ રીતે હસ્તપ્રતોમાં બાહુલ્ય છે. બંનેનું ભેગું દૃષ્ટાન્ત 'બાહાજ્ય' શબ્દ છે, જે અનેક વાર છપ્પામાં પ્રયોજાયો છે. 'ઘણાં કર્મ કીધાં મેં બાહાજ્ય'(૧૬૭)માં છેલ્લો શબ્દ 'બાજ' (=બાહ્ય) 'બા'માં હશ્રુતિ અને 'જ'માં યશ્રુતિ ભેળવીને ઉચ્ચારવાનો છે, અને એ રીતે છંદની માત્રાનો મેળ બેસે છે. 'હા'ના પૂરા દ્વિમાત્રિક ઉચ્ચાર માટે અવકાશ જ નથી. 'કોહેનો', 'તેહેનો,' 'તાંહાં' આવા અનેક વાર આવતા શબ્દોનું છંદોદષ્ટિએ માત્રાબળ 'હે,' 'હાં' ગાળી નાખીને જ નિર્ણીત થયેલું છે; બલ્કે કવિને એ હ-યુક્ત સ્વરોનું માત્રાબળ છંદમાં ઇષ્ટ જ નથી, એણે આગલી શ્રુતિમાં પુરાતા 'પ્રાણધ્વનિ'રૂપ (aspirated) ઉચ્ચાર કરીને રચના કરી હોય છે. માત્ર લિપિપ્રતિબિંબનમાં હ-યુક્ત સ્વરરૂપે આગલી શ્રુતિનો વિસ્તાર કરવામાં આવતો હતો, જે હવે લેખનમાંથી (અને કદાચ ધીમે ધીમે ઉચ્ચારણમાંથી પણ ?) દૂર થઈ રહ્યો છે. આ આવૃત્તિમાં હસ્તપ્રતોમાંની આવી હ-શ્રુતિને ગાળી નાખી છે, અને દરેક ઠેકાણે ' ચિહ્ન પણ મૂક્યું નથી.

છંદના માત્રાબળમાં ગણતરી બહાર રહેતા લઘુપ્રયત્ન 'હ'ની બહુલતાની અસર તત્સમ શબ્દોના ગુરુપ્રયત્ન 'હ' ઉપર પણ પડી છે. દેહે, આહાર—અહાર અને અહંકાર એ ત્રણ શબ્દો છંદની મદદથી ઉચ્ચારતાં દે', આ'ર અને અ'ંકાર તરીકે જ નિર્વાહ્ય છે. દે', આ'ર અને અ'ંકાર એ ઉચ્ચારો અત્યારે અપરિચિત પણ નથી.

ઉપરનાથી ઊલટું જ, પ્રાણધ્વનિરૂપ (અને ક્યારેક તો અણધાર્યો

સ્થળે ઉમેરેલા) 'હ'ને પૂરું માત્રાબળ આપવું પડે એવાં દૃષ્ટાંત પણ ક્વચિત્ મળે છે. 'સહંસક્રત બોલ્યે શૂં થયૂં'(૨૪૭, હસ્તપ્રત ૧)માં 'સંસ્કૃત' બોલ્યે નહિ ચાલે, છંદ માટે 'સહંસક્રત' એવો ૭-માત્રિક ઉચ્ચાર જરૂરી છે. પરંતુ વાચનામાં તો 'સંસ્કૃત' રૂપ જ આપ્યું છે.

યશ્રુતિ (લઘુપ્રયત્ન યકાર) પણ મોટે ભાગે દૂર કરી છે, માત્ર 'બુદ્ધિ'નું 'બુધ્ય' રૂપ હોય ત્યાં 'બુધ' કરવા જતાં 'બુધ = ડાહ્યો માણસ' અર્થ ન થઈ બેસે, 'મુક્ત્ય'(મુક્તિ)નું 'મુક્ત'(વિશેષણ) ન થઈ જાય એ જાતની સાવધાનીની જરૂર હોય ત્યાં યશ્રુતિ રહેવા દીધી છે. વૃત્ય, નિવૃત્ય, પ્રવૃત્ય જેવા દાખલાઓમાં પણ એવા જ કારણે ફેરફાર કર્યાં નથી. તે બધામાં લઘુપ્રયત્ન 'ય' હોઈ માત્રા અનુક્રમે બે, ત્રણ, ત્રણ છે, એટલે શુદ્ધ તત્સમ-જોડણી વૃત્તિ, નિવૃત્તિ, પ્રવૃત્તિ કરવા જતાં માત્રામાં થડકારાથી એકનો વધારો થાય. યકાર દૂર ન કરવા જેવું બીજું એક સ્થાન મને સપ્તમીનો 'ઇ' પ્રત્યય સૂચવતા 'ય'નું જણાયું છે. 'મન્ય'(મનિ = મનમાં)નું 'મન' કરીએ ત્યારે પંક્તિમાં મન પહેલી-બીજી વિભક્તિમાં નિર્વાહ્ય બને એવી સ્થિતિ પણ ક્યારેક હોય છે. આવા દાખલાઓમાં ટિપ્પણમાં ધ્યાન ખેંચવા અને પાઠાન્તરમાં પણ સપ્તમીસૂચક 'ય'વાળું રૂપ નોંધવા પ્રયત્ન કર્યો છે.

છેલ્લા દાખલામાં તેમ 'ઇ'ને સ્થાને 'ય' હોય ત્યાં કેટલેક પ્રસંગે 'ય'ને બદલે 'ઇ' મૂકી છે : બ્યગત-વિગત, બ્યધે-વિધે, બ્યના-વિના, બ્યષે-વિષે, વગેરે.

'ય' ઉમેરવાના પ્રસંગો પણ આવ્યા છે : જેમ કે 'ડાહા'નું 'ડાહ્યા' અને ખાસ તો ક્રિયાપદોમાં દા. ત. 'લાગો'નું 'લાગ્યો', 'વિચારે'નું 'વિચાર્યે'. એક રસપ્રદ દાખલો 'જ્યમ ઊંચાં ચઢે આકાશ જ સલંગ'(૨૭૮ક) એ પંક્તિનો છે. 'ચઢે'ને 'આકાશ'નું ક્રિયાપદ લેતાં કાંઈ અર્થ બેસતો નથી. પણ 'ચઢયે' શબ્દ લેતાં

'જેમ જેમ પર્વત ઉપર ઊંચા ચઢતા જઈએ છીએ તેમ તેમ આકાશ સળંગ બાધા–મર્યાદા-રહિત દેખાય છે' એવો અર્થ ઘટે છે.

'આલે'નું 'આલય', 'જે વિજે'નું 'જય વિજય', કે 'ક્રે–વિક્રે'નું 'ક્રય-વિક્રય' કર્યું છે, પણ જ્યાં પ્રાસ મેળવવા માટે એકારાન્ત રૂપ જરૂરનું હોય ત્યાં ભે, ખે, આશે(=આશય) રૂપો યથાતથ રહેવા દીધાં છે.

હસ્તપ્રતોમાં 'ખ'ને ઠેકાણે 'ષ' હોય છે અને બધા 'ષ'નો 'ખ' ઉચ્ચાર કરવાનો હોય છે. આ આવૃત્તિમાં આજની ઉચ્ચારરૂઢિ પ્રમાણે જોડણી કરી છે. માત્ર જ્યાં પ્રાસ ખાતર 'ષ'ના 'ખ' ઉચ્ચારની જરૂર હોય ત્યાં ત્યાં તે આપ્યો છે: 'કષા'નું 'કખા' (૬૩, 'અખા'ના પ્રાસમાં), 'પુર્ષ'નું 'પુર્ખ' (૧૭૧) અને અનેક વાર 'વિષે'નું 'વિખે' વાચનામાં આપ્યું છે. હસ્તપ્રતો નાગરીમાં હોઈ 'ળ'ને બદલે 'લ' આપે છે, તેનો પણ આ વાચનામાં આજની ઉચ્ચારરૂઢિ પ્રમાણે 'લ' કે 'ળ' આપ્યો છે.

શબ્દની જોડણી બદલાતાં શબ્દનું થડિયું (Stem) ન બદલાય એ જોયું છે.

તત્સમ શબ્દોનું લિપિપ્રતિબિંબન હસ્તપ્રતોમાં વ્યવસ્થિત હોતું નથી, એટલે કે જોડણી ખોટી હોય અને છતાં કોઈ પરિચિત તદ્ભવ શબ્દ નીપજ્યો ન હોય એવું હોય છે. આવા બધા દાખલામાં તત્સમ શબ્દો શુદ્ધ રીતે છાપ્યા છે. 'ધ્રુ' (મૂળમાં 'દ્રૂ'), ન્યા', ધ્યે' રૂપો એ રીતે જ છંદ ખાતર રાખ્યાં છે.

તદ્ભવ શબ્દોનું જૂનું સ્વરૂપ બને ત્યાં સુધી એવું ને એવું જાળવવાનું વલણ રાખ્યું છે. છપ્પા વાંચતાં અથવા 'શબ્દસૂચિ' ઉપર નજર ફેરવતાં એ જણાઈ આવશે. દા. ત. અવેવ (અવયવ), અસ્ત (અસ્થિ), ક્રોહે (ક્રોધે), દૃઢવે (દૃભે–દૃભવે), નિર્વેવી (નિરવયવી), નીમડે (નીવડે), બીહા (બીધા), વગેરે. તેમ છતાં ક્યારેક તદ્ભવ શબ્દોનાં રૂપોમાંથી અ જે જે પરિચિત હોય એવાં મળે તેને પસંદગી આપી છે. દા. ત.

૨૫૬માં ૧, ૪, ૫ 'પંપોટો' આપે છે, પણ ૨, ૩ ઉપરથી 'પરપોટો' રૂપ આપ્યું છે. ક્યાંક અનુપ્રાસ ખાતર 'જક્તભક્ત' 'જગતભગત' એવાં રૂપો હોય છે ત્યાં વધુ પ્રચલિત રૂપને પસંદગી આપી છે, સિવાય કે ૪૩૭ઈઈ જેવામાં 'અવ્યક્ત'ના પ્રાસમાં 'જક્ત'રૂપ જ રાખ્યું છે.

'ભ્રમ'નું ઘણી વાર 'ભર્મ' તેમ 'કર્મ'નું 'ક્રમ' રૂપ યોજાયું હોય છે. એથી વિક્રમ (૫૯૮) તે 'વિકર્મ' કે 'વિક્રમ'(=પરાક્રમ) એમ દ્વિધા થાય એવા દાખલા પણ હોય છે, પણ ૪૯૬માં હસ્તપ્રત ૧,૩નું 'વિક્રમ' તે 'વિકર્મ' માટે યોજાયું છે એ હસ્તપ્રત ૨, ૬ ના 'વ્યકર્મ' પાઠથી સ્પષ્ટ થાય છે અને ત્યાં 'વિકર્મ' પાઠ જ સ્વીકાર્યો છે. એક રસપ્રદ રૂપ છે 'પ્રભા'. 'હરિપ્રભામાંહેથી વહે'(૬) — હરિના તેજમાંથી વહે એમ પણ અર્થ ઘટી શકે. (અખાને અંગે મુશ્કેલી જ એ છે કે તત્ત્વજ્ઞાન હોઈ અર્થ તો ગમે તેનો ગમે તેમ ગોઠવી દઈ શકાય છે !) પણ 'વહે' ક્રિયાપદમાં સૂચન છે અને પુસ્તકમાં અનેક વાર એ શબ્દ યોજાયો છે ત્યાં જોતાં 'પ્રવાહ' માટે 'પ્રભા' યોજાય છે એ જોઈ શકાય છે. બધે જ 'પ્રભા'ને ઠેકાણે 'પ્રવાહ' આપ્યું છે, સિવાય કે ક્યાંક પ્રાસ માટે 'પ્રભા' (૨૬૯,૪૦૨) કે 'પરભાય' (૫૦૪) રૂપ સાચવવાં આવશ્યક હોય. પ્રાસને ખાતર શબ્દની રૂપપ્રક્રિયામાં ફેરફાર અનિવાર્ય બન્યો હોય તેવા દાખલામાં પંક્તિઅંતનાં મૂળ શબ્દ-જોડકાં 'પાઠાન્તરો'માં નોંધ્યાં છે.

કેટલાક શબ્દોની જોડણી બદલવાથી એ સમયની પ્રચલિત લેખન-ઉચ્ચાર-શૈલીનો ખ્યાલ ચૂકવા જેવું થાય છે, પણ એવા શબ્દો ગણતર છે : અરીખ્યા (ઈર્ષ્યા), આએ (આયુ), ઉછાઈયો (ઓછાંયો), ઊવલેખઉ (અલેખે), ઔઠ (ઊઠ), ધાટુઆ (ધાટા), ચંબૂક (ચુંબક), ચ્યૂણ (ચણ), જૂજૂઆ–જૂજુઆ (જૂજવા), દ્રહો–દ્રો (દ્રોહ), નીશે (નિશ્ચે), વંતોલ (વંટોળ), બનેતા (વનિતા), વગેરે. 'પાઠાન્તરો'માંથી એવા કેટલાકનો પરિચય થઈ શકશે. ઉપર નોંધ્યું છે તેમ શબ્દના થડિયામાં ફેર કર્યો નથી. કેમ કે ક્યારેક 'હૂંસે'(૧૨)નું 'હોંશે' કરવા જેવા દાખલામાં

અર્થ જ બદલાઈ જાય છે. 'સ્વ'નું હસ્તપ્રતો ઘણી વાર 'સ' આપે છે, દા. ત. સતંતર (સ્વતંતર), સસ્વભાવ (સ્વસ્વભાવ), પણ ખાસ તો અર્થ પલટાઈ જાય એવો શબ્દ છે 'સજન' (સ્વજન ૫૬૭). આવા દાખલામાં 'સ'નું 'સ્વ' કર્યું છે.

એક શબ્દ અર્વાચીન ગુજરાતી પૂર્વેની ભૂમિકાનો, પણ અખાની ભાષાને મધ્યકાલીન-અર્વાચીનના ઉંબર પરની ઠેરવે એવો 'તાં' છે, તે પોણોસોએક વાર વપરાયો છે. આ વાચનામાં તેને એમ ને એમ રાખ્યો છે. અત્યારે 'તાં' શબ્દ વપરાશમાંથી લુપ્ત થયો છે. પણ 'હું આવ્યો તાં તમે નીકળી ગયા હતા' જેવા વાક્યમાં 'તાં' (કે સુધારીને બોલાતું 'ત્યાં') અત્યારે પ્રયોજાય છે. આ દાખલામાં 'ત્યાં' સ્થળવાચક નથી, પણ કાલવાચક છે. 'ત્યાં તો તમે ચાલ્યા ગયા હતા,' એવા દાખલામાં 'ત્યાં'ને ઠેકાણે 'તો' મૂકવું ઠીક ન પડે. (કદાચ એ 'તાં–તો' જોડકું 'તાં'ની પાછળ એનો અર્થ સ્પષ્ટ કરનાર 'તો' ઉમેરવાથી થતું હોય.) 'છપ્પા'માં 'તાં'ને સ્થાને બહુશઃ 'તો' મૂકવાથી ચાલે એવું હતું (પાછળની હસ્તપ્રતોમાં ક્યારેક એમ થયેલું જોવા મળે પણ છે), પણ ક્યાંક ક્યાંક કાલવાચક 'ત્યાં' પણ મૂક્યું હોય તો સારું એમ લાગે. આજે 'ત્યાં' સ્થળવાચક તરીકે જ ખાસ તો પરિચિત છે, એટલે આ કાલવાચક 'ત્યાં' ('તાં') અંગે ગોટાળો ન થાય એ માટે જૂનું 'તાં' રૂપ જ અકબંધ ચાલુ રાખવાનું ઠીક ગણ્યું છે.[૧૪]

૧૪. હસ્તપ્રતોમાં 'તાં', 'તહાં' 'તાંહાં' રૂપો મળે છે (જુઓ 'પાઠાન્તરો' ૨૩૦, ૨૬૧, ૩૬૪, ૪૨૨, ૫૩૫). ડૉ. ત્ર્યંબકલાલ દવે 'તાં'નો અર્થ 'તે સમય સુધી' આપે છે અને ઉમેરે છે: 'સં. तावत् >પ્રા. तां.-व–નો ખાસ લોપ નોંધો.' A Study of the Gujarati Language, પૃ. ૧૪૬.) ડૉ. તેસ્સિતોરી સં. तस्मात् > પ્રા. तम्हा > અપ. तहांમાંથી સ્થળવાચક तिहां વ્યુત્પન્ન કરે છે અને તેનું સંકોચનથી થયેલું રૂપ तां છે એમ કહી ઉમેરે છે: "જે બંને (जां, तां) સામાન્ય રીતે लगइ 'સુધી' (upto, as far as) સાથે અને સં. यावत् અને तावत्ને

'છપ્પા'ની હસ્તપ્રતોમાં ક્યાંય 'અંદર' શબ્દ નથી. 'અંદર' માટે 'અંતર્' હોય છે, જે આપણી વાચનામાં તો 'અંતર' થઈ જાય. 'અખે

લગભગ મળતા અર્થમાં વપરાય છે (જે કારણે તેમનો પણ, જોકે ઓછી સંભાવનાપૂર્વક, અપભ્રંશ जाँम અને ताँमના સંકોચનથી થયેલાં રૂપ તરીકે ખુલાસો આપી શકાય)." [Notes, ૯૮ (૧.)] ડૉ. હરિવલ્લભ ભાયાણીનો અભિપ્રાય મને પત્રથી જાણવા મળ્યો છે. તામમાંથી तां નહિ પણ तहां–ताहां > ताँ એ ક્રમ એમને ઇષ્ટ છે: '(૧)-માં < मांहि, माहि; કાં < काँइ, જ્યાં, ત્યાં < जिहाँ, तिहाँ; વાં (માંતિક) < वहाँ, उहाँ; ઊં < वाँह, वाहा વ૦ જોતાં જણાશે કે ગુજ. અંત્ય-आँનો અનુનાસિક-म માંથી નિષ્પન્ન નથી થયો. (૨) 'નામ', 'ગામ', 'પામ-વું', 'જમાઈ', વ૦માં-म-જળવાઈ રહે છે, 'વઢવાણ', 'મહાવત', 'કાદવ' વ૦માં–म– > वँ- છે; માત્ર 'કુંવારો', 'નોતરું', 'ઘઉં' ને 'સેંથો' (મૂળ તરીકે सीमन्तक–શંકાસ્પદ)માં-म- > वँ થાય છે; પણ અંત્ય आमનું- आँ થતું હોવાના વલણનો કોઈ દાખલો નહીં મળે.'

ડૉ. તેસ્સિતોરીને जाँम–ताँमમાંથી जां–तां થયાની 'ઓછી સંભાવના' લાગે છે તે ધ્વનિપ્રક્રિયાને કારણે જ સંભવે છે. ડૉ. ભાયાણીનું એ બાબતમાં સમર્થન મળે છે. 'ગુર્જરરાસાવલિ'ની શબ્દસૂચિમાં શ્રી મધુસૂદન મોદી અપભ્રંશ ताम, ताँव < પ્રા. ताव < સં. तावत् એ ક્રમ આપે છે અને ઉપરના ડૉ. દવે અને તેસ્સિતોરીના મતો ઉતારતાં ડૉ. દવેએ આપેલા પ્રાકૃત રૂપ(तां)ને 'તરંગી (fanciful)' કહે છે. ડૉ. દવે -व-નો લોપ નોંધે છે તેની પાછળ तावत्–तां અંગેની ધ્વનિપ્રક્રિયાની મુશ્કેલીનો ખ્યાલ પણ હોય.

ધ્વનિપ્રક્રિયા અંગેની મુશ્કેલી હોવા છતાં ડૉ. તેસ્સિતોરી કહે છે તેમ जां–तां એ 'यावत्–तावत्ને લગભગ મળતા અર્થમાં વપરાય છે.' એટલું જ નહિ, 'ગુર્જરરાસાવલિ'માંના નીચેના દાખલાઓ તપાસતાં जा, जाम અને तां, ताम એ રૂપો એકમેકને બદલે વપરાતાં જોવા મળે છે, જે ડૉ. તેસ્સિતોરી जांम–तांमના સંકોચનથી થયેલાં રૂપો તરીકે जां–तांની (ઓછી પણ) સંભાવના જુએ છે તેને ટેકો આપે છે:

જાં ઇમ દલવઇ પારધિ લાગઇ, તામ સસભસુ પેખઇ આગઇ.
(ગુ. ૧.૮૨–૩)

ઉરઅંતર લીધો જાણ'(૧૬૯)માં 'ઉર' અને 'અંતર' સમાનાર્થ લેવાના નથી, 'ઉરમાં' અર્થ છે. આવા દાખલામાં પણ જૂનો સપ્તમીનો

કંઠિ ઠવઇ જાં પાસુ ડાલ તરુયર ણી......
આવિઉ મૂંદ્રપ્રભાવિ તામ મનિ ચિંતિઉ સામિ-(ગુ. ૧.૨૦૩-૪)

તામ હસ્તિ મદિમાતઉ ગાજઇ
જામ કેસરિ નિનાદ ન વાજઇ.
તાં કુણિંદુ ફણમંડપ માંડઇ
જાં પડઇ ગુરુડ નઇં નહું ફાંડઇ.
તાં ફિરિઉ દલ સહિઉ કુરુવીર
જાં ન હૂં ચહઉં સંગરિ ધીર. (ગુ. ૨.૪૫૯-૬૪)

અરજુનિ જામું દલુ નિરદલું રાય તણું તાં સૂકઉં ગલું. (ગુ. ૧.૬૩૪)

જાં-તાં એ જામ-તામના સંકોચનથી થયેલાં ન હોય (યાવત્-તાવત્-માંથી આવ્યાં ન હોય) તોપણ અર્થની દૃષ્ટિએ તે જામ-તામથી સમરૂપ થઈ ગયેલાં છે એમ આવાં દૃષ્ટાંતો પરથી જાણવા મળે છે. બે વિકલ્પો ઊભા થાય છે: કાં તો યસ્માત્-તસ્માત્માંથી નીકળેલાં જાં-તાંનો અર્થ-દૃષ્ટિએ યાવત્-તાવત્માંથી નીકળેલા જામ-તામ સાથે અભેદ થઈ ગયો; અથવા તો જામ-તામનું સાદૃશ્યથી અથવા કોઈ તત્કાલીન ધ્વનિપ્રક્રિયાથી જાં-તાંમાં સંકોચન થયું. અર્થની દૃષ્ટિએ જાં-તાં અને જામ-તામમાં ફરક રહેવા પામ્યો નથી એ, સાહિત્યપ્રયોગો જોતાં, ખાસ નોંધવાનું છે.

ઉપર ઉતારેલી પંક્તિઓમાં, તેમ નીચેનીમાં, જાં-તાં કાલવાચક તરીકે જૂની ગુજરાતીમાં યોજાયાનું જોઈ શકાશે :

ભીમુ દુર્જોહણુ જાં બે મિલિયા તાં ગુરુનંદણિ પાછા કરીઆ. (ગુ. ૧.૨૮૯)
જાં મહિમંડલિ ઊગિઉ મૂરુ તાં વણિ પહુતઉ પંડવ વીરુ. (ગુ. ૧.૪૮૫)
જાં લગઇ અંબરિ રવિ તપઇ એ તાં લગઇ વાપરઉ એ
અચલ વધામણું એ. (ગુ. ૬.૪૪૦)

જાં-તાં નો ઉપયોગ જોડકારૂપે છે. અખામાં એકલું 'તાં' છે અને 'કાલવાચક ત્યાં' ઉપરાંત 'તો'ના અર્થમાં વપરાયું છે. ભાલણની 'કાદંબરી'માં આ બંને જાતના ઉપયોગોનાં અનેક ઉદાહરણ મળશે. 'ભાઈ, આ તાં મારગ ગજનુ' (પં. કે. કા. શાસ્ત્રીની આવૃત્તિ ૪.૧૯), 'તીતર તાં

પ્રત્યય આજે રૂઢિમાંથી નીકળી ગયો છે એ ખૂંચે છે. 'પાઠાન્તરો'માં 'અંદર' અર્થ સૂચવતા 'અંતર' રૂપની નોંધ કરી સંતોષ માન્યો છે.

છંદનો લય ધ્યાનમાં રાખી, માત્રામેળ સચવાય એ રીતે, જોડણી ગોઠવાય તો સારું, પણ એ રીતની વ્યવસ્થા સ્વીકારવાને બદલે જોડણી એકધારી જ કરી છે. આમેય, અખો ૧૬ માત્રાની ચોપાઈને યથેચ્છ લંબાવતો, કે ક્યારેક ટૂંકાવતો પણ, નથી એમ નથી. અખાના સમયમાં અમુક, ખાસ તો તત્સમ, શબ્દોના ઉચ્ચાર કેવા થતા તેનો છંદોલયની મદદથી અણસારો મળશે. 'દીપક તે પરમ ચૈતન્ય બ્રહ્મ' (૧૫૨)નો ઉચ્ચાર 'દીપક તે પ્રમ ચૈતૅન્યૅ બ્રૅહ્મ' અને 'સંકલ્પવિકલ્પ' (૧૪૪)નો 'સંકૅલ્પવિકૅલ્પ' કરવો રહે છે. આહાર, અહંકાર અને દેહના ઉચ્ચાર આ'ર, અ'કાર અને દે' કરવાના છે એ ઉપર સૂચવ્યું છે જ. પણ ત્યાં કહ્યું છે તેમ એ તત્સમ શબ્દોની યથાર્થ જોડણી આપી છે, અને ઉપર નોંધ્યું છે તેમ ૨૪૭માં 'સંસ્કૃત બોલ્યે શું થયું' એમ જ છાપ્યું છે, પહેલો શબ્દ 'સહંસક્રત' છાપ્યો નથી. (આવા દાખલામાં મુશ્કેલી છે જ, કેમ કે વિચક્ષણ વાચક 'સંસક્રત' કરીને માત્રામેળ પૂરું ગોઠવવા કરશે, પણ લેખનમાં એ સમયમાં 'હ'નો પ્રક્ષેપ પણ થતો એ એના ખ્યાલમાં ન પણ આવે.) છંદ માટે ઘણી વાર 'આત્મ'નું 'આતમ' કર્યું છે, દા. ત. 'નિજ આતમશું પડશે ત્રૂટ' (૪૬). આવા દાખલામાં કોઈ હસ્તપ્રતોમાંથી ખરેખર 'આતમ' શબ્દ મળે પણ ખરો (દા. ત. ૩૦૭ ઉમાં,), પણ એને માટે હંમેશાં પાઠાન્તર નોંધ્યા નથી. પુસ્તકમાં ચાલુ અનેક વાર 'જ્યમ' શબ્દ આવે છે, તે તેમ જ રાખ્યો છે, પણ એક ઠેકાણે 'જેમ અર્કનાં ઊડે તૂલ' (૨૪૧)માં 'જ્યમ'નું છંદ માટે 'જેમ' કર્યું છે. 'વિના'નું અનેક ઠેકાણે 'વિણ' કરવાથી છંદને

અહીં બાલિ છિ.' (૪-૨૦)-માં 'તો' અર્થ છે, જ્યારે 'ચિત્ત' ચંચલ મ[નુજ]નિ અતિ કરિ તાં યૌવન' (૧૨-૧૫) અને 'નીંગલિ તાં કેશ' (૧૨-૬૩) જેવાં સ્થળોએ 'ત્યાં' અર્થ છે.

લાભ છે (દા. ત. 'સચરાચર જાણ્યા વિના હરિ'–૩૨૧; ઉપરાંત ૫૦૩, ૫૪૪ વ૦), પણ તેમ કર્યું નથી (જોકે બીજી હસ્તપ્રતો-માંથી 'વિના'ને બદલે ક્યારેક 'વ્યન' પાઠ મળી શકે એવું હોય છે. દા. ત. જુઓ પાઠાંતરો : ૩૦૭ઉ, ૩૧૦ઊ.) કેટલીક વાર લહિયા-ઓએ શુદ્ધ તત્સમ રૂપોનો આગ્રહ રાખ્યો હોય છે : 'સાથે મન કરે પ્રવેશ' (૫૧). આમાં 'મંન' અને 'પરવેશ' ઉચ્ચાર કરવાથી છંદોમેળ સિદ્ધ થઈ શકે એમ છે. પણ એક નિયમ તરીકે છંદને કારણે થઈ પોતે ફેરફાર કરવા જતાં અનવસ્થા થાય એટલે એ સુજ્ઞ વાચકના કાન ઉપર છોડવું પડ્યું છે. માત્ર 'એમ લહે તે સાચા સંત' (૨૨૩) જેવામાં 'લહે'ને ઠેકાણે યથેચ્છ 'દેખે' 'જાંણે' જેવાં રૂપો મળે છે ત્યાં અર્થ તેમ જ છંદને અનુકૂળ એવો હસ્તપ્રતમાંનો પાઠ સ્વીકાર્યો છે.

ભાષાના દરેક સ્તરને એની કેટલીક ખાસિયતો હોય છે. અખાના સમયની (અલબત્ત, તે પૂર્વેથી ચાલી આવતી) ભાષાની એવી કેટલીક વિશિષ્ટતાઓ 'છપ્પા'ની હસ્તપ્રતોમાં જોવા મળે છે, જેમાંની કેટલીક ધીમે ધીમે પછીથી ભાષારૂઢિમાંથી ઘસાઈ ગઈ છે:

(૧) તૃતીયાના પ્રત્યયનાં રૂપો: બુધ્યે (બુદ્ધિએ), પરતીત્યે, રૂઢચે, જુક્તે, મત્યેં, વસ્તે, ગુરુ મારે(મારાએ), વગેરે;

(૨) હેત્વર્થ કૃદંત : સમજેવા (સમજવા), પામેવા, ગ્રહેવા, જાણેવા, ઊપજેવા, ઇચ્છેવું, વગેરે;

(૩) ભવિષ્યકાળનાં રૂપ : લગેશ (લગીશ), દેખેશ, હીંસેશ, ઇચ્છેશ, વગેરે;

(૪) વર્તમાનકાળનાં રૂપ : જાણીજે (જાણીએ), દીજે, બોલીજે, માનીજે, વગેરે;

(૫) આજ્ઞાર્થનાં રૂપ : કરે (કર), ભળે, ભજે, ચેતે, જોએ (તું જો), રાખે, વગેરે;

(૬) પ્રાસ મેળવવા પ્રસંગે આજ્ઞાર્થનાં વિશિષ્ટ રૂપ : કેર (તું કર), આદેર (તું આદર), મેર (તું મર);

(૭) કદાચ ઉપરનાના અનુકરણમાં, પ્રાસ મેળવવા પ્રસંગે 'એ'નો વિવૃત 'ઍ' થવો : હૅર (હરિ–૧૯૮), ઘૅર (ઘર=મૂળ), ઘૅરથી, વગેરે;

(૮) નામયોગી અવ્યય નામની પછી નહિ, પણ અંગ્રેજીની જેમ આગળ, જેમ મધ્યકાલીન ગુજરાતીમાં પણ હોય છે: સહિત દેશ (દેશ સહિત), વિના વિચાર (વિચાર વિના), વગેરે;

(૯) કે...કે એમ બે વાર વિકલ્પસૂચક 'કે'નો ઉપયોગ (૧૦૮, ૧૯૫, ૨૬૨, ૩૪૩);

(૧૦) 'અને' અથવા 'કાંઈ'ના અર્થમાં 'કે'નો[૧૫] ઉપયોગ (૨૬૩);

(૧૧) મળનારા થાય (મળવા ઇચ્છે), વસનારા થાય, જેવા પ્રયોગો;

(૧૨) નથી એ જવા (જવાનો–૧૧૮), નથી થવા (થવાનું–૧૪૫) જેવા પ્રયોગો;

(૧૩) અંગ્રેજીમાં હોય છે તેમ પહેલાં 'ત્યારે'વાળું મુખ્ય વાક્ય અને પછી 'જ્યારે' વાળું ગૌણવાક્ય : ૩૬૫અઆ; પહેલાં 'તો' વાળું. પછી 'જો'વાળું. ૧૮૯;

(૧૪) કર્તાસૂચક કૃદંત : માનનહાર, સમજણહાર વગેરે; – જેવા પ્રયોગો.

અખાનું શબ્દભંડોળ કોઈ પણ ગુજરાતી કવિ કરતાં લાક્ષણિક છે. શબ્દો એને વશ છે. બોલચાલના અનેક પ્રયોગો એની રચનામાં વણાઈ ગયા છે. અખાની અથાગ શબ્દશક્તિ 'છપ્પા'માં સોળે કળાએ વિલસી છે. તેમાંના કેટલાક શબ્દો તો ભાષારૂઢિમાંથી લુપ્ત થયા છે. એમાંથી કેટલાક તેની પૂર્વેનું બધું સાહિત્ય ઉપલબ્ધ થાય તો તેમાંથી સહેજે મળે. એ બધા શબ્દોના અર્થ નક્કી કરવા એ ભારે જવાબદારીનું કાર્ય છે.

---

૧૫. આ રીતે ૧૦૫૩માં હસ્તપ્રત ૫ નો 'તન' શબ્દ સામેલ કરી "અખા જાઓ તન કે રહેજો લાજ"–શરીર જાઓ અને લાજ રહો – એ પાઠ "જાઓ કે રહેજો લાજ", કરતાં વધુ સ્વીકાર્ય ઠરે.

એવા બધા શબ્દો જુદા તારવી, વાચનાને અંતે 'શબ્દસૂચિ' આપી છે. અધ્યાત્મચર્યાના શબ્દો અધ્યાસ, અધ્યારોપ આદિ શબ્દસૂચિમાં નોંધ્યા નથી, તેમ જ હેલામાં, ડહેરો, હડી જેવા પરિચિત, કોશમાં સહેજે મળે એવા, શબ્દો પણ આપ્યા નથી. કાંઇક અર્થવૈશિષ્ટ્ય હોય એવા શબ્દો, એ પરિચિત હોય તોપણ, આપ્યા છે. સૌરાષ્ટ્રમાં પરિચિત હોય પણ સુરતમાં ન હોય એ પ્રકારના પણ નોંધ્યા છે. મુખ્યત્વે તો વિશિષ્ટ શબ્દો આપ્યા છે. તેમાંથી જે કેટલાકનો અર્થ મળ્યો નથી તેની આગળ પ્રશ્નાર્થચિહ્ન મૂકેલું છે. કોઈ ઠેકાણે અર્ધવિરામથી જુદા પાડીને એકથી વધુ અર્થ પણ નોંધ્યા છે. છપ્પાની નીચેના ટિપ્પણ કરતાં શબ્દસૂચિનો અર્થ છેવટનો ગણવો.

શબ્દોના અર્થ નક્કી કરવામાં સૌથી મોટી મદદ અખાની લીધી છે. અખાની પંક્તિ છે: 'તો હીરે હીરો વેધાય.' એ જ રીતે કહી શકાય કે અખા વડે અખો સમજાય. એકનો એક શબ્દ એણે કેટલી વાર અને કેવા કેવા સંદર્ભમાં વાપર્યો છે તે જોવાથી સારી એવી સ્પષ્ટતા થવા સંભવ છે. 'ચર્મ,' 'ચામ' શરીરના અર્થમાં એ વાપરે છે એ આ રીતે જ નક્કી થઈ શકે. શબ્દસૂચિમાં 'છપ્પા'માંનાં, સ્થાનોનો નિર્દેશ કર્યો છે. હજી અખાના બીજા સાહિત્યમાંનાં, ખાસ કરીને અપ્રસિદ્ધ વિપુલ સાખી–સાહિત્યમાંનાં, સ્થાનોનો નિર્દેશ કરી શકાય તો ઘણો પ્રકાશ પડે. 'ટેઢી પાગ ટાકરને ઠામ' (૨૨૬) પંક્તિ ફૂટ છે, એક આવૃત્તિએ 'ટેઢી પાગઠાં કરને ઠામ' એમ પણ પાઠ આપ્યો છે. હસ્તપ્રતોમાં સળંગ લખાણ હોય છે, શબ્દોને છૂટા પાડેલા હોતા નથી, એટલે યથેચ્છ વિભાગ કરી શકાય. પણ અખાની સાખીઓની હસ્તપ્રતમાં 'મામ' (મમત)નું વર્ણન છે ત્યાં 'ખાલી ટેઢી પાગ' મળે છે એટલે એટલા ટુકડા પૂરતી તો નિરાંત થઈ અને માત્ર 'ટાકર'નો અર્થ શોધવાનો રહ્યો.

અખો, દરેક કવિની જેમ, છૂટો પણ લે છે. એના કવનવેગમાં શબ્દો ઘસડાતા આવે છે, અને થોડાક ઉઝરડાય પણ છે—ખાસ કરીને

પ્રાસ મેળવવા પ્રસંગે. 'ખટે-વટે,' 'ચકચૂંચ-રૂંધ,' 'કશી-અભ્યસી,' 'કશું-વસ્યું', એ પ્રાસ તો અનિવાર્ય જેવા છે. 'તંત' અને 'યતંન'ના પ્રાસ પણ જે હાથ લાગ્યા તે યોજી દીધા હોય એ જાતના જોવા મળશે. ખાસ તો 'અદ્‌ભુત'-'ભૂપ' જેવા પ્રાસ યોજાયા છે, ત્યાં એ હમેશાં પૂરા અર્થસમ્પર્ક લાગતા નથી.

અખાની વાણીમાં બોલચાલની છટા છે એ હમણાં કહ્યું. એ છટા એના છંદના ઉપયોગમાં પુરબહારમાં પ્રગટ થાય છે. એક અનુભવદક્ષ (Wise) માણસ માનવબંધુઓને એ વાત પ્રેમપૂર્વક કહી રહ્યો હોય એવો રણકો વારંવાર એની છંદોવાણીમાંથી ઊઠે છે. એનો હાથ છંદોલય સાથે કેવો ઊછળ્યો, અથવા આંખમાં કેવી ચમક તરવરી ગઈ એ જાણે આપણે જોઈ ન શકતા હોઈએ એવું ક્યારેક ક્યારેક લાગે છે.

આ વસ્તુ ખાસ તો છંદની પંદર માત્રા ઉપરાંતના, ચોપાઈ છંદ બહારના, શબ્દો પંક્તિના આરંભે અને પંક્તિના મધ્યમાં કેટલીક વાર જોવા મળે છે એ ઉપરથી પ્રતીત થશે. કમભાગ્યે છાપેલી પ્રતોમાં અને કેટલીક હસ્તપ્રતોમાં પણ આવા ઘણા શબ્દો દૂર થયા છે. આવા શબ્દોને અંગ્રેજીમાં outrides અથવા hangers કહે છે. રવીન્દ્રનાથ આદિની કવિતામાં પંક્તિઆરંભે આવા મુક્ત કે લટકણિયા શબ્દો 'શેજે', 'જેનો', 'જોદિ,' 'એકિ,' 'આજિ,' આદિ આવે છે એ બંગાળી કવિતાના જાણકારોના લક્ષમાં હશે. છપ્પામાં 'જ્યમ', 'ત્યમ,' 'પણ,' 'અને,' 'કાંઈ,' 'જેને,' 'જે,' 'ભાઈ,' 'એ તો,' 'તોયે,' 'અખો,' 'તાં' આદિ આ જાતના લટકણિયા શબ્દો છે. ભૂમિકા તરીકે લીધેલી હસ્તપ્રત ૧માં આવા ન હોય ને બીજી હસ્તપ્રતોમાંથી મળ્યા ને અર્થ અને છંદના હિતમાં જણાયા ત્યાં તે બધાનો વાચનામાં સમાવેશ કર્યો છે. (એવાં ઉમેરણ 'પાઠાંતરો'માં ઘેરાં બીબાંમાં બતાવ્યાં છે.)

એમ જાણે તે હરિનો જન,
મારે પોતે ક્યાંથું મન? (૧૩૨)

આ પંક્તિઓમાં 'જે' લટકણિયું ઉમેરતાં અર્થ એકદમ ચોખ્ખો થઈ જાય છે:

એમ જાણે તે હરિનો જન;
જે   મારે પોતે ક્યાંશું મન ?

શું જાણે ? તો કે પાછળની પંક્તિઓ આપે છે તેમાં કહ્યા પ્રમાણેનું. આ વાત 'જે'થી સ્પષ્ટ થઈ જાય છે.

જેની   ભક્તિ એક્યાશી પૂરણ થઈ,
બ્યાસીમે બુધ્ય આવી રહી.
તેવો ભક્ત જ્ઞાનીને ભજે,
જેને   નવની કાસળ નવ રહે રજે.
પંચ કરે તે સહુ કો કરે,
પણ   અખા એ વિરલા મન ધરે. (૭૯)

આ છપ્પો લટકણિયાં વિના જુઓ. અર્થ કેવોક પકડાય છે ? અને લટકણિયાં સાથે કેવો તરત સુરેખ ઊપસી આવે છે !

અર્થને ઉઠાવ આપતાં એવાં બીજાં કેટલાંક ઉદાહરણ:

અહંકાર–વિચારે કર્યો નિરધાર;
આવો,   હરિસાગરનો જોઈએ પાર. (૧૩૩)
અર્જુન મારે નહિ અવતાર,
એ તો   ગુણ ગુણશું વર્તે નિરધાર.
માયા મૂકેશ માં, તું ખા,
પછે   નવરો થઈને સૂઈ જા. (૧૩૯)
કીધું સર્વ હરિનું થાય,
અને   મૂરખ કર્મ તણા ગુણ ગાય. (૨૦૫)
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ,
એણે   વ્યસને જીવ પમાડ્યો ધંધ. (૨૭૪)

અર્થના લહેકામાં આવાં. ક્યારેક તો પંક્તિ વચ્ચે આવતાં, ઉમેરણોથી ઘણો ફેર પડે છે. હસ્તપ્રતમાં રદ કરેલા 'રહેવું ગૃહી, (ત્યારે) ન થવાયે જ્યાની' (પૃ. ૧૩૫)નો દાખલો આ રીતે ખૂબ રસપ્રદ છે.

અખા (આંધળીને) પાથરતાં વાણું વાય. (૧૧)
પણ વિચાર નગુરાનો (નગુરો) રહ્યો. (૧૬૮)

જેવાં દૃષ્ટાન્તોમાં આ શૈલીની અર્થ-અને રસ-સમર્પકતા જોઈ શકાશે.

*

આ આવૃત્તિ માટે પોતાની હસ્તપ્રતો સુલભ કરવા માટે ગુજરાત વિદ્યાસભા, ફાર્બસ ગુજરાતી સભા, વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિર, કહાનવા બંગલો અને એલ. ડી. આર્ટ્સ કૉલેજ એ સંસ્થાઓનો ઋણી છું. એલ. ડી. આર્ટ્સ કૉલેજની હસ્તપ્રત પ્રો. નિરંજન ભગતે તેને અંગે ધ્યાન દોર્યું ન હોત તો ઉપયોગમાં લેવાનો સંભવ જ ન હતો. તેમનો અને ગુજ. વિદ્યાસભાના ક્યુરેટર શ્રી કેશવરામ શાસ્ત્રી અને ફા. ગુ. સ. ના મંત્રી શ્રી શંકરપ્રસાદ રાવળનો અને વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરના અધ્યક્ષ પ્રો. ગોવિંદલાલ ભટ્ટનો આભારી છું. ડૉ. મંજુલાલ ર. મજમુદારે પોતાની હસ્તપ્રત અને શ્રી યોગેન્દ્ર જ. ત્રિપાઠીએ કહાનવા બંગલાની હસ્તપ્રત ઉપયોગ માટે આપી તે બદલ તે બંનેનો આભારી છું. શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ મારા કાર્યમાં ક્યારેક મદદ પણ કરી છે, જે માટે એમનો ઋણી છું. હસ્તપ્રત ૬નાં પાઠાંતર નોંધવામાં ભાઈ બકુલ મૂળશંકર ભટ્ટે મદદ કરી છે, અને બાકીનામાં મારાં કુટુંબીઓએ કરી છે. અથથી ઇતિ સુધીના સંશોધન-સંપાદન કાર્યમાં ડગલે ને પગલે મારા મિત્ર અધ્યા. શ્રી નગીનદાસ પારેખે મને મદદ કરી છે, જે માટે પૂરતો આભાર ભાગ્યે જ માની શકાય. અલબત્ત, આ આવૃત્તિની અંદર દોષો અને ઊણપો હોય તેની જવાબદારી મારી છે. સ્વ. શ્રી રામનારાયણ વિ. પાઠકની પ્રેરણા અને હૂંફ આ કાર્ય અંગે મને ચાલુ મળ્યા કરી છે. શાંકર-વેદાન્ત અંગે આચાર્યશ્રી આનન્દશંકર ધ્રુવ અને નર્મદાશંકર દે. મહેતાનાં લખાણો મને ખૂબ ઉપકારક નીવડ્યાં છે.

વિદ્વાનો આ આવૃત્તિમાંના દોષો પ્રત્યે ધ્યાન ખેંચશે અને બીજી ઊણપો દૂર કરશે એવી વિનંતિ.

અમદાવાદ : ૧૯૫૩
સુધાર્યું ૧૯૬૨; ૧૯૭૭

ઉમાશંકર જોશી

વિષયસૂચિ

અજ્ઞાન ૫૯૫, ૭૩૩

અણુલિંગી ૨૨, ૪૯, ૭૦, ૧૨૧, ૧૨૪
  ૧૬૦, ૨૫૦, ૩૧૭, ૫૩૧, ૫૪૧,
  ૬૨૧, ૬૨૨

અદ્વૈત ૪૨, ૧૨૬, ૬૮૦

અનુભવ ૧૪૮, ૨૪૯, ૩૭૪, ૩૯૩,
  ૪૨૪, ૫૩૫, ૬૨૭, ૬૩૫, ૬૫૮,
  ૬૮૫, ૭૨૧, ૭૪૨; ૦દંભ ૭૫૪

અનુભવી ઈશ્વરનું રૂપ ૪૭, ૭૩, ૬૩૪

અમન દશા ૪૧૧, ૪૫૮;
  નર ૩૩૪, ૬૨૧

અવતાર ૧૩૫, ૨૯૩, ૩૫૨-૩, ૪૩૯,
  ૪૪૨-૩, ૪૬૯, ૫૪૦, ૭૧૦
  ચોવીસ ૧૦૧

અવિદ્યા ૬૯, ૨૬૫, ૫૪૫

આતમતા ૪

આભડછેટ ૯-૧૧, ૨૯૯, ૭૩૨

આરત ૭૦૮

આશ્રમ, ચાર ૨૯, ૬૦, ૨૩૬, ૨૭૫,
  ૪૧૪

આસુરી ૬૭૭-૯, ૬૯૩, ૭૦૫, ૭૩૪

ઈશ્વર ૧૫૨, ૨૪૪, ૪૧૮, ૪૩૭, ૪૩૯,
  ૫૦૮, ૫૧૦, ૫૪૬, જુઓ 'જીવ
  -ઈશ્વર'

ઊંચનીચ ૩૬૬, ૩૭૧, ૩૭૩

કથાકીર્તન ૧૦૮, ૧૯૧, ૨૬૯, ૩૬૦,
  ૬૩૬-૮, ૬૫૦-૧, ૬૫૩, ૬૬૪,
  ૬૯૯

કર્મ ૧, ૨, ૧૮, ૩૨, ૩૩, ૩૬, ૩૭,
  ૩૯, ૯૭, ૧૧૧, ૧૩૯-૪૧, ૧૫૯,
  ૧૬૧, ૧૭૮-૮૦, ૧૮૩, ૨૦૫-૯,
  ૨૧૭, ૨૨૫, ૨૮૦, ૩૦૧, ૩૧૩,
  ૩૧૫, ૩૨૩, ૩૨૭, ૩૫૭-૯,
  ૩૬૬, ૩૮૪, ૩૯૫, ૪૩૨, ૫૦૬,
  ૫૩૪-૫, ૫૪૬-૭;
  ૦કંઠુથી સંસાર વધે ૧૧૬-૮,
  ૪૨૦;
  તે વ્યસન ૧૧૧;
  ૦ થી સૂક્ષ્મ ઊંચી ૧૧૦-૧;
  માત્ર વિકાર ૨૩૭;
  ૦ શમન ૨૩૮-૪૧, ૨૪૪, ૪૨૮-
  ૯, ૬૩૨

કવિ ૨૧-૨, ૧૬૩-૬, ૨૬૬, ૩૩૮,
  ૩૯૮

કવિતા ૨૧, ૩૪૩-૪, ૩૪૭;
  સાચી ૧૬૯-૭૦

કાળ ૨૨૩, ૫૬૭-૭૧, ૬૩૨-૩

કૃપા ૧૧૨-૪, ૧૧૯-૨૦ ૧૫૯, ૧૬૯,
  ૧૮૨, ૨૬૭, ૭૦૭, ૭૧૦

કૈવલ્ય ૧૦૧-૨, ૧૪૩, ૧૪૬, ૨૬૫,
  ૩૪૭, ૩૪૯, ૫૧૦, ૫૪૧

ગુણ, ત્રણ ૪૧-૩, ૫૬, ૧૨૪-૫,
  ૧૩૦, ૧૩૫, ૩૨૭, ૩૩૨, ૩૩૭,
  ૫૫૨, ૫૮૨, ૭૪૧

ગુરુ, આત્મા૦ ૧૭૦, ૨૧૨;
  ગોવિંદ ૪૪૬;
  જ્ઞાની ૩૨૨, ૬૩૯-૪૧;

થતાં પહેલાં ૧૪–૬;
ઢંભી ૧૨–૩, ૩૦૦, ૩૩૬, ૬૪૧ -૨, ૬૪૪, ૬૪૬, ૬૫૨, ૬૫૪-૬, ૬૫૮-૬૨;
૦ નાં પગલાં ૬૪૭-૮;
વગરનો (નગુરો) ૧૬૮, ૨૯૯;
વાળો (સગુરો) ૧૬૭-૮, ૨૯૯, ૩૦૭;
સદ્ ૦ ૧૦૭, ૧૦૯, ૧૫૩, ૨૨૫, ૨૭૧, ૨૮૪, ૩૦૦, ૩૩૬, ૩૬૭, ૪૪૭, ૬૬૯, ૭૪૨, ૭૪૯-૫૦,
અને શિષ્ય ૪૪૯-૫૨
ચિત્ત ૪૩૯-૪૪૩
ચિદ્ ૨૩, ૧૨૭, ૨૫૬, ૪૪૩, ૪૬૫
જગત ૩૩૭, ૩૫૪, ૪૩૭, ૪૬૪, ૪૭૭;
કાર્ય ૨૫૭, ૩૮૯, ૩૯૩, ૪૬૨; ૫૨૩, ૫૪૩, જુઓ 'બ્રહ્માંડનું સ્વરૂપ
બ્રહ્મરૂપ ૧૯૯-૨૦૦, ૪૩૭;
ભાવ ૩૪૬, ૪૫૪
મિથ્યા ૧૫૧-૨, ૧૫૮, ૩૪૦, ૩૪૬, ૪૬૬, ૫૦૪, જુઓ 'સ્વપ્નવત્ સંસાર'
જીવ ૧૧૨, ૧૪૪, ૧૯૭, ૨૧૩, ૨૨૪, ૨૭૪, ૨૭૬-૭, ૩૫૬, ૩૮૨, ૪૩૬, ૪૭૨, ૫૨૧, ૫૪૦, ૫૬૩, ૭૩૩, ૭૫૨;
- ઈશ્વર ૩૪-૬, ૧૪૫-૭ ૧૫૨, ૧૭૭, ૨૩૧, ૨૩૬, ૩૦૯, ૪૧૮-૯, ૪૩૬-૭, ૪૬૫, ૪૮૮, ૫૨૨, ૫૩૨, ૬૦૯, ૬૯૧-૨, ૭૩૫-૬;
એ બ્રહ્મ જ છે, ૬, ૩૦, ૪૨, ૫૯, ૧૩૯-૪૦. ૧૬૨, ૧૮૫, ૨૨૪, ૨૨૯; ૨૩૩, ૨૩૬, ૨૩૯, ૨૫૩, ૩૦૩, ૩૭૬, ૪૦૫-૬, ૪૩૭, ૪૭૨, ૫૮૫, ૬૧૪, ૬૭૦, ૭૧૨;
૦ પણું ૧૨૫, ૩૪૪, ૪૧૮, ૪૨૦, ૭૧૩;
૦ ભાવ ૭૪૬
જીવન્મુક્ત ૪૨, ૨૨૪
જીવન્મૃત ૨૨૪, ૩૨૮, ૭૧૨–૩
જ્ઞાન ૪૭, ૫૨, ૭૦, ૧૦૦, ૧૫૩. ૧૭૬, ૨૩૩, ૨૪૯-૫૦, ૩૮૦, ૩૯૫, ૪૦૩, ૪૦૭, ૪૨૨, ૪૨૫, ૪૨૭, ૫૧૪, ૫૯૮, ૬૬૬, જુઓ 'તત્વજ્ઞાન', 'બ્રહ્મજ્ઞાન', 'ભક્તિ', 'વસ્તુવિચાર', 'સમજ', 'સૂઝ';
એ જ ભક્તિવૈરાગ્ય ૪૫૩-૪. ૬૮૪;
એટલે અનુભવ ૨૭૮;
એટલે આતમસૂઝ ૩૦૮;
૦ કર્તૃત્વ ધર્મ આરોપિત ૨૩૩;
૦ દગ્ધ ૩૫૮-૬૩, ૪૯૪;
૦ વિહાર ૬૯૪;
સૂકું ૦ ૩૬૧-૨ ૪૯૩
જ્ઞાની ૨૨, ૬૦, ૬૧, ૧૩૬, ૧૪૨, ૧૪૮, ૧૭૧-૪, ૨૨૧-૨, ૨૮૭, ૩૧૩, ૩૬૩, ૩૭૩, ૪૦૦ ૪૩૦-૨, ૪૫૬, ૪૫૮, ૪૮૭, ૫૨૩, ૬૮૫-૬ ૭૦૦-૪, ૭૧૩, ૭૧૬, જુઓ 'અણલિંગી,' 'અનુભવી', 'અમન', 'જીવન્મુક્ત', ''જીવન્-

મુક્ત', 'તત્ત્વદર્શી', 'બ્રહ્મવેત્તા',
'સંત', 'હરિજન';
અકર્તા ૧૮૦, ૪૨૮–૯;
અને કવિ ૨૨;
ગુરુ ૩૨૨, ૬૩૯–૪૧, ૬૪૩, ૬૪૫;
ગોપી જેવા ૬૯૫;
જીવન્મુક્ત, પૂજવાયોગ્ય ૭૧-૮૦, ૬૩૫;
દશવિધ૦ ૪૯૦–૫૦૩;
૦ને સૂઝ એ જ સાધન ૨૮૭
તત્ત્વ, ચોવીસ ૫૯;
પંચવીશ ૨૫૬;
પાંચ ૨૫૫–૭, ૩૨૪, ૪૧૫, ૪૭૭, ૫૦૫, ૫૪૯
તત્ત્વજ્ઞાન ૩૦૧
તત્ત્વદર્શી ૬૪૧, ૬૪૩
તપ ૩૧, ૮૬, ૧૬૦, ૨૫૮, ૨૬૪, ૩૧૪, ૪૮૬, ૬૧૩
તીર્થ ૮૧–૬, ૧૦૯, ૨૬૪, ૨૮૩, ૩૧૪, ૩૮૧, ૩૮૩, ૪૦૪–૫, ૪૮૬, ૬૧૩, ૬૨૮
તીર્થાટન ૮૩–૬
દેવયાન ૫૦૬
દેશકાળ ૯૭–૧૦૦
દેહદમન, પેટકાજે ૧૮૧, ૪૮૬;
બિનજરૂરી ૩૧, ૨૪૫, ૨૫૮, ૩૫૫;
સાન માટે ૨૧૩, ૩૧૪
દેહભાવત્યાગ ૩૦, ૪૨, ૧૨૭–૯, ૧૩૧–૨, ૨૨૪, ૨૪૧, ૨૫૯-૬૦, ૨૭૬–૭, ૪૦૧, ૪૦૫–૬, ૪૨૧, ૬૧૪, ૬૬૭–૮, ૬૭૩–૫, ૭૪૧
દૈવી ૬૭૭-૯, ૬૯૩
દ્વૈત ૪૨, ૧૨૫, ૧૫૭ ૧૬૧, ૨૯૦, ૩૦૨–૩, ૩૦૯–૧૦, ૩૪૭ ૩૭૯, ૩૯૨, ૪૦૪, ૪૧૫, ૪૩૯, ૪૫૪, ૪૭૦, ૫૧૨, ૬૭૧, ૭૧૨
નિર્ગુણ ૧૨૫, ૩૪૯, ૫૧૫, ૫૭૧, ૬૭૪, ૭૩૦
નિવૃત્તિ ૩૧૩, ૫૯૨, ૫૯૩-૪, ૫૯૬
નિષ્કામવૃત્તિ ૧૯, ૯૪, ૬૭૮
નૈષ્કર્મ્ય ૨૬૭
પંડિત ૧૬૩, ૧૭૯, ૧૯૧–૩, ૨૧૪–૫, ૨૮૩, ૨૯૮, ૩૨૩, ૩૩૮, ૩૯૭–૯, ૫૨૧, ૫૨૪, ૫૩૦, ૬૭૫–૬, ૭૧૬, ૭૨૫
પંથ ૨૦૩, ૨૯૭, ૪૩૩–૪, ૬૮૭, ૭૪૮
પાપપુણ્ય ૨૨૩, ૩૭૮, ૪૭૧
પિતૃયાન ૫૦૬
પુનર્જન્મ ૬૬૧, ૨૨૩
પોત ૨, ૧૭, ૧૭૩, ૨૧૨, ૨૫૩ ૫૫૫
પોત અને ભાત ૨, ૧૭૩, ૫૫૫
પ્રતિબિંબવાદ ૬૬૨, ૩૪૦,
પ્રપત્તિ ૨૪૨, ૨૪૫–૬, ૬૯૦, ૭૧૧
પ્રવૃત્તિ ૩૧૩, ૫૯૪, ૫૯૬–૭
બાહ્ય આચાર ૧, ૧૦, ૫૦, ૬૯૫, ૨૧૦–૧, ૨૬૭, ૩૪૧, ૩૮૨, ૫૯૫, ૬૨૮–૯, ૭૧૯; જુઓ 'વેશ'

બ્રહ્મ, અરૂપી ૩૫૪, ૫૫૬, ૫૭૭-૮, ૭૫૬,
કારણ ૧૭૫, ૨૫૭, ૩૮૯, ૩૯૩, ૪૬૧-૨, ૫૪૩, ૫૫૦, ૬૨૬;
૦ જ્ઞાન ૪-૮. ૩૭-૪૪, ૧૦૨, ૨૮૫, ૩૬૭, ૪૦૫-૭, ૬૨૮, જુઓ 'જ્ઞાન';
૦નું સ્વરૂપ ૨, ૮, ૧૭, ૨૦, ૨૩, ૩૬, ૪૧, ૪૫, ૫૫-૬, ૬૬, ૯૦, ૯૭, ૧૨૭-૯, ૧૪૭, ૧૫૨, ૧૫૫-૬, ૧૫૮, ૧૭૩-૬, ૧૮૦, ૧૯૯-૨૦૦, ૨૫૩-૭, ૨૫૯-૬૧, ૨૬૫, ૨૭૬, ૩૦૨-૩, ૩૦૯, ૩૧૯, ૩૪૦, ૩૪૬-૫૨, ૩૬૮-૭૦, ૩૭૪, ૩૭૬, ૩૮૫, ૩૮૯, ૪૧૮, ૪૪૪, ૪૬૨, ૪૬૬, ૪૮૨, ૫૦૪, ૫૧૨-૨૦, ૫૩૭-૯, ૫૫૧, ૫૫૪-૭, ૫૭૭-૮૧, ૫૮૩-૮, ૬૦૪-૬, ૭૧૪-૫. ૭૪૨, ૭૫૬, જુઓ 'વસ્તુ', 'કૈવલ્ય';
૦ભાવ ૪૪, ૫૯, ૧૩૧-૨, ૧૩૯, ૧૪૮, ૨૩૮-૪૪, ૨૫૮, ૨૬૦, ૨૯૦, ૩૫૫, ૩૭૫, ૩૭૭, ૪૧૩, ૪૨૭, ૪૩૦-૨, ૪૬૪, ૫૨૬-૮, ૫૮૮, ૬૦૬ ૬૬૯;
૦વેત્તા ૪૨૮-૩૦, ૪૭૨-૭, ૬૪૬, ૬૬૩, ૬૯૭, જુઓ 'જ્ઞાની;
સત્ય ૪૬૬, ૫૦૪
બ્રહ્માંડનું સ્વરૂપ ૨૩, ૧૫૧-૨, ૧૫૫-૬, ૧૯૯-૨૦૦, ૨૫૩-૭, ૩૮૯, ૪૪૪, ૪૬૧, ૫૦૪, ૫૫૧, ૫૫૪-૭, ૫૭૭-૯, ૫૮૩-૬, ૬૦૫-૬, ૭૧૪-૫, જુઓ 'જગત'
ભક્ત ૭૨-૪, ૧૮૮-૯૩, ૨૨૧-૨, ચાર પ્રકારના ૫૨૩
ભક્તિ ૩૮, ૧૦૭-૯, ૨૮૬, ૩૧૮, ૪૨૨, ૪૫૩-૪, ૭૨૪, ૭૪૩, ૭૫૧;
અભેદભાવમાં ૨૦૮, ૨૮૯, ૨૯૦, ૪૨૨;
એક્યાસી ૭૯;
જ્ઞાનપૂર્વકની ૧૮૯, ૩૧૯-૨૦, ૩૨૨, ૩૨૯, ૪૧૬-૭, ૫૨૩
૦થી સૂઝ ઊંચી ૧૧૦;
દંભ૦ ૧૮૭, ૧૯૫, ૨૧૧, ૭૫૫,
નવધા ૭૯, ૧૧૦, ૧૧૨, ૧૨૬, ૫૪૬;
નિરાશી ૬૮૦;
બ્યાસીમી ૭૯;
૦રસે કર્મરસ વીસરવો ૫૪૬-૭;
સગુણ ૩૦૫, ૫૪૬, ૭૩૦;
સાચી ૪૧૭
ભાષા ૨૪૭-૮, ૭૧૭;
૦થી અતીત ૨૪૩, ૨૪૭, ૨૯૪, ૨૯૬
મતમતાંતર,૩, ૧૫૭ ૮, ૩૮૭, ૫૭૨-૩, ૬૮૯
મન ૨૧, ૨૯, ૩૯, ૪૧, ૫૧, ૫૩-૪, ૧૩૧-૨, ૧૪૧, ૧૫૭, ૧૮૩, ૩૧૫, ૩૮૬, ૪૧૧, ૪૪૧-૨,

૬૩૨, ૭૫૩,
૦થી ઊંચનીચ ૩૬૬;
૦ની વૃત્તિ ૨૧;
૦નું બળ ૩૨૪;
૦નું શમન વસ્તુમાં ૫૩, ૫૨૦:
૦નું સ્ફુરણ જગત ૧૭૫, ૩૨૬;
૪૧૧;
૦નો વ્યાપ ૯૨, ૩૦૬, ૩૨૬;
પડ્યું-૧૦૪, ૩૦૬,
મનાતીત ૨૧, ૩૦૬, ૩૨૬ ૩૩૪,
માયા ૫, ૧૭, ૧૯, ૫૩, ૫૫, ૫૭-૮,
૬૦-૪, ૬૬, ૯૧, ૧૧૯, ૧૩૯,
૧૪૪, ૧૪૬, ૧૫૮, ૨૫૩, ૨૭૨,
૨૯૨, ૩૨૩, ૩૩૨, ૩૩૭, ૩૮૩,
૪૧૪, ૪૪૦, ૪૪૨, ૪૬૨, ૪૮૬,
૫૦૪, ૬૩૬, ૫૪૮, ૫૫૭-૬૨,
૫૬૪-૫. ૬૨૪ · ૫૭૧૮-૨૦,
૭૨૨-૩, ૬૪૯, ૭૫૩-૪
મુક્તિ ૪૧, ૪૪, ૪૭, ૯૯, ૧૪૭,
૧૫૬, ૩૭૮, ૪૦૪, ૬૩૦-૧,
ચતુર્ધા ૩૧૬;
ચૈતન્યને શી? ૬૮;
જ્ઞાનથી ૩૨૯;
૦માં ધીરજ ૪૮૩-૫;
રોકડી ૮૨;
વાંછવી એ જ બંધન ૬૬;
વાંછવી એ ભ્રમ ૩૦૯
મુમુક્ષત્વ ૧, ૩૫-૬, ૧૦૩-૯, ૨૧૪-૬,
૨૬૨-૪, ૨૭૮, ૪૦૨, ૫૨૫, ૭૦૯
મુર્તિપૂજા ૭૪, ૧૦૯, ૨૮૩, ૨૮૮,
૩૧૯, ૫૧૦, ૬૨૯, ૭૪૪,
મૃત્યુ ૧૩૯, ૨૨૪, ૨૫૬, ૨૬૩,
૨૮૧, ૩૨૮
યુગ ચાર ૯૭-૯, ૧૨૩, ૫૧૧
યોગ ૧૪૧, ૩૧૬, ૪૦૯-૧૦, ૬૬૬
યોગી ૬૨, ૨૮૬
વર્ણાચાર ૨૯, ૨૩૨, ૨૩૬, ૨૭૫, ૪૧૪
વસ્તુ ૩૪, ૧૬૪, ૩૩૦, ૪૩૮, ૫૨૦,
૫૨,૨ ૬૨૩, ૬૨૬;
અવર્ણ્ય ૫૫;
ઇન્દ્રિયગ્રાહ્ય નથી ૫૮;
-વિચાર ૩૧, ૪૪, ૫૮, ૬૬,
૯૫, ૧૧૨, ૧૧૮, ૧૩૩-૫, ૨૩૪,
૨૭૨-૪, ૨૯૫, ૩૭૨, ૩૭૮-૯,
૪૧૩, ૪૨૦, ૪૨૨-૩, ૪૪૫,
૪૮૮-૯ ૫૩૪, ૫૪૯, ૫૮૮,
૬૬૫, ૭૧૨;
સહજ ૫૩૨;
સૌથી ઉપર ૯૦
વિદ્યા,-ના મળ ૫૩૦, ૫૩૨
વિવેક, વસ્તુ૦ ૩૧, ૯૭, ૧૫૩-૪
૭૦૪
વેષ ૧, ૨૮, ૧૬૭, ૧૯૫, ૨૩૧,
૨૬૬-૭, ૩૧૧-૨, ૩૪૨, ૪૩૩-૪
વૈરાગ્ય ૨૮૬, ૪૨૨, ૪૫૩-૪, ૬૧૦-૪
૬૮૪;
સાચો ૨૪-૮
વૈષ્ણવ ૨૮૬
વૈષ્ણવ નામધારી ૧૯૪, ૬૬૪
શબ્દપ્રપંચ ૯૩, ૧૬૩, ૧૬૫, ૩૩૯,

૩૮૮, ૫૪૮, ૫૮૧, ૬૪૨,
થી પર વસ્તુ ૫૫–૬, ૨૪૩, ૨૪૭,
૨૩૪, ૨૯૬, ૩૧૭, ૬૮૨
શાસ્ત્ર ૩૯, ૧૬૦, ૧૬૩, ૧૯૧,
૨૨૪, ૨૬૮, ૨૯૪, ૩૦૮,
૩૩૯, ૭૩૮
શૂન્યવાદી ૩૩૧, ૩૩૩–૪, ૫૦૧
ષડ્ દર્શન ૩, ૧૫૭, ૧૯૦, ૨૯૩
૩૩૨, ૩૩૮, ૩૮૩, ૪૩૩, ૪૪૦
સગુણ ૫૬, ૩૦૫, ૩૪૫, ૩૪૯, ૫૧૫,
૬૭૪, ૭૩૦–૧
સમજ ૨, ૪–૮, ૧૪, ૧૬, ૧૯, ૨૦,
૨૩, ૩૦, ૩૩, ૪૧, ૪૨, ૫૨,
૯૬, ૧૧૪–૮, ૧૪૯–૫૦, ૧૫૪,
૧૫૮, ૧૭૪, ૨૦૯, ૩૫૩, ૩૪૭,
૩૯૭, ૪૮૦, ૫૨૪, ૫૩૧, ૫૩૩,
૫૮૮, ૬૧૪–૫
સંત ૫૨–૩, ૧૯૨–૩ ૨૨૩, ૪૭૨,
૬૩૯, ૭૫૬
સંસાર ૪૧, ૫૩, ૧૧૬, ૧૩૦, ૧૮૦;
સ્વપ્નવત્ ૬૭, ૧૩૦, ૧૭૪, ૨૩૫,
૩૧૩, ૬૯૪, ૪૫૮, ૪૬૩, ૪૭૯,
૫૬૧, ૬૨૩, ૬૭૦, ૭૫૨,
જુઓ 'જગત'
સાધન ૧, ૧૨૬, ૧૪૯–૫, ૦૧૫૪,
૧૫૫, ૧૫૯, ૧૯૫, ૨૦૪,
૨૮૫, ૨૮૭, ૨૯૧, ૨૯૪–૫,
૩૧૦, ૪૧૨;
જ્વંત ૧૪૨, ૪૮૧, ૫૨૧, ૬૫૭,
૭૧૭
સિદ્ધિ ૬૨, ૧૪૧, ૨૫૦–૨, ૪૦૮
સૂઝ ૧૨૧–૪, ૧૫૦, ૩૭૨, ૫૮૩;
એ જ સાધન ૨૮૭;
એ જ જ્ઞાન ૩૦૮
હરિજન ૪૬–૯, ૧૦૫, ૧૩૧-૨, ૧૮૦,
૧૮૫–૮, ૨૦૧-૨, ૭૩૭–૮,
૭૫૧;
તીર્થરૂપ ૮૧;
મુક્તિદાતા ૮૨, ૮૫;
સંસારથી ન્યારો ૧૮૫-૬, ૧૮૮

અખાના છપ્પા

અખાના છપ્પા

શિષ્ય અંગ

સુતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે.
વેષ-ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી.
અખા કૃત્યનો ચઢે કષાય, રખે તું કાંઈ કરવા જાય! ૧

રંગ ચઢે તે જાણો મેલ, પોતે રહે તો સામું સહેલ.
આપે આત્મ સ્વયંપ્રકાશ, કર્મધર્મનો કાં દે પાસ ?
અખા એ સદ્ગુરુની કલા; સમજી રહે, નહિ તો વાધે બલા. ૨

ખટદર્શનના જૂજવા મતા, માંહોમાંહે તેણે ખાધી ખતા.
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે.
અખા એ અંધારો કૂવો, ઝઘડો ભાગી કો નવ મૂઓ. ૩

---

૧ સુતર આવે-સમું પડે, સહેલું લાગે. લહે-ઓળખ, પામ. વેષ-ટેક-ભગવાં કે એવી કોઈ બાહ્ય વસ્તુને પકડી બેસવું તે, અભિનિવેશ. કષાય-વિકાર, મેલ.

૨ પોતે-પોતે થઈ ને; પોતરૂપે. ચૈતન્ય રૂપી શુદ્ધ ‘પોત’ ઉપર કર્મધર્મની ભાતનો ‘રંગ’ શા સારુ ચઢાવવો ?

૩ ખટદર્શન-ષટ્ (૭) દર્શન : સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા. ‘મોહો માંહે’ પાઠ પણ સારો છે.

સમજી રહેતાં સબળો લાભ, પણ કાયકલેશે વાધે ગાભ.
હું-માનીનતા હોય સંતાન, આતમતાનું થાયે જાન.
અખા હરિ જાણી હું ટાળ, જે જન્મકોટિની ઊતરે ગાળ. ૪
માનીનતા માયાનો પાગ, માને માયા પામી લાગ.
કેવલમાં જે બીજું ભળે, તે કલ્પિત ભ્રમ ટાળ્યો નવ ટળે.
અખા નિજ આતમને સાધ, જે ઔષધવોંણી જાયે વ્યાધ. ૫
હું ટાળી અછતો થઈ રહે, હરિપ્રવાહમાંહેથો વહે.
પોતાપણેથી જે નર ટળે, તે અણઆયાસ હરિસાગર ભળે.
અખા વાત સમજી લે વિધે, જ્યાં છે ત્યાં આકાશ જ મધે. ૬
પડે નહીં જે પૃથ્વી સૂએ, કને નહીં તે કહો શું ખુએ ?
ટાઢું ઊનું નોહે આકાશ, પાણીમાં નોહે માખણ છાશ.
બ્રહ્મજ્ઞાન એવું છે અખા, જ્યાં નહિ સ્વામી, સેવક ને સખા. ૭
એક નહીં ત્યાં બીજું કશું ? જણ્યું જ નહીં, શું વાસો વસ્યું ?
પંચ નહીં ત્યાં કેની શાખ ? વણરસના અચવ્યો રસ ચાખ.
અખા સમજે જો સમજી જુએ, બાપના બાપને ઘેલા રુએ. ૮

છોત અંગ

આભડછોત અંત્યજ઼ઘેર જણી, અને બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ઘણી.

---

૪ સબળો–પુષ્કળ, ઘણો. ગાભ–ગર્ભ. હુંમાનીનતા–હુંપદ. આતમતા–આત્મપણું, જાન–નુકસાન. જે–કે, જેથી.

૫ પાગ–પગ.

૬ અછતો–હું આ શરીર નથી એ ભાવવાળો. વિધે–(સં. વિધિ, વિધા) પ્રકારે, પેરે રીતથી.

૮ જન્મ જ પામ્યું નથી ત્યાં વાસો ક્યાંથી વસે ? રસના–જીભ. અચવ્યો–અચર્વિત, ન ચાવેલો–ચાખેલો, ન કહેવાયેલો. ચવવું-કહેવું (માંડણ આદિ મધ્યકાલીન કવિઓમાં).

બારે કાળ ભોગવે એ એ, સહુને ઘેર આવીગઈ રહે.
અખા હરિ જાણ્યે જડ જાય, નહિ તો મનસાવાચા પેસી રહે કાય.
પોતાનાં પખાં નવ જુએ, અને હાડચામડાં મૂરખ ધુએ.
શુદ્ધ ક્યમ થાય જો ચામડું, મોઢું માંહે એ વાંકડું ?
હરિ જાણ્યા વિના ભૂલા ભમે, અખા પાર ન પામે ક્યમે. ૧૦
ઈશ્વર તે જાણ્યો આચાર, પણ એ છે ઉપલો ઉપચાર.
જ્યમ મીઠાં મહુડાં માન્યાં દ્રાખ, અન્ન નોહે અન્નમાંહેની રાખ.
સોનમખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વાણું વાય.

ગુરુ અંગ

ગુરુ થઈ બેઠો હૂંસે કરી, કંઠે પા'ણ શકે ક્યમ તરી ?
જ્યમ નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્‌ભુત.
ત્યમ શિષ્યને ભારે ભારો રહ્યો, અખા તે મૂળગેથો ગયો. ૧૨
પોતે હરિને ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુનો વેશ.
જ્યમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવપાર ? ૧૩

---

૯ બારે કાળ (રૂઢિપ્રયોગ, સરખાવો : બારે દહાડા)–આખો વખત. જડ–મૂળ. નહિ તો આભડછોત મનવાચાથી શરીરમાં પેસી (પ. 'ભેદી') રહે.

૧૦ પખાં–પડખાં.

૧૧ (૨. 'તે') ઈશ્વરને આચાર ગણ્યો પણ આચાર તો ઉપલક વર્તન છે. અન્નમાંથી બનેલી રાખ કાંઈ અન્ન ન લેખાય. સોનમખી–સુવર્ણમાક્ષિક, એક ધાતુ (આપીત) (?). પાથરવામાં જ વહાણું વાય, તો મુખ્ય કામ ઊંઘવાનું તે તો રખડી જ જાય.

૧૨ હૂંસે–ચડસાચડસીથી, સ્પર્ધાથી (હોંશે = ઉમંગે, –એ અર્થ નથી. સરખાવો : હિંદી हूँस). નાની ઉંમરમાં પ્રસૂતિ થઈ, પછી એનું શરીર આશ્ચર્યકારક રીતે વધે નહિ. 'અદ્‌ભુત', પ્રાસ ખાતર વિશેષે તો; ૧૨૯માં પણ. ભારો–ભારવાળો.

તું તારું સલૂઝીને બેસ, કાં ચોળે ડિલ પિયારી મેશ ?
તૂંબડું જ્યમ માંહેથું મરે, તો જે લેઈ પેસે તે સહુ તરે.
જ્યમ તરુવર ફલ આપવા નવ જાય, અખા આવી જાચે તે ખાય. ૧૪
પહેલે પેર પરમારથ પ્રીછ, પછે ગુરુ થાવાને ઇચ્છ.
જ્યમ પારો મૂઓ તે રોગ નિગમે, પછે ભોજન બહોળું જમે.
ત્યમ નૈરાશીથી મળે નારા'ણ, અખા પહેલે તાં એવું જાણ. ૧૫
તું તારું મન નાનું પીસ, શાને મોટમ લે છે શીશ ?
ઝીણું મળીને મોટું થાય, અને મોટું કણચકા થઈને જાય.
અખા વાત વિચારે વિધે, રિધ ઘણીયે જો રહેશો નિધે. ૧૬
આપે આપ પૂરણબ્રહ્મ હરિ, પોત પસાર્યું રચના કરી.
ચૈતન્ય બ્રહ્મશલાનું ચિત્ર; ઋષિ યક્ષ માનવ દેવ પશુ પિત્ર
થાયજાય એ માયાભેદ, પણ અખા ચૈતન્યનો નોહે ઉછેદ. ૧૭.

સહજ અંગ

ધર્મ સતવાદી ભીમ બળવંત, સહદેવ જોશી જાણ્યે તંત.

૧૪-૧૫ સલૂઝીને-સમજીને. (સર૦ હિંદી સુલઝના). પિયારી-પરાઈ, પારકી, પહેલી રીત એ છે કે પરમ (અર્થ તત્ત્વ)નું સ્વરૂપ સમજવું, તો જ પરમાર્થ (પરોપકાર) થઈ શકશે. પોતે નૈરાશી-આશાથી મુક્ત થયાથી જ નારાયણ (પરમતત્ત્વ) પામી શકાશે અને તો જ બીજાને ઉપયોગી થઈ શકાશે. તૂંબડું, તરુવર અને પારો, - એનો દાખલો લેવો. નિગમે-દૂર કરે.

૧૬ પીસ-પીલી નાખ. વિચાર-તું વિચારે. વિધે-રીતથી. નિધે-નિધિ(ભંડાર)માં રહેશો તો ઘણીય રિધ-સંપત્તિ છે.

૧૭ બ્રહ્મશલા-બ્રહ્મશિલા, મૂર્તિ કે શિવલિંગની જે પથ્થર ઉપર સ્થાપના થાય છે તે; આધાર. ચૈતન્યબ્રહ્મ એ શિલાનું (પથ્થર ઉપરનું, સ્થાયી) ચિત્ર છે. વધુ સંભવિત ત્રીજો અર્થ : મરીચિપત્ની ધર્મશિલા થઈ હતી, જેમાં નદી, નદ, સરોવર, તીર્થ, દેવ, ઋષિ, મુનિ, પ્રધાન દેવો, યજ્ઞક્ષેત્રો આવીને વસ્યાં હતાં, તેના જેવું ચૈતન્ય તો છે.

અર્જુન બાણાવળી નકુલ ચતુર, સાહ્ય જેને સદા કૃષ્ણ હજૂર.
તે વન ભોગવતા દુખિયા થયા, પામ્યે રાજ અધૂરા ગયા.
સહેજે જે થાયે તે થાય, પણ કર્તવ્યનું બળ અખો ન ગાય. ૧૮

સૂધું સમજી સુખિયો થા, મૂકી આપ ઈશ્વરમાં જા.
ધર્મ અર્થ મોક્ષ ને કામ, એ માયાને પગ મૂક્યા ઠામ.
નિઃસ્પૃહી તે નિરાળો રહે, અખા લાલચિયો લીધે વહે. ૧૯

સમજતાં અવળું છે જ્ઞાન, બીજું ઇછેવું એહ જાન.
જે ચૌદામાં બીજું ભળે, મૂળ રૂપ તેનું જ્યમ ટળે.
જ્યમ છે ત્યમ એ છે આતમા, તો અખા કેની વાંછે ક્ષમા? ૨૦

કવિ અંગ

કવિતા ઘણા કવિ કવી ગયા, અદ્યાપિ કવે છે પ્રત્યક્ષ રહ્યા.
વળી આગળે કવશે બહુ કવિ, સર્વ મનની વૃત્ય જોજો અનુભવી.
અખા મનાતીત ત્યમનું ત્યમ, એ તો મનની વૃત્યમાં મનની ગમ. ૨૧

જ્ઞાનીને કવિતા ન ગણેશ, કિરણ સૂર્યનાં કેમ વણેશ?
શબ્દ કેરો શઢ ક્યમ થાય? આકાશ તે ક્યમ તોળ્યું જાય?
એવું વચન અણલિંગી તણું, અખા નહીં કો પર-આપણું. ૨૨

---

૧૮ તંત-તંત્ર, યોજના. અધૂરા-પૂર્ણ સુખ વિના જ.
૧૯ સૂધું-સીધું. લાલચવાળો કાંઈ લેવા જાય છે ત્યાં છેતરાય છે (વહે).-કહેવત.
૨૦ ચૌદામાં-ચોખ્ખા સોનામાં. ચૌદવલ્લુ સોનું 'ચૌદું' કહેવાતું હશે?
૨૧ મનાતીત-મનથી અતીત(દૂર) એવું પરમતત્ત્વ. વૃત્ય-વૃત્તિ. ગમ-ગતિ, સમજ.
૨૨ કવિતા-કવનાર, કવયિતા. છમાંથી પાંચ પ્રતો 'વણેશ' પાઠ આપે છે. સૂર્યનાં કિરણને સોનાના તારરૂપ ગણી શી રીતે વણવામાં લઈ શકીશ? બધી પ્રતોનો 'શઢ' પાઠને ટેકો છે. અણલિંગી-લિંગ (જાતિ) વગરના અલિંગ એવા પરમાત્માને જાણવાવાળો જ્ઞાની.

સ્થિત્ય નહીં આપાપર તણી, પંડબ્રહ્માંડ ન થાયે ધણી.
અચવ્યું સરખું દીસે આપ, ભૂતભવિષ્યનો નોહે થાપ.
અખા જોતાં ચિદ્-આકાશ, આવિર્ભાવ વિના શો નાશ? ૨૩

વૈરાગ્ય અંગ

જો ઊપજે તો ભલો વૈરાગ, બીજા કૃત્યનો ન છબે પાગ.
હેલામાં હરિ પામે વેદ, જો ઊપજે સાચો નિર્વેદ.
જ્યમ ફૂલ પાછળ ફલ નિદાન, ત્યમ અખા વૈરાગ તે પરમ નિધાન.
વૈરાગ વિના તે ઊપજે ખેદ, મારા તારા ભેદાભેદ.
એક સત્ય વૈરાગ બીજી ગોળી ચોટ, જો લાગે તો થાય લોટપોટ.
જો લાગે અખા પર કે પાગ, તોય ટળે તે ઊડવા લાગ. ૨૫

સત્ય વૈરાગ સ્વામીનું રદે, મહાપુરુષ મોટા એમ વદે.
જે વૈરાગ દેખાડે કરી, એ તો મનકેરી મશ્કરી.
પલકે પલકે પલટાય ઢંગ, એ તો અખા માયાના રંગ. ૨૬

સૂરજ ત્યમ સાચો વૈરાગ, તપતે ન જુએ જાગકુજાગ.
સહુને તેજ કરે તે સહી, પણ પરછાયો પોતામાં નહીં.
જ્યાં ઊપજે સાચો નિર્વેદ, નોહે અખા ત્યાં ભેદાભેદ. ૨૭

સત્ય વૈરાગ સ્વેં જાણો હરિ; ત્યાં માયા નહિ, શું ગ્રહીએ આદરી?

---

૨૩ આપાપર–આપ અને પર. થાપ–૧ સ્થાપના. ઠરાવ. ૨ છક્કડ.

૨૪ છબે–સ્પર્શે. હેલામાં–રમતમાં, એટલે કે ક્ષણમાં. વેદ (અવ્યય)–નિશ્ચિતપણે. નિદાન–છેવટે. નિધાન–નિધિ, આધાર.

૨૫ અ : જુઓ પાઠાંતર. પર (ફારસી)–પીંછું.

૨૬ રદે=હૃદય.

૨૭ જાગકુજાગ–સારીખોટી જગ્યા.

જ્યમ નવે ગ્રહનાં રતન મૂલવાય, પણ પારસનું મૂલ કોણે ન થાય.
અખા તે વૈરાગ્ય વિચાર, કાંઈ વેષ તુંને નહિ મૂકે પાર. ૨૮

જતિ કહાવે તો મનને જીત, બાકી જે કરેશ તે રીત.
ચાર વરણ ને આશ્રમ ચાર, જ્યાં અવતરે ત્યાં વેશવહેવાર.
અખા વાત પામ્યો શી નવી? એ તો લાગ્યું તે છૂટો ભોગવી. ૨૯

એમ સમજ્યે નર પામે પાર, જે મુજ પહેલો હૂતો કિરતાર.
મુજ જાતે રહે છે હરિ, વચે હું રહ્યો માથે કરી.
અખા એમ વિચારી રહે, શીશ-પોટલો નાખી દે. ૩૦

ગોળે મરે, કાં શોધે વખ? તપી ભમી કાં પામે દુઃખ?
કરતા ફરતા દીસે ઘણા, જ્યમ તાતી વેળુમાંહે ચણા.
અખા ઊડી તે અળગો પડે, જો વસ્તુવિચાર સદ્ગુરુથી જડે. ૩૧

હેત વિના પ્રવૃત્ય બહુ વધે, જ્યમ હૂંસે કુબુદ્ધિ બેસે ગધે.
ત્યમ દેખાદેખે સહુ કો કરે, પણ કો ન જુએ જે શું છે સરે.
અખા જો વિચારી જુએ, તો રોતાં દેખી સહુ કો રુએ. ૩૨

---

૨૮ સ્વેં-સ્વયં, પોતે. ત્યાં માયા જ નથી, તો આદર કરીને શું ગ્રહણ કરીએ? વેષ-ભેખ. બાહ્યાડંબર કાંઈ તને તારશે નહિ.

૨૯ રીત-રૂઢિ, બાહ્ય આચાર.

૩૦ જાતે-જતાં. પોટલો, હુંપણાનો.

૩૧ જે તપેભમે છે, તપ કરે છે ને તીરથ ફરે છે તે બધા ગરમ રેતીમાં ચણાની જેમ શેકાય છે, પણ સદ્ગુરુ પાસેથી જેને વસ્તુ(પરમાત્મતત્ત્વ)નો વિચાર મળ્યો હોય તે તે તપેલી રેતીમાંથી બહાર ઊછળી પડતા ચણાની જેમ સંસારતાપમાંથી છૂટી જાય છે. આ ગોળ જેવો મીઠો ઉપાય; તપતીરથ તે દુઃખ(વખ)નો.

૩૨ હેત-હેતુ, કારણ. સરે-અંતે, છેડે. પ્રવૃત્ય-પ્રવૃત્તિ.

ઘરમાં ઘાયક મનકામના, કરે કર્મ મોહ્યા ચામના.
કુશલ કેમ હોયે નિર્વાણ, જો ન ઊપજે આતમજાણ?
સોણામાં સહુ ઊપજે મરે, અખા સમજ તે મોટી સરે. ૩૩

ભૂમિ-ભાંડ એક જોતાં સરું, લાગ્યો અગ્નિ કહાવ્યું ઠીકરું.
ત્યમ જીવ-શિવ વસ્તુગતે એક, પણ અહંતા કેરી લાગી ટેક.
અખા જીવ અહંતાનો ભાગ, ઉજ્જવળમાં જ્યમ કાળો દાગ. ૩૪

અગમપંથ મહામોટો ભલ્લ, ચાલી શકે કો એકલમલ્લ.
સામો મળે નહીં ના કો જાય, નિજબળ બળિયો ત્યાં ઠેરાય.
બાકી અખા હકારા કરે, ભૂમિ વિના પગ કોઈક ધરે. ૩૫

વણખાંડે જગતીમાં જીત, જો કોઈ સમજે આતમરીત.
જાયેશ મા ખોવા પામવા, ઇચ્છેશ મા ટળવા ને થવા.
પ્રવૃત્ય-નિવૃત્ય દાસી છે બેયે, જો અખા તું એ ઘેર રહે. ૩૬

સ્વસ્વરૂપ અંગ

આપવિચારે મળશે રામ, વણસમજ્યે લે કોનું નામ?
બોલે ચાલે જે વડે સુણે, તેને તાં જીવ લેખે નવ ગણે.
કયમ અખા હરિ મળશે તેહને, જ્યમ કંઠેહાર પાછળપડ્યો કેહને?

---

૩૩ મનની કામના ઘાયક (ઘાતક?) છે. ચામના-ચર્મ(સ્પર્શ)સુખના. જાણ-જ્ઞાન.

૩૪ ભૂમિ-માટી અને ભાંડ-વાસણ, સરું-અંત જોતાં એક જ છે.

૩૫ અગમ(બ્રહ્મ)નો પંથ તે મહા ભલ્લ (૧. સારો; ૨. ભલ્લૂક? = રીંછ) છે. ઠેરાય-ઠરે, સ્થિર-નક્કી-થાય.

૩૬ જગતી-જગત. એ ઘેર-આત્માની રીતની સમજણ મળી હોય એ મુકામે રહે તો બેય દાસી છે.

૩૭ લેખે-ગણતરીમાં. કેહને-કોને, કોઈકને.

પૂરો તે જે પૂરણતા લહે, બીજા વહેતા કેડે વહે.
જે નર દેખે સઘળે હરિ, પૂરણ ભક્તિ તાં તેણે કરી.
જ્યાં જેવો ત્યાં તેવો રામ, અખા સઘળાં એનાં નામ. ૩૮

ધીર ધરી મન ધસતું રાખ, કર્મશાસ્ત્રની ન પૂછેશ સાખ.
આગે મન વિષયલાલચી, તેને ભ્રમ દેખાડે રચી.
અખા એ મોટું વાંકડું, જ્યમ કરડચું વીંછીએ માંકડું. ૩૯

સાચું કહેતાં જૂઠું શમે, પણ સૂધી વાત સહુને નવ ગમે.
જ્યમ દીવે અંધારું ટળે, ત્યમ બ્રહ્મજ્ઞાને પરપંચ પળે.
જગતને જૂઠાશું પ્રીત, તેણે અખા ન સમજે આતમરીત. ૪૦

ત્રણ ગુણનો સઘળો સંસાર, ગુણ વડે ચાલે દેહવ્યાપાર.
કળ ભરાવ્યે ચાલે ઠાઠ, મન આદિ સઘળો આઠકાઠ.
અખા વસ્તુની ચૈતન્ય શક્તિ, જે સમજ્યો તે પામ્યો મુક્તિ. ૪૧

હું નહિ ગુણઇન્દ્રિયદેહવાન, પ્રકૃતિ પુરૂષનું નહિ મુજ માન.
મુજમાં સહુ, હું સર્વાતીત; હું છું ત્યાં નહિ દ્વૈતાદ્વૈત.
અખા એમ સમજી રહે જેહ, જીવન્મુક્ત યોગેશ્વર તેહ. ૪૨

પ્રીછે તો ગુણપારે રહે, ગુણમાં આવે તેને લે.
જે ઊડયો જાયે આકાશ, તેને નોહે પૃથ્વીના પાશ.

---

૩૯ ધીર-ધૈર્ય, ધીરજ. આગે-આગળ. કર્મશાસ્ત્ર ભ્રમ દેખાડે.

૪૦ કહેતાં : પાઠાંતર 'જોતાં'.

૪૧ કળ-યંત્રની ચાવી. આઠકાઠ-ફાલતુ લાકડાંના અર્થમાં આટકાટ (આટકાઠ); કમઠાણ, યંત્ર.

૪૨ માન-માપ. જીવન્મુકત-જીવતો છતાં મોક્ષ અનુભવતો.

અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી દરી સુંદરી. ૪૩

અહંબ્રહ્મ જાણીને રહે, શબ્દપ્રવાહમાં શાને વહે?
વસ્તુવિચાર વિણ અન્ય અભ્યસે, જ્યમ કંચન કથીરે રસે.
અખા શમી રહે તું તુજમાંય, બીજાની ન વળગેશ બાંય. ૪૪

દોષ અંગ

દોષ ન ઘાલેશ કેના ઉર, તો હરિ દેખેશ ભરપૂર.
મેલી આંખે ક્યમ દીસે વસ્ત, જેણે જોયાં આમિષ ને અસ્ત.
અખા તો દીસે આતમા, જો નાવે રસના તાંતમાં. ૪૫

હરિજન સ્વેં હરિ, નહીં માનવી; જ્યમ સલિતા ભળી જાહ્નવી.
તેની નિંદા કરતાં ફૂટ, નિજ આતમશું પડશે ત્રુટ.
હરિજન સર્વાંગે હરિ વડે, અખા વેલો તાણ્યો આવે થડે. ૪૬

પુરુષાકારે પૂરણબ્રહ્મ, જેણે સમજ્યો મૂળગો મર્મ.
સ્વેં વિના સિદ્ધાન્ત ન થાય, કર્મવાક્ય જીવબુદ્ધિ ગાય.
નિજજ્ઞાન નિજરૂપે હોય, પાલો જ અખા જ્યમ થાયે તોય. ૪૭

પૂરણતામાં સર્વ સમાય, જ્યમ નદી વહી સાગરમાં જાય.

---

૪૩ ભે–ભય. પાશ–બંધન. દરી–ગુફા. સર૦ 'એકા ભાર્યા સુન્દરી વા દરી વા.'

૪૪ અભ્યસે–(૧) ૦નો અભ્યાસ કરે, (૨) ૦ની ટેવ પાડે. ઉ : બીજાનો આશરો શોધીશ નહિ.

૪૫ અ : ૧ ના કરતાં બાકીની ચાર પ્રતોનો આ પાઠ વધુ સારો. આમિષ–માંસ. અસ્ત–અસ્થિ, હાડકાં. તાંત–તાંતણો, તાર.

૪૬ સલિતા–સરિતા, નદી. ફૂટ–ફૂડી.

૪૭ પાલો (પ્રાલેય)–વાદળમાંથી પડતો કરો. તોય–પાણી.

જ્યમ દાવાનળ બાળે સર્વને, ત્યમ જ્ઞાન દોષ દહે ખર્વને.
દેહવિકાર હરિજનને કશા, અખા જેહની મોટી દશા? ૪૮

અણુલિંગી હરિજનની કલા, કર્મ ન વાધે, આવી બલા.
અહંતા પોત વિના નોહે ભાત, દિવસ વિના તે શાની રાત?
લૌકિક લેખ રહે લોકમાં, અખા વિત્ત નહીં ફોકફોકમાં ૪૯

રૂડું જાણી નથી રાખવા, કૂડું જાણી નથી નાખવા.
તન તપાસી હુંને શોધ, બાહ્ય ઉપચાર મૂકી બુધ્ય બોધ.
તજ્યા ભજ્યા વિણ તે યોગેશ, અખા જે માને ઉપદેશ. ૫૦

તજતાં ભજતાં નહીં પૂરવે, જૂનું ત્યજ્યે મન લાગે નવે.
જ્યાં જેવો જીવ કાઢે વેશ, સાથે મન કરે પ્રવેશ.
મનની રીત જે ગૂંથે જાળ, કાઢ અખા આતમની ભાળ. ૫૧

હરિ જાણી તું સૂએ નચંત, એ સુલભ મારગ સમજ્યા સંત.
સનકાદિકે ન ભજ્યો પ્રપંચ, જનકાદિકે નવ તજિયો રંચ.
તજવું ભજવું તે સંસાર, અખા સમજતાં આવે પાર. ૫૨

સર્વાતીત શ્રુતિ કહેતા હવા, માયારંગ બીજા નવનવા.
મનને જોડ માયાશું ઘણો, કરે ઉપાય તે ભજવા તણો.
વસ્તુ વિષે છે મનનો અંત, તે અખા લહે વિરલા સંત. ૫૩

---

૪૮ એક જ્ઞાન તે ખર્વ-હજાર કરોડ દોષને બાળે છે.

૪૯ લેખ-લેખું, હિસાબ. વિત્ત-ધન. (૧ 'જીત' આપે છે, પણ તે સિવાયની પાંચે 'વિત્ત' આપે છે.) પરમત-સ્વરૂપી ધન. લૌકિક ગણતરીથી, ફોકફોકમાં -ફોગટમાં ન મળે.

૫૦ બોધ-વિચાર, જાણ. પોતે કાંઈ તજેભજે નહિ તોયે એ યોગેશ્વર છે, જે...

૫૧ પૂરવે-પરવડે. 'મંન...પરવેશ' બોલવાથી છંદ મળશે.

૫૨ સૂએ-તું સૂઈ જા. રંચ-લેશ, જરી

૫૩ જોડ-સંબંધ.

હું નહિ, તું નહિ, તે ન કહેવાય, જે જોતાં જોનારો જાય.
ત્રણ પ્રકાર વિના જ્યમત્યમ, તેથી હેઠો મનનો ધર્મ.
નહિ પદારથ જોવાઝાલવા, અખા સરખું છે પ્રીછવા. ૪૪

વસ્તુ અનોપમ છે તે પ્રાયે, તો તે કહીએ ક્યમ ઉપમાએ ?
ઉપમા સર્વ છે માયા વડે, તે તાં કૈવલ્યને નવ અડે.
અખા વસ્તુ ગૂંગાનો ગોળ, ત્યાં ઉપમા તે માયાની ટોળ. ૫૫

સગુણને ઉપમા સર્વ ઘટે; જે ઉપમા ને ગુણ બેઉયે વટે,
જ્યાં થાવા ને જાવા નથી, ત્યાં વાણી શું કાઢે કથી ?
અખા તે વડે સર્વ જાણ, તો તેને કથી શકે ક્યમ વાણ ? ૫૬

માયા અંગ

માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ.
માયાને મારા પારકા, દેવદાનવ બેઉ માયા થકા.
માયાના ગુણ જ્યાં નવ છએ, તેહ અખાને આવ્યું લએ. ૫૭

વસ્તુ નથી ઇન્દ્રિયને ગ્રાહ્ય, શાથી શું અંતર ને બાહ્ય ?
બાહ્ય મધ્ય અંતરપટ વડે, અને અંતરપટ માયા રહી ઘડે.
માયાનાં કૃત્ય માયા લગે, અખા વિચાર્યે પડશે વગે. ૫૮

ક્ષર પિંડ, અક્ષર આતમા, જે સમજ્યો-સલૂઝ્યો વાતમાં.
તત્ત્વ ચોવીશ તણો સમુદાય, મુજ વડે સહુ આવે જાય.

---

૫૪ પ્રીછવા સરખું છે. આવો વ્યત્યય મધ્યકાલીન કવિતામાં મળે છે.
૫૫ ટોળ-મશ્કરી. (જૂની ગુજરાતીમાં ટોલ = ઘર, નિવાસ. પણ તે પુંલિંગ છે.)
૫૬ જે ઉપમા તેમ જ ગુણને વટે-ઓળંગે તે અવર્ણ્ય છે. વાણ-વાણી.
૫૭ લએ-હોઠે (છયે પ્રતનો પાઠ).
૫૮ લગે-ને કારણે. વગે-ઠેકાણે પડશે.

હું પૂરણબ્રહ્મ ચૈતન્યઘન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક.
અખા સમજ્યો તે અણચળ્યો, જેણે એ મારગ અનુભળ્યો. ૫૯

મનશું વાત વિચારી અખે, જ્ઞાની તે જે માયા ભખે,
નાઠો છૂટે નહિ એ થકી, જ્યમ અળગી નહિ છાયા દેહથકી.
જે આશ્રમ દરશનને ગ્રહે, રસબસ થઈ માયા ત્યાં રહે. ૬૦

ભેદુ માયા સમૂળી ગળે, સામું ટાળે ને પોતે ટળે.
આપાપર ટળતે ઊગરે, સહેજ લક્ષ તેમાં સ્થિત્ય કરે.
અખા જીત્યાનું ન ધરે માન, જીત્યો હારે ઝાલે કાન. ૬૧

મહા-ઠગણી માયા પાપણી, જ્યમ સેવંતાં ડસે સાપણી.
સિધ્યને કાજે યોગીજંન, થાવા અજરામર કરે જતંન.
તેને મંત્ર અઘોર ખવરાવે નર્ક, પણ અખા ન દેખાડે આતમઅર્ક. ૬૨

દેહ ઇન્દ્રિય ગુણનાં સર્વ કૃત્ય, દીસે માયા કરતી તર્ત,
તે કાં શિર તાણી લે અખા, માનીનતાનો ચઢશે કખા'.
એ સર્વ જાણો ભૂતવિકાર, સમજ્યે સહેજે પામે પાર. ૬૩

અખા જીવ તણી એ વજા, અજને ઠામે પૂજે અજા.
ઇન્દ્રિયગ્રાહ્ય નહીં હરિલિંગ, અને જીવને જોઈ એ નાનારંગ.
રંગઢંગ માયામાં ઘણા, તેણે સહુ કો સેવક માયા તણા. ૬૪

---

૫૯ સાંખ્યમાં ગણાવેલાં ચોવીસ તત્ત્વ.

૬૦ ભખે-ભક્ષ (નાશ) કરે, ખાય. બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમ અને છ દર્શન.

૬૧ ભેદુ-ભેદ(રહસ્ય) જાણનાર, જ્ઞાની. 'જીત્યો' માન્યું એ જ હાર, માયાએ કાન ઝાલ્યો.

૬૨ જતંન-યત્ન, અઘોર પંથના મંત્ર ભણીને. અર્ક-સૂરજ.

૬૩ કખા'-કષાય, મેલ, વિકાર.

૬૪ વજા-સમજ, બુદ્ધિ. અજને૦-આને ઠેકાણે તે પૂજે છે, અજ-બ્રહ્મને સ્થાને અજા-માયાને પૂજે છે.

સહુ કોની માયા છે માત, મળવા ન દે કેને તાત.
પિતા તણું વદન જે જુએ, તે ફરી માતાને ખોળે નવ સૂએ.
તાત ભજંતાં આડી થાય, તેણે અખા સહુ માયાના ગુણ ગાય. ૬૫

મુક્તિ વાંછવી એ જ બંધન નામ, જ્યમ ઘડી માપ લે પરઠચો જામ.
વસ્તુ અમોઘ; ઇન્દ્રિય ગુણ વૃત્ય–એ માયાની જાણો સંસૃત્ય.
અખા વિચાર્યે ત્યમનું ત્યમ, એ તો સમજે જો હોય ગુરુગમ. ૬૬

જ્યમ સર્પે નર સમણામાં ડસ્યો, તે દેખે વેષ મરતકના જશો.
મણિ મંત્ર મેલી ઔષધિ, મૃત્યુ પામ્યો બહુ કરતાં વિધિ.
સર્પ મંત્ર ઔષધ ઉપચાર, જાગ્યે અખા ટળ્યો સંસાર. ૬૭

અખા સર્વ માનીનતા-ભેદ, માનીનતાને વિધિનિષેધ.
બંધ મોક્ષ ચૈતન્યને કશા? જોતાં દેહની જડ છે દશા.
એ તો વિચાર વિના અંધેર, જ્યમ દીસે ફરતું ફરતાં ફેર. ૬૮

માનનહાર શોધ્યે નવ જડે, વણસમજ્યે ભવ ભમવું પડે.
જ્યમ પડછંદો નર માન્યો નરે, જ્યમ બોલે ત્યમ ઉત્તર કરે.
મૂળ તપાસી જોયું અખે, એ મારો જ ભ્રમ સ્ફુર્યો મુજ વિખે. ૬૯

અણુલિંગી કળ જ્ઞાને કથી, જ્યમ માંહે બ્હાર ચસમાને નથી.
તો તેજબલ પોષે આંખને, જોજો ભેદ યોગસાંખ્યને.
કહેતાંમાં તે સમજી જશે, અખા જેને શિર ગુરુનો કર હશે. ૭૦

---

૬૫ તાત–બ્રહ્મ.

૬૬ પરઠચો–ઠરાવેલો–નક્કી કરેલો જામ–પ્યાલો (કાણાવાળો, પાણી ભરેલો) ઘડી-ઘટિકાનું માપ લે છે. વસ્તુ (પરમાત્મતત્ત્વ) તોઅમોઘ–નિષ્ફળ ન નીવડે એવી છે. સંસૃત્ય–સંસૃતિ, સંસાર. ગુરુગમ–ગુરુએ બતાવેલી ગતિ, આપેલી સૂઝ.

૬૭ વેષ–દેખાવ. મરતક–મરેલ. જશો–જેવો.

૬૮ ફેર–કુદરડી ફરતાં

ક્ષમા અંગ

કિલ્વિષ જન્મ કોટિનાં જાય, જેના નામ તણો મહિમાય.
એવા નામ તણો જે ધણી, તેની મોટમ જોતાં ઘણી.
તેની ભક્તિ કરે ઓળખી, એ સમજ્યે અખા નર સુખી. ૭૧

જે બોલે ચાલે ને સાંભળે, કરતો થકો કેમાં નવ ભળે.
નર નારી નપુંસક લિંગ, જલચર સ્થલચર ખેચર અંગ.
કર્તા હર્તા ભર્તા જેહ, અખા ભક્ત તે જે જાણે એહ. ૭૨

પૂજ તેને સમજી ઓળખી, જે વચને વચને ટાળે દુઃખી.
નરવેષે હરિ પૂરણબ્રહ્મ, જે જુક્તે કરી સમજાવે મર્મ.
ગુણાતીત ગુણ અંગીકરી, આપે અખા સમજાવે હરિ. ૭૩

પૂજંતાં પ્રતિમા ગુણ સહેજ, પણ બોલતી મૂર્તિમાં હરિ છે જ.
જડ મૂર્તિ મુખ બોલે નહીં; ચૈતન કહે, તુજ સેવા સહી.
પિંડ ન જોયેશ, જોજે વસ્ત; અખા મળે હરિ હસ્તેહસ્ત. ૭૪

અખિલ જગત મૂર્તિ રામની, તેમાં જ્ઞાનીની મૂર્તિ તે છે કામની.
જડથી ચૈતન્ય મૂર્તિ ભલી, પણ જ્ઞાની મૂર્તિ સર્વે ઉપલી.
કારણ તેનું એક વિશેષ, અખા હું ન મળે જ્યાં શેષ. ૭૫

કોટિ વરસ પ્રતિમા પૂજજે, જ્ઞાનીમૂર્તિમાં પામેશ વજે.
પોતા સરખો હરિજન કરે, મોટું માતમ જ્ઞાતા ધરે.

---

૭૧ કિલ્વિષ-પાપ. એવો જેના નામનો મહિમા છે. કરે-કર.

૭૨ કરતો છતાં. ખેચર-ખ(આકાશ)માં ચરનાર, પંખી.

૭૩ જુક્તે-યુક્તિએ. આપે-પોતે.

૭૪ ચેતત મૂર્તિ તો કહે છે: તારી સેવા સહી-બરોબર છે. (સર૦ ૫ નું પાઠાંતર,) હસ્તેહસ્ત-હાથોહાથ.

જડ ચૈતન્ય ગમે તે પૂજ, અખા સેવન તેવી સૂઝ. ૭૬
પૂજાનો એ ભાળે ભેવ, જે પૂજી નીપના શુકદેવ.
જનક વિદેહી સેવ્યા દ્વિજે, તો જ્ઞાનીની બેઠા ધ્વજે.
અખા જ્ઞાનીનો મહિમા ઘણો, ઈ શેઈશ રખે કોઈ ગણો. ૭૭
દીસે સહુ સરખા વરતતા, ખાતા પીતા મરતા જતા.
એક અધિકતા જ્ઞાની ધરે, હરિશું વૃત્ય સ્વતંતર કરે.
અખા તે વૃત્યમાં બહુ ભાવ, જ્યમ જળને ભાર તર્યું જાય નાવ. ૭૮
જેની ભક્તિ એકયાશી પૂરણ થઈ, બ્યાસીમે બુધ્ય આવી રહી.
તેવો ભક્ત જ્ઞાનીને ભજે, જેને નવની કાસળ નવ રહે રજે.
પંચ કરે તે સહુ કો કરે, પણ અખા એ વિરલા મન ધરે. ૭૯
સોળે અંશે હરિ જ્ઞાનીને રદે, જેની વાણી બીજું નવ વદે.
જ્યમ અગ્નિથી દીવો થયો, તે દીવામાં દાવાનળ રહ્યો.
તે માટે હરિજન સ્વેં હરિ, અખા રખે કો પૂછો ફરી. ૮૦

તીર્થ અંગ

તીરથ કોટિ હરિજનને ચરણ, કૃપા હશે તે જાશે શરણ.

---

૭૬ વજે–('વજે=મહેસૂલ, ગણોત' ઉપરથી) મળતર; (અથવા 'વજે=વિજય, ફતેહ' ઉપરથી) સફળતા; પણ ૬૪અ માંનો 'વજ્ત–સમજ' અર્થ હોવા સંભવ છે.

૭૭ ભાળે–તું ભાળ, સમજ. ભેવ–ભેદ, રહસ્ય, મર્મ. નીપના–નીપજ્યા. ધ્વજે –ધ્વજને ઠેકાણે, મોખરે. ઈ શેઈશ–બધાને સરખા ઈશ–પ્રભુ–સ્વામી ન ગણવા એવા ભાવાર્થની કહેવત લાગે છે. (?)

૭૯ સગુણની નવધા ભક્તિના એકયાસી પ્રકારથી પર બ્યાસીમી નિર્ગુણની ભક્તિ. નવની–નવધા ભક્તિની. કાસળ–આડખીલી, પીડા. એ–બ્યાસીમી ભક્તિ જેવી વસ્તુ.

બારે કાળ હરિજનને રુદે, હરિ બોલાવે તે જન વદે.
મહામોટો હરિજન પરતાપ, અખા ગાય હરિ આપે આપ. ૮૧
જો મુક્તિ વાંછે માનવી, તો એ કાશી ને એ જાહ્નવી.
પ્રગટ મુક્તિ આપે હરિદાસ, હરિ દેખાડે સર્વાવાસ.
અખા નહીં ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી. ૮૨
રામ રડવડતાં કેને મળ્યો ? ઘેલો ને ઘરસુખથી ટળ્યો.
હું-મારું ખોયા-શું કામ, મળે અખા ઘેર બેઠાં રામ.
હરિ-વણજાણ્યે ખેપન કાળ, ધોયે હીર ન થાયે વાળ. ૮૩
છળ નિંદા જો નવ વીસરે, તો ખડિયો ખાંધ ને શું નીસરે ?
મન જાણે હું પાવન થયો, પણ રેખે દોષ પહેલો નવ ગયો.
અખા પડી એ ઠાલી વેઠ, જો ન લાધી હરિની ઠેઠ. ૮૪
હેતેશું હરિજનને મળે, મૂકી માન મારગમાં ભળે.
હરિની તું પ્રીછી લે પેર, પછે ફરે બહાર કે બેસી રહે ઘેર.
અખા જાન ન જોયે એ હાડ, દહીં મથી ઘી અળગું કાઢ. ૮૫
એમ સમજે તે પામે પાર, હરિથી બીજો તે સંસાર.
તપ ત્યાગ કરી તીરથ કેર, કે વનિતા વેઠી રહેજે ઘેર.
એ કાળાધોળા બેઉયે કેશ, અખા હરિ જાણી બેય રેશ. ૮૬

---

૮૧ જન–'હરિજન'ના અર્થમાં (આગળ પણ). આપે૦–પોતાની મેળે પોતાને.
૮૨ સર્વાવાસ–સર્વ ઠેકાણે રહેતા.
૮૩ ખેપન કાળ–કાળક્ષેપ. ખેપન–વિતાવવું તે. વાળ ધોવાથી હીર ન થાય.
૮૪ ખભે ખડિયો (ઝોળો) લઈ તીર્થાટને શા માટે નીકળે છે? રેખે–જરીક પણ. ઠેઠ–છેડો, અંત, મુકામ.
૮૫ મળે, ભળે, ફરે–આજ્ઞાર્થ. હાડોહાડ એ ન જોવાથી–અનુભવવાથી જાન-હાનિ છે.
૮૬ કેર–તું કર. સ્ત્રી (આદિ સંસાર) વેઠી ઘેર ગૃહસ્થાશ્રમમાં રહેજે. હરિને જાણવાથી બંને રીતે રહી શકીશ ?

લોભે લોકવડાઈ તણે, જ્યમ ઉંદર કાજે ડુંગર ખણે.
આગળ એક રીઝવવું મંન, તેને કાજે બહુ જતંન.
અખા શું છે કીધે થવા ? જ્યમ વ્યસની ચાલ્યો ખાવા હવા ! ૮૭

જે કર્તવ્ય મોટા આદરે, તે કરતા દેખી સહુ કો કરે.
માયા મન નિરંતર સાવ; સહુ બેઠા, પણ એક જ નાવ.
અખો તેહને મોટા વદે, જેને રામ રમે છે રદે. ૮૮

ધને, તને, કો મોટા કુળે, કો વિદ્યા કો ખાંડાબળે.
એ મોટમ સઘળી જાયે ટળી, જ્યમ આતશબાજી પલકે બળી.
અખા કારણ વિના વડપણ તે વડું; જ્યમ સ્વલ્પમૂલ્ય તારે તુંબડું. ૮૯

પ્રતિ ન મળે તે વસ્ત અમૂલ, મળે જોડ તો ભાગે ફૂલ.
કો શૂરા કો દાતા દયા, કો તપસી સત્યવાદી થયા.
સહુને જોડ અધિક પણ મળે, પણ અખા વસ્તુને સહુ કો તળે. ૯૦

સાચી વાત ન માને રગે, સહુ લાગ્યા માયાની ઠગે.
પ્રત્યક્ષ દેવ પોતામાં વસે, અને મૂરખ સામો જાણી ધસે.
જ્યમ છે ત્યમ ન શકે ઓળખી, તો અખા શી પેરે થાશો સુખી ? ૯૧

ચૂસે અસ્ત શ્વાન મહાદુખે, નીસરે રુધિર પોતાને મુખે.
રાતો રંગ દેખી મકલાય, પણ કારણ પડિયું પોતામાંય.

---

૮૮ મંન-મનમાં (મૂળ 'મન્ય' સપ્તમી છે).

૮૯ મોટાઈના કારણરૂપ લક્ષણ વિનાનું વડપણ તે વડું, જેમ સોંઘું તુંબડું તારવા સામર્થ્ય ધરાવતું હોય છે.

૯૦ પ્રતિ-જોડ, સમોવડિયું, સરખું. ફૂલ-ફુલાશ, પતરાજી (પાઠાંતર 'ભૂલ'). બધા અમૂલ વસ્તુ(બ્રહ્મ)ની તળે છે, કોઈ તેની સમાન નથી.

૯૧ રગે-(૧) રગવાથી, કાલાવાલા કરવાથી; (૨) હઠને લીધે (સર૦ : રગે ચઢ્યો છે). ઠગે-ઠગામણીએ.

સઘળે રચાણું તારું મંન, અખા ગમે ત્યમ કરે જતંન. ૯૨

શબ્દ તણી માંડી છે જાળ, ચાળા કરે છે માયાકાળ.
ચણ મૂકે માંય ફલકામના, મોહ્યા પશુ પડે દામચામના.
ત્રણ ભુવનમાં એક પારધી, અખા કો ઊગરે સારધી. ૯૩

જ્યારે ઊપની મન કામના, ત્યારે ફેર પડ્યા ગામના.
સહેજે નર થાયે નિષ્કામ, તો નથી લેવા જાવો રામ.
જ્યમ સૂર તળેથું વાદળ ટળ્યું, અખા ધામ દીસે નિરમળું. ૯૪

અર્થ સમજ્યે છૂટે અનરથ, જ્યમ અળગો છોડી નાખ્યો રથ.
કટકે નામ જૂજવાં અહીં, પણ વહેલ વચેથી દીસે નહીં.
એમ અખા દેહ ગુણવ્યાપાર, વસ્તે તું રાખે નિરધાર. ૯૫

સ્વામીનું પદ સર્વાતીત, જો કોઈ સમજે આતમરીત.
જ્યમ ચુંબક દેખી લોહ ચેતન થાય, પણ ચુંબક ત્યમનો ત્યમ છે પ્રાય.
ત્રણ ગુણ ત્યમ છે દેહવ્યાપાર, અખા આતમ આપ વિચાર. ૯૬

સર્વાતીત અંગ

દેશકાળનો મહિમા કર્મમાં, પણ ભાવભેદ નહિ પદ પર્મમાં.
સતજુગ ત્રેતા દ્વાપર કલિ, જ્યમ લઘુ દીર્ઘ હસ્તે અંગુલિ.
અખા હાથ ચૈતન્ય ત્યમ એક, એમ સમજવો વસ્તુવિવેક. ૯૭

---

૯૨ મકલાય–મલકાય, ખુશ થાય. રચાણું–વ્યાપ્યું, તલ્લીન-તદ્રૂપ બન્યું.

૯૩ ફલકામનારૂપી ચણ. દામચામ–કંચનકામિની. સારધી–સાર સમજનારી જેની બુદ્ધિ છે તેવો.

૯૪ મન ('મન્ય')–મનમાં. સૂર–સૂરજ.

૯૫ વસ્તે–વસ્તુએ, ૦ને વિશે. રાખે–તું રાખ. નિરધાર–નિશ્ચય.

૯૭ જેમ હાથ એક છે તેમ ચૈતન્ય એક છે.

હીંસેશ મા જુગમહિમા સુણી, અદકો ઓછો નહિ કહીં ધણી.
જુગજુગના જૂજવા વર્તમાન, ક્યારે તપ યજ્ઞ ને ધ્યાન;
અખા એ માયાવિસ્તાર, ચારેના ઉદરમાં ચાર. ૯૮

મુક્તિ બંધ નહીં જુગ માટ, એ તો અણજાણ્યા જીવ બાંધે ઘાટ.
જ્યારે સાઠસહસ્ર સગરના તંન, થયા અવગતિયા, પામ્યા પતંન,
ત્યારે અખા કળિજુગ ક્યાં હતો ? એ બારે કાળ માયાનો મતો. ૯૯

અચાનક જ્ઞાન ઊપજે એમ જાણ, કાંઈ દેશકાળનું નહિ પરમાણ;
–જ્યમ અકસ્માત્ ફળી આંબલી, એકે રાતે ફૂલી ફળી.
(–જ્યમ અકસ્માત્ હોય પર્જંન્ય, રત ક-રત નહિ મેઘને મંન.)
વય વર્ણ દેશકાળ જ કશા ? અખા જ્ઞાનની મોટી દશા. ૧૦૦

ધર્યા અવતાર ચોવીસે વિષ્ણુ, તેમાં પૂરણબ્રહ્મ તે કહાવ્યા કૃષ્ણ.
તેથી બળિયા બીજા હતા, માનવ દાનવ બહુ દેવતા.
છતે પિંડે કૈવલ્ય કૃષ્ણ રહ્યા, અખા અધિક તે તેણે કહ્યા. ૧૦૧

કૈવલ્યને આધારે સહુ, બ્રહ્મા વિષ્ણુ મહેશ જ બહુ.
તેમાં સહુ થાય રહે જાય, પણ અધિકી ઓછી વસ્તુ ન થાય.
તું તદ્રૂપ વિચારે અખા, બાકી શબ્દ સઘળા મોરખા. ૧૦૨

ચેતના અંગ

વારવાર માનવદેહ નથી, જો પામ્યો તો ચેતે ઘેરથી.
જ્યારે જર્જર થાશે અંગ, ઇન્દ્રિય મૂકી જાશે સંગ,

---

૯૮ હીંસેશ-હર્ષ પામીશ. કોઈમાં તપનું મહત્ત્વ, કોઈમાં યજ્ઞનું...
૯૯ યુગને લીધે બંધન નથી. ચારે યુગમાં માયાસિદ્ધાન્તથી બંધન.
૧૦૦ રત ક-રત, સાચીખોટી ઋતુ. પર્જંન્ય-વરસાદ.
૧૦૨ વિચારે-વિચાર. મોરખા-મોં સાચવવા પૂરતા.

ત્યારે અખા જપમાલા ગ્રહે, પણ ભાગે ઘડે પાણી કયમ રહે? ૧૦૩

તા મેલે જ્યમ લોઢા તણો, ઘા અગ્નિ કહીં થોડોઘણો.
તકે તક થૈ આવે કાજ, જો હાજર રાખે સઘળો સાજ.
એમ અખા પરમેશ્વર ભજે, પડચે મને કાંઈ નવ નીપજે. ૧૦૪

અવસર ચેતે તે નર ભલો, શૂરો જ્યમ ઝૂઝે એકલો.
ભાથી ત્યમ સાચા હરિજંન, મનમાં નાણે તન ને ધંન.
જ્યમત્યમ કરી સારે નિજ કાજ, અખા જાઓ કે રહેજો લાજ.૧૦૫

વૃદ્ધ થયો વંઠ્યું મનતંન, ઉપાય ટળ્યો ને ખૂટ્યું ધંન,
ત્યારે ધર્મ સાધવા જાય, જ્યારે કોહ્યા કાપડશો દેહ થાય.
અખા ભજી ન જાણ્યો નાથ, ચારે પડિયા ભોંયે હાથ. ૧૦૬

હરિ ભજતાં જોઈએ હેતપ્રીત; માંહે આતુરતા,-સંતની રીત.
સદ્‌ગુરુનું શરણ ગ્રહેવું ખપે, હરિને કાજે મન બહુ તપે:
તે નર હરિને પામે વેદ, અખા એ ભજવાનો ભેદ. ૧૦૭

આરત વિના ભજ્યે શું હશે? પીતળ સોનામાં કયમ જશે?
કે દુખિયો દુઃખ નિગમવા કાજ, કે સુખિયો રૂડી ચલાવા બાજ,
કથાકીર્તન બહુ કરતા ફરે, પણ અખા હાંસલ તે લેખે સરે. ૧૦૮

---

૧૦૩ ઘેરથી-ઘરથી, મૂળથી. સાતમી સિવાયની છ પ્રતો 'જપમાલી' (માલિકા) આપે છે.

૧૦૪ તા-તાપ. લોઢું ઘડવું હોય ત્યારે અગ્નિ, ઘણ વગેરે સામગ્રી તૈયાર રાખવી જોઈએ, તાતે લોઢે (તકેતક) ઘા કરી શકાય.— આવો અર્થ લાગે છે.

૧૦૫ અવસર-અવસરે. ભાથી-બહાદુર યોદ્ધો. ૧૦૬ વંઠ્યું-વણસ્યું, બગડ્યું.

૧૦૭ ગ્રહેવું ખપે-લેવું ઘટે. વેદ (અવ્યય)-નિશ્ચયપૂર્વક.

૧૦૮ નિગમવા-કાઢવા. કે સુખિયો (૧ 'નવરો'). બાજ-બહારની કરણી રૂડી દેખાડવા માટે. હાંસલ-પ્રાપ્ત, લાભ, પરિણામ. સરે-અંતે. લાભ શો ખાટ્યા તે તો છેવટને લેખે-ગણતરીએ છે.

આતુરતા આણી આરાધ, સન્મુખ થઈ સદ્ગુરુને સાધ.
સદ્ગુરુ મળે તો સહેજે તરે, સમજ વિના સહુ ફેરા ફરે.
હરિ વિના ફોકટ ફાંફાં જાણ, અખા રામ નોહે પાણીપહાણ. ૧૦૯

કૃપા અંગ

પૂર્ણબ્રહ્મ પ્રીછેવા કાજ, નવધા ભક્તિ વૈષ્ણવનો સાજ.
જ્યમ કશી વસ્ત કનેથી પડી, કોને બહુ આદર કરતાં પાછી જડી;
તે અલ્પ આદરે જો આવે હાથ, તો અખા કામ શું શોધ્યા સાથ? ૧૧૦
હરિમણિ કંઠ પોતાને મૂળ, તે પડ્યો જાણી બહાર ચાળે ધૂળ.
ત્યાં કર્મકાચની કણિકા જડી, તેણે વ્યસને લાગ્યો મારે હડી.
અલ્પ પ્રાપ્તિ ને અતિ આયાસ, પણ અખા ન જાણે આતમપાસ. ૧૧૧
હરિની ઇચ્છાએ હરિ મળે, તે અખા અંતરથો ગળે.
જનક ખટ્વાંગે ક્યાં નવધા કરી? વિચાર કરતાં પામ્યા હરિ.
કૃપા-હરિહસ્તણીશું કાજ, ઢોળે કળશ તો પામે રાજ. ૧૧૨
સાત દિને પરીક્ષિત રાજાન ભ્રમ ગયો ભેટ્યા ભગવાન.
બીજા બહુ બેઠા ત્યાં હતા, શુકના મુખની સુણતા કથા.
તે તેવાના તેવા રહ્યા, અખા હરિની જોઈએ મયા. ૧૧૩
અખા કામ છે સમજ્યા સાથ, પણ કૃપારૂપણી જોઈએ આથ.

---

૧૦૯ પાણીપહાણ–તીર્થસ્નાન કે પથ્થરની મૂર્તિની પૂજા.

૧૧૦ આદર–આરંભ, પ્રયત્ન.

૧૧૧ કંઠ–કંઠે. કર્મરૂપી કાચની. હડી-દોટ. જાણતો નથી કે આત્મા તો કને છે, અથવા આત્માનો સ્પર્શ પામતો નથી.

૧૧૨ અ (સર૦) यमेवैष वृणुते तेन लभ्यः (ઉપનિષદ). હરિકૃપારૂપી હાથણી.

૧૧૩ કથા. ભાગવતની. મયા–હેતમાયા, દયા.

બીજો સઘળો દેહવ્યાપાર, જન્મમરણ ન ટળે સંસાર.
કૃપા સમજને અર્થે સર્વ કૃત્ય, જો ઊપજે તો પામે તર્ત. ૧૧૪

વણસમજ્યે સબળો સંસાર, સમજ્યે સમૂળો જાયે ભાર.
જ્યમજ્યમ સાચું માને જંન, ત્યમત્યમ વાધે દનેદંન.
અખા પ્રેત જ્યમ બીહાને ખાય, પણ ધીરજવાન તે કુશલો જાય. ૧૧૫

એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ.
જ્યમજ્યમ અધિકું ખાતો જાય, ત્યમ અંગે અક્કલે હીણો થાય.
જો મૂકે તો મૂકે સરે, નહિ તો અખા તે ખાતો જ મરે. ૧૧૬

ત્યમ એ ભોગ તણો સંસાર, જીર્ણ થયા તે પડિયા આહાર.
નવાં નીપજે ત્યમ લાગે સ્વાદ, તો કયમ જાય એ ભવની વ્રાધ?
–અખા ખસ જ્યમ સંસાળ્યે થાય, અને ઘસી ફેડી સમૂળી જાય. ૧૧૭

જાય સમૂળો ત્યમ સંસાર, કરતાં આતમતત્ત્વવિચાર.
અન્ય ઉપાયે નથી એ જવા, સામા બંધ બંધાયે નવા.
કર્મ કરંતાં નાવે છેક, અખા વિચાર્યે રહે તે એક. ૧૧૮

ધીરજ અંગ

બ્રહ્માદિક નવ પામ્યા પાર, એમ જાણી ખાશો મા હાર.
અગમઅગોચર સહુને હરિ, બ્રહ્મા-કીટ લગે માયા આવરી.

---

૧૧૪ આથ-પૂંજી. જો કૃપા ઊપજે તો તરત સમજ પામે.

૧૧૫ બીહાને–બીધેલાને. કુશલો–ક્ષેમકુશળ, સલામત.

૧૧૬ સરે–અંતે.

૧૧૭ વ્રાધ–વ્યાધિ. ('ર'નો પ્રક્ષેપ. 'વરાધ' પ્રચલિત છે.) સંસાળ્યે–ચચવાળ્યે.

૧૧૮ ૧૧૭ઊ અને ૧૧૮અનો કુંડળિયો. છેક–છેડો.

અખા હરિ જો મળનારા થાય, તો ન ગણે નીચઊંચ રંકરાય. ૧૧૯
કુળ અધિકાર અધ્યયન ચાતુરી પાપ મૂર્ખતા ન જુએ હરિ.
જ્યમ વાની વળણે લાગે લાય, પણ ડાબું જમણું ન ગણે વાય.
ત્યમ ઊંચનીચને ન ગણે નારા'ણ, અખા એમ ખરારે જાણ. ૧૨૦

સૂઝ અંગ

સમી સૂઝ સૂઝે, ત્યાં રામ; સૂઝ વિના સહુ ચાંપ્યા મામ.
સૂઝે દુ:ખનું સુખ નીમડે, સૂઝ વિના જ્યાં ત્યાં આથડે.
અખા સુઝાળો તે નર હરિ, જ્યાં અણલિંગી સૂઝ આવી ખરી.૧૨૧
સૂઝે ભજવાતજવા નથી, રાજ્ય કરે કે ભીખ ઘેરથી.
દુખસુખ કાળે આવે જાય, પણ સુઝાળો તે ધણી ન થાય.
અખા સૂઝવો'ણાને હાણ, રાજ્યે ભીખે ન ટળે તાણ. ૧૨૨
સુઝાળાને સરખું સદા, કારણ વિના પામ્યો તે મુદા.
ચારે જુગ સૂઝ આગળ ફરે, પણ જુગબળ તેને નવ આવરે.
સૂઝ વસ્તુ નિરંતર ભજે, અખા અચાનક જો ઊપજે. ૧૨૩
જ્યહાં હવી અણલિંગી સૂઝ, આપાપર વિના જે બૂઝ,
એકલમલ્લ અણલિંગી ઓજ, ચિદ્ અચાનક પામ્યો ચોજ.
તે સ્થળનો સાક્ષી તાં તે જ, અખા જેનું ગુણ પારે હેજ. ૧૨૪

---

૧૧૯ હારી ખાશો મા. આવરી-ઢાંકી રહી. ૧૨૦ ખરારે-ખરાખરી.
૨૧૨ ચાંપ્યા મામ-મમતને વળગ્યા. નીમડે-નીવડે.
૧૨૨ કરે-કર. ઘેરથી-ઘરથી-ઘરમૂળથી. ધણી-માલિક, આ મારું એવા ભાવવાળો. રાજ્યે૦-રાજ્ય કરવાથી કે ભીખ માગવાથી તાણ (ટેન્શન) દૂર નહીં થાય, સૂઝથી જ જશે.
૧૨૪ એકલમલ્લ જ્ઞાનીનું ઓજસ્ (તેજ-પ્રતાપ) છે કારણ કે...ચોજ-આશ્ચર્ય, ચમત્કાર. હેજ-હેત, પ્રીત.

નિર્ગુણમાં ગુણની ઉપાધ, જીવપણાની લાગી વ્યાધ.
ગુણી જીવને ગુણ સાચા રદે, તે ધ્યેયધ્યાતા સત્ય જાણી વદે.
પણ દ્વૈત રોગ લાગ્યો મન વિખે, અખા દ્વૈતપણું સમજ્યા પખે. ૧૨૫

સાધન લખિયાં વેદપુરાણ, અદ્વૈતની ઊપજેવા જાણ.
ધ્યેયધ્યાતા જાણેવા એક, નવધા ભક્તિનો કીધો વિવેક.
જ્યમ સાબુખારે પટ ઉજ્જ્વળ થાય, અખા ભક્તિવૈરાગ્ય દ્વૈત પળાય.

ચૈતન્યબ્રહ્મ સદોદિત સદા, સહેજ કલ્લોલ કરે છે ચિદા.
નાટક ચાલ્યું જાયે સદાય, કો કહે કર્મ ને કો કહે માય.
પણ એ એવાનું એવું અખા, વચે અણછતો જીવ કરે પક્ષપખા. ૧૨૭

અતિ જૂનું જેની નહિ આદ્ય, પણ કો કાળે પડે નહિ ખાધ.
નિત્ય નિત્ય થાતું જાયે નવું, પણ કો ન કહે જે મુજ આગળ હવું.
અખા વિચારી જો એહને, પણ વળગીશ મા થયા દેહને. ૧૨૮

જ્યારે જગત વિચાર્યું જને, તે ઊઠ હાથને ન રહે તને.
દીસે સ્વતંતર ભૂતમાંહે ભૂત, અદકું ઓછું નહિ અદ્‌ભુત.
અખા વિચાર વિના સંસાર, જો સમજે તો ઘરમાં પાર. ૧૨૯

જ્યમ જન કો ભૂખ્યો ઊંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો,
ભક્ષ કરે પણ માંહે ભૂખ, ઠાલીની ઠાલી રહે કૂખ;
ત્યમ અખા સઘળો સંસાર ત્રિગુણ ભોગ કરે છે આહાર. ૧૩૦

---

૧૨૬ નવધા–શ્રવણ, કીર્તન, સ્મરણ આદિ નવ પ્રકારની. પળાય–દૂર થાય.
૧૨૭ ચિદા–ચિત્‌સ્વરૂપે સહજભાવે કલ્લોલ કરે છે. માય–માયા. પક્ષપખા–જુદા જુદા પક્ષ (વાડા).
૧૨૮ આદ્ય–આદિ, શરૂઆત. એહને–બ્રહ્મને.
૧૨૯ તે–આત્મા. ઊઠ–૩॥. ભૂત–પંચમહાભૂત. ઘેરબેઠાં પાર આવે, મોક્ષ મળે.
૧૩૦ સંસાર ત્રણ ગુણરૂપી આહારનો ભોગ કરે છે.

પ્રત્યક્ષ મૂકી જુએ પરોક્ષ, કર્તવ્યને શિર મૂકે મોક્ષ,
સભર ભરાઈ રહ્યો છે નાથ, હીંડતાં વાજે જેને હાથ.
અખા ફેરવવું છે મંન, જો જાણે તો જાણે જંન. ૧૩૧

એમ જાણે તે હરિનો જન : જે મ્હારે પોતે ક્યાંથું મન?
દેહ તો હરિની ઇચ્છાએ થયો, અને અણછતો હું માંહે આવી ગયો.
તારું કર્યું ને તું છે નાથ, એમ જાણી અખા ઝાડક હાથ. ૧૩૨

અહંકાર-વિચારે કર્યો નિરધાર: આવો હરિસાગરનો જોઈએ પાર.
અહંકાર પાર કાઢવા ગયો, વિચાર વિચારી બેસી રહ્યો.
પાર કાઢંતાં અહંકાર પોતે ટળ્યો, વિચાર અખા વૃત્યે હરિ ભળ્યો.

મળે વિચારે તે હરિ ખરો, બીજાં સરોડાં કાં સાંભરો?
કૃષ્ણ-ઉદ્ધવનો એ નિરધાર, સ્વરૂપ મારું લહે સદ્‌વિચાર.
ગુણ ગુણને કાજે અવતરે, અખા દ્વૈત નોહે માહરે. ૧૩૪

જેને જગત માને હરિ કરી, તે કૃષ્ણે ગીતા ઉચ્ચરી :
અર્જુન મારે નહિ અવતાર, એ તો ગુણ ગુણશું વર્તે નિરધાર :
મારા ને હું બે તાં નહીં, તે શકે અખા મુજ લહી. ૧૩૫

હરિના હોય તે હરિને લહે, બીજા હરિની મોટપ કહે;
જ્યમ સાગરઉદર માંહેલો મર્મ માલમ જાણે જે કુલધર્મ.

---

૧૩૧ કર્તવ્ય મોક્ષ અપાવનાર છે એમ માને છે. વાજે-વાગે. જંન-હરિજન.
૧૩૨ એમ જાણી હાથ ખંખેર, મુક્ત થઈ જા.
૧૩૩ અહંકાર અને વિચાર-એ બંનેએ. વૃત્યે-વૃત્તિથી.
૧૩૪ સરોડાં-જુવારબાજરીના સાંઠા. સાંભરો-ભેગા કરો.(સર૦ : સુરતી પ્રયોગ-'દાણા સાંભરી લેવા.') કૃષ્ણે ઉદ્ધવને ઉપદેશ આપ્યો તેનો.
૧૩૫ મુજ-મુજને.

બીજા જળ વડે કરે વ્યાપાર, અખા જ્ઞાની લહે નિરધાર. ૧૩૬

કો હરિસેવક ને કો હરિપુત્ર, કુંવરનું બાંધ્યું ઘરસૂત્ર.
સેવકને જાણે નિજ દાસ, આપે અન્ન ને રાખે પાસ.
આત્મજ તો છે એક આતમા, ત્યાં અખા કોની શી તમા? ૧૩૭

તાતપરજમાં તાણાતાણ, સહજમાં નહીં વૃદ્ધિ ને હાણ.
સહજ તે સ્વે હરિનું રૂપ, તાતપરજ તે જીવસ્વરૂપ.
અખા તે માટે સહજ જ સાર, ચૈતન્ય પરમેશ્વર નિરધાર. ૧૩૮

માયા મૂકેશ મા, તું ખા; પછે નવરો થઈને સૂઈ જા.
મરતાં પહેલો જાને મરી, પછે જે રહેશે તે હરિ.
અખા જે કરીશ તે માય, અંધારું નાઠે ક્યમ જાય? ૧૩૯

સહેલો પામીએ સામું હરિ, જ્યમ અણહાલ્યું જળ રહે નીતરી.
ત્યાં કર્મરૂપિયાં ઘાલ્યાં ઢોર, મેલું મન અંધારું ઘોર.
અખા જીવનો અવળો ન્યાય, મેલું મેલું સૂકી જાય. ૧૪૦

ઉન્મત્ત મનને યોગ સાધવો, જે કર્મઓઘ કરે નહિ નવો;
જ્યમ છૂટી ધેનુ મારતી ફરે, તેને અંધારે બાંધ્યે ટેવ વીસરે.
અખા તે જાણી કર્યો ઉપાય, ત્યાં સિદ્ધિરૂપિણી લાગી બગાઈ. ૧૪૧

---

૧૩૬ ઉદર–પેટાળ. માલમ–ખારવો, ખલાસી.
૧૩૮ તાતપરજ–તાત્પર્ય. (તાત અને પરજ–પ્રજા એવા અર્થ માટે ૧,૩,૭ ના–તાત્પર્ય–પાઠને લીધે અવકાશ નથી)
૧૩૯ માયાને છોડીશ નહિ, એને ખા–એનો નાશ કર. નાઠે–નાસવાથી.
૧૪૦ સામું–સામે.
૧૪૧ ઉન્મત્ત મન નવાં કર્મનો ઓઘ (સમૂહ) ન કરે તે માટે યોગ સાધે, જેમ મારકણી ધેનુને અંધારે બાંધે.

એક જ્ઞાની, બીજા સાધનવંત, બેઉનો લક્ષ મળે નહિ તંત.
જે સ્થિતિ બાંધી સહુ સાધન કરે, અને અચચ્યું આપ તજ્ઞઉચ્ચરે.
જ્યમ અનલ અવની નાવે કયમે, અખા ભૂચર ભૂ ઉપર શમે. ૧૪૨

મહાલક્ષ અંગ

તત્ત્વમસિપદ કહાવે ત્રણ, વેદે જેનું કર્યું વિવરણ.
કૈવલ્ય, ઈશ્વર, ત્રીજો જંત, તેને જાણે પંડિત સંત.
જ્યુક્ત ભલી સમજાવા મંન, એહ અખા અધ્યારોપ અન્ય. ૧૪૩

જ્યમ છે ત્યમ રહી શકતો નથી, જીવને ટેવ પડી ઘેરથી.
અંતરભૂત પરેરે માય, સંકલ્પવિકલ્પ મન કરતું જાય.
અખા એ બીજો અહંકાર; આપ નહીં, તો નહીં સંસાર. ૧૪૪

થયું નહોતું, હવડાં નથી થવા, રહ્યા સંકલ્પ ઊપજતા નવા.
નિયંતા ઈશ્વર, હું નિર્મિત જીવ, મારે પુરાતન કર્મ સદૈવ,
એમ કે'વાને કો નવ રહ્યો, જ્યારે અખા ભ્રમ મૂળગો ગયો. ૧૪૫

અંતરે ઊપજ એ મોટી બલા : હું ભૂંડો ને હરિ તે ભલા.
એ બે આરોપણ બેને વિખે, એને વેદ માયા કરી લખે.
અખા ઊપજતું રહે એહ, પ્રાયે જાણે કૈવલ્ય તેહ. ૧૪૬

અદબદમાં ઊપજે તે જીવ, તે જીવનો કલ્પ્યો ઈશ્વર સદૈવ.

---

૧૪૨ તંત-તાંતણો, કેડો. તજ્ઞ-તજ્જ્ઞ, તેનો જાણનાર, જ્ઞાની. અનલ-અગનપંખી.
૧૪૩ તત્, त्वम्, असि એ ૩ શબ્દ. જ્યુક્ત-યુક્તિ. અધ્યારોપ-ન હોય તેવા ગુણધર્મો કશાકમાં માનવા તે.
૧૪૪ પરેરે-પ્રેરે.
૧૪૬ હું ભૂંડો, હરિ ભલા, એવું થવું તે. લખે--લક્ષે, ઓળખે. જાણે-તું જાણ.

જ્યારે જંતે તપાસ્યું આપ, રજ્જુયે નહિ તો શાનો સાપ?
અખા ત્યમનું ત્યમ સદાય, બંધમોક્ષ વણસમજ્યા ગાય. ૧૪૭
વાત અલૌકિક અનુભવ તણી, પ્રપંચપારે રહેણુ આપણી.
જ્યમ પંખી ઓછાયો પડિયો જાળ, પણ પોતે ઊડે નિલગ નિરાળ;
અખા જ્ઞાનીની એવી કલા, વર્ત્યા જાય તે ઉપરછલા. ૧૪૮
અખા સમજ તે સાધનરાજ, બેઠાં બેસાર્યાં સીઝે કાજ.
જ્યમ નર નૌકામાં આસન કરે, બેઠો બાધી પૃથિવી ફરે,
કાયકલેશ કરવો નવ પડે, ત્યમ સુખ સમજમાં સર્વે જડે. ૧૪૯
સૂઝ વિના સઘળાં સાધન, વાધે અધિકાં દનેદન.
જ્યમ ઘાણીનો બળદ ઘરમાં ફરે, દશ ડગમાંથો થાકી મરે;
એમ અખા સઘળો સંસાર, સમજ વિના ન પામે પાર. ૧૫૦

વિશ્વરૂપ અંગ

આળા ચર્મ કેરાં બહુ રૂપ, નટ દેખાડે ભાત અનુપ.
છામખેડામાં બેઠો છપી, રમી રૂપ પાછાં વળે ખપી.
ખેલ ચાલે જે દીપક વડે, તેને અખા કાંઈ નવ અડે. ૧૫૧
લક્ષચોરાશી ખાણે જંત, પડમાં નટ તે ઈશ્વર અનંત.

---

૧૪૭ અદબદ–અદ્ભુત, અલૌકિક; પરમતત્ત્વ. જુઓ 'શ્રી અખાજીની સાખીઓ' (સં. કે અં. ઠક્કર)માં ૩૬ મું 'અદબદ અંગ'. જીવનો૦–જીવે કલ્પેલો.

૧૪૮ રહેણુ–વર્તન. નિલગ નિરાળ–અલગ, ન્યારો.

૧૪૯ સાધનરાજ–સાધનોમાં શ્રેષ્ઠ. સીઝે–સિદ્ધ થાય. સમજમાં સર્વે સુખ મળે.

૧૫૧ ખેલ દેખાડનાર નટ અનુપમ ભાત–રૂપસૃષ્ટિ બતાવે છે. ખપી–નાશ પામી. છામખેડામાં–ચામખેડામાં, પેલી બાજુ સૂત્રધાર છુપાયો છે. સર૦ : શ્રી નવનીત પારેખના 'જાવા સુમાત્રાની લલિતકલાઓ' ('કુમાર' ઓગસ્ટ, '૫૮) એ લેખમાંથી નીચેનું વયાંગ–કુલિતનું વર્ણન :

"જાવાની છાયાનાટિકા તરીકે એ જગપ્રસિદ્ધ છે. એમાં માનવપાત્રો

દીપક તે પરમ ચૈતન્યબ્રહ્મ, જે વડે ચાલે ઈશ્વરકર્મ.
અખા એમ સમજી રહે જેહ, તેને નથી કો કાળે દેહ. ૧૫૨

પ્રભુ પામેવા મારગ એક, સદ્દગુરુશરણે જ્ઞાનવિવેક.
બીજા મારગ કોટાકોટ, સર્વ અહરા રહે ગુણની ઓટ.
અખા નૌકાના મૂષક જથા, તે વારપાર ન જાણે કથા. ૧૫૩

પાઠ નથી ભજવતાં, પરંતુ દરેક પાત્રની લાક્ષણિક આકૃતિ ચામડાના ટુકડા ઉપર ઝીણવટથી કાપી કાઢેલી હોય છે. આ ચામડાની સપાટ આકૃતિને ટેકવવા માટે તેની નીચે એક લાંબો અણીદાર સોયો હોય છે. જાવી ભાષામાં 'કુલિત'નો અર્થ ચામડું થાય છે અને તે ઉપરથી આ છાયા-નાટિકા-વયાંગ-કુલિતને નામે ઓળખાય છે.

"નાટચશાળાના પ્રાંગણમાં બારથી પંદર ફૂટ લાંબો એક સફેદ લંબચોરસ પડદો ઊભો કરવામાં આવે છે. પડદાને ચારે બાજુએ લાલ કિનાર હોય છે. પડદાની આગળ, ભોંય ઉપર એક કેળના વૃક્ષનું થડ લાંબું ગોઠવ્યું હોય છે...સૂત્રધાર (દલાંગ)...પાત્રોની ચર્માકૃતિ-ઓને પ્રસંગોપાત્ત પડદા સમક્ષ કેળના થડમાં ખોસે છે. દલાંગના માથા ઉપર જ એક મોટો તૈલ-દીપ લટકાવ્યો હોય છે જેનો પ્રકાશ સામેના સફેદ પડદા પર પડે છે. પ્રેક્ષકો તો પડદાની પેલી બાજુ પર બેઠા હોય છે અને તેઓ માત્ર પડદા આગળ ધરી રાખેલી ચર્મ આકૃતિઓના પડછાયા જોઈ શકે. આકૃતિને પડદાની પાસે અથવા સહેજ દૂર લઈ જવાથી દલાંગ પાત્રનો આકાર નાનોમોટો કરી શકે છે."

૧૫૨ ખાણ–ઉત્પત્તિસ્થાન. લખચોરાશી યોનિના જીવો દેખાય છે તે સંસાર-પટની પેલી બાજુ ઈશ્વરરૂપી નટ છે એને લીધે.

૧૫૩ કોટાકોટ–કોટિકોટિ, કરોડો. અહરા–આઘા. ઓટ–આડ, પડદો. નૌકાના૦–નાવમાંના ઉંદર. વારપાર–વારિની પાર(પાણી-સમુદ્રની પેલી બાજુ)ની.

વસ્તુ જાણવા સાધન કાજ આરોપી બોલ્યા કવિરાજ.
ફળ તેનું જ્ઞાનવિવેક, જ્યમત્યમ કરી હરિ જાણવા એક.
સમજી અખા સર્વ ધોઈ કાઢ, નહિ તો હરિમારગમાં થાશે આડ.

સ્વભાવ અંગ

સ્વભાવે નભ ઉલ્લસે સદા, જામે હિમપર્વત અદબદા.
ઘનઘટા વિના થાયે વૃષ્ટિ, એમ જ્ઞાતાને હોયે પુષ્ટિ.
ગળી પાલો ગંગા થઈ વહે, ત્યાં અખો શું સાધન કહે? ૧૫૫
નિરાધાર નાટક અટપટું, સ્વતઃસિદ્ધ દીસે સામટું.
ઉત્પત્ય સ્થિતિ લય સહેજે થાય, પ્રવાહ તણી પેરે ચાલ્યું જાય.
તેમાં આચાર્યે કીધી જુક્તિ, કલ્પ્યો બંધ ને માની મુક્તિ. ૧૫૬
દર્શનભેદ દાવા મત ઘણા, ગઢ બાંધી રહ્યા આપઆપણા.
એકએકપેં હૂંકી રહ્યા : અમે પામ્યા બીજા વહેતા ગયા.
અખા નાટકની એવી રીત, મન લગે છે દ્વૈતાદ્વૈત. ૧૫૭
જે છે તે તાં આપે આપ, બીજો તે આરોપણ થાપ.
સમી સમજ સમજ્યા વિના સહુ, આપાપણા મત તાણે બહુ.
અખા ચાળો મધ્ય માયા તણો, દ્વૈતઅધ્યાસ સહુને ઘણો. ૧૫૮
પંડિત ડાહ્યા વિચારો સાત, પણ સાત વાતની એક જ વાત :
જે ઘટ હરિ વસનારા થાય, ત્યાં સાધન ધર્મ ન જુએ કાય.
અખા સાધન બીજાં જે બહુ, કાળકર્મકર સોંપ્યાં સહુ. ૧૫૯

---

૧૫૫ અદબદ–અદ્‌ભુત. પાલો–બરફ.
૧૫૭ લગે–૦ને કારણે.
૧૫૮ અધ્યાસ–મિથ્યા આરોપણ, નિરંતર ચિંતન.
૧૫૯ સાત–૧. સત્ય, ૨. સાત જણા. સર૦ ૩૪૪ઉ. કર–હાથમાં.

ભણ્યેગણ્યે હરિ નાવે હાથ, દાન તપસ્યા કાળને સાથ.
વ્યાકરણ વેદ સમાધિ અસંગ, જોતાં સર્વ માયાનાં અંગ.
અખા અણુલિંગી પદ અનુપ, જ્યાં ધ્યેયધ્યાતાનું ન રહે રૂપ. ૧૬૦

પૂર્વજન્મકર્મ અનુસાર, ઉત્તમ મધ્યમ ભોગ સંસાર.
જેણે હું-મમતા સત્ય માન્યો દેહ, ત્રિવિધ કર્મ કલ્પે છે તેહ.
પ્રાયે અખા જ્યાં દ્વૈત અભાવ, ત્યાં પૂર્વજન્મનો શો ઠેરાવ ? ૧૬૧

એક મહાન વિચાર વિચાર્યો અખે, જે ગગનચંદ નાવે જળ વિખે.
વીચિ લોઢ તરંગ બુદબુદા-વારિવિકાર ઈંદુને નાહ કદા.
એમ પરમાત્મા જાણે જે પિંડ, તે મહામાહંત તારક ભૂમંડ. ૧૬૨

પ્રપંચ અંગ

પ્રાયે પ્રપંચ આળપંપાળ, પંડિતે તેનાં ગૂંથ્યાં જાળ.
શ્લોક સુભાષિત મીઠી વાણ, તેણે મોહ્યા કંવિ અજાણ.
કહે અખો મર્મ સમજ્યા પખે, સંસ્કૃતનું પ્રાકૃત કરી લખે. ૧૬૩

કવિશક્તિ જણાવા કાજ, ગાજે જ્યમ રોહિણીનો ગાજ.
તે વૃષ્ટિ થવાને નવ ગડગડે, સામો અવધથો પાછો પડે.
મિથ્યા સંસાર સાચો કરી કવે, રખે અખા તું એવું લવે ! ૧૬૪

---

૧૬૧ ઠેરાવ-નિશ્ચય.

૧૬૨ વીચિ-મોજાં. લોઢ-મોટા તરંગ. બુદબુદા-પરપોટા. જે જીવ એમ જાણે તે મહામાહંત-મહાત્મા છે, ભૂમંડ-પૃથ્વી-નો તારનાર છે.

૧૬૪ ગાજ-ગર્જના, ગડગડાટ.

પૂજાવા મનમાં બહુ કોડ, શબ્દ તણા જોડે બહુ જોડ.
જ્યમ ભૂખ્યો નર બહુ તક્રા પીએ, જાણે ઉદર ભરીને પુષ્ટિ પામીએ,
તેણે ધરાયે નહિ ને વાધે રોગ, એમ અખા નોહે આતમભોગ.
કવિતા થઈ અધિકું શું કર્યું, જો જાણ્યું નહિ બ્રહ્મ અણચર્યું ?
રાગદ્વેષની પૂંજી કરી, કવિ વ્યાપાર બેઠો આદરી.
તેમાં અખા શું પામે લાભ, વાએ ગયો જેમ સ્ત્રીનો ગાભ ? ૧૬૬
કહે અખો હું ઘણુંયે રટ્યો, હરિને કાજે મન આવટ્યો.
ઘણાં કૃત્ય કર્યાં મેં બાજ, તોયે ન ભાગી મનની દાઝ.
દરશન વેષ જોઈ બહુ રહ્યો, પછે ગુરુ કરવાને ગોકુળનાથ ગયો. ૧૬૭
ગુરુ કર્યા મેં ગોકુળનાથ, નગુરા મનને ઘાલી નાથ.
મન મનાવી સગુરો થયો, પણ વિચાર નગુરાનો નગુરો રહ્યો.
વિચાર કહે પામ્યો શું અખા ? જન્મજન્મનો ક્યાં છે સખા ? ૧૬૮
બહુ કાળ હું રોતો રહ્યો, આવી અચાનક હરિ પરગટ થયો.
ત્રણ મહાપુરુષ ને ચોથા આપ, જેનો ન થાયે વેદે થાપ,
અખે ઉરઅંતર લીધો જાણ, ત્યાર પછી ઊઘડી મુજ વાણ. ૧૬૯
પરાત્પર બ્રહ્મ પરગટ થયા, ગુણદોષ તે દિનના ગયા.
અચ્યુત આવ્યાનું એ એંધાણ : ચર્વ્યું ન ચાવે અખો અજાણ.
જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે. ૧૭૦

---

૧૬૫ તક્રા–છાશ.

૧૬૬ કવિતા–કવયિતા, કવનાર, કવિ.

૧૬૭ આવટ્યો–(સં. आवर्त,–હિં. आवटना) સંકલ્પવિકલ્પે ચઢ્યો, ઊથલપાથલ અનુભવી. બાજ–બાહ્ય, સર૦ બાજવાડા, બાજખેડાવાળ.

૧૬૯ ત્રણ મહાપુરુષ–પ્રથમ ત્રણ વૈષ્ણવાચાર્યો, શ્રી વલ્લભાચાર્ય, શ્રી વિઠ્ઠલનાથ અને શ્રી ગોકુળનાથ અભિપ્રેત લાગે છે. આપ–આત્મા.

જ્ઞાની અંગ

સકળ લોક ત્યમ જ્ઞાતા પુર્ખ, એમ જાણે તે નર મૂર્ખ.
દેહવૃત્યે સહુ સરખા ગણે, જ્યમ કંચન તાર ત્રાપડમાં વણે;
અખા અમૃત તે પાણી ન હોય, રસ જાણી ગણશો મા તોય. ૧૭૧
જ્ઞાનીનો લક્ષ પરપંચ પાર, જ્યમ નાવ ચાલે ધ્રુ'ને આધાર.
વણવાળી જ્યમ વહે છે નદી, આવી મેલાણ કરે ઉદધિ,
જ્યમ દીપક કેરી ગતિ ગગન, એમ પરબ્રહ્મમાં અખા તગન. ૧૭૨
સહજ સ્વભાવે સર્વાતીત, દ્વૈત તેહ જ ભાસ્યું અદ્વૈત;
જ્યમ દુમાસ વિષે બહુ દીસે ભાત, પણ પોતથકી નહિ અળગી જાત.
અખા જ્ઞાતા દેખે અશું, અદ્‌ભુત કારણ જ્યાં ઉલ્લસ્યું. ૧૭૩
સમજ્યો સમજ્યાની ગત લહે, જ્યમ સ્વપનસાખ બીજો નવ કહે.
નિજ પિંડ આદે ચૌદે લોક, વસ્તે રહે તે દેખે ફોક.
સમજણહાર વિના સમજવું, કહે અખો હું એવું કવું. ૧૭૪
ભુવન ત્રણ સ્ફુરણ મન તણું, જ્યમ સૂર્ય કારણ રેણીદિન તણું.
સૂર વિના નોહે દિનરાત, ત્યમ મન વિના કોણ દેખે ભાત ?
અખા તે મનને જે લહે, ત્યારે સહજે સહજ પરમ કારણ રહે. ૧૭૫
પરાપાર પરમેશ્વર વસે, સહજે સહજ ત્યાંથો ઉલ્લસે.
આપે આપની પામે ભાળ, ત્યારે જાયે જગજંજાળ.
અખા તે તો સાચી જાણ, તે વિના મનરખતી વાણ. ૧૭૬

---

૧૭૧ પુર્ખ–પુરુષ. ત્રાપડ–તાપડું. રસ–પ્રવાહી. તોય–પાણી.
૧૭૨ ધ્રુ'–ધ્રુવ. મેલાણ–મુકામ. તગન–'તજ્જ્ઞ' (=નિષ્ણાત)નું તદ્‌ભવ. ૧૪૨ ઈમાં હસ્તપ્રતોનો પાઠ 'તજ્ઞ' છે. 'તજ્ઞ'નું 'તગન'.
૧૭૩ દુમાસ–દમાસ્કસનું પ્રસિદ્ધ કાપડ.
૧૭૪ વસ્તે–વસ્તુમાં.
૧૭૫ સૂર–સૂર્ય.
૧૭૬ જાણ–જ્ઞાન.

જીવઈશ્વર અંગ

કામ સકળ હરિથાં નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે.
જીવ થકી કાંઈયે નવ થાય, હું હું કરી ફોકે બંધાય.
શકટ તળે જ્યમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સર્વ માન. ૧૭૭
ભલું જાણે તો હરિમાં ભળ, વાંકો જાતો વાટે વળ.
કરમ કરે ને ફળની આશ, એ તો હરિમારગમાં મેવાસ.
લોભે લાગ્યો ચાલે ગામ, અખા સવાણો તે નાવે ઠામ. ૧૭૮
ખરા વિગૂતા પંડિત જાણ, જેણે કર્મ તણું બાંધ્યું બંધાણ.
ભણ્યેગણ્યે થઈ બેઠા પૂજ, પણ અળગું રહ્યું આત્માનું ગુઝ.
ભેદ ન લહ્યો વાંચ્યાં ફાંકડાં, કાળે અખા ફેરવ્યાં માંકડાં. ૧૭૯
હરિજન તો હરિલક્ષણે રહે, બાહ્ય ઇન્દ્રિય વિષય સર્વ ગ્રહે.
અંતરે રહે અકર્તા થઈ, તો કર્મ કરતાં લાગે નહીં.
જ્યમ ભાજે ઘડે સહેજે સંસાર, પણ અખા અકર્તા રહે કિરતાર.
દેહદમન મૂંડાનું કર્મ, તેને મૂરખ જાણે માંડ્યો ધર્મ.
પીડે પિંડ પેટને કાજ, કાય કસી જાયે મહારાજ.
વિષયવળૂંધ્યો વ્યસની થયો, ત્યારે અખા આત્મપરિચય ગયો. ૧૮૧
દ્રવ્ય-હરિ નો હરિ દાતાર, વચે વતાગરો જીવ વહે ઉપકાર.
એ તો હરિનો શત્રુકાર, સ્થાવર જંગમ પામે આહાર.
એમ જાણી દીધે હરિ ફળે, અખા અહંકારે આપ્યું બળે. ૧૮૨

---

૧૭૭ ફોકે-ફોગટ. માન-અભિમાન.
૧૭૮ મેવાસ-ધાડપાડુવાળો જંગલી પ્રદેશ. સવાણો-સોબતની હૂંફમાં, આરામથી, કરારે.

૧૭૯ વિગૂતા-ગૂંચાયા, ભરાયા, રચ્યાપચ્યા (મ. विगुतणें). સર૦ : 'જેહુ વિષયા રસિ વિગૂત' (માંડણ ૫૯૫ અ); 'તેણે કરી હું ઘણુ વિગૂતી' (ભાલણ). જાણ-જ્ઞાની. બંધાણ-વ્યસન. પૂજ-પૂજ્ય. ગુઝ-ગુહ્ય, રહસ્ય. ફાંકડા-ફાંગડાં, જાળ, પ્રપંચ.

૧૮૦ ભાજે-ભાંગે.

૧૮૧ મહારાજ-પરમેશ્વર. વળૂંધ્યો-વળગેલો.
૧૮૨ વતાગરો-વૈતરો. અહંકારથી આપેલું બળી જાય, અફળ જાય.

આપોપું ગાળ્યે અર્થ સરે, મન મુખી અણછતું ઊભું કરે.
મિથ્યા હુંપણું માને સત્ય, કર્મ સંઘાતે તેને રત્ય.
પિંડ પરચે બહુ કાચા મરે, અખા સદ્‌ગુરુ મળ્યે અર્થ સરે. ૧૮૩

સ્વરૂપ રહો શિવ જાણ્યા માટ, જીવતે મૃત બેહું જેને ઘાટ.
કાળ કર્મ પિતૃ ગ્રહ દેવ કેડે કર વહેતો અહમેવ.
હરિ અણજાણ્યે સર્વે ખરું, અખા પ્રભુ પ્રીછ્યે પાધરું. ૧૮૪

હરિજન હોય તો હીકી બોલ, રાજપુત્રને શાની દોહોલ ?
ચાલ મલપતો ને ચાસંધ, ભ્રમકર્મના ભાગ્યા બંધ.
જ્યમ અર્કથકો નાસેઅંધકાર, ત્યમ અખા હરિજનને શો સંસાર ?

હરિજન-જગની અળગી દશા, જ્યમ જળચર સ્થળચર એકઠા વસ્યા.
અવની ઉપર લાગે લાય, ત્યારે જળચર હોય તે જળમાં જાય;
ભૂચરની કાંઈ બીજી પેર, એમ જાણી અખા આદેર. ૧૮૬

હરિના હો તો હરિ ઓળખો, પણ વણચાખ્યું બીડું કાં ભખો ?
તેણે સ્વાદ ન આવે રંગ ન થાય, ત્યમ ભક્ત ભક્ત લોકમાં ગાય,
જ્યાં દ્રહુવો ત્યાં હરિ તો ખરો, વંદો તેની નિંદા કાં કરો ?
જ્યમ મછ પ્રત્યે માછી દે દાન, ત્યમ દંભ ભક્ત દ્રહુવે ભગવાન. ૧૮૭

---

૧૮૩ રત્ય-રતિ, પ્રીતિ.

૧૮૪ જાણવા માટે. જીવતાં છતાં એને મૃત્યુ ઘાટ બેહું-બરાબર ગોઠવાયું. કાળ-કર્મ પિતૃ વગેરે પાછળ અહંકાર હાથ ધરે છે (કે ભાર ઉપાડે છે).-? પ્રભુને ન જાણવાથી પિતૃગ્રહદેવ આદિ સાચા લાગે છે, પણ પ્રીછવાથી એમની ગરજ રહેતી નથી ને પાર પમાય છે.

૧૮૫ દોહોલ-મુશ્કેલી, દોહ્યલાપણું. (?) ચાસંધ-જાહેર, ઉઘાડે છોગે.

૧૮૬ પેર-પ્રકાર. આદેર-તું આદર, આરંભ-પ્રયત્ન-કર.

૧૮૭ દ્રહુવો-દ્રભવો.

ભગતજગતને વેર સદાય, હરિજન આપ્યું હરિનું ખાય.
લોક લોભ ઉપાય બહુ કરે, જન જમતા રમતા સુખિયા સરે.
તે દેખી ન શકે સંસાર, કરે નિંદા અખા લે શિર ભાર. ૧૮૮

ભક્ત તો જો પ્રીછી ભજે, નાહ તો ફોતરાં ફાકે ને તાંદુલ તજે.
સર્વાવાસ લહે હરિ મળે, નહિ તો વેઠ કંકોડી દળે.
એક સ્વામી સઘળે વિસ્તર્યો, એમ છે અખા જાણો તે કરો.૧૮૯

ખટને તું ખટપટવા દે, તું અળગો આવી પ્રીછી લે.
જંઘી ઢોલ ગણા ગડગડે, ત્યાં ઝીણી વાત કાને નવ પડે.
નિરદાવાના જનને ખોળ, તે અખા બેસારે બોલ. ૧૯૦

પાને પોથે લખિયા હરિ, જ્યમ વેળુમાં ખાંડ વીખરી.
તે સંતે ખાધી કીડી થઈ, અને વંચકે સમૂધી વહી.
તે માટે તે તેવાના તેવા રહ્યા, અખા સંત પારંગત ગયા. ૧૯૧

ભણ્યુંગણ્યું એટલું તે કરે, જ્યમ બેસે વાસ સુખડ-વૈતરે.
તેણે ફળે કરી પંડિત પૂંજ, સંતને સુખડની સૂઝ.
સંત તે હરિધનના ધણી, અખા ગત આપે આપણી. ૧૯૨

---

૧૮૮ જન-'હરિજન'ના અર્થમાં. સરે-છેવટે. હરિના જન સુખી હોય છે એ સંસારના અદેખા લોક જોઈ શકતા નથી.

૧૮૯ કંકોડી-એક જાતની વનસ્પતિ. તે ગફા જેવી હોય છે. સૂતક કાઢતી વખતે એના લોટથી માથું ધોવાનો રિવાજ હોવાથી તે દળવી પડે છે. ('આર્ય-ભિષક', ૧૧મી આવૃત્તિ, પૃ. ૧૫૪) સર૦ : 'કંકોરીમેં કીરા પરા.'

૧૯૦ ખટ-ષડ્દર્શન. નિરદાવાના-દાવા (આસક્તિ) વિનાના.

૧૯૧ વંચકે-વાંચકે. જુઓ ૨૯૬ઉ. સમૂધી-સમૂળગી.

૧૯૨ સુખડનું વૈતરું કરતાં સુગંધનો પાસ લાગે. વિદ્યાનો બોજ ઉપાડવાથી વિદ્યાસુવાસ લાગવાથી પંડિત પૂજ્ય બને છે. ગત-ગતિ, રીત.

પંડિત તે વિદ્યા કરસણી, સંત તે તે ફળના ધણી.
બી પાણી હરિનું નિરધાર, એને ઉપાયે કરાવી આપે આહાર.
અખા ભોગ ભોગીને કાજ; જ્યમ વઢે સેવક, રાજાને રાજ. ૧૯૩

ફૂલેશ મા નામ વૈષ્ણવ ધર્યે, શું થયું ઘેરઘેર ખાતો ફર્યે ?
કાંઈ રાજા નામ ધર્યે નોહે રાજ, કાંઈ નરપતિ થયે નરપતિનું કાજ.
આશા અર્થ ઇચ્છેશ મા કશા, એ અખા મોટાની દશા. ૧૯૪

કે આળસ કે ક્રોધે થયો, વાટે વેષ પહેરીને ગયો;
નહીં વોળાવી વેઠ ન સાહે, ભગત ભગત લોક સહુ ગાયે.
હરિને અર્થે અખા એક વિચાર, પછે સમું પડે ત્યમ રહે સંસાર.

વિશ્વ વિચાર્યે કાંઈ નવ લહે, વહેતા સાથે સૌ કો વહે.
આડંબર કે મોહે કરી, જે જ્યાં તે ત્યાં બેઠા વરી.
અખા પશુ જેમ જવનને હળે, તો મહાજન મૂકી તે સંગે પળે. ૧૯૬

અસમજ્યો જીવ અને બીજું ઝાંખરું. જ્યાં દેખે ત્યાં વળગે ખરું.
પ્રસંગ મળે તો ત્યાં તે અડે, નહિ તો પાછું વાટે પડે.
એમ અખા સઘળો સંસાર, ઝામરઝોળે કરે વ્યાપાર. ૧૯૭

ભલું જાણે તો પાછો ભાજ, પય ટળ્યે જ્યમ પ્રગટે આજ્ય.
દૂધ રહ્યે થાયે નહિ નવું, ઘૃત સહિત પડે ડાટવું.
એમ અખા વિશ્વ કાચું શમે, જામણ વિના કાં ઘત નિગમે ? ૧૯૮

વિશ્વ વસ્તુમાં શાનો ફેર, જે મણ એક ને ચાળીશ શેર ?
નાનાં કાટલાં તે આ પિંડ, મણ સ્થાને વૈરાટ બ્રહ્માંડ.
હરિમાં વિશ્વ ને વિશ્વમાં હેર, એમ અખા સહુ ઘેરનું ઘેર. ૧૯૯

---

૧૯૩ કરસણી--ખેડ કરનાર. પંડિતને પેટિયું આપે, પણ ધણી-ભોગી (રાજા) તો સંત છે.

૧૯૫ ભગત જાણીને બીજાની જેમ વોળાવિયા તરીકે કે વેઠે પકડે નહિ. સંસારમાં તું રહે.

૧૯૮ ભાજ-તું ભાગ. પય-દૂધ. આજ્ય-ઘી. જામણ-મેળવણ જ નથી તો ઘી કાઢવાની ચેષ્ટા શા માટે કરે છે ?

૧૯૯ હેર-હરિ.

વિશ્વ ભજંતાં વસ્તુ ભજાય, જ્યમ નીર નદીનાં સાગર જાય.
લોક સકળ હરિ,–વેદ જ વદે, બ્રાહ્મણ મુખ ને સંત તે રુદે.
મુખ જમે વાણી ઉચ્ચરે, પણ હરિ હૈયામાં હોય તે કરે.
તે માટે હરિ ભજવા સંત, અખા ભવનો આણે અંત. ૨૦૦

મોટમ દીધી હરિજન ખમે, હરિશું બોલે, હરિશું રમે.
જનને દીઠે હરિ સાંભરે, તો જો હરિજન સાથે ફરે.
જ્યમ દીવે સમરસ ઉજાસ, એમ અખા હરિ ને હરિદાસ. ૨૦૧

હરિજનને ગ્રહ કહો શું કરે, જો ગ્રહ બાપડા પરવશ ફરે ?
રવિ ભમંતો, શશી તાં ખે, રાહુ તાં ધડવો'ણો વહે.
કાણો શુક્ર ને લૂલો શનિ, બૃહસ્પતે સ્ત્રી ખોઈ આપણી.
ગ્રહનો ગ્રહ હરિ–તે મુજ રદે, તો અખા દીનવચન કોણ વદે ? ૨૦૨

એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જંથ.
જ્યમ અગ્નિ અગ્નિને સ્થાનકે રહ્યો, અને ધુમાડો આકાશે ગયો.
પણ અળગો ચાલ્યો તે ક્યમ મળે ? એમ અખા સહુ અવળા વળે.

જાજરો જીવ જુગતું શું કરે, જો પ્રકૃતિ પાપિણી પૂંઠે ફરે ?
જે જે સાધન સાધે સાય, તે જ વાતના મળ બંધાય.
અખા અમળ થયાનું કામ, અને રાખવા હીંડે સહુ કો નામ. ૨૦૪

---

૨૦૦ માટે હરિ-હરિ માટે.
૨૦૧ જન–હરિજન. જો...ફરે તો.
૨૦૨ ખે–ક્ષય. બૃહસ્પતે–બૃહસ્પતિએ. દીનવચન, ગ્રહો રીઝવવા માટે થઈને.
૨૦૩ જંથ–૧. 'જંત્ર' ઉપરથી બનાવેલો શબ્દ ? (કાન્ત–કંથ, સીમન્તક–સેંથો–માં ત નો થ મળે છે.) ૨. 'તૂત'ના અર્થમાં રવાનુકારી શબ્દ ?
૨૦૪ જાજરો–જર્જર, જીરણ થઈ ગયેલો. જુગતું–યુક્ત, યોગ્ય. સાય–પકડે, ૦નો

કીધું સર્વે હરિનું થાય, અને મૂરખ કર્મ તણા ગુણ ગાય.
નૃગ રાજા કાકીડો કર્યો, વિભીષણને શિર કર ધર્યો.
સત્ય પાળંતો હરિશ્ચંદ્ર દુઃખી થયો, જરા વૈરી તે વૈકુંઠ ગયો.
એવો અસંભાવ્ય હરિ મન વસ્યો, એમ જાણી અખો આળસ્યો. ૨૦૫
ક્રયવિક્રય બાબત શોભવા, સ્વામી સેવક રંગ નવનવા.
વચે લોભની વીંટણ કરી, એણે રસે જીવ કરે આદરી.
પણ આપે લે નિશ્ચે નારા'ણ, અખા તું તાં એવું જાણ. ૨૦૬
કર્મ નામ તે હરિનાં વતાં, એ તો મસ ઘાલ્યું, પહેલાં ક્યાં હતાં ?
મનુ ઊપજતાં ક્ષત્રિય થયા, અને સનકાદિક તે યોગી રહ્યા.
જગત નહોતું, તો ક્યાંથાં કર્મ ? અખા હરિનો મોટો મર્મ. ૨૦૭
જીવ ભક્તિ કરે શા વડે, જો સામગ્રી હરિની નીમડે ?
તેનું લાવી તેને સજે, પણ પોતાને મળે નહિ રજે.
જાણ્યું આપ સમર્પું હસ્ત, તેહ નીમડી તેની વસ્ત.
અખો જે જે કરવા ગયો, એ તો એમ અણબોલ્યો રહ્યો. ૨૦૮
સમજી રહીએ તો સમું પડે, નહિ તો કાંઈનું કાંઈ નીમડે.
જે જે કરવું તે અહંકાર, તે તાં હરિને લાગે ભાર.
ભાર ચઢ્યો નિશ્ચે ઊતરે, એમ જાણ્યે અખો શું કરે ? ૨૦૯
ધામધૂમ તે ધનનો ધા, મોહ અહંકાર મેલીને ગા.
માવઠે મેહ વરસે ગડગડે, તેણે ફળ ન ઊમટે ને લાગ્યાં પડે.
રત વિના કરસણ ક્યાંથું ફળે ? એમ અખા હરિ ક્યાંથા મળે ?

આશરો લે. અમળ–મળરહિત. હીંડે–ઇચ્છે.
૨૦૫ કીધું–કરેલું. આળસ્યો–કર્મ છોડ્યાં.
૨૦૭ હરિની વતીથી. 'વતાં' (નામ લઈ એ તો) = સેવા, ચાકરી. સર૦ : 'મેં ઘણાં કીધાં વતાં'–ઉદ્ધવકૃત રામાયણ. મસ–બહાનું.
૨૧૦ ધા–દોડાદોડ.

મર્મ ન સમજે ભર્મે પડ્યા, કરે અહંકાર હીંડે ઊથડ્યા.
ટીલાંટપકાં કાઢે ખાસ, જાણ્યો મારગ પણ છે મેવાસ.
વંદે ચરણ ને નિંદે પિંડ, એ ભક્તિ નોહે અખા પાખંડ. ૨૧૧

પોતે પ્રત્યક્ષ દેવ ઉપાસ, અન્ય ઉપાસન માયાહાસ.
જ્યમજ્યમ મેલ ચઢે લૂગડે, તેટલું ધોયે પોત ઊઘડે.
આદરવો આતમ અભ્યાસ, અખા સંભાળો જે આપણ પાસ. ૨૧૨

કુબુદ્ધિ, જીવ અને કપાસ, તે પીલ્યાવો'ણા નાવે રાસ.
તે માટે કસે ભગવાન, જાણે દેહ દમે ને આવે સાન.
ઘેન ઊછળતી ને ડહેરો ગળે, અખા જાણે હરિ વળણે વળે. ૨૧૩

ચાનક અંગ

હઠ કરીને ઓળખ હરિ, નહિ તો કાચો જીવ જાશે નીસરી.
જ્યમ નીંભાડે ભાજન કાચું રહ્યું, ન સર્યું કામ માટીથું ગયું.
છતી બુદ્ધયે હરિ ન અભ્યસ્યો, હવે ડાહ્યા હૂતા ડેહેકાણા જશો.

ભણ્યાગણ્યા ભલ પાંકે પંચ, ન્યાય ઉકેલે જાણે સંચ.
સભાપતિ થૈ બેસે મધ્ય, પણ આતમની નવ જાણે વિધ્ય.
અખા ક્યાંય ન કુંવારી ગાય, ઠાલા આવ્યા ને ભૂલા જાય. ૨૧૫

---

૨૧૧ ઊથડ્યા–ખોટે માર્ગે દિયાતા.

૨૧૩ રાસ ન આવે–ઠનો મેળ ન ખાય. ડહેરો–મારકણા ઢોરને ગળે આગલા પગ વચ્ચે ઘસડાતું ચાલે એ રીતે બંધાતું લાકડું.

૨૧૪ ભાજન–પાત્ર, વાસણ. બુદ્ધયે–બુદ્ધિએ. ડેહેકાણા–ઠગાયેલા (હિં. ડહકના–ધોખા દેના, ધાડ મારના.) સર૦ : 'એ માયા જગ ડેહેકિયા, સત્ય માન્યા સંસાર.' (શ્રી અખાજીની સાખીઓ, પૃ. ૨૭.)

૨૧૫ ભલ પંચમાં પાંકે–પરાક્રમની બડીબડી વાતો કરે. સંચ–અંદરની કરામત, તંત્ર. વિધ્ય–વિધિ; રીત.

મૂક મરડ ને પરહર માન, ચતુરાઈ એ સામું છે જાન.
કરકરો થયે કાળ નહિ બીએ, જોરે જમ જીત્યો છે કિયે ?
ગલિત થયે ઊતરશે ગાળ, અખા હરિ મળવાનો એ ઢાળ. ૨૧૬
નિત્યનિમિત્ત કર્મ તો માથે પડ્યાં, જ્યમ બાળક હીંડે કાંધે ચઢ્યાં.
તેણે પુણ્ય ન લાગે પાડ ન થાય, પેટ પડ્યાં ક્યમ નાખ્યાં જાય ?
નિષ્કર્મ થઈ નર હરિને જાણ, તો અખા ટળશે તુજ તાણ. ૨૧૭

ભક્તિ અંગ

ભલું ભૂંડું કહેતાં પૂરવતું નથી, પેરેપેરે મેં જોયું કથી.
જ્યમ એક પિંડ અવેવ તાં બહુ, નામ રૂપ ગુણ કર્મ ત્યમ સહુ.
જ્યમ ભૂષણ દૂષણ એકમાં ઘણાં, ત્યમઉત્તમમધ્યમઇન્દ્રિય હરિતણાં.
જે ઇન્દ્રિય જે કરવા કર્યું, તેથી કામ તાં તેવું સર્યું.
મુખે બોલ બોલીજે બહુ, અને ગુદે બોલે તો નિંદે સહુ.
ત્યમ કબુદ્ધિએ જીવ છે હરિ વડે, પણ અખા સઠામે જોડ નવ પડે.
સત્યવાદી ને સૂર્ય એ બે, બોધ-પ્રકાશ સહુ કોને દે.
જ્યમ અર્ક ઉદય ઉલૂક બલ શમે, ત્યમ કબુદ્ધિને સાચું નવ ગમે.
અખા અદ્રોહ બુદ્ધયે બોલે સમ, રવિની રીત જે ટાળે તમ. ૨૨૦
જ્ઞાની થઈ કો મારે ગાલ, ભક્ત થઈ વઢવાનો ખ્યાલ.
ભક્તિજ્ઞાન તાં ઠામે હશે, એ તાં બેઉ વઢે છે રસે.
અખા એ નિષ્કારણ વેર, જ્યમ ચૌટે ભેંસ ને વઢવાડ ઘેર. ૨૨૧

---

૨૧૬ મરડ-વક્રતા. જાન-નુકસાન. કરકરો-ઝીણી કાંકરી જેવો કકરો, કરડો. જોરે-જોરથી, બળથી. ગલિત-ગળી ગયેલ, નમ્ર. ઢાળ-રીત.

૨૧૭ નિત્ય અને નૈમિત્તિક કર્મ.

૨૧૮ પૂરવતું-પરવડતું. અવેવ-અવયવ.

૨૧૯ બોલીજે-બોલીએ. સાચે ઠેકાણે એનો મેળ ખાતો નથી.

૨૨૦ બુદ્ધિએ તું સરખું બોલ.

૨૨૧ મારે ગાલ-બડાશ હાંકે.

ભક્ત દેખે સઘળે ભગવંત, દેખીને દ્રુહવે તો શાના સંત?
જ્ઞાનીને નિર્દાવો ઘટે, તે તો નિત્યે વઢી આવટે.
ભક્તિ જ્ઞાન નોહે, એ ખેદ, વંઠ્યા જીવ અખો કહે વેદ. ૨૨૨

અદોષ અંગ

નહિ પાપી ને નહિ પુણ્યવંત, એમ લહે તે સાચો સંત.
કાળચક્ર સ્વભાવે ફરે, ત્યાં સહેજે ઉપજે સહેજે મરે.
એમ જાણી અખા જા ભળી, એ પુનરપિની કચકચ ટળી. ૨૨૩

ગ્રંથમાં જ્યમ હોયે ત્યમ હો, પણ તરી નીસરે તેને શાનો દ્રહો?
તું તો તારે જીવથી મેર, પછે દેણું લેણું રહેશે ઘેર.
તાણો જીવ અખા ગયો ટળી, હવે શાશું વાણો રહેશે મળી?

સદ્‌ગુરુ મારગ સદા અલગ, જ્યમ પંખીને ગતિ સળંગ.
પગ ન પડે ને પંથ કપાય, ત્યમ સદ્‌ગુરુ મારગ ઉપર જાય.
ઉપાય અખા નહિ, લક્ષશું કામ, કર્મ ધર્મ તો જ્યાં રૂપ નામ.

ચીકણિયા અંગ

ટેઢી પાગ ટાકરને ઠામ, જો નહિ જાણ્યો આતમરામ.
મરડી મૂછ મુખ વંકા બોલ, અલ્યા, કાલ વાગશે ઢીલા ઢોલ.
અખા વરણાગી વણસી જશે; ભૂંડાં ભગળ ઉઘાડાં થશે. ૨૨૬

---

૨૨૨ નિર્દાવો–નિઃસ્પૃહતા. આવટે–હલચલ મચાવે. એ તો ખેદ છે. વેદ–નિશ્ચિત.
૨૨૪ દ્રહો–(સં. દ્રહઃ) ધરો. મેર–મર. શાશું–શાની સાથે. 'તો પાપપુણ્યની કચકચ' (૪) વિષયને અનુકૂળ પાઠ ગણાય.
૨૨૫ મારગથી ઊફરા, ઊંચેરા.
૨૨૬ **ચીકણિયા** (?) ટાકર–ઉજ્જડ, કઠણ, રણકી જમીન જેવું તાલિયું માથું. (?) તાલવાળા માથાના સ્થાને વાંકી પાઘડી મૂકવાથી શી શોભા વધવાની છે. જો...? ભગળ–ભોપાળાં.

ખોટા થયે ખટી નહિ વળે, કાં ઘાટા થઈ ગોવિંદથા ટળો ?
એક મેલો મંત્ર બીજો કુતર્ક, એ સાધકને મુખે મૂકે નર્ક.
અખા ઈશ્વરને નહિ છેતરે, લાંબો દાંતો વહેલો ખરે. ૨૨૭

કળવકળ કાળ મન કશી, શું બાળક છે જે છેતરશો હસી ?
હિરણ્યકશિપે મૃત્યુ મેટ્યું છળે, હરિએ તે ઘાટ ઘાલ્યું કળે.
તો અખા હરિશું શી હોડ ? હથેળીથી ઊજળો તે કોડ. ૨૨૮

અણછતો જીવ તું કાં થાયે છતો ? જોને વિચારી પહેલો ક્યાં હૂતો !
જે કાળથા નિરમ્યા જીવ, ત્યાર પહેલો તાં હૂતો શિવ.
વચે બીજું ક્યાંથું વળી, એમ જાણી અખા જા ટળી. ૨૨૯

વા-પાણી સઘળો સંસાર, તેનો શું આણે ઇતબાર ?
મારુત માટીને લેઈ ચઢે, તેનું નામ તાં પિંડ જ પડે.
વંટોળને વપુ વા વડે, અખા આત્માને કાંઈ નવ અડે. ૨૩૦

વડપણ મેલી વસ્તુ વિચાર, તન તપાસી રહે સંસાર.
કાં વર્ણવેષ-અહંકારે મરે ? વા'ણ સોનાનું જળ નવ તરે.
એક મસાલો બ્રહ્માકીટ, જોએ વિચારી અખા ગુરુમીટ. ૨૩૧

---

૨૨૭ ખટી-ખાટી, ફાવી. ઘાટા-ભરપૂર, માલદાર (સ૨૦ : 'ઘાટા વણિક સખાઇઉ કરુ.'-માંડણ ૨૬૫); કઠણ. શબ્દ 'ઘાટુઆ,' (૫ માં 'ઘાઠુઆ' પણ) છે, હસ્તપ્રતો 'ગ' 'ઘ'નો વિવેક નથી પણ રાખતી, તે જોતાં 'ગાઠુઆ' (ઠગનાર-?) લેવાનો અવકાશ છે.

૨૨૮ કળવકળ-યુક્તિ, તદબીર. મેટ્યું છળે-છળકપટપૂર્વક મિટાવવા પ્રયત્ન કર્યો. ઘાટ ઘાલ્યું કળે-યુક્તિથી ગોઠવ્યું.

૨૩૦ વંટોળને વપુ-આકાર મળે છે તે વાયુ વડે મળે છે.

૨૩૧ મસાલો-સામગ્રી. જોએ-તું જો. ગુરુમીટ-ગુરુદૃષ્ટિથી.

ભૂત પંચ તણો સંસાર, મૂરખ વહે તે વરણ-અહંકાર.
એ તો ભાત ચલાવા વર્ણાવર્ણ, કો મસ્તક, હસ્ત, કટિ, ચર્ણ.
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર, એ હરિનો પિંડ અખા કોણ ક્ષુદ્ર?
જાણપણું મેલીને જાણ, પછે આફણીએ રહેશે નિર્વાણ.
જાણ થયે જાણ્યું નહિ જાય, જાણણહારો બીજો થાય.
ઓછાયો નરને શું કળે? સ્વેં થાય અખા, જો પોતે ટળે. ૨૩૩
પિંડ બ્રહ્માંડ, બ્રહ્માંડે પિંડ, વસ્તુ વિચારે જોને અખંડ.
શું શાથી કહો અળગું પડે, જો સમરસ પિંડ બ્રહ્માંડ જ વડે?
જ્યમ વૃક્ષને પત્ર આવે રહે ખરે, તો સ્વર્ગ નરક અખા શું કરે? ૨૩૪
ભ્રમે ભાવના બીજી થઈ, જ્યમ જાગ્રત અવસ્થા સ્વપને ગઈ.
તે જ મન બુધ્ય ચિત અહંકાર, સ્થૂલ થઈ પસર્યો સંસાર.
સ્વપ્ન સંસાર જાગ્રતમાં ટળે, એમ અખા વિશ્વ બ્રહ્મમાં ભળે. ૨૩૫
વરણ-આશ્રમે મન જે તણું, તેને નિદ્રા ઘેરે ઘણું.
નિજરૂપે તાં રહી નવ શકે, નાના કર્મ ધર્મ બહુ બકે.
મધ્યે વ્યસન લાગ્યે કરી જીવ, અખા આદિ અંતે શિવ. ૨૩૬
કો એક ઉત્તમ વ્યસની થયા, કો એક મધ્યમ વ્યસનમાં વહ્યા.
ઉત્તમ મધ્યમ બેય વ્યસન, જ્યમ મદ્ય કપૂર બેય ઘેરે તન.
સતકર્મ વિકર્મ બેય વિકાર, અખા નિજરૂપે રહે નિરધાર. ૨૩૭

પ્રાપ્તિ અંગ

મારે વાંછ્યું બોલ્યે આવ્યું આજ, બેઠાં બેસાર્યાં સીધ્યું કાજ.
વણકીધે હરિ લેખે લહ્યો, પ્રીતે કરી પારંગત ગયો.
હવે મારે સઘળે સુખ રાસ, અખા સ્વતંતર દીઠો વાસ. ૨૩૮

---

૨૩૨ કો મસ્ત...ને શૂદ્ર: પુરુષસૂક્તના વર્ણનનો ઉલ્લેખ છે.
૨૩૬ ઘેરે, ઘેનમાં. બકે-કહે. લાગ્યે કરી-લાગવાને લીધે.
૨૩૮ બોલ્યે-બોલવા માત્રથી. સીધ્યું-સિદ્ધ થયું. રાસ-રાશિ, ભંડાર; મેળ.

કામ સકળ મુજ પૂરણ થયાં, બ્રહ્મસાગર માંહે ગળી ગયાં.
બોલું ચાલું હરિને સાથ, આ તે પોતે એ રહી આથ.
હું હરિમાં અને મુજમાં હરિ, એમ અખા નખશિખ રહ્યો ભરી.

આવું જાઉં જો અળગો હોય, જ્યમ વેઝું માર્યું ન ભૂલે ભોંય.
વ્યાપકની વ્યગતિ કચમ થાય, કહો આકાશ કચમ વહેર્યું જાય.
સળંગ અખા જાણ્યું'તું અલગ, પાંખ આવી પડતું રહ્યું ખગ. ૨૪૦

મારે એમ પડ્યું પાધરું, હુંપણું મૂક્યું એ આદર્યું.
કર્મ અહંકારતણું ગયું મૂળ, જેમ અર્કનાં ઊડે તૂલ.
ન લહ્યા સરખું મેં તાં લહ્યું, એમ અખા જથારથ થયું. ૨૪૧

વાંકું સમું જાણે તાં હરિ, હું તાં મારે બેઠો ઠરી.
ભલા ગૃહસ્થને બારે ગાય, એમ આપ સોંપ્યું હરિ માંહ્ય.
છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ. ૨૪૨

બાવનપેં બુદ્ધ્ય આધી વટી, ભણ્યાગણ્યાથી રહી ઊગટી.
ઓગટ ભાજ્યું ટાળ્યું આપ, સહેજે ટળિયો દ્વૈતનો થાપ.
હવે રહ્યો તે હું કે હરિ, વિગત કરે અખો શે કરી? ૨૪૩

---

૨૪૦ વેઝું-બાણનું ફળું (સં. વેધ્ય, મ. વેજે. સર૦ : વીંઝણું.) સર૦ : શ્રીધર (રાવણમંદોદરી સંવાદ-૩૪) 'વીઝુ વીઝણિ નિ વનરાય', અને તેની ઉપરની જૂની ચરણટિપ્પણી 'વીઝૂ-પશુનૂં પેટ ફડાઈ તે વીઝૂ,' અળગો હોય તો તેનું અચૂક નિશાન તાકું. વ્યગતિ-વ્યક્તિ, પ્રકટન, વિગત.

૨૪૧ અર્કનાં તૂલ-આકડાનું રૂ.

૨૪૨ બારે-બારણે.

૨૪૩ બાવનપેં-વર્ણમાલાના બાવન અક્ષરથી, સકળ શબ્દપ્રપંચથી. ઊગટી-(હિં. उगटना, उघटना-ताना मारना, सं. उत्कथन, उद्घाटन) વ્નેટાણા મારી રહી છે, મહેણું દઈ રહી છે. ઓગટ-મહેણું. (પાઠાંતર 'ઊઘડ'. મુશ્કેલીના અર્થમાં 'અવઘટ' વપરાય છે.)

મારે મોટો હુન્નર જડચો, જે ઈશ્વરરૂપી જહાજે ચઢચો.
પંચ સહિત ઊતરિયો પાર, પગ ન બોળું જળસંસાર.
હું હસતો રમતો હરિમાં ભળ્યો, અખા જાણો તે વળણે વળો. ૨૪૪

એ સુખ મારગ મેલીને સઠ, કાયકલેશ કરે કાં હઠ ?
ગીતામાં ગોવિંદ મુખ કહે : જે મારું શરણ ગ્રહીને રહે,
મુજ વાચક પાળે જે અખા, તેને સ્કંધ વહી ઉતારું જ્યમ સખા. ૨૪૫

પરમ ગુહ્ય હરિનું એ રહે, મહાપુરુષ મુનિ એમ વદે.
જે અહંબ્રહ્મ જાણીને રહે, શરણ જાવું શિવ એને કહે.
અળગું નથી અખા શું કળો, આકાશને કયમ લાગે સળો ? ૨૪૬

ભાષા અંગ

ભાષાને શું વળગે, ભૂર ! જે રણમાં જીતે તે શૂર.
સંસ્કૃત બોલ્યે શું થયું, કાંઈ પ્રાકૃતમાંથી નાશી ગયું ?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણ્યે પાર. ૨૪૭

સંસ્કૃત પ્રાકૃત વડે ભણે; જ્યમ કાષ્ઠ વેષે કરે ભારા તણે,
તે છોડચા વહાણો નાવે અર્થ, ત્યમ પ્રાકૃત વિના સંસ્કૃત તે વ્યર્થ.
જ્યમ બાધા દામ વ્યાપારી લખે, પણ અખા વણજ નોહે છૂટા પખે.

અખેંકરખે અનુભવમાં કશા, જ્યમ આકાશ ઉદરમાં વરતે દશે દિશા.
જ્યારે જેનું રાજ જ જાણ, ત્યારે માનવી તેની આણ.
જ્ઞાન ગગનમાં નોહે દેશકાળ, એ તો અખા અણજાણ્યા બોલે આળ.
જ્ઞાન અદકું નોહે સિદ્ધ્ય વડે, શું સતી નામ શણગારે પડે ?
એકમની કહાવે સાધવી, ત્યમ સહેજ ન ઇચ્છે સિદ્ધ્ય વાધવી.

---

૨૪૪ હુન્નર-કસબ, પંચ : મહાભૂત.

૨૪૫ સઠ-સહેલો, સીધો. સર૦ : સહેલોસટ.

૨૪૭ ભૂર-ગાંડો, મૂરખ. બાવન-વર્ણમાલા. ત્રેપનમો-શબ્દાતીત.

૨૪૮ જેમ ભારા તણે વેષે (રૂપે) કાષ્ઠને કરે (ફેરવે), તો તેને છોડચા વગર અર્થ ન સરે, તેમ...બાધા-આખા (બાધો-બાંધ્યો રૂપિયો), 'પરચુરણ'-થી વિરુદ્ધ.

૨૪૯ અખેંકરખે-હરખ અને ક-હરખ (શોક).-(?) પાઠાંતર નોંધપાત્ર છે.

અખા અણુલિંગી નાવે સંસાર, એ તો ફોકટ માયા ઉડાડે બહાર.
અષ્ટ મહાસિધ્ય ઈશ્વરને વિખે, તેને વેદ માયા કરી લખે.
તેની કણિકા તે આ જીવ, તો સિધ્ય સહિત ક્યમ થાયે શિવ?
લોકપતિ જે તે સિધ્ય વડે, પણ અખા અનુભવને કાંઈ નવ અડે. ૨૫૧

મૂળગો અહંરોગ નથી ટળ્યો, તેમાં સિધ્ય રૂપી ભ્રમ જ ભળ્યો.
જ્યમ પહેલો ઘેલો હોય બુધ્ય વિખે, વળી વ્યસને લાગ્યો માદક ભખે.
અખા અહંકારને ટાળી જો, પછે તું રહે તો સિધ્ય સાથે મ્હો. ૨૫૨

પોત ન લહ્યું તે પોતે થયા, પછે ઉત્તમ મધ્યમ વ્યસનમાં વહ્યા.
માયાકૃત્યનો નાવે અંત, માને નહિ તો જોએ વેદાંત.
અખા ઊપન્યું માન્યે આધ, ક્રયવિક્રય વિના શી વ્રધ-બાધ? ૨૫૩

પ્રપંચ પ્રીછી જોયો ખરો, નહિ ઊપજ ને નહિ તાં વરો.
જ્યાંથું ઊપન્યું ત્યાં નવ ઘટે, અને શઠ ન વળે જ્યાં જઈ આવટે.
જાતું મરતું દીસે ખરું, અને અખા ભર્યાનું ભર્યું. ૨૫૪

જ્યમ ફૂંધે ફીણુફિસોટા થાય, તેણે તોલ ન વધે અને આકાશ રૂંધાય.
જ્યમ અગ્નિયોગે જળ ઊભરે, ત્યમ તત્ત્વે તત્ત્વ જગત અવતરે.
વિકર્યાં તત્ત્વ ધરે રૂપ નામ, અખા ઉત્પત્ય લય ઠામનું ઠામ. ૨૫૫

---

૨૫૦ સિધ્ય-સિદ્ધિ. એકમની-એકમાં મનવાળી.
૨૫૧ લખે-લક્ષે, ઓળખે.
૨૫૨ મ્હો-મોહ પામ.
૨૫૩ જોએ-તું જો. આધ-આધિ, માનસિક પીડા. વ્રધ-વૃદ્ધિ.
૨૫૪ આવટે-આવર્ત્ત (વમળ)માં પડે ત્યાં શઠ પવનની દિશાએ વાળ્યો વળે નહિ.
૨૫૫ આકાશ-અવકાશ (Space). વિકર્યાં-જુદાં પાડેલાં

પાંચનાં પંચવીશે તત્ત્વ, અને વાસનાલિંગ તે તેનું સત્ત્વ.
ભૂત ભૂતમાંહે વિચરે, અને મૃત્યુ નામ પરપોટો મરે.
એ ભૂત કલ્લોલ સદા સર્વદા, એ ચિદ્‌વિલાસ અખા મન મુદા. ૨૫૬

ચલણવલણ તે ચૈતન્ય તણી, પંચરૂપે આપે થયો ધણી.
આપ આપમાંહે વિસ્તર્યું, ન કર્યા સરખું એ તાં કર્યું.
યમ છે ત્યમનું ત્યમ છે જાણ, સમજ્યે સાન અખા નિર્વાણ. ૨૫૭

પ્રતીતિ અંગ

હરિ પામેવા સહુ તપ કરે, અને અખો હરિમાં મહાલે ફરે.
મારે સમરસ સહેજ સંયોગ, સાવ સ્વતંતર પામ્યો ભોગ.
જ્યમ ભરસાગર તિમિંગલ રમે, એમ હું હરિમાં તો દેહ કોણ દમે? ૨૫૮

પેરેપેરે મેં જોયું કથી, જે હરિ વિના પદારથ નથી.
તો ઊઠ હાથનો હું જે ઘડયો, તે તે ક્યાં અળગો જઈ પડયો?
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખો ને એ રહી આથ. ૨૫૯

ઉમેરણ ઉસારણ કર્મ, એ હરિમારગમાં જાણો શ્રમ.
શાથું લઈ ને શામાં ભરું? ક્યમ અખંડ બ્રહ્મની ખંડણા કરું?
અખા એ તાં છે અદબદ, વચ્ચે હુંપણાની ભાગી હદ. ૨૬૦

અનુભવી જ્ઞાન તાં એવું કથે, કર્મ ધર્મ ભાજી કરે જથે.
આતમતત્ત્વ માંહેથું ઊધરે, નામરૂપ કૂચા શું કરે?

---

૨૫૬ પંચવીશે-સાંખ્ય પ્રમાણે. મુદા–આનંદ.

૨૫૮ તિમિંગલ–મગરમચ્છ.

૨૬૦ ઉસારણ–૧. (સં. उत्सृ ઉપરથી) ઘસીને ઉસરડી લેવું તે; ૨. (સં. अवसृ, ઉપરથી) ઓસરવું–ઓછું થવું તે.

એમ અખે તાં કીધી આથ, હવે કામ શું ઝાલે હાથ? ૨૬૧
છાંછલપાંછલની નોહે વાત, એ તો રમવી ઘાત નઘાત.
ખોવું મન ને લેવી વસ્ત, નાખ નસંક જ્યમ લાધે નહિ અસ્ત.
કે ત્રૂટે કે અડે નલાડ, અખા હરિ અર્થે હૈયું કાઢ. ૨૬૨
ક્યાં અવસર પામેવો વળી? મોતી વેહે પરો વીજળી.
મરત્યે તાં સહુયે કો મરે, પણ શૂર તે જે સ્વામીઅર્થ કરે.
અખા પામું હરિ કે ખોઉં સંસાર, સર્વ નિગમું કે પાડું બાર. ૨૬૩
તપ તીર્થ શાં વહે હથિયાર, પુરુષ ચીંથરાનો એ સંસાર.
તે ઉપર આયુધ શાં વહે? મારીશ કેને તે તું કહે?
પેસ ખેતરમાં ઘાલી હામ. ભ્રમ કશો, એ અખા રૂપનામ? ૨૬૪

ખલજ્ઞાની અંગ

જ્ઞાન કથી શું સાધ્યું ઘાડ, જો અંતરે અવિદ્યાએ વેધ્યાં હાડ?
અનુભવ કરે ત્યારે એક આતમા, મુખ નિંદા દીસે નહિ ક્ષમા.

---

૨૬૧ ભાજી–ભાંગી. ઊધરે–ઉદ્ધરે, ઉપર આણે.

૨૬૨ છાંછલપાંછલની–જેવાતેવાની, કાચાપોચાની. (?) એ તો આત્માનો ઘાત ન થાય એવી ઘાતનું જોખમ લેવાનું છે. વસ્ત–પરમ તત્ત્વ. નિઃશંકપણે ઝંપલાવ. અસ્ત–અસ્થિ. હાડકું પણ તારું હાથ ન આવે એ રીતે કાં તો લક્ષ્યને લલાટ અડે કે કાં તો કટકા થાય. કહેવત છેઃ 'કિ ત્રૂટઇ કિ અડિ નિલાડી.'–માંડણ ૪૭. હૈયું–છાતી, હિંમત.

૨૬૩ મોતીના છિદ્રમાં પરો–પ્રો, પરોવ, મરત્યે (તૃતીયા)–મૃત્યુએ. સ્વામીઅર્થ–માલિકનું કામ. અથવા બધું બહાર કાઢું અને બારણું–છીંડું–પાડું, માર્ગ કરું. પાડું બાર : બારણું–છીંડું–પાડું. સર૦ : 'ઉઘાડે બાર' ૨૭૧ઉ. 'કે' વિકલ્પના અર્થમાં નથી, 'અને'ના અર્થમાં છે.
૨૬૪ તપતીર્થ શાં–૦જેવાં. પુરુષ ચીંથરાનો–ખેતરમાંના ચાડિયાનો.

અખા કથ્યું પણ ન લહ્યું જ્ઞાન, શું ગુરુ આગળ માંડચો'તો કાન? ૨૬૫
ભલો કહાવ્યો પણ ભલપણ ક્યાં? જ્યમ ગોખર હીંડે ગોધણમાં.
વેષ પહેર્યે વિટલતા વધી, જ્યમ વંઠ્યું દૂધ થયું નહિ દધિ.
કવિતા થયો ન કાઢ્યું કર્મ, અખા ન સમજ્યો મૂળગો મર્મ. ૨૬૬
મહાપુરુષ કા'વે ને માંહે મા' બળી, વેષ પહેર્યો પણ ટેવ નવ ટળી.
સ્તુતિનિંદા અદેખાઈ આધ, પહેર્યો સ્વાંગ પણ વાધી વ્રાધ.
અખા કૃપા વિના જીવકબૂધી, જ્યમ પાકચું ઇન્દ્રવારણું ને કટુતા વધી.
કથા સુણી શ્રોતા શું ખટચો, જો ગુણ ગાઈને ગાનારો વટચો?
થયા ગયા તે પોથે લખ્યા, પણ વણથયાની લહે પારખ્યા.
વણથયો વિગત સર્વ કરે, તેને લહે અખા અર્થ સરે. ૨૬૮
બાણવેઝાને સહુ કો મુહે, પણ બાણાવળીને કોએક જુએ.
શ્રોતા વક્તા વેઝું બાણ, ટળે બેય ને રહે નિરવાણ.
નામરૂપ વંચક ને સભા, અખા સહુ વહે કાળની પ્રભા. ૨૬૯
સાચો જૂઠાના ગુણ ગાય, પણ જૂઠે સાચો નવ લહેવાય.
દર્પણ તો મુખસુખને ગ્રહે, પણ પ્રતિબિંબ તે કચમ બિંબને લહે?
આદર્શ સ્થાને જે નામરૂપ, અખા તે શું લહે સત્ય હરિભૂપ? ૨૭૦

---

૨૬૫ ધાડ-ગાઢ. વેધ્યાં હાડ-હાડોહાડ પેસી ગઈ. મુખમાં નિંદા દેખાય છે, ક્ષમા નહિ.

૨૬૬ ગોખર—ગોરખર, વોરખર (ફા. ગૂર કે ગોર=જંગલ; રણ), ગધેડાની જાતનું એક જંગલી પશુ; જંગલી ગધેડું. વિટલતા-(દેશ્ય વિટ્ટાલ-વટાળ) ભ્રષ્ટતા. કવિતા-કવનાર, કવિ.

૨૬૭ આધ-આધિ. વ્રાધ-વ્યાધિ. કબૂધી-કુબુદ્ધિવાળો.

૨૬૮ ખટચો-ખાટચો. વટચો-ચાલ્યો ગયો. પારખ્યા-પરખ, પરીક્ષા, પારખું.

૨૬૯ મુહે-૦માં મોહ પામે. શ્રોતા વેઝું (નિશાન વીંધનાર ફળું), વક્તા બાણ. વહે...પ્રભા-પ્રવાહમાં વહે. વંચક-વાંચક, કથા વાંચનાર. જુઓ ૧૯૨ઈ.

૨૭૦ આદર્શ-અરીસો. સત્ય૦-સત્સરૂપ હરિ જે ભૂપ-મોટી વસ્તુ-છે તેને.

અખે વિચાર વિચાર્યો ખરો, જે વાંક સર્વ આપણમાં ભર્યો.
બુધ્યવહોણો જીવ લહી નવ શકે, પછે જગતદોષ કાઢી મુખ બકે.
સદ્‌ગુરુ જો ઉઘાડે બાર, તો અખા હરિ દીસે સંસાર. ૨૭૧

કામ ક્રોધ તાં જગત આચરે, તે દેખી જીવ નિંદા કરે.
એ તો પાંચે રૂપે માયા રમે, કળ ભરાવી ભવમાં ભમે.
વિચાર વિચારી હરિને જાણ, નિંદા કર્યે અખા છે હાણ. ૨૭૨

ઊંચનીચ દીસે તે ભર્મ, અને ભરખે થાપ્યાં કરતા કર્મ.
વળી ડાહ્યો ભર્મ કહે કર્તા હરિ, પણ વસ્તુવિચાર ગયો વીસરી.
ભર્મકર્મ ન કર્તા કોય, અખા પોત વિચારી જોય. ૨૭૩

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, એણે વ્યસને જીવ પમાડયો ધંધ.
ત્યારે લોભ મોહ પાંચે થયા છતા, પ્રાયે પ્રકૃતિ ઉદરમાં હતા.
તેણે મોહ્યો જીવ રોગીલો થયો, ત્યારે અખા વસ્તુવિચાર જ ગયો.

વર્ણ ધર્મ તું રહે મૂળગે, જેણે સર્વ પડે તાં વગે.
જાત વિચારે તો આતમા, અને આશ્રમ તો તારો તુજમાં.
તેં જાણ્યો છે તે નોહે ધર્મ, અખા ફૂકસ ફૂટયે શ્રમ. ૨૭૫
ધર્યો પિંડ કાંઈ એક તાં કરે, તેમાં જીવ આપોપું ધરે.

---

૨૭૧ બાર–બારણું.

૨૭૨ પાંચે રૂપે–'ત્યારે લોભ મોહ પાંચે થયા છતા' (૨૭૪)માં લોભ મોહ આદિ ષડ્‌રિપુને અખાએ 'પાંચ'થી નિર્દેશ્યા લાગે છે, તેમ અહીં 'કામક્રોધ' આદિ વિશે પણ લાગે છે. સામાન્ય રીતે 'પાંચ'થી પંચ મહાભૂતો, પંચ તન્માત્રાઓ આદિ ઉલ્લેખાય છે.

૨૭૪ ધંધ–ધમાલ, જંજાળ. ('મહાધંધમાં મિથ્યા જનમ વગોયું.'–જ્ઞાનકૂંચી. સર૦ : બંગાળી 'ધાંધાનો'–આંજી નાખવું, ધાંધા–ભુલભુલામણી. 'ઓદેર કથાય ધાંધા લાગે.'–ટાગોર.)

૨૭૫ ફૂકસ–ફુશકા. ('કણ નીપાઈ ફૂકસ ભોગ.'–માંડણ ૭૨.)

જડ દેહ સંગે જડતા ગ્રહે, અને ચૈતન્યને પક્ષ મૂકી દે.
અખા કબુદ્ધે કરી પરિચય પિંડ, પણ આતમ પરિચય છે જ અખંડ.

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, એ પંચભૂતનો છે જ સંબંધ.
પ્રાયે પ્રકૃતિનો છે સંચાર, વિચરે ભૂત ધરે અવતાર.
અખા તન તપાસી જુએ, કાં જીવપણે જનમારો ખુએ? ૨૭૭

જ્ઞાની શૂર સહુ કો થઈ ફરે, પણ સુભટ તે જે અવસર મરે.
સુખે ઘેરબેઠાં સહુ જાણ, પણ વીર તે જે થોભે ઘમસાણ.
અખા કથણીથીઅનુભવતે અલગ,જ્યમ ઊંચો ચઢ્યે આકાશજસળંગ.

પ્રપંચ આધારે પરબ્રહ્મને કથે, મહી વિના પાણી જ્યમ મથે.
શ્રમ કરે પણ નાવે સાર, જ્યમ નપુંસક વહે હથિયાર.
એમ અખા નોહે સદ્જ્ઞાન, માદક ક્યમ કરે જલપાન? ૨૭૯

કર્મ ધર્મ એ ભર્મને ભલાં, એકે ન રહે એકએકલાં.
કર્મ ત્યાં ભર્મ અને ભર્મ ત્યાં કર્મ,જ્યમ બુલ્યવો'ણી ધેનુ ચાટે ચર્મ.
વસ્તુવિચાર પશુને કશો? અખા ભર્મે ભર્મ અભ્યસ્યો. ૨૮૦

મરતું દીસે તે નોહે મર્ત્ય, ચાલે સચરાચર કાળનું કૃત્ય.
જ્યમ વહેતું કરવત કાઢે ગાર, ત્યમ શનૈઃશનૈઃ મરે સંસાર.
તો અખા પરને કાં રુએ? આપ વિચારી શે નવ જુએ? ૨૮૧

---

૨૭૭ જુએ-તું જો.
૨૭૮ ઊંચા ચઢીએ છીએ તેમ આકાશ સંળગ દેખાય છે.
૨૭૯ સાર-માખણ. જળ પીવાથી કેફ કેમ ચઢે?
૨૮૧ કાઢે ગાર-ગારો, વહેર કાઢે; પણ (સર૦ : હિંદી ગારના-નષ્ટ કરના, બરબાદ કરના, કદાચ અરબી 'ગારત' ઉપરથી) નાશ કરે-એ અર્થ વધુ સંભવિત છે.

નહિ ઊપજ ને નહિ તાં વરો, કાં આકાશને મેલું કરો ?
એ ભર્મે ભર્મ માને ઊપનો, પણ પ્રાયે સુવર્ણને ક્યાંથો વનો ?
અખો નહીં તો કેને કવે, નહીં માપ માપણહાર તો શું મવે ? ૨૮૨

જડભક્તિ અંગ

પંડ પખાળે પૂજે પાણ, અને મનમાં જાણે હું તે જાણ.
આપે આતમ ને બાહેર ભમે, મૂરખ સામું માડી નમે.
ડાહ્યા પંડિત થઈ જે આદરે, તે અખા વાચું ક્યમ કરે ? ૨૮૩

ગુણ ગાયા પેં ગુરુને શોધ, જે ગુરુ આપે તત્ત્વાબોધ.
પરને વળગ્યો હીંડે અંધ, પણ આંખાળો નવ વળગે ખંધ.
સદ્‌ગુરુ વિના ગળે બાંધી શલા, એમ અખા ભમ્યો ભલભલા. ૨૮૪

હરિ હરિ કહે છે તે ક્યાં વસે ? તેને જાણ, કાયા કાં કસે ?
બ્રહ્મજ્ઞાનમાં સર્વે વિલે, જ્યમ સહુ મહોર સોને એકલે.
પણ તણંગ માર્યે ક્યમ પાડો મરે ? એમ અખા સહુ સાધન કરે.

ગુણ ગાવા ગુણીનો કર્મ, ધારણા ધ્યાન યોગીનો ધર્મ.

---

૨૮૨ વનો-વર્ણ. મવે-માપે. સર૦ : ૪૯૮ઊ 'રિધ...અણમવી' અને તરત જ ૪૭૯અમાં 'અણમાપી રિધ૦,' જે 'મવવું'-માપવું' અર્થ ચોક્કસ કરી આપે છે.

૨૮૩ જાણ-જ્ઞાની. આપે-પોતે.

૨૮૪ તત્ત્વાબોધ-તત્ત્વબોધ. ('અ'નો 'આ'; જેમ 'પારબ્રહ્મ', 'આસત્ય', 'મહાન્ત' વગેરેમાં પણ.) શલા-શિલા, પથ્થર.

૨૮૫ વિલે-વિલય પામે. એકલા સોનામાં બધી મહોર છે. તંણગ-પખાલી. સર૦ : 'માંદુ મહિષ તણંગ ડંભાઈ.'-માંડણ ૨૩૭. પાડાને વાંકે પખાલીને ડામ-એમ અત્યારે કહેવત છે. 'પપાલ' પાઠ આપતી પ્રત નં. ૨,૩,૬ને 'પખાલ' અર્થ અભિપ્રેત છે.

ભક્તિવૈરાગ્ય વૈષ્ણવ કહે કથી, પણ વસ્તુપણામાં કૃત્ય જ નથી.
અખા પ્રપંચ હોય વિધવિધે,જ્ઞાન પીધું સાધકે જે દીધું સિધે. ૨૮૬

સૂઝમહીં સાધન તે કશું? તેજમાં રૂપ કાંઈ વાસો વસ્યું.
જ્યમ મીનને તરવું તે સહેજ, પંખી જ્યમ આકાશે રહે જ.
ત્યમ જ્ઞાતાને સાધન તે સૂઝ, એમ અખા સાને કરી બૂજ. ૨૮૭

બોલે ચાલે તે હરિ વડે, અને પશુ પથ્થરને લાગી પડે.
કો પત્રી સેવે, કોને વસ્ત્ર જ પૂજ,—એમ ગઈ આતમની સૂઝ.
મોડભર્યા માને નહિ વાત, અખા અણજાણ્યે આતમઘાત. ૨૮૮

હરિમાં રહે તે ગુણ શું ગાય? એ તો પાપી પાવન થાવા જાય.
કુંવારી વરનું લે નામ, પણ સદા સોહાગણ સંગે સ્વામ.
પોતે પોતાને કરવો સાદ, એ તો અખા ઘેલાનો વાદ. ૨૮૯

હરિ મળ્યે જન રસબસ થાય, અળગો જાણે તો લેવા જાય.
તોય કાંઈ તરસ્યું કહેતું ફરે? કહોને વ્યંડળ કેને વરે?
દ્વૈત નહીં ત્યાં રીત જ કશી? એમ અખા જોજો અભ્યસી. ૨૯૦

કર્તા કોણ ને સાધન કશું, સુણી માની મન કરવા ધસ્યું.
વાતે વાત વાધ્યો વિસ્તાર, જ્યમ ધુમાડો થયો નત્રસાર.
અખા વિચારી જોતાં ફોક, જ્યમ અંધ કૂપ ને ફાટી બોક. ૨૯૧

ઊંદ્યો કહે ઊંદ્યો સાંભળે, તેણે જડપણું એનું નવ ટળે.

---

૨૮૬ સિધે–સિદ્ધ પુરુષે.

૨૮૮ પત્રી–૧. વૃક્ષ, ૨. પંખી.

૨૯૦ ઇ : હું તરસ્યું છું એમ તોય(પાણી) કાંઈ કહેતું ફરે? રીત–સાધના.

૨૯૧ છયે પ્રતો 'અંધ' પાઠ આપે છે. (૬૩૭ઉમાં 'ઊંડો' પાઠ છે.) સર૦ : માંડણ ૨૯૨–'વંછુ અંધ કૂપ જ ભણી.' બોક–ડોલ. (કંતાનની કે ચામડાની).

જ્યમ ચિત્રામણના દીપકથી, અખા અંધારું ન ટળે રતી;
શું સાંભળે ને અખા શું કહે, જો માયાના લાલચિયા બેયે? ૨૯૨

પ્રપંચ પારે રહે જે રામ, – સદાસર્વદા ન્યારું ધામ,–
તે વડે ચાલે સંસાર, આગમાપાયી તે નિરધાર.
અખે રામ ઓળખિયો તેહ, ઉદરઅભ્યંતર નાવે જેહ. ૨૯૩

શબ્દજાળ એ કર્મઠગ્રંથ, એમાં સાર ન લાધે અંથ.
સાચું સાધન જે કો કરો, તે વાગ્વિલાસ સકળ પરહરો.
શબ્દાતીતને જાણે જેહ, અખા સાચું સાધન એહ. ૨૯૪

સાચું સાધન શુદ્ધ વિચાર, જે હું-મારાનો કાઢે પાર.
એ મૂકી અન્ય સાધન કરે, જ્યમ ભ્રમરોગી વિજયા વાવરે.
નિજ આતમ જાણ્યા વિના ભર્મ, અખા નહિ છૂટે કરતાં કર્મ. ૨૯૫

એ શબ્દજાળ માયાનું કૂડ, ત્યાં નરપશુ પડે મધ્ય મૂઢ.
શણગારી વાણી સહુ ગાય, ત્યાં મોહ્યા જીવ સાંભળવા જાય.
અખા શું વાંચ્યું, સમજ્યો કશું? જ્યમ આંખનું કાજળ મોઢે ઘસ્યું.

અજ્ઞાની ને ઊંટબચકું, ઝાલ્યું મૂકે નહિ મુખ થકું.
અખા અણજાણ્યે પેઠું કાન, ચાલ્યા પંથ દર્શનને માન.
કને કિરતાર ન જાણ્યો જડે, વઢે ઢીંકે ને કટારી કડ્યે. ૨૯૭

---

૨૯૨ રતી–જરી પણ.
૨૯૩ આગમાપાયી–આવતો જતો, જન્મતોમરતો, ક્ષણિક. તે–સંસાર.
૨૯૪ કર્મઠ–બાહ્ય આચારમાં આગ્રહી, કર્મનિષ્ઠ. અંથ–સહેજ પણ. (?)
૨૯૫ વિજયા૦–ભાંગ પીએ. સર૦ : 'હૃદય સૂનું ભાંગિ વાવરઈ.'–માંડણ ૧૦૧.
૨૯૬ મોઢે–હસ્તપ્રતોનો પાઠ (પણ આગળ ૬૩૭ઈમાં 'ગાલે' આપે છે.)
૨૯૭ કડે કટારી છે ને ઢીંક (મુક્કી)થી લડે છે. સર૦ : 'કમરિ કટારી ઢીક ઉપરિ કિશી?'–માંડણ ૧૮૯.

ભણ્યેગણ્યે શી સાધી વાત? અવળાં પડ વળ્યાં વળી સાત.
ઊંચનીચ રૂસલમાં હતાં, અખા થાપીને કીધાં છતાં.
પાંડિત્ય કરતાં લાગ્યું પાપ, પાઈ દૂધ ઉછેર્યો સાપ. ૨૯૮

શું સમજ્યો ગુરુને શરણે જઈ, જો ભ્રાંત્યછોત ઘર વાસે રહી?
અજ્ઞાન તાં રંચે નવ ગયું, વાધ્યો ભર્મ એ અદકું થયું.
અખા હલાવ્યો ઠાલો હલ્યો, એ સગરાથી નગુરો ભલો. ૨૯૯

પ્રાપ્ત રામ કરે તે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યાં વરુ.
ધન હરે, ધોખો નવ હરે, સંબંધ સંસારી સાચો કરે.
અખા શું સમજ્યો ગુરુ કરી, સચરાચર દીઠા નહિ હરિ? ૩૦૦

કર્મ કરી શું હરખે, અલ્યા? એ તો દાસ અલેખે પળ્યા.
જેણે લેખે જીવ જ ટળે, તે સમજતાં નામું એ વળે.
તત્ત્વજ્ઞાન વિણ બીજું જે અખા, તે રમવું જ્યમ કાચકા સખા. ૩૦૧

કહે અખો મુજ આવે હસું, એ ક્યાંથું ટીખળ મનમાં વસ્યું?
હિરણગર્ભ હરિ આપોઆપ, ત્યાં દ્વૈત અચાનક લાગ્યું પાપ.
કોણ સુણે ને અખા કોણ કહે? એ હરિની વાત તો એહ જ લહે. ૩૦૨

હું તું થઈ બોલાયે ખરું, તે હું જ નહિ તો શું ઊચરું?
જ્યમ મૌહરમાં બે વાજે સાદ, તે એકલો ગારુડી પૂરે નાદ.
એ અખા એવો શો ભેદ, હું તું શું ને શો વિધિનિષેધ? ૩૦૩

---

૨૯૮ રૂસલ-રોષ, રિસાયલાપણું, સર૦ : હિંદી रूसना-રૂઠના. (?) ૩૭૧૩ અને ૩૮૮૯માં પણ આ શબ્દ છે. ત્યાં અર્ધચેતન અવસ્થા અર્થ વધુ બંધબેસતો લાગે છે. ભ્રાંત્ય-ભ્રાંતિ.

૩૦૧ ૨૨૬૯ તેમ જ અહીં મૂળ 'હલ્યા'. અલેખે-લેખા વિનાના, એળે પળ્યા-ગયા. લેખે-હિસાબે, ગણતરીએ. કાચકા-કાચકીનાં ફળ; રમતના પાંચીકા.

૩૦૩ મૌહર-સાપ રમાડનારની મોરલી. ગારુડી-સાપ રમાડનાર-મદારી.

આપેઆપમાં ઊઠી બલા, એક કહે રામ ને એક કહે અલા.
અલા-રામ તે કેનું નામ? કો ન સંભાળે તે નિજ ધામ.
કહે અખો ઉપજાવ્યો કલો; જ્યમ કિલકિલે બાળ, રમે એકલો. ૩૦૪

સગુણભક્તિ અંગ

સગુણભક્તિ મોતી-ઘૂઘરી, મનમોહન દીસે તે ખરી.
અંતર તાપ ક્ષુધા નવ શમે, સામા મનોરથ અદકા દમે.
અખા સમજ એ દેહવહેવાર, જન્મમરણ ન ટળે સંસાર. ૩૦૫

પડતું સુવર્ણ ને બીજું મન, તેને ધોવું ધાવું તે નોહે જતન.
જો મર્મ ખાર અગ્નિને મળે, થાયે ચૌદું મન પાછું વળે.
મનની કીધી સર્વ ઉપાધ, મનાતીત અખા આરાધ. ૩૦૬

અણજાણ્યે કાં ગુરુ કરી પડે? પડી પટોળે ભાત નવ ઊખડે.
ભ્રમ શબ્દ પડ્યો કાનમાં, વાધ્યો રોગ નાવે માનમાં.
અખા આતમ વિના અવળી વજા, ફરે કાજી પણ ન ફરે કજા. ૩૦૭

બહુવિધ છે શાસ્ત્રનું જાળ, ઊર્ણનાભિ મૂકે નિજ લાળ.

---

૩૦૪ કલો-કલહ. રમે-તું રમ.

૩૦૫ ઘૂઘરી-બાફેલી જારબાજરી. મોતીની ઘૂઘરી ક્ષુધા ન શમાવે, ખલકે ભૂખ્યાને રિબાવે. સર૦: 'મોતીની ઘૂઘરીની સાધ.'-માંડણ ૪૪૧.

૩૦૬ પડતું સુવર્ણ-નબળું, ઘડી ન શકાય એવું, બરડ, ખારથી સુધરે એવું સોનું. પડતા સોનાને ધોવાનો યત્ન (પરિશ્રમ) કામનો નહિ, તેમ મનને ધાવા(તીર્થોમાં દોડવા)નો પણ. પડતા સુવર્ણને ખાર (તેમ મનને મર્મ) અગ્નિ મળે તો તે ચોખ્ખું સોનું (ચૌદું) થાય.

૩૦૭ માનમાં-માપમાં. વજા-વિદ્યા, સમજ. કજા-૧, કાનૂન, કળા. (સાબરકાંઠામાં 'કળા'ના અર્થમાં વપરાય છે.) ૨. (અરબી) મૃત્યુ. કાજી ફરે, પણ મોતની સજા થયેલી હોય તે ન ફરે.

ત્યમ જીવબુદ્ધયે કરી ગૂંથ્યા ગ્રંથ, મમતે બહુ વધારે પંથ.
પણ જ્ઞાન તો છે આતમસૂઝ, અખા અનુભવ હોયે તો બૂઝ. ૩૦૮

મુક્તિ બંધ બેઉ વાંછે ભ્રમ, પણ બેઉથી અળગો આતમધર્મ.
જીવ થઈ થાપે ભિન્ન ભગવંત, જીવ થઈ મુક્તિ મન માને જંત.
એ તો ત્યમનું ત્યમ છે અખા, દ્વૈત વિના નોહે પખપખા. ૩૦૯

આત્મલક્ષમાં નહિ પર આપ, વણસંતાને કેનો બાપ?
વણજોનારે દર્પણ જથા, બિંબ પ્રતિબિંબની કોણ કહે કથા?
અખા દ્વૈત થયે ઉપાધ, તનમન વિના એ સાધન સાધ. ૩૧૦

દંભભક્તિ અંગ

જો હરિમારગ ચાલ્યો જંત, તો વેષ અભિમાન શું કાઢ્યા દંત?
જ્યમત્યમ પથ કાપ્યાશું કામ, તો આવે હરિરૂપી ગામ.
અખા મોહ્યો પંથે ભમ્યે, વાદ કરંતાં આયુ નિગમ્યો. ૩૧૧

કાં વેષ તણું રાખે અભિમાન? સામું તેણે થાયે જાન.
સંસારી મળ ધોવા માટ, સાબુ મલદીજે જ્યમ પાટ,
અખા તે મળ જો નવ નીકળે, તો હવે મેલું તે કેઈ પેરે ટળે? ૩૧૨

નિવૃત્યપ્રવૃત્ય સમણાનું ધંન, ઊંઘ્યો નર તેનું કરે જતંન.
જાગ્યે રૂડુંકૂડું ટળે, જ્ઞાની તે જે પાછો વળે.
અખા પરપંચ નહિ પરમાણ, ઠાલો શું થૈ બેસે જાણ? ૩૧૩

---

૩૦૮ ઊર્ણનાભિ–જેની નાભિમાંથી ઊન નીકળે છે તે, કરોળિયો.

૩૧૧ નિગમ્યો–પાર કર્યું.

૩૧૨ મલદીજે–મર્દીએ, ઘસીએ. કપડાને બદલે ધોવાની પાટ ઉપર સાબુ ઘસીએ.
'મલ દીજે'–મેલ કાઢવા સાબુ દઈએ.

તપતીરથ દેહ દમવા કાજ; જાણ્યું ઉન્મત્ત તનમન આવે વાજ.
ફળ સંભળાવી કીધું ખરું, પણ હરિ મળવાનું કારણ પરું.
અખા એ સર્વ મનની તોર, કોડી વટાવ્યે નાવે મહોર. ૩૧૪

હરિ જાણી જે તે હરિ વડે, ત્યાં મન જ નથી જે આગળ પડે.
બીજાં કર્મ મનથાં નીપજે, મન સુધી તેને જય વિજે.
અખા તે માટે ત્યાં રહી ચેત, જ્યાં રહીને નિગમ કહે નેત. ૩૧૫

અખા તે નર ચેત્યો ખરો, જે ચાલ્યો માથા ઊફરો.
ઊંઠ હાથમાં સહુ કો રમે, જાગ જોગ એટલામાં ભમે.
મુક્તિ ચતુર્ધા એટલા લગે, પણ પદ રહી જોતાં પડશે વગે. ૩૧૬

અણલિંગી મોટો ઉપદેશ, જે ઇચ્છે અજ વિષ્ણુ મહેશ.
લિંગચતુષ્ટયથી ઘર અથા, જ્યાં ન મળે જગત સંબંધી કથા.
અખા એ તાં ચિદ્ આકાશ, પણ પ્રાયે શબ્દનો નોહે સમાસ. ૩૧૭

ભક્તિ કરતાં ભર્મે બહુ, પણ ભજનભેદ ન જાણે સહુ.
જ્યાં સૂચિ અગ્ર રહેવા નહિ ઠામ, એમ ભરી પૂરી રહ્યો છે રામ.
ત્યાં તાં કરતા દીસે ઘાત, તો એમ અખા કયમ ધાતે વાત? ૩૧૮

પહેલે ઓળખ હરિ, પ્રીછી ભજે, કાં વહોરે જોયા વિના વજે?

---

૩૧૪ આવે વાજ-થાકે, કંટાળે; અહીં 'ઠેકાણે આવે.' સર૦ : ૨૧૩ઈ. પરું-દૂર. તોર-અહંકાર.

૩૧૫ જાણીજે-જાણીએ. વિજે-વિજય. નેત-નેતિ.

૩૧૬ જાગજોગ-યાગ (યજ્ઞ) અને યોગસાધના. ચતુર્ધા-ચાર પ્રકારની; સાષ્ટર્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય.

૩૧૭ અજ-બ્રહ્મા. લિંગચતુષ્ટય-ચાર જાતના લિંગદેહ. અથા-તું થા. 'અ' ઉચ્ચારણની સરળતા ખાતર ઉમેરાયો હોય. (?)

૩૧૮ ભર્મે-ભરમાય. સૂચિ અગ્ર-સોયની અણી જેટલું. ધાતે-અનુકૂળ આવે, ફાવે.

ચૈતન્ય બ્રહ્મ હરિ કહે વેદવાણ, અને તું તાં માને પીતળ પહાણ.
આત્માની અવગણના કરે, અખા ભક્તિ કયમ પડશે વરે ? ૩૧૯

જ્ઞાન વિના ભક્તિ તે અશી, ભસતે શ્વાન જ્યમ ઊઠે ભસી;
લારેલાર જ્યમ ચાલ્યો શોર, ત્યાં કોણે દીઠો તો ચોર.
જે જેણે દીઠું સાંભળ્યું, અખા તે તે વળણે વળ્યું. ૩૨૦

જેવી શાસ્ત્ર સંત વાણી વદે, તેવું નરને આવે હૃદે.
હું મમતા દેહ જો ઓળખાય, સર્વાવાસ હરિ ત્યારે જણાય.
સચરાચર જાણ્યા વિના હરિ, અખા દ્રોહબુધ્ધ જ્યાંત્યાં કરી. ૩૨૧

જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જ્યમ ચક્ષુહીણો જ્યાં ત્યાં અથડાય.
તે માટે જ્ઞાની ગુરુ કરો, જે હરિ દેખાડે સભર ભર્યો.
પણ ગુરુ જ અખા ન જાણે રામ, તે શિષ્યને શું આપે નામ ? ૩૨૨

જોતાં વિચારી સ્વેં નિજધામ, ઉપાધ્ આવેવા નો'તો ઠામ.
આવી અચાનક ઊઠી બલા, સુખીદુઃખી નર ભૂંડાભલા.
પંડિત જાણ થાપે જીવ કર્મ, પણ અખે માયાનો પ્રીછ્યો મર્મ. ૩૨૩

નિજ શકતે વિકર્યું આકાશ, તત્ત્વેતત્ત્વ હવો પ્રકાશ.
અંશેઅંશ ભૌતિક પિંડ થયા, સત્તા બળ વડે ચાલી ગયા.
જ્યમ ખડક્યાં પાત્ર અગ્નિએ થાયે ઉષ્ણ, એમ અખાબળવ્યાપ્યું વિષ્ણુ.
તે પાત્રપાત્રમાં થાયે વરાળ, ત્યમ પિંડ સાથે હોયે મનનું જાળ.

---

૩૧૯ ભજે-તું ભજ. વજે-(અ. વજઅ, પાકેલા અનાજમાં હિસ્સો ગણીને લેવાતું મહેસૂલ) માપણી, અંદાજ. પીતળપહાણ-ની મૂર્તિઓ. વરે-વપરાશે, ઉપયોગે.

૩૨૦ લારેલાર-હારેહાર.

૩૨૪ શકતે-શક્તિએ, વિકર્યું-જુદું પાડયું.

તે મનને જોયે એ સર્વ વિખે, પણ મૂળ અગ્નિને તે નવ લખે.
વિષય મન તે આ સંસાર, અખે એ વિધે કાઢયો પાર. ૩૨૫
મુજ જોતાં એ મન સુખીદુઃખી, પણ મનાતીત ન શકે ઓળખી.
મનના માર્યા જાયે જે, એ સમજણ નવ સમજે તે.
ચૌદલોકરૂપે મન થયું, અખા મનાતીત જ્યમનું ત્યમ રહ્યું.
પ્રપંચ પાર પરમેશ્વર રહે, કાં ગુણનાં કૃત્યને સાચાં કહે?
ગુણ તે જાયે રહે મરે અવતરે, તેને સત્ય જાણે તે ફેરા ફરે.
ગુણ પારે જેનો અધ્યાસ, અખા તે નોહે સ્વામી દાસ. ૩૨૭

અખે જગતથી અવળું કર્યું, જીવત મૂકી મૃતક આદર્યું.
મૃતક સમું મીઠું કાંઈ નથી, સારમાંથી સાર કાઢયું કથી.
પ્રત્યક્ષ પરોક્ષ જીવતાને ભે, પણ જીવત મરે તે નિરભે રહે. ૩૨૮

રામનામ પ્રીછ્યે ગુણ ઘણો, જ્યમ અમૃતમાં ગુણ પીધા તણો.
વણસમજ્યે સૂડો નિત્ય કહે, સામું કઠપંજરમાં રહે.
ક્યાં પૂજ્યો ગાયો પરીક્ષિતે, અખા મુક્તિ પામ્યો પ્રીછતે. ૩૨૯

આત્મલક્ષ અંગ

આકાશઆધેરી જાણો વસ્ત, ત્યાં ન મળે ઉદય ને અસ્ત.
ઉદયઅસ્ત તો જ્યાં આકાર, તે જાણો સઘળો સંસાર.
તે સંસાર સ્થાને છે શૂન્ય, અહીં અખા રાખી જો મુન્ય. ૩૩૦

---

૩૨૫ જોયે–જોઈએ. વિખે–વિષે, વિષય. લખે–ઓળખે.

૩૨૭ જાયે–જન્મે.

૩૨૮ ભે–ભય.

૩૨૯ સૂડો–શુક, પોપટ. કઠપંજર–કાષ્ઠના પાંજરામાં. પ્રીછતે–પ્રીછતાં, સમજતાં.

૩૩૦ મુનિની વૃત્તિ રાખીને અહીં જો. (?)

જે આકારને માને સત્ય, તે શૂન્યવાદી તેમાં નહિ વ્યત.
અને આકારનિરાકાર જે કહે નથી, તે મિથ્યાવાદ કરતા મરે મથી.
શૂન્યવાદી એ બેનું નામ, અખા બેથી પર હરિનું ધામ. ૩૪૧

ગુણવાદી ગુણને કહે હરિ, તે તાં માયારચિત જાયે ઊસરી.
તે માટે ગુણને સ્થળ શૂન્ય, ખટદરશન મત પાપ ને પુન્ય.
અને કૂટજ્ઞાની કહે સત્ય આકાશ, અખા એ મિથ્યા અધ્યાસ. ૩૩૨

વસ્તુને ઉપમા છે શૂન્ય તણી, તે માટે વસ્તુ તે શૂન્ય જ ગણી.
તે માટે શૂન્યવાદી નામ, તેણે સમ્યક ન લહ્યું મૂળગું ધામ.
તે માટે તે તેવા રહ્યા, અખા પરપંચ પાર નવ ગયા. ૩૩૩

અતિઘણો આઘો પરમેશ, મન તણો ત્યાં નોહે પ્રવેશ.
અમન નર આઘેરો જાય, ત્યાં મનસાવાચા ન પહોંચે કાય.
સહુ ઉપાસે મનની વૃત્ય, અખા ન લાધે હરિની નર્ત્ય. ૩૩૪

શૂન્યવાદી શૂન્યકૂચા ભખે, પણ શૂન્ય સત્ત્વને નવ ઓળખે.
અને સાકારી આકારને ગાય, તે તાં કાળે ફીટી જાય.
તે માટે તત્ત્વદર્શી ખરો, અખા જે સર્વે ઊફરો. ૩૩૫

સાચો અંતર્યામી ગોર, બીજા ગુરુ બાજીગર-મહોર.
તેનો અર્થ કહેવા શોભવા, સંસારીનું મન થોભવા.
પણ રિધ આવે જ્યમ રૂપા વડે, ત્યમ અખા આતમથી આતમ જડે.

---

૩૩૧ વ્યત-વિત્ત, માલ.

૩૩૨ ઊસરી-ઓસરી.

૩૩૪ અમન-મનની પાર (વિજ્ઞાન-અતિમનસ-માં) ગયેલો. નર્ત્ય-નૂરત, પ્રકાશ.

૩૩૬ ગોર-ગુરુ. મહોર-મહોરાવાળા, દેખાવ કરનાર. (?)

શી પેરે પરપંચ બેસે ઘાટ, જેનું મૂળ મિથ્યા છે નાટ ?
જગત થયું તે ત્રણ ગુણ વડે, અને ત્રણ ગુણને તે માયા ઘડે.
તે માયા તો નહીં પ્રમાણ, તો અખા શું થાયે જાણ ? ૩૩૭

ઊંધ્યા બરલે પંડિતકવિ, જે મનની વૃત્ય રહ્યા અનુભવી.
એકએકનું બોલ્યું નવ મળે, ખટદરશન જૂજવાં આફળે.
સહુને હું-મારાનો થાપ, પણ અખા ન સમજે આપે આપ. ૩૩૮

દૃષ્ટિપદારથ થાયે ફોક, ચરઅચર ને ચૌદે લોક.
ગૂંથે ગ્રંથ વાંચે સાંભળે, તે તો કાળે સઘળા ટળે.
અખો શો રાખે નિરધાર ? જે બોલું તે થાય સંસાર. ૩૩૯

મનન કરતાં મનશું અખે, પ્રપંચ દીઠો ચૈતન્ય વિખે.
જ્યમ નિર્મળ દર્પણ હોય અતિ સાર, તેમાં ભાસે બહુ આકાર.
જ્યમ તે ત્યમ જાણે આતમા, તે નર કહીએ સર્વોત્તમા. ૩૪૦

આતમ સમજ્યો તે નર જતી, શું થયું ધોળાં ભગવાં વતી ?
બોડે ત્રોડે જોડે વાળ, એ તો સર્વ ઉપલ્યો જંજાળ.
પ્રીછીને સંકોડે વ્યાપ, તો અખા રહે આપે આપ. ૩૪૧

વણસમજ્યે દાવાગીર ઘણા, વેષ વખાણે આપાપણા.
ટળવું ઘટે ત્યાં સામો થાય, વણસમજ્યે એમ વાંકું જાય.
પહેર્યો વેષ ને વાધી ટેક, તો એમ અખા કયમ થાયે એક ? ૩૪૨

---

૩૩૭ બેસે ઘાટ–બરાબર ગોઠવાય. નાટ–અભિનય, નાટક, તમાશો.

૩૩૮ બરલે–બબડે. સર૦ : 'ઘરમાંહી બિઠો બરલિ ઘણું; સૂરાતન તો તરુણી તણું.' (શ્રીધર, 'રાવણમંદોદરી સંવાદ' ૧૪૮). થાપ–ભૂલથાપ.

૩૪૦ સાર–ઉત્તમ.

૩૪૧ તું જાતને સંકોડ કે વ્યાપી જા; અથવા વ્યાપને સંકેલી લે.

૩૪૨ દાવાગીર–દાવો કરનાર. થાયે એક, પરમ તત્ત્વથી.

અખો શું કવિતાપણું કરે, જો વાત કશી જ ન પહોંચે સરે ?
કે લેવું કે મૂકવું કહે, તે તાં સર્વ અહરેરું રહે.
એવું કવતાં આવે લાજ, કાંઈ સમજ્યા સરખો છે મહારાજ. ૩૪૩
ઉકેલ પડે તે જોડયું ખરું, જેણે જીવપણું જાયે પરું.
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સહુ કો ગાય.
અખા અર્થ સહિત કહેજો સાત, જ્યમ નાચે પૂત વલાલ્યે માત.
આપ ઇચ્છાએ સગુણ જ થયો, ત્યાં કોણ શિખામણ દેવા ગયો ?
પસર્યું પોત તે અકસ્માત, પછે કાળકર્મ શિર મૂકી વાત.
અખા તે ઇચ્છા છે સદા, પણ જગત સત્ય માનીજે જદા. ૩૪૫
જગત ભાવ નહીં જ્યાં લેશ, ત્યાં સત્યમિથ્યાનો શું ઉપદેશ ?
કેનાં જન્મ કર્મરૂપ નામ, સીમ કશી જ્યાં ન મળે ગામ ?
અખા નહીં જ્યાં પ્રાયે પિંડ, એ તો જ્યમનું ત્યમ અખંડ. ૩૪૬
કૈવલ્યને કો ક્યમ કરી કવે, પોતે પોતાને શું સૂચવે ?
દ્વૈત વિના ન બેસે ઘાટ, અને એકલો તાં ન બોલે નાટ.
અખા લક્ષ સહિત જે દ્વૈત, તે કહેતે કવતે છે અદ્વૈત. ૩૪૭
કોએક સત્ય થાપે સંસાર, કોએક સત્ય કહે નિરાકાર.
બેયના થાપણપારા ટળે, પણ જ્યમ છે ત્યમ તાં કો નવ કળે.
અખે મૂળ વિચાર્યું આપ, થાપણહારનો રાખ્યો થાપ. ૩૪૮

---

૩૪૩ સરે–છેડે. અહરેરું–આઘેરું. (અહરું.-आरात् ૧. પાસે ૨. દૂર.) મહા-રાજ–પરમેશ્વર.

૩૪૪ પરું–દૂર. જોડાય, શબ્દમાં. મૂળ 'કહેજ્યોં' છે. સાત–૧. સત્ય; ૨. સાત જણા. સર૦ ૧૫૯અ. વલાલ્યે–(સં. उल्लालयति) લાલન કરે, રમાડે. (?)

૩૪૫ માનીજે–માનીએ.

૩૪૮ ઊ : સગુણ કે નિર્ગુણની સ્થાપના કરનારની ભૂલથાપને પડતી મૂકી.

સગુણનિર્ગુણ કથવો રહ્યો, બાંધ્યોરૂંધ્યો સ્વામી લહ્યો.
સદા હરિ બોલંતો ચાલતો, ખાતો પીતો ને મહાલતો.
અખો કહે વેદાન્તનું સાર, કૈવલ્ય બ્રહ્મ પ્રવાહ આકાર. ૩૪૯
યોગ ધ્યાન તપ તીરથ ત્યાગ, ભક્તિ કર્મ ને વ્રત વૈરાગ્ય.
વિષયવર્ત્ય નાનાવિધ ભોગ, સર્વ ચાલ્યો જાયે ચૈતન્ય યોગ.
અખા સર્વ સ્વામીના રંગ, સદાસર્વદા આપ અભંગ. ૩૫૦
અખો જોતાં તાં વસ્તુ વડે, બીજું આપોપું નવ જડે.
એમ જોતાં કોણ કહે ને ભજે, ત્યાં પામણહાર ન લાધે રજે.
અદભદ સ્વામી અટળ અનાદ્ય, એમ સમજ્યા વિનાસઘળો વાદ. ૩૫૧
હાથપગાળો સુંદરશ્યામ, એવો અટકળ્યો લોકે રામ.
એવા પ્રભુ તણા અમો દાસ, જેનો હશે વૈકુંઠમાં વાસ.
ક્યારેકે તે લે અવતાર, તો એમ અખા ક્યમ પામે પાર ? ૩૫૨
સકળ ચરણ શિર કર અવેવ, સકળ શબ્દ બોલે જે દેવ,
તેમાં ઊગી નીકળ્યું સહુ, નિત્ય ખરે નિત્ય વાધે બહુ.
ક્યમ કહું કો કાળે અવતાર, જો તે વડે અખો નિરધાર ? ૩૫૩
પૃથ્વી અપ તેજ વાયુ આકાશ, એ જાણજો પોતે અવિનાશ.
જ્યમ કદળીથંભ ઘણાં પડ વળે, તે વચમાંથી લુંબ નીકળે.
જગત કાતરો કેળ મહાભૂત, પણ જે વડે રંભા તે અદ્‌ભુત.
અખા અરૂપી ઊગ્યો જોએ. પૂરવપક્ષ ન કરશો કોએ. ૩૫૪
એમ અખાને હરિ તાં જડ્યો, કાયકલેશ કરવો નવ પડ્યો.
ત્યાં લગે ધા-ધૂપ પૂજ પખાળ, જ્યાંહાં ન લાધી હરિની ભાળ.

---

૩૫૪ જે વટ રંભા-કેળ છે તે અરૂપી છે. જોએ-તું જો.

અજ્ઞાન, હૂંસ ને રૂસલ માંય, અળગા અળગા સહુ કો ધાય. ૩૫૫

તરણા ઓલવે ડુંગર રહે, એવો ઉખાણો સહુ કો કહે.
તરણું તે જીવનો અહંકાર, તે પાછળ રહ્યો કિરતાર.
અખા અહંકાર વધાર્યો ગમે, તે માટે જીવ ભવમાં ભમે. ૩૪૬

કર્મ ઘેન એવું શું સદા, સુખમાંથી આવે આપદા.
જ્યમ વગડામાં કીજે તાપણું, તેણે સૂઝે ન સૂઝે થોડું ઘણું;
કર્મ તણી એવી ચકચૂંધ, અખા ન ભાગે મનની રૂંધ. ૩૫૭

જ્ઞાનદગ્ધ અંગ

જ્ઞાનદગ્ધ બળ્યા ઓગણા, તે કથતા વદતા દીસે ઘણા;
તે વાવ્યા ન ઊગે અન્ન ન થાય, ત્યમ બ્રહ્મ-કર્મ બેઉથા જાય.
કહે અખો નર વંઠ્યા સરે, તે નરનારીની નિંદા કરે. ૩૫૮

બ્રહ્મ કર્મ ઉભયથા ભ્રષ્ટ, જ્યમ અધછેદ્યા કૂકડને કષ્ટ.
સંપ્રદાયશુદ્ધ નાવ્યું જ્ઞાન, અને મનમાં તે જ્ઞાનીનું માન.
કહે અખો નર મુક્તા ફરે, જ્યમ નગર છૂટી ઘેનુ ઓખર કરે.
દોષદૃષ્ટિ દુર્મતિ નવ ટળી, તો શું સાધ્યું કથા સાંભળી?
ગુરુવચન પાળે તે સંત, અને ઘાડ ઘણેરા કાઢે દંત.
કહે અખો હરિની નહિ મયા, સાંભળીને સામા શઠ થયા. ૩૬૦

---

૩૫૫ ધા-ધૂપ-તીર્થો તરફ દોડ. (હિં. दौड़धूप.)

૩૫૬ ઓલવે-ઓથે. (સર૦ : ઓળવવું-છુપાવવું).

૩૫૭ ઘેન-ગહન. કીજે-કરીએ, તેણે-તે વડે. ચકચૂંધ-અંજાવું, બહુ પ્રકાશ સામે આંખ ન ટકી શકવી. (હિં. चकचौंध, चकाचौंध.)

૩૫૮ સરે-છેવટે જે નર વંઠ્યા તે...

૩૫૯ મુક્તા-મોકળા, અંકુશ વિનાના, ઓખર કરે-નરક, ગંદવાડ ખાય.

એક સૂકું જ્ઞાન કથે દામણા, તે હરિફળ પામેવા વામણા.
કહે પાપપુણ્યના ભેદ અમો લહ્યા, જે હૂતું તે સમજી રહ્યા.
કહે આપ્યે મૂક્યે વાધે માન, અખા એ તે સૂકું જ્ઞાન. ૩૬૧

સૂકું જ્ઞાન ને વ્યંડળ મૂછ, કરપી ધન કૂતરનું પૂછ.
એ ચારેથી અર્થ ન થાય, સામું એબ ઉઘાડે કાય.
અખા અમલ વિના હાકેમ જસો,કથ્યું જ્ઞાનપણહરિનવવસ્યો. ૩૬૨

જ્ઞાનીનાં નોહે ટોળંટોળ, જ્યમ મુક્તા નોહે સર્વગજ કપોલ,
શબ્દવેધ જોદ્ધા કો તંત, શંખ સકળ નોહે દક્ષણાવંત.
બહુમાં નીપજે કોએક જન, બાકી અખા રમાડે મન. ૩૬૩

વિભ્રમ અંગ

કોઈનો કાં થઈ બેસે, જંત? જોતાં સહુનો આવે અંત.
જેનું જેનું વાંછે શરણ, તે તાં સઘળા પામે મરણ.
જ્યમ નાળ-ગોળે તુંબડની આડ, અખા એમ ન ભાગે જાડ્ય. ૩૬૪

ત્યારે મન પામ્યું નિજ ધામ, જ્યારે થયું સર્વ સમાન.
સપ્ત પુરી ને મધ્ય મારુઆડ,સર્વ સરખું જ્યારે ભાગી જાડ્ય.
જ્યમ કરી-કવાથ રોગીને વિખે,પણ અખાઅરોગી સર્વે ભખે. ૩૬૫

---

૩૬૧ દામણા–દયામણા.

૩૬૨ કરપી–કૃપણ, કંજૂસ. હાકેમ–હકૂમત ચલાવનાર, અમલદાર.

૩૬૩ મુક્તા–મોતી. તંત–છાલ, કેડો; હઠ, મમત. અવાજ સાંભળીને બાણથી વીંધનારા, કેડો પકડનારા (કે મમતાવાળા) કોઈક જ જોદ્ધા હોય. દક્ષણાવંત–જમણી બાજુ વળેલા.

૩૬૪ નાળગોળે૦–તોપની નાળનો ગોળો, બંદૂકનળીની ગોળી, આવે તેની સામે બચવા આડું તુંબડું ધરે. જાડ્ય–જડતા.

૩૬૫ મારુઆડ–મારવાડ, મરુભૂમિ. કરી-કવાથ–ચરી-પરહેજી અને ઉકાળો.

હૂંસે જીવ કર્માધીન થાય, જ્યમ વ્યસને વ્યસની માદક ખાય.
પોતે જોતાં પૂરણ બ્રહ્મ, અને ભાતે જોતાં સર્વે ચર્મ.
ચૌદે લોક અખા એક ઠાઠ, ત્યાં ઊંચનીચ તે મનનો ઘાટ. ૩૬૬

અખા શોધી સળ બેસાર, સદ્‌ગુરુ સંગે જાઈશ પાર.
ઇન્દ્રિયગ્રાહ્ય પરમેશ્વર નથી, ભરમે કોઈ ન મરશો મથી.
દષ્ટિપદારથ માને શધે, તારો સંકલ્પ જાણે તે. ૩૬૭
સર્વે પરમેશ્વર વ્યાપી રહ્યો, અનંત કોટિ રૂપે એક થયો.
જ્યમ જુવાર છોડ સહિત પાનોઠ,ત્યમએક બ્રહ્મસઘળે આઠોઠ.
એમ જોતાં તું બીજો નથી, ફોકે અખા તું ન મરીશ મથી. ૩૬૮

મૂળ ડાળ પત્ર ફળ ફૂલ, સુવર્ણ ઝાડ જ્યમ એક જ મૂળ.
રૂપ રંગ શોભા એક કાંતિ, તેમાં બીજું દેખે બ્રાંતિ.
અન્ય નથી અખા કો કાળ, આપ આદ્યે દેહી એવું ભાળ. ૩૬૯

શ્વાન શ્વપચ ગૌ બ્રાહ્મણ જોય, રામ થકી નહિ અળગો કોય.
તત્ત્વ એક ને ચૈતન્ય એક, નામ રૂપ ગુણ કર્મ અનેક.
આપ અખા ચલાવે ખેલ, એમ સમજ્યે પડે ઉકેલ. ૩૭૦

ઊંચ ખરારે ઊંચ મ જાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ.
ઊંચમાં રામ બમણો નથી ભર્યો, અને નીચ પિંડ ઠાલો નથી કર્યો.
કહે અખો રૂસલમાં બકે, જ્યમ છે ત્યમ જોઈ નવ શકે. ૩૭૧

---

૩૬૬ હૂંસે-સ્પર્ધામાં. પોતથી જોતાં...ભાતથી જોતાં... ઠાઠ-સન્નવટ, ઢાંચો.
૩૬૭ સળ-ગેડ. શધે-સિદ્ધ પણ. સર૦ : 'આગઈ શધે મિલી ઈમ કીધૂ.' -માંડણ ૪૯૦.
૩૬૮ પાનોઠ (લાંબાં પાંદડાં) સહિત જુવારનો છોડ છે. આઠોઠ-વ્યાપેલું.
૩૭૧ ખરારે-ખરેખર. નિર્વાણ-ચોક્કસ, અવશ્ય.

મૂળ સૂઝ જેને ઊપજે, તે નર કાંઈ ભજે નવ તજે.
માલ જોઈને વહોરે ઘાટ, અધિકું ન ગણે નકસી માટ.
અખા સઘળો મોહવ્યાપાર, જોતાં વસ્તુવિચારે પાર. ૩૭૨
એક જ્ઞાની ને બીજું નાવ, તર્યાતાર્યાનો બેયને ભાવ.
ભૂપતિ ભિખારી ગર્ધવ ગાય, ચૈતન્ય જાણી તાર્યે જાય.
આદ્યજ-અંત્યજ ન ગણે બેયે, અખા વસ્તુવિચારે રહે. ૩૭૨
સર્વાતીત સર્વરૂપે સદા, એવું ચૈતન્ય સમજ્યો જદા,
તેમાંહે આવ્યાં ચૌદે લોક, અદકું ઓછું થઈ ગયું ફોક.
અખા જે મોટા તે અનુભવ વડે, દેહ ઉપાધ કરવી નવ પડે. ૩૭૪
કાં પરોક્ષ જુએ પરમેશ ? તે જ રહેશે આપોપું શેષ.
ભાવાંતરનો પડિયો ફેર, અહંભાવ મોટું અંધેર.
અહંબ્રહ્મ સત્ય માન્યો ભાવ, ત્યારે અખા સ્વતંતર સાવ. ૩૭૫
અહંબ્રહ્મ રોપી રહે થંભ, એ પ્રાયે પરમેશ્વર ઊગ્યો શંભ.
એ સદાસર્વદા ચાલ્યું જાય, તું અણછતો ઊભો શાને થાય ?
અખા તપાસી જો તું તને; ન જડે બહાર, જે ભૂલ્યો કને. ૩૭૬
વેદવચન માને સત્ય કરી, તો આપોપું સંભાળે ફરી.
એ મૂકીને થાયેશ ભણો, તો વલોણે પડશે વલો.
નહિ પામે આતમનવનીત, અખા આણ તું નિજપરતીત.

---

૩૭૨ ઘાટ-ઘરેણું. નકસીકામને કારણે અધિકું ન ગણે. પોત અને ભાતનો કવિ ભેદ કરે છે તેનું એક વધુ દૃષ્ટાંત.

૩૭૫ ભાવાંતર-બીજો ભાવ.

૩૭૬ શંભ-૧ શંભુ;૨ (ક્રિ.હ ધ્રુવ;પ્રમાણે સં.સંભૂયમાંથી) બધો,સર૦ શંભુમેળો.

૩૭૭ સંભાળે-તું સંભાળ. ૧લો;-૧. ઝંખના, આક્રંદ; ૨. ઢોરનો એક રોગ. અહીં વલોણું બગડવાનો અર્થ છે. પરતીત-પ્રતીતિ, સમજ.

પુન્ય રાખે નવ જાયે પાપ, અગ્નિ રાખ્યો તો રાખ્યો તાપ.
જ્યોત કરે પણુ લાગે ઝાળ, જ્યમ શોભે ત્યમ વાધે જંજાળ.
અખા તે માટે વસ્તુ વિચાર, જે હસતો રમતો પામે પાર. ૩૭૮

વસ્તુ વિચારે એટલો લાભ, જ્યમ નિર્વિકાર સદા રહે આભ.
કોટિ બ્રહ્માંડ ઉદરમાં રમે, પણુ આપ આયાસ નહીં કો સમે.
અચવ્યો લક્ષ એવો છે સદા, અખા દ્વૈત નોહે આપદા ૩૭૯

સર્વ સુખની સીમા છે જ્ઞાન, જ્યમ સકળ તેજનું આલય ભાન.
રવિરથ બેઠો જે નર ફરે, તેને તિમિર તે ક્યમ આવરે?
લક્ષ્યાલક્ષ્ય વિના જે લક્ષ, અખા ન મળે પક્ષાપક્ષ. ૩૮૦

જ્યાં પ્રાણી ત્યાં છે પ્રાણેશ, અને તું જોતો હીંડે પરદેશ.
પહેલે તાં એ વાંકું થયું, જે અખા આપોપું વીસરી ગયું.
વીસર્યું તો સંતને જઈ પૂછ, તોડે જોડે કાં દાઢીમૂછ? ૩૮૧

જીવ તણી છે અવળી સૂઝ, ધાયે-ધૂપે કે પાટલ પૂજ.
બાહ્ય કર્મ કરી ગૂંચાય, મતદર્શનના મળ બંધાય.
અખા ઘેવો છે અહંતાકાટ, તેં તાં ભીડ્યાં કર્મકપાટ. ૩૮૨

ખટ્દર્શન કરે વિખવાદ, મધ્યે માયા પોષે વાદ.
દાનદયાશીલ કહેતા જાય, કો મંત્ર જાપ તીરથ મહિમાય.
અખા બાળકની પેરે થયું, બોર સાટે ઘરેણું ગયું. ૩૮૩

ખરાબ થયો જીવ વ્યસને કરી, કર્મ વહોર્યાં ને ખોયા હરિ.
આગલા ભવની સરાજમ કરે, ધનતનમન ત્યાંહાં વાવરે.

---

૩૮૨ ધાયેધૂપે-તું દોડે. પાટલ પૂજ-પાટલા પર રાખી પૂજે.

મન જાણે એ હરિભજન, પણ વાધે વેલ અખા અવતરણ. ૩૮૪

અતિજૂનું મહામોહનું જાળ, કંઠે પડચાં થયાં બહુ કાળ.
અળગાં ઉપાસન અળગા દેવ, કરે હિમાત્ય બાંધે અહમેવ.
અખા એ મોટો ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત? ૩૮૫

સાર હૂતું તે કહીંયે રહ્યું, વ્યસની મન કહીંયે વહી ગયું.
ચોર વોળાવા સાથે ઘણા. તે ઠગતા જાય થઈ આપણા.
પરબ્રહ્મ મૂળગું ઘર અખા, તે કયમ પામે જેને એવા સખા? ૩૮૬

કો કહે મહા મોટો શીવ, કો કહે વિષ્ણુ મોટો અવશ્યમેવ.
કો કહે આદ્ય ભવાની સદા, બુદ્ધ કલ્કિના કરે વાયદા.
જૈન કર્મની સદા દે શીખ, જવન માને કલમે શરીખ.
અખા સહુ બાંધે બાકરી, પણ કો ન જુએ હરિને પાછો ફરી. ૩૮૭

ઘણા શબ્દ પડચા જે કાન, તેને તેનું લાગ્યું ધ્યાન.
કો રૂસલમાં પ્રવાહે વહ્યા, કો શબ્દને ગ્રાહે ગ્રહ્યા.
એમ ગોથાં ખાયે સંસાર, અખા વિના વસ્તુવિચાર. ૩૮૮

લોક ચૌદ ચૈતન્યનો ઠાઠ, નીપજતા જાયે ઘાટેઘાટ,
સુર અસુર પશુ નર નાગ, સહેજે પડતા જાયે ભાગ.
પિંડ પહેલો તાં નો'તો જીવ, અખા પ્રવાહ છે સદૈવ. ૩૮૯

---

૩૮૪ સરાજમ–સરંજામ, સામગ્રી. (સાબરકાંઠામાં ખેતીનાં સાધન અંગે વપરાય છે.) વેલ...અતતરણ–અવતરવાની, જન્મો પામવાની, વેલો વધે છે.
૩૮૫ હિમાત્ય–હિમાયત, તરફદારી.
૩૮૬ પારબ્રહ્મ–પરબ્રહ્મ.
૩૮૭ બાંધે બાકરી–મમતે ચઢી વેર બાંધે છે. કલમે શરીખ–કલામે શરીફ, કુરાન.
૩૮૮ ગ્રાહ–પકડ; મગર. વસ્તુવિચાર વિના.

પ્રવાહ પુરાતન ચાલ્યો જાય, આગળ ન દીસે પાછળ ભૂંસાય.
મોઢે ફૂલ ને પાછળ ડીંટ, ખપે ખરું અને રહે અનીઠ.
અખા જો બેસે એ ઘાટ, એ સમજ્યા વિના સર્વ અટાટ. ૩૯૦
પોતામાં વીંચે વીંચણું, તે ન સંભાળે ઘર આપણું.
થૈ ગયું કે વળી આગળે થશે, તેની વાત કરે સહુ રસે.
એમ ચાલ્યો અવળો સંસાર, અખા ઘરમાં ખોયું સાર. ૩૯૧
વેલ ન દીસે, દીસે પાન; દીસે કિરણ, ન દીસે ભાન;
પ્રવાહ ન દીસે, દીસે તરંગ; ત્યમ ચિદ્ ન દીસે, દીસે અંગ.
અખા દેખણહારો દ્વૈત, ટળતે રહે તે સર્વાતીત. ૩૯૨
સર્વાતીતમાં ઉત્પત્ય-અંત, શેષનાગ વૈકુંઠ પર્યંત.
ચૈતન્ય કારણ, કાર્ય ભૂત; જ્યમ પટ કાર્ય ને કારણ સૂત.
અખા જાણ અરૂપી વડે, એમ જોતાં અનુભવ નીમડે. ૩૯૩
એમ જાણ્યા વિના ઠાલા સહુ, ઘણાં આચરણ આચરજો બહુ.
સર્વ સ્વપ્નાંતરના ભોગ, જપ તપ સંયમ સાધન જોગ.
કહે અખો જે ખરો જાગશે, તેને એવો અનુભવ હશે. ૩૯૪
લોહનો કાળ રૂપાના દેવ, એક દેરાસર થાતી સેવ.
તેમાં આવી પારસ રહ્યો, ત્યારે સર્વ સાજ સોનાનો થયો.
ત્યમ ઉત્તમ મધ્યમ કર્મ જ્ઞાન જ વડે, અખા સર્વે હરિ નીમડે. ૩૯૫

અખા સમસ્યા સરખી ખરી, જો સમજ્યો તો નીપજે હરિ.
જ્યમ ઊંડા જળમાં રત્ન જ પડ્યું, ક્યમ ડૂબકી ખાય કને તુંબડું ?

---

૩૯૦ મોઢે–આગળ. ખપે–નાશ પામે. અનીઠ–અનિષ્ટ, અભદ્ર, અટાટ–નકામું.
૩૯૧ પોતામાં–દેહભાવમાં. વીંચણું–મીંચવું તે. ઘર આપણું–પોતાનું ઘર,બ્રહ્મ.
૩૯૩ પટ–લૂગડું. સૂત–સૂતર.
૩૯૫ પારસ : શ્લેષ છે. પારસનાથનું પણ સૂચન છે.

છોડ તું બીફળ, જડશે રત્ન; અખા સમજ તે મોટું જત્ન. ૩૯૬
ડહાપણ ભોળાપણ છાંડી રહે, આડ કરે હરિમારગ બે :
ભોળાને અસૂઝની આડ, વિચક્ષણ પડ્યો ચતુરાઈની ખાડ.
અખા તરવું ને માથે ભાર, હીરા-છાર બે નાખ્યે પાર. ૩૯૭
ઘણું પંડિત ડાહ્યા ગુણવાન, ન્યાય પારખુ સંગીતગાન,
અષ્ટાવધાની પિંગળ કવિ, મંત્રભેદ ઔષધ અનુભવી.
અખા એટલે જો હરિ નવ ખટ્યો, તો ભોળપણથો આઘો શું વટ્યો?
જ્યમ શલા એક ટાંકી ચીતરી, અ-ઘડી બીજી મેલે ભરી.
બેય નાખી ઊંડા જળ વિખે, પણ સરખી બેઉ એ તરવા પખે.
ત્યમ પંડિત-મૂર્ખ સરખા નીમડે, અખા દ્વૈતને રૂપક ચઢે. ૩૯૯
ચતુર તે જે ચતુરાઈ વમે, વરતણ માત્ર જગતમાં રમે.
લક્ષ સદા રહે ત્રિગુણાતીત, જ્યમ વહ્નિને લાગે નહિ શીત.
ભવજળથો કોરો નીસરે, અખા એવો ચતુર તે સરે. ૪૦૦
અખા રામ સ્વતંતર ભાળ, જેણે સર્વ જાય જંજાળ.
ઊઠ હાથનું જે ગણે આપ, તે નર જાણે નહીં અમાપ.
ઉત્પત્ય ને લય કહેવા માત્ર, તે રામરસ ભરવાનું પાત્ર. ૪૦૧

---

૩૯૬ સમજ-સૂઝ-હોવી એ મોટો જત્ન-પુરુષાર્થ છે.

૩૯૭ માથા પર હીરાનો કે છાર(રાખોડી)નો ભાર હોય તે નાખી દીધે પાર તરાય.

૩૯૯ શલા-શિલા. અ-ઘડી-ઘડ્યા વગરની. મેલે-મેલથી. વિખે-વિષે, અંદર. પખે-પક્ષમાં, બાબતમાં.

૪૦૦ વમે-કાઢી નાખે; 'વામે'(૬નો પાઠ)નું પ્રાસ માટે વમે થયું હોય. વામવું= ભાર ઓછો કરવા નાખી દેવું. વરતણું-આજીવિકા. સર૦ : 'વરતણ કાજિ વર્ત આદર્યું''-માંડણ ૫૦૫. માત્ર-માત્રથી. સરે-અંતે, છેવટના હિસાબે.

૪૦૧ અમાપ, બ્રહ્મ.

તે તારાની વિદ્યા સરે, સામે પ્રવાહે જે કો તરે.
પણ કર્મ ધર્મનો વહે છે પ્રભા, તેમાં તણાતાં સહુ ઠોકે ખભા.
અખા જે બ્રહ્મ સામો જાય, તે ભક્તને ગીતા ગાય. ૫૦૨

પરબ્રહ્મ પ્રાયે પોતામાં વસે, સદ્‌ગુરુગમે જો અભ્યસે.
જ્યમ ત્રાંબા પીતળ નીપજે ધાત, તે પ્રાય છે સુવર્ણની જાત.
પણકાષ્ઠપાષાણ ન થાયે હેમ, અખાજ્ઞાન વિના બીજું તે એમ. ૪૦૩

તું તીરથ કાં સામું જુએ? કાં પોતાને પ્રતિબિંબે મુહે?
એવી બુધ્ય જેણે આદરી. તેણે આપથો બીજો કીધો હરિ.
તું કલ્પદ્રુમ, કાં કલ્પી મરે?–અખા એમ પ્રીછ્યે અર્થ જ સરે. ૪૦૪

વિચાર અંગ

તન તીરથ, તું આતમદેવ, સદા સનાતન જાણો ભેવ.
અડસઠનું અધિદૈવત સદા, તે જાણ્યે ટળે કોટિ આપદા.
તે તીર્થ મજ્જન કીધું અખે, જન્મમરણ નહિ તેને વિખે. ૪૦૫

જમલો છે જોતાં જગદીશ, તું પડછંદો તે તે ઈશ.
ઊલટભેદે પામે આ રામ, જો તોરું મૂળગું નિજધામ.
અખા અક્ષર તું ક્ષર વસ્તુ નોહે, જો પરતીત તુંને તારી હોયે. ૪૦૬

સૂધું કહેતાં ન માનો દુઃખ, પણ વહેતે જળે નહિ દીસે મુખ.

---

૪૦૨ તારાની–તરનારાની. પ્રભા–પ્રવાહ.
૪૦૩ ગમે : બુદ્ધિ-સમજ-ઉકેલ-વડે.
૪૦૪ મુહે–મોહ પામે.
૪૦૫ ભેવ–ભેદ. અડસઠ, તીર્થ. અધિદૈવત–મુખ્ય શક્તિ. મજ્જન–ડૂબકી ખાવી તે. વિખે–વિષે.
૪૦૬ જમલો–સાથે, સર્વથી જોડાયેલો. ક્ષર–નાશવંત.

ઠેરાણે ભાસે જેવું જથા, અણઠેરાણે પામ્યો વ્યથા.
જ્ઞાન એક સઘળે પિંડ વસે, પણ અખા કૃત્યની પૂજા હશે. ૪૦૭
અહંમાયા બહુ રૂપે કરી ત્યારે આપોપે સહુએ આદરી.
કો કહે હું દેખું પંચરંગ, કો શેષશાયી દેખે સુચંગ,
કોને મુક્તાફળ દ્રષ્ટે પડે, કો કહે મારે જ્યોતિ ઝળહળે.
એ મનના મતા સઘળે આદર્યા, અખા અક્ષરપદમાં સર્વે ખર્યા. ૪૦૮
દીઠાને વળગે સહુ ભૂર, વણદીઠું વેધે તે શૂર.
દૃષ્ટિપદારથ જૂઠો થશે, વૈકુંઠ આઘે સર્વે જશે.
ધ્યાન ધર્યે દીસે જંજાળ, અખા નોહે એ હરિની ભાળ. ૪૦૯
ધ્યાને દીસે તે જાગ્યે જાય, તો ખોટાનો શું કરે ઉપાય?
ઇન્દ્રજાળવિદ્યા કાં મુહે? એ કર્તવ્ય છોકરડાં જુએ.
ભરમેશ મા એ દેખી ભાત, અખા કૃત્યરહિત છે વાત. ૪૧૦

કર્તવ્ય સઘળું મનનું જાણ, મન ઊભે ટળે નહિ તાણ.
મને ઊભે ઊભો સંસાર, ફોકટ કોઈ મ વહેશો ભાર.
અર્થ અખા તો થાયે ખરો, જો ઉપાય મન-અમનનો કરો. ૪૧૧

કલ્પે જલ્પે કથે જ્ઞાન, વળી નવરો થઈ ને બેસે ધ્યાન.
મર્કટ રાજ્ય બેસાર્યું જ્યમ, ફળ દીઠે વળી હૂતું ત્યમ.
અખા એમ ન રીઝે રામ, એ તો અંતરના સાક્ષી શું કામ. ૪૧૨
નિગમે ગાયો સમ્યક નવ લહ્યો, નવ આવ્યો ને નવ તે ગયો.

---

૪૦૭ ઠેરાણે-ઠરવાથી.

૪૦૮ સુચંગ–સારી રીતે ચંગ (સ્વસ્થ). મુક્તાફળ–મોતી.

૪૧૧ ઊભે–ઊભું રહેતાં.

૪૧૨ જલ્પે-બબડે. માંકડાને ગાદીએ બેસાડો, પણ એની નજરે ફળ પડે કે ફૂદકો મારી મર્કટવેડા આદરે.

સદા સનાતન છે અવિકાર, પણ છતે અહંકારે નવ લહે પાર.
અખા વસ્તુ સરીખો થાય, તો હીરે હીરો વેધાય. ૪૧૩.

વર્ણાશ્રમે શું વળગે અંધ? જાણ એ માયાના બંધ.
લહેરે વળગ્યો કો નવ તર્યો, નિજબળ આવ્યું તે ઊગર્યો.
હાડચર્મ કાં દેખે, ભૂર? અખા બ્રહ્મ રહ્યો ભરપૂર. ૪૧૪

અણછતો બોલ સહુ કોને ચઢ્યો, પણ કોણ કહીંથો અળગો પડ્યો?
પાંચ તણી સઘળી માંડણી, આપે બોલે માંહે ધણી.
આપોપાથી બુદ્ધ્ય જ પડી, ત્યારે અખા દ્વૈતની કાળક ચઢી. ૪૧૫

જો પ્રીછીને હરિભક્તિ આદરે, તો અંત્યે પડે સર્વે વરે.
હું તે કોણ, હરિ, શી વસ્ત, જે જાણી ગ્રહું જઈ હસ્ત?
એમ જાણી ભજ, મળે ભગવાન; નહિ તો અખા વરવો'ણી જાન. ૪૧૬

સદ્‌વિચાર તે સાચી ભક્તિ, જેણે જીવશિવની લહીએ વ્યક્તિ.
જીવશિવ તણું લહ્યું હેત, તે પોહોતો જ્યાં વેદ કહે નેત.
એમ ભક્તિ આવે કણસડે, નહિ તો અખા જુગજુગ રડવડે. ૪૧૭.

એક મૂળ મંત્ર સાંભળજો સત્ય, જેણે પદારથ લહીએ નિત્ય:
જીવ તણું જે જીવ-જ-પણું અને ઐશ્વર્ય ઈશ્વર તણું.
એ બેના બે વિકાર જો તજે, તો શેષભાગ અખા નીપજે. ૪૧૮

---

૪૧૩ નિગમે-વંદે. સમ્યક-સારી પેઠે.
૪૧૪ જાણ-તું જાણ. લહેરે-મોજાંએ.
૪૧૫ પાંચ, મહાભૂત. માંડણી-ગોઠવણી. કાળક-કાળપ, કલંક.
૪૧૬ પડે વરે-ઉપયોગમાં લાગે.
૪૧૭ વ્યક્તિ-વ્યક્ત (સ્પષ્ટ) થવું તે. હેત-હેતુ, કારણ. પોહોતો-પહોંચ્યો.
કણસડે-કણસલે. છોડને કણસલું આવે તેમ.

જીવપણું વિચાર જ લગે, સદ્‌ગુરુવચને પડે જો વગે.
રજ્જુભુજંગ જ્યમ દીવે ટળે, વણ વિચારે ભર્મ જ ફળે.
ભર્મ કર્મનો વ્યસની થયો, ત્યારે અખા ઈશ્વર સાક્ષી રહ્યો. ૪૧૯
જીવ ટળવા સહુ કર્મ જ કરે, ત્યમ ત્યમ તે બહોળો વિસ્તરે.
જ્યમ મૂર્ખ ખસખણી નિગમે, ત્યમ ત્યમ તે ઘણું ઘણું દમે;
ઔષધે કંડુ થાયે શાન્ત, ત્યમ સદ્‌વિચારે અખા જીવ અંત. ૪૨૦
ભક્તિઉાન કથે વેરાગ, અને દેહદર્શનતે ન કરે ત્યાગ જ્ઞાન.
ત્યહાં લગે એકે નવ ફળે, જ્યમ શુદ્ધ સુરા ઉપરથી બળે.
તેને અંતર અગ્નિ ન લાગે કયમે, ફોકટ દંન અખા નિગમે. ૪૨૧
વિચારે ભક્તિ થાયે વણ કરી, જ્ઞાન કથ્યા વિના પામે હરિ.
વણત્યાગે ફળે વૈરાગ, સદ્‌વિચાર જ્યારે આવ્યો ભાગ.
વિચાર વિના તાં જે જે કરે, તે તેને અખા કલેશ ઊગરે. ૪૨૨
તપ તીરથ દાન વ્રત નેમ, ઘેર બેઠાં તે પામે ખેમ.
સદ્‌વિચાર થડ જેણે ગ્રહ્યું, તેને શાખાપત્ર બા'રું નવ રહ્યું.
સદ્‌વિચાર વિના કરે જે ઘણું, પણ ધૂળ ઉપર અખા લીપણું. ૪૨૩
એ રહેણી વિના કહેણી જે કથે, મહી વિના પાણી જ્યમ મથે.
જ્યમ કોયલસુતને પાળે કાગ, પણ વસંત રત ઊડી જાયે જાગ;
લક્ષ વિના કહેણી જોઈ અખે, ભક્તિ દંભ કુતર્ક જ્ઞાની લખે. ૪૨૪
જ્ઞાન છે હરિનું નિજરૂપ, પણ ચેન વિના કયમ કહીએ ભૂપ?

---

૪૨૦ નિગમે-દૂર કરે, કાઢે. કંડુ-ખંજવાળ, ખસ.
૪૨૧ દેહદર્શન-દેહ સત્ય છે એવી દૃષ્ટિ. સુરા-દારૂ. નિગમે-કાઢે, ગાળે.
૪૨૨ વણ-કરી-કર્યા વિના. ઊગરે-બાકી રહે, બચે.
૪૨૩ ખેમ-ક્ષેમ, કલ્યાણ. બા'રું-બહાર.
૪૨૪ જાગ-જગ્યાએ. જ્ઞાની લખે-સમજે છે.

રાજપુત્ર દળાણું નવ દળે, કાળમાયા જેને દ્વારે રળે.
શેષ શંકરનું જીવન જ્ઞાન, એવી નિધ અખા ખોઈ વિણુ સાન. ૪૨૫

કુબુદ્ધિ કુતર્કને જ્ઞાન જ કહે, વિષયી દંભને ભક્તિ કરી ગ્રહે,
ક્રોધી ક્રોધને કહે વૈરાગ, જ્યમ હંસઆસને બેસાર્યો કાગ;
એ ત્રણેને નાવ્યો અખા હરિ હાથ, જ્યમ રૂપાભરોસે સીપની આથ.

જ્ઞાન તણો મહિમા અતિઘણો, તે જાણે જે વિરલો જણ્યો.
ધ્યે'ધ્યાતા તેણે પદ નથી, નિરાલંબ પદ એટલા વતી.
કથ્યા વદ્યાનું નહિ ત્યાં કામ, જો પ્રીછ્યું અખા નિજધામ. ૪૨૭

જ્યમ ઊઠ હાથ તરુ ચંદન તણો, ઊગે વણવાવ્યો હોયે નહિ ઘણો.
બ્રહ્મવેત્તાનું એ દૃષ્ટાન્ત, કૃત્યરહિત હોયે માહન્ત.
એકે ચેન નોહે તે વિખે, પણ તે સરખો અખા તેહને લખે. ૪૨૮

જ્યમ છાયાતરુએ તરુ નવ ફરે, ત્યમ બ્રહ્મવેત્તા કાંઈયે નવ કરે.
કૃત્ય એકે નોહે તે વિખે, એ અચિંત્ય તરુ કેરાં ફળ ભખે.
નિજપદ બેઠો રહે તે વીર, નિત્યાનંદ અખા છે ધીર. ૪૨૯

જ્યમ કલ્પદ્રુમથી રિધ નીપજે, પોતે કાંઈ ભજે નવ તજે,
સામાનો સંકલ્પ જ ફરે, પણ પોતાનો અનુભવ નવ ચળે.

---

૪૨૫ ચેન–ચિહ્ન, નિશાની. વિણ સાન–સાન વિના.
૪૨૬ રૂપું હશે એ વિશ્વાસે છીપોની આથ–પૂંજી ભેગી કરી.
૪૨૭ ઈ : પાઠાન્તર સારું છે. ધ્યે'–ધ્યેય.
૪૨૮ ચંદનનું ઝાડ ખાસું (૩।। હાથથી તો ઘણું) મોટું હોય છે. તાપીતટે માંડવી જંગલખાતાના બંગલામાં ચંદનવૃક્ષ છે. વિખે–વિષે. લખે–ઓળખે.
૪૨૯ છાયામાં દેખાતું તરુ ફરે તેમ ખુદ તરુ ફરતું નથી. (પાઠાંતર પ્રમાણે : છાયા મૂળ તરુની ઇચ્છા ધારતું નથી અથવા છાયા તરુ ઇચ્છા ધારતું નથી.)

વિદેહી તણી હોયે એવી રીત, ગ્રહે અખા જો ઇચ્છે જીત. ૪૩૦

બ્રહ્મરસ જેને ઘટ ઠરે, તે તે ત્રિલોકીની સ્થિતિ નવ કરે.
નવ દીસે તેણે પદ રહે, દીસે તેનો આણે ખે.
થાતાં પહેલાં જેવો હૂતો, તેવો અખા જોએ છે છતો. ૪૩૧

ધ્યાતા ને ધ્યેય જો બે રહે, તો કૃત્ય ન ખૂટે ન ટળે ભે.
ધ્યાતા ધ્યેયમય જ્યારે થાય, તો દ્વૈતાભાસ સર્વ રહી જાય.
કથે રહે સ્વરૂપ જ વિખે, તેને જ્ઞાનવંત અખા વેદ લખે. ૪૩૨

વિષવિચાર અંગ

દર્શન વેષ તણી કહું વાત, પંથ પુરાતન સઘળી ધાત.
સ્વઇચ્છાએ અવધૂત જ રહ્યા, પછે ચાલ અર્વાકયે તેના ગ્રહ્યા.
શિવે વેષ ધર્યો અભિનવો, તે પહેલો અખા કોણે અનુભવ્યો ? ૪૩૩

જ્યમ રાજવેષ ધર્યે નોહે રાજ, ત્યમ પંથ રહે કાંઈ ન સરે કાજ
અતિકારણ એનું કાંઈ નથી, નિર્દાવે વર્તે તે જતી.
સહેજમાં મહાપુરુષ જ રહે, બાહ્ય દૃષ્ટિ અખા વેષને ગ્રહે. ૪૩૪

શેષ શંકર મુનિ જે પદ રમે, તે પદ પ્રીછ, અન્ય કાં ભ્રમે ?
શુક મોટા કાવ્યા જે વડે, રખે કુબુધ ! તુંને આશા નડે.
જ્ઞાનભ્રષ્ટ તે આશા કરે. જ્યમ કણુકસત્ત્વ અખા હિંગ હરે. ૪૩૫

જીવકલંક આશા ટળ્યે ટળે, આશાએ બ્રહ્માયે જીવમાં ભળે.

---

૪૩૦ ગ્રહે–તું ગ્રહણ કર.
૪૩૧ ત્રિલોકી–ત્રણ લોક. ખે–ક્ષય, નાશ. જોએ–તું જો.
૪૩૩ ધાત–કોષ્ટક, કોઠો. અર્વાકયે–અર્વાકીએ, અર્વાચીનોએ.
૪૩૪ પંથ–સંપ્રદાય. વેષ–ભેખ.

આશાવાન તણું નામ જીવ, પદ નૈરાશ્ય બેઠો તે શિવ.
મર્કટ મન તે આશા લગે, જોએ વિચારી અખા તું વગે. ૪૩૬

જગત નામ જગદીશ જ તણું, પણ જોયામાં કારણ છે ઘણું.
ચિત્ત સહિત જોતાં તે જક્ત, ચિત્તરહિત હરિ છે અવ્યક્ત;
જયમ શાર્દૂલસુત માતા હેતે મળે, અન્ય અખા રિપુ જાણી પળે. ૪૩૭

મોટું વૈગુણ્ય ચિત્તનું ઘડયું, વસ્તુ વિષે દ્વૈતપડ ચઢયું.
તેણે પડે ભાત નાનાવિધ તણી, ચિત્તઉપાધિ વાધી અતિઘણી.
જયમ માદક પુરુષને ઘેલો કરે, સ્વસ્વરૂપ અખા તેને વીસરે. ૪૩૮

ચિત્ત શમતે નિશ્ચલ મન થાય, નિશ્ચલ મન તે શિવ સહાય.
શિવતણે પદ દ્વૈત જ નથી, એ ચિત્ત ઉપાધિ વાધી અણછતી.
ચિત્ત-કલ્પિત અખા અવતાર, એ સતશાસ્ત્ર જાણો નિરધાર. ૪૩૯

વિષય માદક પુરુષે ભક્ષ કર્યો, ત્યારે બુધ્યનેત્રે ભર્મ જ સ્ફુર્યો.
ભર્મ-પડ તે તે હરિદૃષ્ટિ ગઈ, ત્યારે નેત્રે માયા આવી રહી.
માયાબળ અખા પ્રચંડ, તેનાં છ દર્શન ને છનું પાખંડ ૪૪૦
સર્વ વિકાર એ મનનો જાણ, ચોરાશી લક્ષ ચારે ખાણ,
દષ્ટપદારથ ચિત્તનો ઘડયો, ચિત્તવત્ એને ચિત્તશું જડયો.
ચિત્તરૂપી રોગ મનને થયો, અખા આપોપું ભૂલી ગયો. ૪૪૧

---

૪૩૬ જોએ (આજ્ઞાર્થ)-જો. લગે-૦ને કારણે. વગે-વ્યવસ્થિત રીતે.
૪૩૭ જક્ત-જગત. વાઘનું બચ્ચું વાઘણને હેતથી મળે છે.
૪૩૮ વૈગુણ્ય-વિરુદ્ધ ગુણવાળા હોવાપણું.
૪૪૦ તે તે ભ્રમપડને લીધે. છનું=૯૬. સર૦ : 'છ દરશન તે મૂલગાં...; તેહનાં થયાં પાખંડ છનું.'-'અખેગીતા' ૨૯-૫; 'છું દર્શન છાંનૂ પાખંડ'-માંડણ ૨૬૧.
૪૪૧ ચોરાશી લાખ જન્મ અને ચાર પ્રકારની ખાણ (ઉત્પત્તિસ્થાન)-જરાયુજ અંડજ, ઉદ્‌ભિજ્જ અને સ્વેદજ એ ચાર રીતના જીવોની.

ભૂલ્યું મન તે સામું ધસ્યું, જઈ માયા કેરે ચિત્તે વસ્યું.
માયા તણો તાં બહુ વિસ્તાર, હરિને પરઠચા દશઅવતાર.
ચિત્ત અંગીકરતે ભ્રષ્ટ થયો, અખા દોષ હરિનો ગ્રહ્યો. ૪૪૨

અખિલબ્રહ્મ તું,શો અવતાર? એ ચિત્ત ઉપાધિ તણો વિસ્તાર.
જો કહીં જાય તો ફરી અવતરે, વણસમજ્યે દોષસ્થાપન કરે.
ચિદ્અર્ણવ સદા ભરપૂર,અખા ઉત્પત્યસ્થિતિલય લહેરી પૂર. ૪૪૩

ચિદાનંદ કેરાં સર્વ રૂપ; દૃષ્ટપદારથ આપે ભૂપ.
અખિલ ભુવનમાં રહ્યો પરવરી, નિત્યાનંદ આપે કરે હરિ
સદાસર્વદા છે અવિનાશ, અખા નિરંતર સર્વાવાસ. ૪૪૪

વણવિચાર્યે વિશ્વનું ભાન, જ્યાં લગે નવ કાઢયું માન.
વસ્તુવિચારે વિશ્વ જ નથી. તો હરિને કર્તા કહો શા વતી?
હરિ કર્તા તે કહો શા તણો, જો કલ્પિત ભર્મ અખા આપણો? ૪૪૫

ગુરુ મારે તાં એ પ્રીછવ્યો, હરિ દેખાડચો તે અણચવ્યો.
વિશ્વ-નિયંતા જો એ કહેવાય,તો અખંડ બ્રહ્મની ખંડણા થાય.
ગુરુ ગોવિંદ જેને તાં હશે, અખા આપોપું દેખાડશે. ૪૪૬

સાચા ગુરુને કો'એ નવ ભજે, અને જૂઠે તાં કો નવ નીપજે.
જેમ રસાયની કેને નવ મળે, અને ધૂર્ત વિત્તે લેઈને પળે.
એ બેયની સદાયે ખોટ, અખા ન મળે કોટાકોટ. ૪૪૭

---

૪૪૨ પરઠચા-સ્થાપન કર્યા, ઠરાવ્યા.

૪૪૪ આ, ઈ : આપે-પોતે.

૪૪૬ મારે-મારાએ. મારા ગુરુએ. વિશ્વ અને નિયંતા. ખંડણા-તોડવું તે.

૪૪૭ રસાયની અને સાચા ગુરુની ખોટ છે. એવા કરોડો ન મળે, ભૂજ જ મળે.

સાચો ગુરુ જાણીજે જુક્ત, જે કનકકામિની નોહે આસક્ત.
બીજા સઘળા આળપંપાળ, જે ધનને અર્થે માંડે જાળ;
તેથી કહો કો શું નીપજે, અખા અંતર માયાને ભજે ? ૪૪૮

ગુરુશિષ્યની તાં એવી વાત,જ્યમ શુદ્ધ પારસને સઘળી ઘાત.
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નીમડે.
પણ તે આદર કેનો નવ કરે, સહજ ઐશ્વર્ય અખા તે ધરે. ૪૪૯

સદ્ગુરુ શિષ્યને વચન જ કહે, અને જિજ્ઞાસુ શિષ્ય તત્ક્ષણુ ગ્રહે.
જ્યમ મોરપત્ની પડતું બુંદ ધરે, તેનો તદ્વત્ બર્હી થઈ પરવરે.
પડયું ગ્રહે તેની થાયે ઢેલ, ત્યમ ગુરુ-શિષ્ય અખા આ ખેલ. ૪૫૦

ગુરુ શિષ્ય કેરી સાંભળ જુક્ત,સ્વાતિબિંદુ જામે જ્યમ શુક્ત.
જેવે આદરે કરીને ગ્રહે, તેવું મુક્તા જામી રહે.
ત્યમ આદરવંતને વચન જ ઠરે, જો અખા સદ્ગુરુ આદરે. ૪૫૧

વળી ગુરુ શિષ્યનો સાંભળ તંત,જ્યમ એકે પ્રહારે મુદ્રા જંત્ર.
તેનો કર્તાધર્તા હોય સાવધાન, તો મુદ્રા ઊઠે સમાન.
ચિત્ત ચળે જો એકે તણું, તો મિથ્યા કાર્ય હોયે અખા ઘણું. ૪૫૨

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, પદારથ એક ત્રણ નામ વિભાગ.
તેને અણજાણ્યો કહે જૂજવા,પણ સમજ્યાને તે એક જ હુઆ.
અનુભવતાં જાણીજે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ. ૪૫૩

---

૪૪૮ જુક્ત-યુક્ત, જોડાયેલો (પરમ તત્ત્વથી). અંતર('અંતર્ય')-અંતરમાં.

૪૪૫ મોરપત્ની-ઢેલ. બર્હી-મોર.

૪૫૧ જુક્ત-યુક્તિ. શુક્ત-શુક્તિ, છીપ. તેમ આ ગુરુશિષ્યનો ખેલ.

૪૫૨ તંત-તાંતણો, પરંપરા; તંત્ર. મુદ્રાજંત્ર: યંત્રમાં સિક્કો પડે.

૪૫૩ જાણીજે-જાણીએ નિર્વેદ-વૈરાગ્ય (અમાં કહેલ).

જગતભાવ હૃદેથી ગયો, ત્યારે તો વૈરાગ જ થયો;
જ્યાં જુએ, હરિ દૃષ્ટે પડે, ત્યારે ભક્તિ સરાડે ચઢે;
દ્વૈતભાન અખા જ્યારે ગયું;-એ ત્રણુ પ્રકારે જ્ઞાન જ થયું. ૪૫૪

કો ભક્ત થઈને નિંદે જ્ઞાન, કો ભક્તિ નિંદી આણે અભિમાન.
વૈરાગી કહે જૂઠા બેય, સાચો સંસાર મૂકી દેય.
એણે દ્વેષે હરિ કહીંયે રહી ગયો, અખા અહંકાર આગળ થયો. ૪૫૫

હરિમય સર્વ દેખે તે ભક્ત, જ્ઞાની આપે છે અવ્યક્ત.
એમ અહર્નિશ મન જો વેધ્યું રહે, તો કોણુ નિંદે ને કેને કહે?
વણુપાચ્યે બકવાદ જ કરે, ગળે ગર્જના અખા ઉગરે. ૪૫૬

જયમ કુલવધૂ પરને નવ ભજે, ત્યમ સાધવી તો તે નીપજે.
આપ છપાડે પોતા તણું, ત્યમ કંથ-માન હોય તો ઘણું.
સુભકતની તો એવી રીત, નમ્રપણે અખા છે જીત. ૪૫૭

જ્ઞાનીને પર કો'એ નથી, મન અમન થયું તે વતી.
ઉત્તમ મધ્યમ સઘળું ગયું, મન જાતે સર્વ લીન થયું.
ગત દિવસનું સ્વપ્ન જ જયમ, હું-તું ભાવ અખા થયો ત્યમ. ૪૫૮

જીવ અંગ

સ્થાવર જંગમ કેરી વાત, નિકટ દેખાડું જયમ છે સાક્ષાત.
પંચમહાભૂત તે સ્થાવર જાણ, જંગમ ચૈતન્ય એ વેદવાણ.
એક પિંડમાં વરતે બે, ઉગ્ર બુધ્યે અખા જોઈ લે. ૪૫૯

---

૪૫૬ આપે-પોતે.

૪૫૮ અમન-મનની પારની સ્થિતિ, વિજ્ઞાન-અતિમનસ-ની. જાતે-જતાં.

૪૫૯ ઉગ્ર-જલદ; પણ કઠ ઉપનિષદનું अग्र्यया बुद्धया ખ્યાલમાં લાગે છે, 'અગ્ર'-(ધારદાર, તીક્ષ્ણ)નું 'ઉગ્ર' થયું હોય, સ૨૦ : ૪૬૨ઈમાં 'કારણવેધી બુધ્ય.'

સ્થાવરજંગમ કેરો ભેદ, બુધ્યમાને કહ્યું, માને વેદ.
બહાર જોતાં નાવે પાર, પંચભૂતમાં બે વિસ્તાર :
જંગમ પવન નીર ને તેજ, સ્થાવર અખા આકાશ મહી એ જ. ૪૬૦

પિંડને લેખે છે બ્રહ્માંડ, બ્રહ્મા આદિ કીટ પતંગ.
પ્રાક્રમ વિષે અદકું ન્યૂન હોય, પણ કારણ પ્રત્યે સમતા સ્હોય.
અખા એ અનુભવ રહે રાખ, જેની ભાગવત ગીતા પૂરે સાખ. ૪૬૧

એમ જોતાં ભાસે નહિ ભિન્ન, માયાચિત્રથી ઊતરે મન.
કારણવેધી બુધ્ય જે રહે, કારજ કેરું ચિત્ર ન લહે,
ચિત્રવિચિત્ર દૃષ્ટેથું ગયું, ત્યારે અખા ધામ મૂળગું કહ્યું. ૪૬૨

મૂળગે પદ તે દ્વૈત જ નથી, જ્યમ સ્વપ્ન ઉપાધિ જાગ્રત નહિ રતી.
ઉત્તમમધ્યમ કર્મકાંડ જોગ, નિદ્રાવાનને સઘળો ભોગ.
જાગ્યાને ન સ્વપનનાં કૃત્ય, મૂળગી વૃત્યે અખા છે વૃત્ય. ૪૬૩

આપ થાતે વ્યાપે સત્ય થયો, પછે વ્યાપે આપું ભૂલી ગયો.
ચતુર પુરુષ જ્યમ ગ્રથલ જ થાય, સ્વસ્વરૂપ તેને વીસરી જાય.
અખા નિજ બુધ્ય અંગીકરે, તો ગ્રથલપણું સમ્યક વીસરે. ૪૬૪

---

૪૬૦ બુધ્યમાને–બુદ્ધિમાને. માને વેદ–તું ચોક્કસ માન. મહી–પૃથ્વી.

૪૬૨ કારજ–કાર્ય.

૪૬૩ જાગતાં રતી (જરી પણ) રહેતી નથી. જોગ–યોગ. મૂળ વૃત્તિમાં–ભાવમાં, બ્રહ્મભાવમાં એની વૃત્તિ સમરસ છે.

૪૬૪ આપ–આત્મા થાતે–અસ્તિત્વ ભોગવતાં. વ્યાપ–વિસ્તાર પણ સત્ય–અસ્તિત્વવાળો નક્કી થયો. વ્યાપમાં આપું–આત્મત્વ વીસરી ગયો. ગ્રથલ–વળગાડ વળગ્યો હોય એવો. ગ્રહ ઉપરથી આ અર્થમાં સં. 'ग्रहिल (=ग्रथिक)' મોનિયર વિલિયમ્સ આપે છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા કહે છે કે 'જૈન સંસ્કૃતના ગ્રંથોમાં ગ્રથિલ શબ્દ બરાબર આ અર્થમાં વપરાયો છે, અને કરણઘેલાને ग्रथिलकर्णदेवः કહેવામાં આવ્યો છે.'

ચિદ્દઅર્ણવ કેરા બુદબુદા, ઊપજે ખપે સ્વભાવે સદા.
આસ્ત્ય-નાસ્ત્ય એની ન કહેવાય, નર-છાયા જ્યમ સાથે થાય.
જ્યમ સૂર્ય-કિરણ કહેવાને બે, એમ જીવ-શિવ અખા જોઈ લે. ૪૬૫

નવ દીસે તેને સત્ય જાણ, દીસે તેને નાસ્ત પ્રમાણ.
દષ્ટિપદારથ જૂઠો થાય, જ્યમ ઘાટદષ્ટિ હેમે ઠેરાય.
પસર્યું આપ સચરાચર વિખે, એમ જોતાં પદ પામ્યું અખે. ૪૬૬

અણછતે છતાનો ભ્રમ, પણ બ્રહ્મવેત્તા જાણે એ મર્મ.
વાગ્‌વિલાસ તે સાચો થયો, પછે જૂઠે સાચું ભૂલી ગયો.
જ્યમ માયાઇચ્છા નારદને થઈ, ત્યારે પુરુષબુદ્ધ્ય અખા સર્વ ગઈ.

અરૂપીનો પંચ આભાસ, પાંચે પસર્યો સર્વાવાસ.
ઈંદ્રજાળવિદ્યાનું જાળ, દીસે સત્ય ને આળપંપાળ.
અણચવ્યું આપોપું લખો, તો એટલા ઊફરું શું કહે અખો? ૪૬૮

સંત અંગ

દશરથ પહેલો હુતો જે રામ, નંદ વસુદેવ પહેલું કૃષ્ણ નામ.
ચોવીસે તેમાંથી થયા, પણ તે કાંઈયે આવ્યા નવ ગયા.
અવિનાશી લહે તે સંત, ત્યાં કારણ નહિ દર્શન-પંથ. ૪૬૯
દ્વૈતાભાસી તે નોહે સંત, જ્યમ બે વાનીના હસ્તી દંત.

---

૪૬૫ આસ્ત્યનાસ્ત્ય–અસ્તિનાસ્તિ, હોવું ન–હોવું તે.

૪૬૬ નાસ્ત–નાસ્તિ, ન–હોવું તે. અખે–અક્ષય, નાશ ન પામે એવું.

૪૬૯ રામ, કૃષ્ણ : અનાદિ પરમાત્મા. ચોવીસે અવતાર. દર્શન કે પંથનું પછી ત્યાં કાંઈ કારણ નહિ.

મનમાં આશા માયા તણી, કીરત બહાર ચલાવે ઘણી.
બ્રહ્મભરૂંસે આવ્યો ભ્રમ, અખા સરાડે ઊગર્યો શ્રમ. ૪૭૦

અધમ અગમપંથ જઈ નવ શકે, જૂઠ અંનની છારે ભખે.
પરાધીન રહે દેહવાન, બુધ્યવો'ણાને નહિ તાં સાન.
અખા અણજાણ્યું રહ્યું આપ, જન્મ ધરે સાથે પુણ્યપાપ. ૪૭૧

જો ભૂંડા, તું છે ચિદ્દઅંશ, જોને વિચારી તારો વંશ.
તું રાજપુત્ર કાં દીનમાં ભળે ? કાં વિચારવો'ણો ઘરઘર રળે ?
નિજપદ બેસ, ટળી જા જંત, એમ અખા પદ પામ્યા સંત. ૪૭૨

જ્યમ હંસ ભખે કમળના તંતુ, ત્યમ આપવિચાર કરે માહંત.
નિરાશી હોયે ગંભીર, તો જૂજવાં કરે ક્ષીરનીર.
કલણારહિત હોય નિર્બંધ, નર આકારે અખા ગોવિંદ. ૪૭૩

નિર્દ્વંદ્વી અંતર્ગત સુદા, કૃપાવાન ધીરજવંત સદા.
રાગવિરાગ નહીં તે વિખે, અહંકાર નિરહંકાર કો નવ લખે.
નિરાધાર અખો કહે વીર, જેને જગત તરણવત્ સહિત શરીર. ૪૭૪

બ્રહ્મવેત્તા રહે તુરીયા પાર. તો બાહ્યદૃષ્ટિ શો કરે નિરધાર ?
ત્રણ અવસ્થા સહુને વિખે, તુરીયા ઓળંગીને કોણ લખે ?
જે લખે તે તેહવો થાય, યથાબદ્ધ અખા રહી જાય. ૪૭૫

---

૪૭૦ વાની–પ્રકાર. બ્રહ્મ માન્યું પણ હતો ભ્રમ. 'બ્રહ્મ' 'ભ્રમ' પરરમત. એ સરાડે–રસ્તે શ્રમ વેડયો એ જ.

૪૭૧ જૂઠ–એંઠા અન્નની છાર–રાખ પણ ખાય. પુણ્યપાપ સાથે.

૪૭૩ કલણા–કલન, કળવું–સમજવું–તે. નર આકારે માહંત (મહંત,મહાત્મા) ગોવિંદ–પરમેશ્વર છે.

૪૭૪ શરીર સહિત (સોતું) જગત તરણા સમાન છે.

૪૭૫ તુરીયા–જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણ પછીની ચોથી સ્થિતિ લખે –લક્ષે, ઓળખે. યથાબદ્ધ : બીજા જેવા છે તેવા, બંધનમાં રહે.

બ્રહ્મવેત્તાને જીવ નવ કળે, જયમ રાતદિવસ એકઠાં નવ મળે.
ત્યાં કલણુ નહિ અન્ય જીવ અચેત, શિવપદ બેઠાં સર્વ લહે હેત.
જયમ ઉચ્ચ આસન બેસે જે કોય, નીચી ભૂમિ કાં દેખે સોય ?

જગત દૃષ્ટ તે ચર્મને વિખે, પણ બોલનારાને કો નવ લખે.
પાંચ તત્ત્વની ઓથે રહે, હથોહથ અખા બોલ દે
દરશ્યો હોય તે કહેજો હા, વિણદરશ્યા મન વાયો વા. ૪૭૭

સોવર્ણાગર સોનીને ભોગ, બીજા લોકને ન મળે જોગ.
તે શલા જાણીને મૂકી જાય, અનુભવી હોય તે કરે ઉપાય.
અણઆયાસે થાય એકભવી, રિધ પાસે અખા અણમવી. ૪૭૮

અણમાપી રિધિનું ઘર લહ્યું, ચિત્રવિચિત્ર જેને વિષે રહ્યું.
શુદ્ધ બુદ્ધયે વિચાર જ કરો, બીજો ઉપાય નથી એ ઊફરો.
ઉત્તમ મધ્યમ સ્વપનાં-કૃત્ય, જાગ્યે અખા થાય સર્વ વ્યર્થ. ૪૭૯

દેહ સહુની દૃષ્ટે પડે, દેહી કો એકની મીટે ચઢે.
ભાત પડે છે જે પોત વિખે, વચન ઘાટ ઘાલે પારખે.
કહેતામાં પ્રીછે જે સાન, અખા અગમનું આવે માન. ૪૮૦

બીજે ઉપાયે હરિ નવ મળે, જો કોટિ જન્મ લગે આફળે.
જયમ કમળ ઉપરે જળઝાકળ પડે, ત્યમ ત્યમ તે સૂકે કે સડે.
જેથી ઊપન્યો તે જો હજૂર, બીજે ઉપાય અખા રહે દૂર. ૪૮૧

---

૪૭૬ કલણ-કલન, કળવું-સમજવું-તે. હેત-૧ કારણ. ૨ પ્રેમ. અહીં પહેલો અર્થ અભિપ્રેત લાગે છે.

૪૭૭ જોયો નથી તેને મન તો વા વાયો, બધું ફોગટ ઊડી ગયું.

૪૭૮ સોવર્ણાગર: સોની ખપમાં લઈ શકે એવો પથ્થર લાગે છે. એકભવી-એક ભવમાં પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરનાર. અણમવી-અણમાપી, અમિત.

૪૮૦ માન-માપ.

જેને તું જાણે આકાશ, તે તું જ વિચારી જોને પાસ.
તે નોહે ખૂણેખાંચરે, આ પ્રત્યક્ષ મુખેમુખ વાતો કરે.
જ્યમ સંકલ્પે ચઢ્યાં ન દીસે દેહ, ત્યમ અખા રહ્યો છે તેહ ૪૮૨

ભોગ કાજ ઉદ્યમ કાં કરે? તુજને ભોગ ખોળતો ફરે.
વણવાંછ્યો આવે જ્યમ રોગ, એણે લેખે જાણે ભોગ.
કિરતારે કીધો તુજ કાજ, નવ મૂકે અખા મહારાજ. ૪૮૩

અખા કાં લેવાને ધસે? અવધવો'ણો ક્યમ આવશે?
કાળે દ્રુમ વણવાંછ્યાં ફળે, રત વિણ ફળ શોધ્યાં નવ મળે.
જ્યમ મૂર્ખ સૂર્યને લેવા જાય, તે વા'ણે ઉદય આફણીએ થાય. ૪૮૪

એમ જાણી ધીરજ મન ધરે, અજગરવૃત્તિ મહાપુરુષ આદરે.
જો જાણે માથે કરતાર, તો ફોગટ હું થઈ કાં વહે ભાર?
ચક્રચૂડામણિ તારો તાત, ધીરજ ધરે અખા સાક્ષાત. ૪૮૫

આહાર આશાએ જીવ સહુ થાય, આશાએ દેવ ક્ષીરસાગર જાય.
આશાએ તપિયા દેહને દમે, આશાએ વ્રતતીરથ સહુ ભમે.
રાયરંક આશાના દાસ, આશા અખા માયાનો પાશ. ૪૮૬

જ્યારે પદ બેઠો નૈરાશ, ત્યારે સ્વે જ્યોત હોય પ્રકાશ.
કૃતકૃત્ય કહીએ મહાપુરુખ, જેનો આશાપાશ ગયો અમરખ.
જ્યમ વાદળ ટળ્યે નિરાળો સૂર; અખા પ્રકાશ, તો આશા દૂર.

---

૪૮૩ લેખે-હિસાબે, ગણતરીએ, પ્રકારે. જાણે-તું જાણ; ઈ ઊ ચાલુ લેતાં જાણે કે તારે કાજે, કિરતારે એ પ્રકારે ભોગ રચ્યો.

૪૮૪ અજગરવૃત્તિ-આજીવિકા માટે દેવ ઉપર આધાર રાખવો તે.

૪૮૭ પુરુખ-પુરુષ. પાશ-બંધ. અમરખ-'મૃષા'(=વ્યર્થ)ની આગળ 'લોપ', 'ઘોર' આગળ છે તેવો સ્વાર્થે અ ઉમેરાતાં થયેલો શબ્દ? ૨. મિથ્યા નહિ એ રીતે, ખરેખર. હિંદીમાં 'અમર્ષ' (=ક્રોધ) ઉપરથી 'અમરખ' છે.

જીવ શિવ વચે અંતર કાંઈ નથી, જ્યમ રૂપું તરવું કહાવે જળવતી.
જળનાશે તે રૂપું સત, ત્યમ આશા ઘટ્યે શિવ અવ્યક્ત.
સદ્‌વિચારે આશા જાય, અણુઆયાસે અખા વસ્તુ થાય. ૪૮૮

સદ્‌વિચાર વડે હરિ મળે, બીજે ઉપાય કલેશ નવ ટળે.
જ્યમજ્યમ તેનો કરે ઉપાય, ત્યમ જીવપણું તે જાડું થાય.
જ્યારે પદ બેસે નૈરાશ, ત્યારે સ્વે અખા સચરાચર વાસ. ૪૮૯

દશવિધજ્ઞાની અંગ

દશવિધજ્ઞાની લક્ષણ લક્ષ, તેનાં કહું આચરણ જે મુખ્ય.
નામ એક પણ લક્ષ જૂજવાં, જ્યમ પૃથ્વી એક ને ભિન્નભિન્ન કૂવા.
કૂપ કૂપ જૂજવા નીરસ્વાદ, એમ અખા મન વરતણ વાદ. ૪૯૦

સૂકજ્ઞાની કહાવે કેટલા, જ્ઞાનદગ્ધ જોતાં એકલા.
કો વિતંડા કહાવે નરા, જ્ઞાનખળ કેટલાએક ખરા.
નિંદકજ્ઞાની નીપજે ઘણા, કો ભ્રમજ્ઞાની અખા મન તણા. ૪૯૧

હઠજ્ઞાની ઘણા મન વિખે, શઠજ્ઞાની સૂધું નવ લખે
શૂન્યવાદી તે નવમો જાણ, શુદ્ધજ્ઞાની દશમો પરમાણ.
એ દશે નામ જ્ઞાનીનાં કહ્યાં; હવે લક્ષણ કહું અખા જે રહ્યાં. ૪૯૨

સૂકજ્ઞાની નીરસ હોયે રહે, વાણી ખાણી લૂખું વહે.

---

૪૮૮ તરવું-એક સફેદ રંગની હળવી ધાતુ.

૪૯૦ લક્ષ-લક્ષ્ય, ધ્યેય. વરતણ-આજીવિકા. વાદ-ચર્ચા.

૪૯૧ સૂકજ્ઞાની-શુષ્કજ્ઞાની. વિતંડા-ખોટો બકવાદ કરનાર. નરા-માણસો.

૪૯૨ લખે-લક્ષે, સમજે.

હીંસે નહિ તે સર્વાવાસ, ચૈતન્ય જાણી નોય ઉલ્લાસ.
એ લક્ષણ સૂકજ્ઞાની તણું, જ્ઞાનદગ્ધ અખા હવે ભણું. ૪૯૩

જ્ઞાનદગ્ધ હોયે અધબળ્યો, સંતસમાગમે રહે તે મળ્યો.
બાહ્ય કર્મ ઝરલાણી ભક્ત્ય, પણ માંહે આપોપું અહંતા સત્ય.
અનુભવ અંકુર ન ફૂટે ત્યાંહે, જે માંહે અખા દગ્ધ છે પ્રાયે. ૪૯૪

વિતંડ નર હોયે તે અશો, પોતાને નિશ્ચય નહિ કશો.
વાદ કર્યા ઉપર બહુ હામ, લક્ષ વિના વિદ્યાની મામ.
કલેશ કરતાં કાપે કાળ, અખે વિતંડની કાઢી ભાળ. ૪૯૫

જ્ઞાનબળને ખલતાનો થાપ, કુટિલયુક્તિ ઊપજે બહુ આપ.
જ્ઞાનવચનને આગળ કરે, એથે રહી વિકર્મ આચરે.
વદે ખરું પણ ખલતા કાજ, અખા તે સરખો અંતર બાજ. ૪૯૬

હવે નિંદકજ્ઞાની કહીએ સોય, પહેલે દોષનું દર્શન હોય.
સંતસમાગમમાં તે ફરે, પણ લાંછન જોઈ રદિયા ધરે.
આત્મજ્ઞાન તણી કરે વાત, પણ અખા નિંદકની એવી ઘાત. ૪૯૭

ભ્રમજ્ઞાનીને અંતરે ભર્મ, વદે વસ્તુ ન સમજે મર્મ.
અંતરે અન્ય ઉપાસન કરે, અને કર્તાહર્તા આપ ઉચ્ચરે
અખા તે ન સમજે સાંગઉપાંગ, ભ્રમે ન ટળે વાસનાલિંગ. ૪૯૮

---

૪૯૩ ખાણી-૧. ખાણ. ભંડાર; ૨. ઢંગ, (હિ. खानि-ઢંગ, પ્રકાર). વાણીના ભંડાર હોવા છતાં અથવા વાણીના ઢંગ જોતાં. હીંસે-આનંદ પામે,

૪૯૪ બાહ્યકર્મમાં ભક્તિ ઝરલાણી-ઝળકી, જ્વલિત થઈ. (?) ભક્ત્ય-ભક્તિ.

૪૯૬ અંતર ('અંતર્ય')-અંદરથી. બાજ-બાહ્ય, બહાર.

૪૯૭ ઘાત-કોષ્ઠક, કોઠો (ગામઠીશાળામાં 'શિખામણની ઘાતો' ગવરાવતા); ઘાટી.

૪૯૮ સાંગઉપાંગ-અંગઉપાગ સાથે, સાંગોપાંગ, વાસનાલિંગ-વાસનાશરીર.

હઠજ્ઞાની સિધ્યને વસ્તુ લખે, કહે બ્રહ્મજ્ઞાન નોય સિધ્ય પખે.
કહે ચૈતન્યે તે ભર્યો બ્રહ્માંડ, પણ સિધ્ય વિના તે કાચો પિંડ.
અખા લક્ષ હઠજ્ઞાની તણો, જ્યાં સિધ્ય ત્યાં પૂર્ણ બ્રહ્મ ગણ્યો. ૪૯૯

શઠજ્ઞાની તે ગ્રંથ બહુ સુણે, બહુ વાંચે બહુ પાઠે ભણે.
ગ્રંથપ્રતીતે માને વાત, પણ સમ્યક્ ભાસે નહિ સાક્ષાત.
શઠપણે ન ટળે ચકચુંધ, અખા અંતરથી ન ટળે રૂંધ. ૫૦૦

હવે શૂન્યવાદીને શૂન્યેશૂન્ય, વિશ્વ નહીં ને નહીં પાપ પુન્ય.
ઉત્પત્ય નહીં ને નહીં સમાસ, સ્વ પર નહીં, નહીં સ્વામીદાસ.
એમ વરતે શૂન્યવાદી ખરો, પણ અખા ન ચાલે શૂન્યઊફરો. ૫૦૧

શુદ્ધજ્ઞાની તે રૂપઅરૂપ, મહાનિધિ આશે છે તદ્રૂપ.
સર્વસહિત છે સર્વાતીત, જે પોષક આદ્યે ઉદ્‌ગીત.
અખા અનિર્વચની આપ, લક્ષ લાગે તે લહે અમાપ. ૫૦૨

દશ પ્રકારના જ્ઞાની કથ્યા, પણ નવેનો લક્ષ દશમા વિના મિથ્યા.
નવેનો લક્ષ ત્યારે શુદ્ધ થાય, જ્યારે અનુભવ દશમાઘેર જાય.
અખા તે છે સદા અવાચ્ય, જો સમજ્યો તો સમજી રાચ. ૫૦૩

વેદ અંગ

વેદે વિચારી જોયો બ્રહ્મ, વિશ્વ તે શું અને કેનો કર્યો મર્મ.

---

૪૯૯ સિધ્ય–સિદ્ધિ, લખે–લક્ષે, સમજે.

૫૦૦ પ્રતીતે–પ્રતીતિ(ખાતરી)એ.

૫૦૨ મહાનિધિ–ભંડારરૂપ પરમાત્મા જેનો આશે–આશય છે એવો, આદ્ય ઉદ્‌ગીત–(ઉદ્‌ગીથ ઓમકાર)નો જે પોષક છે. અનિર્વચની–વર્ણન ન થઈ શકે એવો આપ–આત્મ. અમાપ–પરમતત્ત્વ.

વિચાર કરતાં બેહું ઘાટ, એ ચાલ્યો જાય સત-મિથ્યા ઠાઠ
સત ચૈતન્ય ને મિથ્યા માય, અખા એમ દીઠો પરભાય. ૫૦૪

ઠેરાવીને લખિયો લેખ, પંચ ભૂત ને તેનું શેખ
તત્ત્વે તત્ત્વની ઉપજણ ગણી, માંહે ચેતનતા ચૈતન્ય તણી.
લક્ષ ચોરાસી બીએ ભાત, અખા એ વેદના મનની વાત. ૫૦૫

પ્રવાહ ચાલ્યો જાય એણે મર્મ, પછે જીવ પતિયાવા લખિયાં કર્મ.
તેર કાંડ ધૂમ્રમારગ લખ્યો, છેલ્લી વારે અર્ચિ ઓળખ્યો.
ઊપન્યા કેરો કીધો નિષેધ, અખા ઉપનિષદમાંથું વેદ. ૫૦૬

નેતિ નેતિનો એહ જ અર્થ, ઊપન્યું ગણ્યું તે જાણ્યું વ્યર્થ.
શેષ લહીને કહ્યું નેતિનેત, હાથ ખંખેર્યા એણે હેત.
અખા ચૌદમું પ્રીછ્યા પખે, જીવ ગૂંથાણો તેરને વિખે. ૫૦૭

તેર કાંડ માયાનું જાળ, કર્મફળ ને જીવ, ઈશ્વર, કાળ,
એ સર્વ ઘાટ બેસાર્યું વેદ, ત્રિપદ કલ્પી કીધો ભેદ.
અખા અટકે નહીં તે તેર, જે ચૌદ બોલી ચાલ્યો સુંસેર. ૫૦૮

વેદની યુક્તિ પુરાણે ગ્રહી, તેણે ઈશ્વરપદ રાખ્યું સહી.

---

૫૦૪ કર્યો-કરેલો. સત અને મિથ્યા(માયા)નો ઠાઠ (સજાવટ). પરભાય-પ્રવાહ.

૫૦૫ શેખ-શેષ, પરમતત્ત્વ (જુઓ ૫૦૭ઈ). વેદના મનની-વેદે વિચારી છે તે.

૫૦૬ પતિયાવા-પ્રતીતિ કરાવવા, પટાવવા, સમજાવવા. અર્ચિ(તેજ)માર્ગ એ દેવયાન (જેમાં ફરી અવતાર રહેતો નથી) અને ધૂમ્રમાર્ગ એ પિતૃયાન (જેમાં પુણ્યકર્મનો ક્ષય થતાં ફરી અવતરવાનું રહે છે). ઉપનિષદ-બૃહદારણ્યક (૬-૨-૨), જે શતપથનો ચૌદમો કાંડ છે. વેદ-તું સમજ.

૫૦૭ હેત-કારણે. ચૌદમું-અર્ચિમાર્ગ. તેર-ધૂમ્રમાર્ગ.

૫૦૮ સુંસેર-સોંસરો.

મોટાં ચરિત્ર ત્યાં ઈશ્વર કહ્યા, અને સાધારણ તે જીવમાં ગયા.
સામર્થ્ય દેખી બાંધ્યું માન, અખા એ પુરાણ તણું નિદાન. ૫૦૯

વેદનો લક્ષ તે કૈવલ્ય રહ્યો, અને ઈશ્વરલક્ષ તે પુરાણે ગ્રહ્યો.
તે ઈશ્વરના ચોવીસ અવતાર, તેમાંહે વળી સાર ઉદ્ધાર.
તેને સ્થળ વળી પ્રતિમા કરી, એમ અખા માળા વિસ્તરી. ૫૧૦

ચારે જુગનું એ વર્તમાન, પરંપરા જોતાં અનુમાન.
જ્ઞાન તણી નિરંતર સૂઝ, પ્રવાહ પડચે કર્મ પ્રતિમાપૂજ.
અખા ન ટળે દેહઅધ્યાસ, સ્વર્ગ મૃત્યુ પાતાળે વાસ. ૫૧૧

છે પોતે પરમેશ્વર આપ, રાખ્યો ત્યારે દ્વૈતનો થાપ.
એ આશ્ચર્ય તે કોને કહું, જો પોતાસરખું સહુને લહું ?
અખા વિચાર્યા સરખી વાત, પૂછું ત્યાં પરતંતર ઘાત. ૫૧૨

જ્યાં જ્યમ થાયે ત્યમ સહેજે થાય, પણ કર્તવ્યને શિર તે દેવાય.
અટક્યું ન રહે કો'એ કાજ, આગળ આગળથો થાયે સાજ.
કરણહાર ન દીસે કો'એ, અખા સહુયે કરતા હોયે. ૫૧૩

અખા પરમેશ્વર જોતાં અશો, કહ્યો ન જાયે કોણે કશો.
કોણ કળે ને કેને કળે, જો એક વડે સઘળા ચલેવળે ?
જ્યમ મેઘ બહુ બુંદે કરી, પણ બિંદુ મેઘને જુએ ક્યમ ફરી ?

---

૫૦૯ નિદાન–ચિકિત્સા: પરિણામ.

૫૧૦ સાર–મદદ અને ઉદ્ધાર. જુઓ ૫૨૫ઈ.

૫૧૧ પ્રવાહમાં પડવાથી, પૂજ–પૂજા.

૫૧૨ થાપ–ભૂલથાપ. છક્કડ. ઘાત–કોઠો; ઘાટી.

૫૧૪ ચલેવળે–ચાલે હાલે. ૫૧૯ઈમાં પણ.

માંહેબહાર ન જાયે કહ્યો, બાંધ્યોરૂંધ્યો પોતે લહ્યો.
સહેજેસહેજ ફૂલ્યું આકાશ, ઊપજ સાથે અખા સમાસ.
આગળસગુણ નીપજતું જાય, પાછળ નિર્ગુણ થૈ ઓલ ભૂંસાય. ૫૧૫

પ્રત્યક્ષ પ્રમાણ ચાલ્યું જાય સદા, જો કોઈ સંભાળી જુએ જદા.
નિર્વેવીના સર્વ અવેવ, મહાનિધિમાંથો સર્વે ભેવ.
રમી રમી પાછો રસ થાય, અખો રામ એવાને ગાય. ૫૧૬

જે ઊપજે તે પાછું વળે, ચૌદ લોક લોકપાલે ટળે.
સૂનું ન રહે રીટયા માટ, ત્યમનું ત્યમ બેઠું રહે ઘાટ.
દૃષ્ટપદારથ તે દૃષ્ટમાન, અખા ત્યમનું ત્યમ નિધાન. ૫૧૭

એમ જોતાં અખો તે કશો ? બાધા મેઘમાં એક બુંદ જશો.
ફોરાંનું તે શું પરમાણ, સાવ નિરંતર પાણી જાણ.
જયમ છે ત્યમ તે છે જ નિધાન, અળગું જાણવું એહ જ જાન. ૫૧૮

અખે રામ એવો ઓળખ્યો, જે કાગળમેશે ન જાયે લખ્યો.
ફરતે બેઠે તે નવ મળે, નખશિખ લગે તે ચલેવળે.
સહેજેસહેજ ઘલાણી હામ, અખા નિરંતર ફાવ્યો રામ. ૫૧૯

વસ્તે અસ્ત પામ્યું મન જદા, દરિદ્ર હો કે હો સંપદા.
દરિદ્ર ન દગ્ધે, ન સુખનું માન, જ્યારે પામ્યું મૂળ નિધાન.

---

૫૧૫ ઊપજ-ઉત્પત્તિ. સમાસ-વિલય, સમાઈ જવું તે. ઓલ-ઓળ, હાર.

૫૧૬ નિર્વેવી-નિરવયવી. મહાનિધિ-પરમાત્મા.

૫૧ રીટયું એથી શૂન્ય બની જતું નથી. દષ્ટમાન (સાધુશાઈ સંસ્કૃત) -દશ્યમાન, દેખાતું. નિધાન-ભંડાર, નિધિ, ૫૦૨આ, ૫૧૬ઈ માંનો 'મહાનિધિ,' પરમાત્મા. જુઓ ૫૧૮ઉ, ૫૨૦ઈ.

૫૧૯ કાગળમેશે-કાગળ અને શાહીથી. હામ-હિંમત.

અખા વિચાર્યેં બેહું ઘાટ, આપે આપ ચૈતન્યનો ઠાઠ. ૫૨૦

આદ્ય કર્મ કીહે જીવ થયા, કારણ આદ્ય શાના પરઠ્યા ?
પંડિત જાણુ કહો એ મર્મ, અણજાણે શું સાધનધર્મ ?
એ વ્યક્ત કરે તે વક્તા ખરો, અખા અણજાણ્યે ભૂલો ફરો. ૫૨૧

કરતો રહે તો ખૂટે કર્મ, એ આત્મા જાણ્યાનો મર્મ.
જો તું જીવ તો કર્તા હરિ, જો તું શિવ તો વસ્તુ જ ખરી.
અખા એમ જાણે તે આપે આપ, ગીતાવિષેહરિએ રાખ્યો થાપ. ૫૨૨

ગીતાને અધ્યાય સાતમે ભકત ચાર કહ્યા, તે સમે
તેમાં ત્રણ તણો હરિ કહે હું ભૂપ, પણ જ્ઞાતા તે મારું નિજરૂપ.
કારજ પ્રત્યે બહારે રમું, પણ અખા અંતે ત્યાં વીસમું. ૫૨૩

સાને સમજે તે નર ખરો, કાંઈ ભણ્યેગણ્યે માણો આફરો ?
ભણ્યા ભટ ભમે ભવમાંય, પણ ભાત ઉભાત વચે ન રહેવાય.
રૂઢે વાત કરે હરિતણી, પણ અખા અક્ષરમતિ નહિ આપણી. ૫૨૪

જે વિરલા રસિયા હરિતણા, જ્યમ કેસરી સિંહ દીસે નહિ ઘણા.
સુભટ સૈન્ય મધ્યે બે ચાર, ત્યમ માળા મુદ્રા સારોદ્ધાર.
જ્યમ અન્યપંખી અતિ ઊંચો ચઢે, પણ અખા અનલ દર્શન નવ કરે.

---

૫૨૦ વસ્તે–વસ્તુએ, વ્માં. દરિદ્ર–દારિદ્ય, ગરીબાઈ. દગ્ધે–બાળે.
૫૨૧ કીહે-કીધે, કરવાથી. કર્મ (કાર્ય) કારણની સાંકળમાં કારણ શાં નક્કી કર્યાં છે?
૫૨૨ કરતો રહે–કરવાનું (હું કર્તા છું એવું ભાન) છોડે. રાખ્યો થાપ–સ્થાપના કરી. ભક્ત ચાર : આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. ઈઃ ज्ञानी त्वात्मैव मे मतम् । ત્યાં–જ્ઞાનીમાં.
૫૨૪ ભણીગણીને આફરો શે અનુભવો છો ? ભટ–કથા કહેનારા. ઉભાત–ભાત મટીજવી તે. રૂઢે–રૂઢિથી. અક્ષરમતિ, બ્રહ્મબુદ્ધિ. આપણી–પોતાની.
૫૨૫ સાર (મદદ) અને ઉદ્ધાર કરનાર જપમાળા કે પંથની મુદ્રા (છાપ) કોઈક જ હોય. અનલ (અગન) પંખીનું દર્શન.

અખા અક્ષરપદ તું તાં રમે, જ્યાં ચવે નહિ ત્યાં વીસમે.
નિત્યનિવેદન એહ જ જાણ, આત્મતત્ત્વ સઘળે પરમાણ.
ત્યારે સર્વ પડે પાધરું, જ્યારે હુંપણાનું આવે સરું. ૫૨૬

ઓળખ આપ, હવડાં હરિ મળે,—જો બાહ્ય થકો અંતર્ગત વળે.
અન્વય-વ્યતિરેકે હરિ ભાળ, તુષને ત્યાગ્યે રહે તે શાળ.
અક્ષર આપ અવસ્થા ફરે, અખા તું જ આદ્ય મધ્ય સરે. ૫૨૭

પહેલે હરિશું લાગી પ્રીત. તેણે ભાગી લૌકિક રીત.
એમ કરતાં સગપણ નીકળ્યું, તેણે તાં કાંઈ કહેવું ટળ્યું.
સ્વામીસેવક પ્રીત હૂતો ભાવ, સગપણ અખા સ્વતંતર સાવ. ૫૨૮

માતાતન સઘળો સંસાર, પિતાપુત્ર કોએક નિરધાર.
પિતાપુત્રને શરીર જ નથી, ભાસે તે ભ્રમની મોરથી.
માતાતનને ધ્યાતા ધ્યેય, પિતાપુત્ર અખા નિસ્પ્રેહ. ૫૨૯

કાંઈ ન જાણ્યે, જાણ્યો રામ; જાણપણે ભૂલ્યો નિજધામ.
જ્યમ જ્યમ અધિકું જાણતો જાય, ત્યમ ત્યમ હુંના મળ બંધાય.
યદ્યપિ કથે જો બ્રહ્મજ્ઞાન, તોયે અખા ન મૂકે માન. ૫૩૦

જાણ થાય બહુ વિદ્યા વડે, ત્યમત્યમ આવરણ અધિકાં ચઢે.
જ્યમ નિત્ય ધોતાં પટ રાતું થાય, પાણીનું પડ ચઢતું જાય.

---

૫૨૬ રમે, વીસમે,—આજ્ઞાર્થ. ચવે નહિ—કહેવાણ વે નહિ. સરું-છેડો.
૫૨૭ આપ—પોતાને, સ્વસ્વરૂપને. અન્વય—કારણ હોય ત્યાં કાર્યનું હોવું એ નિયમ. વ્યતિરેક—કારણ ન હોય ત્યારે કાર્ય ન હોય એ નિયમ. તુષ-ફોતરાં.
૫૨૯ માતાતન—માતા(માયા)નું શરીર. પિતાપુત્ર—શિવ અને જીવ. મોરથી—તરફથી. માતાશરીર (માયારૂપી) સંસારને મન ધ્યાતા ને ધ્યેય છે. નિસ્પ્રેહ—નિસ્પૃહ.

મૂળનું પટ જોતાં તે મેલ, અખા અણલિંગીપણું અલેલ. ૫૩૧

નિજપણું ભૂલ્યે કરી જીવ, ભૂલ ટળી તો સદાય શિવ.
તે શિવ તો પોતે છે સદા, ત્યાં વિદ્યાના મળ નોહે કદા.
અખા વસ્તુ છે સહજેસહેજ, જીવ રહે તો પ્રાયે મળ રહે જ. ૫૩૨

સમજ્યો નર શો બાંધે ઘાટ? આપાપર ટળી ગયો નાટ.
અકસ્માત ઊપન્યો વિચાર : સત્યાનિત્ય બાધો સંસાર.
અનંત બ્રહ્માંડનો દ્રષ્ટા આપ, અખો કહે શરીર આદ્યે દેહી વ્યાપ. ૫૩૩

અખા વિચાર્યાં સરખી વાત, વિચાર વિના તે કૃત્ય ઉત્પાત.
વેદ ચાર બ્રહ્માના કર્યાં, સ્મૃતિપુરાણ ઋષિ ઉચ્ચર્યાં.
ચવ્યો પદારથ સર્વે કહ્યો, પણ અચવ્યો તાં અભોગત રહ્યો. ૫૩૪

જે રહ્યો વ્યાપી વિસ્તરી, તેની તો કથા નવ કરી.
ધર્મ કર્મે લાગ્યાં બહુ લોક, પણ સોદો ન થયો રોકારોક.
નગદ માલ ઉધારે પડયો, એમ અખા જીવ રડવડયો. ૫૩૫

---

૫૩૧ જાણ-વિદ્વાન. કચોણે પડેલું કપડું રાતું લાગે છે તે પાણીનું પડ ચડવાથી એમ કહે છે. મૂળ પટના પોતાની દૃષ્ટિએ એ મેલ છે. અણલિંગી-જ્ઞાની. અલેલ-આનંદક્રીડા (વિદ્યાની વેઠ વિનાની). હિં. अलेल-ક્રીડા, કિલ્લોલ. સર૦ : અલેલટપ્પુ.

૫૩૨ શિવ તે તો લૂગડાનું પોત છે.

૫૩૩ નાટ-નાટક, તમાશો. સત્યાનિત્ય-સત્ય અને અનિત્ય. સર૦: 'સત્યમિથ્યા' ૫૪૨આ. દ્રષ્ટા આપ-આત્મા છે તે સત્ય, અનંત વિસ્તાર છે તે અનિત્ય. શરીર આદિ અનંત બ્રહ્માંડ તે દેહી-આત્મા-નો વ્યાપ-વિસ્તાર છે.

૫૩૪ કૃત્યઉત્પાત-કર્મ કરવારૂપી ઉત્પાત. અભોગત-ભોગવ્યા (આસ્વાદ્યા. અનુભવ્યા) વિનાનો.

૫૩૫ રોકારોક-રોકડો, રોકડે પૈસે.

ઇહાં અખા કોય શું કરે, જો માયા આડી પરિચય ધરે ?
જ્યમ અશ્વ અશ્વિની ભોગવે, નેત્રે પટ બાંધી યોગવે;
પટ છોડી દેખાડે તુરી, અખા એવી નીપજ ખરી. ૫૩૬

એણી પેરે એ તાં થાય, જે વડે પ્રવાહ ચાલ્યો જાય.
તેનો કોઈ ન જાણે મર્મ, દેખે જીવ ને જીવનાં કર્મ.
અદૃષ્ટ પદારથ થાય દૃષ્ટમાન, અખા સમજે તો સમજે સાન. ૫૩૭

અમૂર્તિની મૂર્તિ આ સહુ, અણનામીનાં નામ જ બહુ,
અકર્તા કર્મ સર્વ કરે, અર્વાચી વચન ઉચ્ચરે.
અખા એમ ખરારે માન, બીજી વાત ન ઘાલીશ કાન. ૫૩૮

પારબ્રહ્મ જોવાને મંન બહુ ભાતના કરે યતંન.
પૂતળીને ક્યમ જુએ ચક્ષ, જો દેખણહાર પૂતળી છે મુખ્ય.
દર્પણ માંડી જોવા જાય, તે તો અખા નિજ છાયા પ્રાય. ૫૩૯

રૂપધારી રામ જોવા કાજ, શરીર કૃત્ય કરે બહુ બાજ.
ધ્યે'ધ્યાતા થઈ આવે સેજ, એ તો ચૈતન્યમાં ગુણ છે જ.
જીવ બ્રહ્મને હાથે સાહે, એમ અખા હોયે નહિ પ્રાયે. ૫૪૦

વિચાર અણુલિંગી ક્યમ ઊપજે, જ્યમ કો નર ને વેલા ભજે,
ગ્રથલ લઈ જાય તેની વૃત્ય, ત્યમ કૈવલ્યપણું પામે સૂર્ત.
ભાવના ફેર પડે છે મન, અખા નહીં કો સાક્ષી અન્ય. ૫૪૧

---

૫૩૬ ઇહાં–અહીં. પરિચય–પડદો. ('પરિચયિ પાછી કીધી જામ.'–જ્ઞાનાચાર્ય.)
અશ્વિની–ઘોડી. યોગવે–જોડે, યુક્ત કરે. તુરી–ઘોડો. નીપજ–સંતાન.
૫૩૮ અર્વાચી–વાચાથી પર. 'નિર્+વાચ'ના અનુકરણમાં 'અ+વાચ'માં પણ 'ર'.
૫૩૯ પારબ્રહ્મ–પરબ્રહ્મ. પૂતળી–કીકી.
૫૪૦ બાજ–બાહ્ય. સાહે–પકડે.
૫૪૧ વેલા, નેવેલા (૧ 'ને' આપે છે તેથી 'ને વેલા')–કોઈ માદક પદાર્થ. (?)
સૂર્ત–સૂરત, સુરતા (લગની; સુધ).

પ્રાયે સર્વ ચૈતન્યનો ઠાઠ, પણ સત્ય-મિથ્યારૂપે આઠકાઠ.
શેષનાગ વૈકુંઠ પર્યંત, જ્યમ મણિગણ બહુ ને એક જ તંત.
દેવ નર નાગ રૂપસિધમાં ફેર, સમજ્યે અખા ટળે અંધેર. ૫૪૨

સર્વે એ કારજનાં રૂપ, પણ કારણ સમજવું અનુપ.
કારજ કીટ પતંગ બ્રહ્માય, કારણ વડે સહુ ચાલ્યું જાય.
જે ઘટ અખા કારણ ઉલ્લસે, તે નર સ્વે થઈને વિલસે. ૫૪૩

લોક ચૌદ હીરાની ખાણ, ઓપાણો તે થયો નિર્વાણ.
વણઓપાણે સહુ કાંકરા, જાતિવિશેષે સર્વ આકરા.
જે ઘટ હવો પોતપ્રકાશ, તે અખા નોય સ્વામી-દાસ. ૫૪૪

આડ અવિદ્યા સહુને વિખે, તેણે આપોપું નવ ઓળખે.
ભર્મે દેહઅધ્યાસી થયો, કર્મ કરી ચૌદ લોકે વહ્યો.
તે ભ્રમણા ટાળેવા માટ, અખા ભક્તિ ઘાલી છે ઘાટ. ૫૪૫

જાણ્યું જીવ નવધા આદરે, ભક્તિરસે કર્મરસ વીસરે.
ઈશ્વર સાથે રતિ બંધાય, તો કાંઈ સૂરત ચૈતન્યમય થાય.
ત્યાં સગુણભક્તિ ગાયો સાકાર, અખા મંડાણો મોહવ્યાપાર. ૫૪૬

ભક્તિ દેખાડી એટલા માટ, કર્મ ગહનમાં પાડી વાટ.
જાણ્યું સૂધે મારગ જશે, સર્વાવાસ હરિને જાણશે.
અખા અવતારી ક્યે' ન જ બકે, તો પોતાનાં છૂટી ક્યમ શકે ? ૫૪૭

---

૫૪૨ આઠકાઠ–કમઠાણ રૂપસિધ–રૂપ અને સિદ્ધિ.
૫૪૪ ઓપાણો–ઓપ, ચળકાટ, સફાઈ પામ્યો. નિર્વાણ-મુક્ત, પાર પામેલો. જાતિ વિશેષે૦–(ન્યાયની પરિભાષા) આખા અણઘડ સમૂહનો તેમ જ ઘાટ પામેલા ઓપાયેલાનો પણ સામાન્ય ધર્મ આકરાપણું છે.
૫૬૪ સૂરત-સુરતા, લગની. સાકાર–મૂર્તિરૂપ ભગવાન.
૫૪૭ ક્યે'૦-ક્યેય ન કહે. પોતાનાં–અવતારીને અનુસરનારાં મુક્ત કેમ થઈ શકે.

સર્વાવાસ જાણ્યા વિના રામ, અખા થયું નથી કોનું કામ.
બીજી ભક્તિ તે મોહનો ઘાટ, રાજમાર્ગમાં પડે છે વાટ.
પુષ્પિત વાણી તે મેવાસ, સુખ સરખું પણ માયા હાસ. ૫૪૮

એક વસ્તુવિચાર વિચાર્યો મને, પારબ્રહ્મ જાણેવો જે જને.
આપ આદ્યે દેહી ચૌદે લોક, પંચભૂત કેરો સહુ થોક.
લોકલોક પ્રત્યે લોકપાલ, અખા એહવું ધામ વિશાળ. ૫૪૯

વૈકુંઠ આદ્યે ઊંચા માળ, નીચાં જોતાં આદિ પાતાળ.
તેમાં બળિયાની બલા બહુ, એક અધિપતિ ને પરજા સહુ.
અખા જોતાં એક માંડણી, પણ મહાકારણ તે અળગો ધણી ૫૫૦

ને મહાનિધિ સઘળે પોષાય, અવિરલ પ્રવાહ ચાલ્યો જાય.
વિષ્ણુ બ્રહ્મા શિવ ને શેષનાગ, ઐશ્વર્ય અધિકાઓછા ભાગ.
ત્રિગુણાતીત વડે એ સહુ, અખા સમજે તો વારુ બહુ. ૫૫૧

લોક ચૌદ ત્રિગુણના કર્યાં, અષ્ટાદશ વર્ણે આવર્યાં.
એણે લેખે બહુ બ્રહ્માંડ, બ્રહ્માંડ બ્રહ્માંડે બહુ વિધિ મંડ.
લૌકિક લેખું એ તાં કહ્યું, અખા અલૌકિક અળગું રહ્યું. ૫૫૨

જ્યમ ચિતારો ચિત્રશાળા કરે, અનંત ભાતનાં રૂપ ચીતરે.
અનંત અવેવ ભાતભેદ નામ, જોતાં ચિતારાનાં કામ.
દીઠી સુણી ભાત બહુ લખે, અખા ન નીપજે જોયા પખે. ૫૫૩

---

૫૪૮ વાટ પડવી-લૂંટાવું. સર૦ : વાટપાડુ. પુષ્પિત-શણગારેલી, ઉપરથી મીઠી, મલાવી મલાવીને ઉચ્ચારાતી સર૦ : યામિમાં પુષ્પિતાં વાચમ્-ગીતા.

૫૫૧ મહાનિધિ-પરમાત્મા. જુઓ ૫૨૬ઈ. ૫૫૦ઊમાં 'મહાકારણ' છે તે મહાનિદાન (નિદાન=મળ કારણ); 'નિદાન'નો 'નિધાન' ઉચ્ચાર થતાં તેનું 'મહાનિધાન' તેમ જ પછી 'મહાનિધિ' થયું હશે? વારુ-સારું, ઠીક.

૫૫૨ લેખે-હિસાબે. મંડ-માંડણી.

એ કાંઈ ચિતારાની પેરે નથી, સર્વ કાઢયું આપા માંહીથી.
રૂપેરૂપ સંચાર્યું આપ, તેણે ચૌદે વ્યાપ્યો વ્યાપ.
કળ ભરાવી ચૈતન્ય વિખે, તે માટે નાટક છે અખે. ૫૫૪

અદ્‌ભુત કલા ચિતારા તણી, આપે આપની નીપજ ઘણી.
બીબે બીબું ભરાતું જાય, ચૌદ લોકની નીપજ થાય.
થાય ભાત પણ સામર્થ્ય પોત, એમ અખા જોજે ઓતપ્રોત. ૫૫૫

અરૂપી રૂપે બહુ થયો, સ્વસ્વરૂપે જ્યમનો ત્યમ રહ્યો.
જ્યમ અગ્નિથી દીપક થાય, પછે દીવે દીવા ચાલ્યા જાય.
પણ હુતાશન ત્યમનો ત્યમ અખે,એમ હાનિવૃદ્ધિ નહિ ચૈતન્ય વિખે.

એમ નાટકનો નીપજ ભેદ, હું નથી કહેતો કહે છે વેદ,
જેને સ્વસ્વરૂપ પામ્યાનો અર્થ, માયામોહ કરવો હોય વ્યર્થ.
પ્રગટ પ્રમાણ કહે છે અખો, જાણો તે એ પેરે લખો. ૫૫૭

સુખિયા દુખિયા દીસે બહુ, પણ માયાના કીધા છે સહુ.
સુખિયા પલકે દુખિયા થાય, ધન તન લજ્જા ફીટી જાય.
રંક હૂતો તે થાયે રાય, અખા એ માયામહિમાય. ૫૫૮

માયાના મર્કટ બહુ લોક, પલકે સુખ ને પલકે શોક.
કપિને જ્યમ શૃંગાર્યો નટે, ભીખ મગાવે રહ્યો ચોવટે.
અખા લે સર્વે ઉદ્દાલ, કંઠ દોરડી પૂંછે કાળ. ૫૫૯

---

૫૫૪ ચૌદે–ચૌદ લોકમાં. અખે–અક્ષય. ૫૫૬ ઊમાં પણ.

૫૫૫ જે સામર્થ્ય છે તે તો પોતને લીધે, પોતમાં છે.

૫૫૬ નીપજ ('નીપજ્ય') અંગનો ભેદ. લખો–લક્ષો, ઓળખો.

૫૫૯ શૃંગાર્યો–શણગાર્યો. ઉદ્દાલ-(પ્રા. उद्दाल–ખેંચી લેવું, આંચકી લેવું.) ખૂચવી, આંચકી. પૂંછે–પૂંછડે, પૂંઠે.

પલકે રિધસિધ આવે ઘણી, જીવ જાણે હું સર્વનો ધણી.
જેમ વરઘોડે મેલ્યા બહુ વના, પલકેક રહીને થાયે ફના.
અખા માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને ચાવતાં રેત. ૫૬૦

બાળકપે ઘરડો અસંન, જેણે સત્ય માન્યું શમણાનું ધન.
બાળક રમતને માને ફોક, ઘરડો સત્ય માને હરખ શોક.
પશુ મૂઓ કો ભૂત ન થાય, માણસ અખા અવગત્ય કહેવાય. ૫૬૧

પંચઇન્દ્રિયનું અતિશય જ્ઞાન, એ માણસને આપ્યું માન.
સામું તેનો ચઢ્યો અહંકાર, કર્યામૂક્યાનો રાખે ભાર.
અવળી સૂઝ અખા જીવની, અંતર માયા નહીં પીવની. ૫૬૨

કાંઈ ન દીસે જીવને હાથ, અને થઈ બેસે તે સહુનો નાથ.
ધન તન દોલત ઊડી જાય, રહ્યો રુએ પણ કાંઈ ન રખાય.
મરડે મૂછ પણ માંહે કલીબ, અખા એવું લક્ષણ જીવ. ૫૬૩

નાટક ચાલે માયા તણું, સકળ જીવ શૃંગાર્યા ઘણું.
કાળ ફેરવે ચૌદ ચોવટે, એકને આપે એકનું ઝટે.
અખા વગોવે માયા કાળ જાણ પંડિત શ્રીવંત ભૂપાળ. ૫૬૪

---

૫૬૦ મેલ્યા–મળ્યા, ભેગા થયા. વના–વર (બહુવચન. મારવાડીમાં બનો=વર. સાબરકાંઠામાં લગ્નગીતોમાં 'બનડો'=વર.)

૫૬૧ અસંન–અસંજ્ઞ, અબૂઝ. હર્ષશોકરૂપી ખેલને મિથ્યા માનતો નથી. અવગત્ય–અવગતિએ ગયેલો.

૫૬૨ પીવની (પાઠાંતર 'પીઉની')–(હિં. પીવ–પ્રિય, પતિ) પ્રિયની, પ્રિય––સ્વામીની અંતરમાં માયા નથી.

૫૬૩ કલીબ–નપુંસક.

૫૬૪ ઝટે–ઝૂંટવે. જાણ–જ્ઞાની

બાળક જ્યમ રમાડે શ્વાન, દૂર થકી દેખાડે ધાન,
પૂંછ હલાવે ચાટે લાળ, ઊંચું કરી ભરાવે ફાળ,
લલચાવ્યો દેશાંતર જાય, અખા એમ રમાડે માય. ૫૬૫

આશા જનને બહુ પરભવે, દેવ આગળ જઈ દુઃખ દાખવે.
દશે આંગળાં મુખમાં ધરે, દીનવચને નેત્ર નીર ભરે.
પણ ત્યાંથી ટાંક ન પામે ધૂળ, અખા લાલચ ન ટળે મૂળ. ૫૬૬

કહે અમને કો ન શકે છેતરી, એવું બાંધે બિરદ આદરી.
ક્ષણે ક્ષણે લૂંટાતો જાય, ધન તન સ્વજન સહુને ખાય.
છાનો નહિ પરગટ ઠગે કાળ, અખા એંશી-સો-નો બાળ. ૫૬૭

ઝૂંટી લે રાજાનાં રાજ, તપસીનાં તપ કરે અકાજ.
શ્રીવંત કેરા ધનને હરે, પંડિતની વિદ્યા ભક્ષ કરે.
જુવતીનાં યૌવન હરે કાલ, તોયે અખા ન જાગે બાળ. ૫૬૮

જ્યમ કાગળમાંથી જાય કપૂર, ત્યમ શોષે સહુને એનું નૂર.
ગર્વ ગાઠુઆ મોહોકમ જાણ, સહુને પીલે એકે ઘાણ.
ખોખાં કરી નાખે તત્કાળ, અખા એહવો કરડો કાળ. ૫૬૯

ઘોડાપૂર આવે જ્યમ નદી, ત્યમ ક્ષણમાં સંપત્તિ દીસે વધી.

---

૫૬૫ ધાન-અનાજ, અન્ન. માય-માયા.

૫૬૬ પરભવે-પરાભવ કરે, હેરાન કરે. ટાંક-શેરનો ૭૨મો ભાગ, જરીક.

૫૬૭ એંશી કે સો વરસનો થયો પણ બુદ્ધિથી બાળક છે.

૫૬૮ અકાજ-નકામાં. બાળ-બાળબુદ્ધિ. સર૦ ૫૬૭ઊ.

૫૬૯ એનું-કાળનું. ગાઠુઆ-ઠગનાર, ગઠિયા. સર૦ : 'અલ્યા, ગાઠુઆ થઈને ગાઠચો !'-પ્રેમાનંદ. મોહોકમ- (અરબી 'મુહકમ.) મોકમ, દૃઢ; પુષ્કળ. જાણ-જ્ઞાની. ઘાણ-ઘાણીએ.

પળમાં તેનો થાયે વરો, જેવો છાશ તણો આફરો.
એમ સંસાર આવે ને જાય, અખા તેને કાં પતિયાય? ૫૭૦

સહિત દેશ વૈકુંઠ ગયા રામ, કુળ લેઈ કૃષ્ણ પોહોતા નિજધામ.
તો પ્રાકૃત જીવ તણી શી વાત? એ તો મોટે ઠામે ઘાલે ઘાત.
થયો પદારથ ટાળે કાળ, વળગ અખા નિર્ગુણની ચાલ. ૫૭૧

પુન્યપાપ લખ્યાં ઋષિજને, જેણે જેવું માન્યું મને.
બ્રાહ્મણ કહે : સત્ય કરવા યજ્ઞ, પશુવધ કીધે હોયે પુન્ય.
જૈન કહે : એ હિંસા પાપ, અખા ધર્મ પણ જૂજવા થાપ. ૫૭૨

લખ્યા પ્રમાણે સહુ કો વદે, ધર્મ રાખવા સહુનું હૃદે.
બોલ્યું ન મળે કેનું એક, આપઆપણી રાખે ટેક.
જાંગડ રાખી સહુ આચરે, અખા સહુ કો વદતા મરે. ૫૭૩

મનીષપે દેવ ઉત્તમ લખે, તે તાં મદ્ય આમિષને ભખે.
તેને માથે ન ગણે પાપ, બલિ આપીને સહુ કહે બાપ.
અખા ગહન એ ચાલ્યું જાય, રામ જાણ્યે નિસ્તારો થાય. ૫૭૪

બહુ સામર્થ્ય હોય છે જયહાં, બુધ્યનું બળ ન ચાલે ત્યહાં.
દેવી દેવ રાક્ષસ સિધ્યવંત, તેનાં ચરિત્ર ન સમજે જંત.
તેને શિર ન ગણાયે પાપ, અખા બુધ્ય લગણ આલાપ. ૫૭૫
બુધ્ય પ્રમાણે લખી લખી ગયા, તે બુધ્ય પ્રમાણે વાંચે રહ્યા.

---

૫૭૦ વરો–ઉપયોગ. વપરાશ. પતિયાય–પ્રતીતિ કરે, ખાતરીપૂર્વક માને.
૫૭૧ દેશ સહિત. કાળે રામ–કૃષ્ણ જેવા મોટા ઠામે ઘાત ઘાલી, તો પછી...
૫૭૨ મને–મનમાં. થાપ–સ્થાપના.
૫૭૩ મનીષ–મનુષ્ય. નિસ્તારો–પાર ઊતરવું તે, મોક્ષ, ઉદ્ધાર.
૫૭૫ જંત–જંતુ, જીવ. આલાપ–વાત, વાણીથી થતી ચર્ચા.

બુદ્ધ્ય પ્રમાણે સહુ સાંભળે, પણ બુધ્યાતીતથી સહુ ચળવળે.
તેને અખા ન સમજે કોય, જે પરાતીતથું પોષણુ હોય. ૫૭૬
જ્યમ અરૂપ અગ્નિ રહે ચકમક વિખે, તે પ્રગટ થયા પછે સહુ લખે.
તે રૂપ ધરી બહુ પ્રાક્રમ કરે, તે બુધ્યવિલાસ સહુ કો આદરે.
પણ પ્રગટ્યાને કાળની દધા, અરૂપ અખા સદોદિત સદા. ૫૭૭
અરૂપી અગોચરથો બળ કરે, દ્રુમ વિષે જ્યમ નીર પરવરે;
થડ મૂળ શાખા પત્ર ફલ ફૂલ, રગરગે નીર ચઢ્યું અભૂલ.
પાણી સદા અખા અવિનાશ, પણ થઈ આવ્યું તે થાયે નાશ. ૫૭૮
જ્યમ ફળ જોવા હીંડે નીરને, પણ ક્યમ દેખે અંતર સીહીરને.
ફલસ્થાને દેહાદિક રૂપ, અને જળસ્થાને તે વસ્ત અરૂપ.
અખા જોતાં સર્વે રામ, પણ ઊપન્યું તે ટળે રૂપ નામ. ૫૭૯
અખા એમ ધરી જો ધ્યાન, આફણીએ જડશે સ્વસ્થાન.
બીજી તે મનની રોચના, અંતર જાડ્ય ન ટળે શોચના.
પરાપાર પ્રાણેશ્વર નાથ, નહિ સમજે તે ઘસશે હાથ. ૫૮૦
પિંડ શોધ્યે પ્રાણેશ્વર જડે, બીજું તે દ્વૈતને રૂપક ચડે.
પ્રત્યક્ષ સિદ્ધ સેવક બહુ સ્વાદ, પરોક્ષ ઉમેદ કરે બહુ વાદ.
ગળી ચોપડી સઘળી વાત, લૂખો રામ અખા સાક્ષાત. ૫૮૧

---

૫૭૬ લખી. લખી ગયા-લક્ષી (ઓળખી)ને લેખરૂપે લખી ગયા. બુધ્યાતીત-બુદ્ધ્યતીત (જુઓ ૨૮૪), બુદ્ધિથી અતીત (પાર ગયેલ), પરમતત્ત્વ.
૫૭૭ લખે-ઓળખે. દધા-દુગ્ધા, પીડા.
૫૭૮ અભૂલ-કશી ભૂલચૂક વગર. (૬ 'અમુલ'-આમુલ. સર૦ 'આહાર'નું 'અહાર.')
૫૭૯ હીંડે-ઇચ્છે. અંતર સીહીરને-અંદરની ઝીણી સેરને.
૫૮૦ રોચના-લાલસા. શોચના-શોચ (પસ્તાવો; વિચાર) કરવો તે.

રામ નોહે પ્રત્યક્ષ પરોક્ષ; સ્વેં જ રહેશે, આપોપું શોષ.
ત્રિગુણ ધુમાડે આંખ બહુ ભરી, ચૌદ લોક રહ્યો આવરી.
આતમ અખા સદોદિત સદા, એ તો જીવને ત્રિગુણી લાગી દધા. ૫૮૨

સૂઝ પડી તે સમજે સાર, અન્ય કલ્પે ઉપલો વહેવાર.
જ્યમ વાદળ ખોબું શોષે નીર, કાદવમાંથું પીએ હીર,
એમ પ્રપંચમાં પરમેશ્વર લહે, અખા દેખી ચાખી કહે. ૫૮૩

સ્વામી અખાનો સઘળે મળે, લોક ચૌદ તેમાં આફળે.
બ્રહ્મા આયખું પંથમાં જાય, તોય રોમકૂપ પૂરું ન મપાય.
એવું અદબદ અળે જડયું, તે માંહેલું સર્વ ઘાટે ઘડયું. ૫૮૪

અખા અદ્‌ભુત મોટી વાત, પ્રાકૃત જીવ કહે ઉત્પાત.
ભવ્ય જીવ કહેશે એ ભલું, જ્યમ સિંહનું બાળ રમે એકલું.
કેસરી કેરી મોટી ફાળ, પ્રાકૃત જીવ બીએ શિયાળ. ૫૮૫

પ્રાયે પરમેશ્વર મનાતીત, જ્યમ પાણીથું અળગેરું શીત.
શીતયોગે જ્યમ નીર જમાય, તે ઉપર સહુ હીંડી જાય.
વસ્તુ વડે એમ જાણો મન, એમ અખા સમજે હરિજન. ૫૮૬

જળ જામે ને જળ વીઘરે, તે બાંધી અવની પરવરે.
હિમ ન દીસે તેમાં રંચ, ત્યમ એ જાણો મનના સંચ.
ત્યહાં હિમ ત્યમ અહીંયાં રામ, અખા મન સત્તાનાં કામ. ૫૮૭

---

૫૮૨ શોષ-શોષી લે. ત્રિગુણી-ત્રિગુણની. દધા-પીડા.
૫૮૪ બ્રહ્માનું આયુષ્ય જાય તોપણ. રોમકૂપ-રોમ (રૂંવા)વાળું ચામડીનું છિદ્ર. અળે-વગર મહેનતે.
૫૮૬ શીત-શૈત્ય, ઠંડી. જમાય-જામે.
૫૮૭ વીઘરે-ઓગળે. હિમ-બરફ, ઠંડી. સંચ-સાંચો, કરામત.

અખા લાઘવ સમજ્યા માંહ્ય, જો અંતર્યામી થાય સહાય.
પોતે પોતામાં લહેવો નાથ, સામો હોય તો સાહે હાથ.
છે ઈઆહુ પંખીની પઠે, કોઈ હેતુવાદ કરશો મા હઠે. ૫૮૮

અગ્નિકાષ્ઠ મેલી વીંઝે પંખ, ઉપર ઊડી નાખે નસંક.
નિજ ઇચ્છાએ બાળે કાય, સ્વાતબુંદે ફરી પરગટ થાય.
એમ અખા હોય બ્રહ્મવિચાર, ઉત્પત્યલય ઈઆહુ ત્યમ સંસાર. ૫૮૯

અખે વિચાર્યું મનને સાથ, જે કાંઈ ન દીસે તોરે હાથ.
તો ફાંસુ શી રાખે મામ, જો કશું ન નીપજે તેં તાં કામ.
શરીર તોરું તોરે વશ નહીં, તો બહાર બળ દેખાડે કહીં ? ૫૯૦

ઇન્દ્રિય વણસે વણસે કાય, ગમે નહીં વાળ ધોળા થાય.
તોય સ્વર્ગ સુધી તે ઘાલે હામ, અને પોતાનું ન રખાયે ચામ.
ફોકટ ગાડા લોંડીની પઠે, અખા કોય ન પાડે ભઠયે. ૫૯૧

અખા ઇચ્છે જો આતમભોગ, નિવૃત્ય વિના તે ન મળે યોગ.
કથે જ્ઞાન પણ બાંધ્યો વાઘ, તને મુક્ત ન પામે જાગ.
મૂએ મુક્ત હશે ત્યમ હશે, જીવતે વાઘ તે પાંજર વસે. ૫૯૨
છૂટા શા પણ બાંધ્યા નેટ, જ્યમ શકરાને દોરો પેટ.

---

૫૮૮ લાઘવ-થોડાથી ઘણાનો ખુલાસો થવો તે. ઈઆહુ-૫૮૯માં વર્ણન છે તેમ પોતાની ઇચ્છાએ બળી જનારું અને સ્વાતિ નક્ષત્રનાં વર્ષાબિંદુથી ફરી સજીવન થતું (કાલ્પનિક) પંખી. હેતુવાદ-કુતર્ક.

૫૮૯ ઊડી-કૂદકો. નસંક-નિઃશંક, ચોક્કસ. જ્યમ ઈઆહુનાં તેમ સંસારનાં.

૫૯૧ ચામ-ચામડી; કાયા. ગાડા-'ગાંડા !' પાઠ હશે ? લોંડી-દાસી, ગુલામડી. જુઓ પાઠાંતર. ભઠયે-ભઠવાથી. ધખવા-તપવા-થી.

૫૯૨ બંધાયેલા વાઘ જેવો. તન-શરીર-થી મુક્ત રહેવાનું સ્થાન (જાગ-જગા) પામતો નથી.

ઊડે પણ આઘો નવ જાય પેટે બાંધ્યો દોર તણાય.
અખા એમ છે નિવૃત્તિ વિના, જીવતે તે ન ટળે એમના ૫૯૩

અજ્ઞાનીથી જ્ઞાની ભલો, જે મન વડે ચુકાવ્યો તલો.
પણ વર્તવા તે પ્રવૃત્તિમાં ધાંખ, જેમ પોપટને કાઢી પાંખ.
કદાચ અખા તે ઊડી જાયે, પાછો તેને પ્રવૃત્તિ સાહે. ૫૯૪

અજ્ઞાન અંગ

અજ્ઞાને જો પહેરે વેખ, બહાર નીકળે દેખાદેખ.
જ્યમ વાઘ ગોધણને હળ્યો, વર્તે તે માંહે રહી ભળ્યો.
તેને છે આમિષનો આહાર, અખા પ્રસંગ મળ્યે કરે પ્રતિકાર. ૫૯૫

પ્રવૃત્તિ-નિવૃત્તિની અળગી વાત, વિચાર વિના નવ આવે ઘાત.
જ્યમ કો ભાડે રથ બેઠો જાય, બળદ મરે કે રથ કટકા થાય,
નોહે ચિંતા તેને પ્રતિકાર, અખા જેહને સત્યવિચાર. ૫૯૬

પ્રવૃત્તિ નિવૃત્તિને બેસે વરી, જ્યમ વેશ્યા રાખી ઘરણી કરી.
પ્રસંગ મળ્યે કરતી તે કરે, વિચાર વિના સહુ એમ આચરે.
મન ઇન્દ્રિય તાં ન કરે કહ્યું, અખા એમ એકવાહ્યું વહ્યું. ૫૯૭
યથારથ વર્તે તો જ્ઞાન, જ્યમ કો રંક થયો રાજન;

---

૫૯૩ નેટ-નક્કી. શકરા-બાજ-ને. એમના-સંકલ્પવિકલ્પ.

૫૯૪ તલો-તળિયું. (?) ધાંખ-ધખના, આતુરતા, ઝંખના. સર૦ : 'કરિ ઊડવાનિ અતિ ધાંખ:'-કાદંબરી ૬-૧૯.

૫૯૫ વેખ-વેષ, ભેખ. પ્રતિકાર-વિરોધ.

૫૯૬ આવે ઘાત-મેળમાં આવે, ૦ની ગડ બેસે. ઘાત-ઘાટી, રીત, મેળ. (જુઓ ૪૯૭ઊ, ૫૧૨ઊ.) સર૦ ૩૧૮ઊમાં ઘાતવું=ફાવવું. પ્રતિકાર (બદલો) આપવાની એને ચિંતા ન હોય.

૫૯૭ ઘરૂણી-ગૃહિણી, પત્ની. એકવાહ્યું-એકમારગે.

જયમ કરતો ત્યમ વળતું કરે, જૂઠું છળ વિક્રમ આચરે.
અખા કરી ન જાણ્યું રાજ, શું થયું જો પામ્યો સાજ. ૫૯૮

જો અખા ઓળખે આતમા, તો સર્વ વાતની ભાગે તમા.
કરે લાલચ લોભ જૂઠો પ્રતિકાર, સૂર્યધામમાં નોહે અંધકાર.
શીખી-સાંભળી વાતો કરે, પોતે અગ્નિ, કયમ ટાઢે મરે? ૫૯૯

જ્ઞાન તણો છે સત્ય ઉપદેશ, ત્યાં તો જૂઠું ન રહે લેશ.
સાચી કથણી કથતા જાય, ઉદર અર્થે કરે અન્યાય.
કહે અખો એવું શું ભણ્યું, ગુંજાતાપ વાનરતાપણું. ૬૦૦

જયારે જ્ઞાનનો ઊગ્યો રવિ, રાત ગઈ રત પ્રગટી નવી.
કૃત્ય જાય અંધારા તણાં, જે મોહ નિશામાં કરતો ઘણાં.
અખા નોહે દરિદ્રની વાત, અમૃતભોગ કે લાંઘણ સાત. ૬૦૧

આતમાનું તે કરે અકાજ, સંસારની તે રાખે લાજ.
દેહસુખને આત્મસુખ કહે, જેમાંનું કાંઈયે નવ રહે.
જીવતે મરતે છે જે વડે, એક સત્ય વાક્યે તે શું ત્રૂટ પડે? ૬૦૨

ધન આયુ વિદ્યા બલ રૂપ, શૂર ચાતુરી ન્યાય સિધ્ધ્ય ભૂપ,
જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ્ય, ચોરી વ્રત તીરથ તપ ત્યાગ,
અખો કહે સર્વે અજમાલ, તો જો આપે આપનો માલ. ૬૦૩

જીવ જીવને રહે અનુમાન, જયમ તાણ્યે ધનુષ આવી રહે કાન.

---

૫૯૮ વિક્રમ-પરાક્રમ; 'વિકર્મ'નું અપભ્રષ્ટ પણ હોય. રાજ-સજાવટ.
૬૦૦ ગુંજા--ચણોઠી-ને અંગારા માની વાનર તાપવા બેઠાની વાતનો ઉલ્લેખ.
૬૦૨ ત્રૂટ-તોટો, ખામી. (જુઓ પાઠાંતરો. 'શૂત્ર'=સુતરુ, સહેલું.)
૬૦૩ શૂર શૂરતા. સિધ્ધ્યભૂપ-સિદ્ધિથી મળેલું ભૂપપણું, વડાઈ. ચોરી : આધ્યાત્મિક સંપત્તિ ગણાવેલી છે તેમાંની કોઈક વસ્તુ અભિપ્રેત છે. (?) અજમાલ ('૦લ્ય'-અજા, માયા, તેની માળા. (?) જો આપે, તો.

જે જે ધારામાં જીવ તે ભળે, તેહ જ રૂપી કળણમાં કળે.
મૂળગું અખા અદ્દબદ્દ છે ઓજ, સમજે તો સમજી લે ચોજ. ૬૦૪

જેને નથી રૂપગુણનામ, જોતાં સઘળાં તેનાં કામ,
પસર્યું આપ વિચિત્રા ભાત, વેદે કહી એકમુખની વાત.
બહુમુખનો મોટો મહારાજ, તો અખો શું કહે તેનાં કાજ? ૬૦૫

પ્રણવપ્રકારે ઘાલે ઘાટ, એકવાહી દેખાડી વાટ.
જે છે તે તાં અસંખ્યાત, શબ્દે કહી શબ્દની વાત.
જે છે તેને અખો ક્યમ કહે? તેની વાત તાં તેહ જ લહે. ૬૦૬

કહે અખો મૂકી નિશ્વાસ: હું તો છું તોરો આભાસ,
તારી વાત કરે છે તું, ઓછાયો મધ્ય વર્તું હું.
બહુ તેજ મધ્યે હું રહ્યો, ત્યારે શેષ ઓછાયો ગયો. ૬૦૭

અખા સઘળો વસ્તુવિનોદ, હાંસી હો કે તત્ત્વાબોધ.
પોતાની ઠગ પોતા સાથ, ઇચ્છા-અમલ ખાધો તેં હાથ.
તારું ઘેલપણું તે હું, સાજો ત્યાં તે તુંનો તું. ૬૦૮

એમ અખા સહિયારી વૃત્ય, હાથોહાથ દીસે છે તુર્ત.
નટ તણી હાલે આંગળી, હું હાલું જાણે પૂતળી.
તેનો બોલ પોતે નટ કહે, ઊંડે વિચારે અમથું રહે. ૬૦૯

---

૬૦૪ અદ્દબદ્દ-પરમતત્ત્વ. ઓજ-તેજ. ચોજ-ચમત્કાર, આશ્ચર્ય.
૬૦૫ વિચિત્રા ભાત-વિચિત્ર ભાતરૂપે. એકમુખની-સાચી, બે મોઢાની નહિ.
૬૦૬ એકવાહી-સીધી, બીજા ફાંટા વગરની. અસંખ્યાત-અગણિત.
૬૦૮ તત્ત્વાબોધ: જુઓ ૨૮૪. ઠગ-ઠગાઈ. અમલ-કસૂંબો. હાથમાં લઈને, હાથે કરીને. હું-અહંભાવ.
૬૦૯ સહિયારી, શિવ (નટ) અને જીવ (પૂતળી) વચ્ચે.

વૈરાગ્ય અંગ

મુક્તિ પામવા મુખ્ય વૈરાગ્ય, જો બેઉ પાસથો છૂટે રાગ.
દયે'દયાતાથો આઘો વટે, તે અનુભવતાં ચોકચોવટે.
બીજી અખા રસાળી વાત, સર્વાતીત નોહે સાક્ષાત. ૬૧૦

જે જે કીજે તે સર્વ રાગ, રાગ વિના નવ ઊપડે પાગ.
તે રાગ જે વારે પાછો વળે, તે વારે નિજ આત્મને મળે.
દૃષ્ટપદારથશું વૈરાગ્ય, ત્યારે અખા જડે તુજ તાગ. ૬૧૧

જન જાણે છે જે વૈરાગ, તે તાં સામો ઊપજે રાગ
વૈરાગ્ય હોય ત્યાં નોહે દ્વેષ, તે તાં સામો વાધે કલેશ.
આપોપાનો થાયે ત્યાગ, ત્યારે અખા સાચો વૈરાગ. ૬૧૨

જેહ વડે તપતીરથ કરે, વિષયભોગ કે સુખ આદરે.
જેણે કરી નીપજે બહુ કામ, તે શોધી કાઢવો ઠામ.
તે વિણજાણ્યે રાગવિરાગ, અખા ઊછળી ભાજવો પાગ. ૬૧૩
જ્યમત્યમ કરી સમજેવો મર્મ: હું તે ચૈતન્ય કે ચર્મ ?
એ સમજેવું પહેલું જને, પછે ઘેર રહેજે કે જાજે વને.
એ સમજ્યા વિણ ગૃહસ્થ-અતીત, વરવિવાહ વિણુ ગાવાં ગીત. ૬૧૪

સમજણમાં નથી રાગવિરાગ, જ્યમ વાયુ હીંડે વિના પર-પાગ.
લોક ચૌદ લગી વાપરે, ત્યમ સમજણથી અર્થ સઘળો સરે.
અખા રામ નથી ઘેર કે વને, જ્યાં મળે ત્યાં પોતા કને. ૬૧૫

---

૬૧૧ કીજે-કરીએ, પાગ-પગ. તાગ-છેડો, નિવેડો. (૭ ' ત્યાગ. ')
૬૧૪ ચર્મ-કાયા. અતીત-ગૃહસ્થાશ્રમથી પાર ગયેલો અતીત, અતિથિ હોય કે ગૃહસ્થ હોય. વાપરે, પાંખ-પગ વિનાની ગતિને.
૬૧૫ પર-પાગ-પીછું (પાંખ) કે પગ.

પાદ પાણિ નેત્ર મુખ નાક, સકળ અંગનો કરજો તાક.
એમાંનું એકે જો જાય, ધણી માટે જીવે ન રખાય.
અખા ન દીસે તારો લાગ, તો પર સાથે શો રાગવૈરાગ ? ૬૧૬

વહેલ પિયારી બેઠા જન, હું જ ધણી એમ માને મન.
કાળ સદા ખેડે સારથી, બેઠા ફરે અવિનાશી રથી.
અખા એમ જાણે સઘળી મંડ, લેવું મૂકવું ટળે પાખંડ. ૬૧૭

ગેબી નીપજ થઈ પિંડ તણી, ત્યારે તું તાં નહોતો ધણી.
સહેજે ઊપન્યું વંઠે તંન, ત્યારે કાંઈ ન ચાલે મંન.
તો વચ્ચે શીદ પાડે છે દાગ, અખા કશો તુજ રાગવૈરાગ ? ૬૧૮

ઉપરછલો મારગ લે અખા, ના કો સાથી ના કો સખા.
ધણી થયામાં સઘળો ધંધ, જ્યમ રૂપ ન દેખે જન્માઅંધ.
ગગનગામીને નહિ અટકાવ, ભૂવર્તીને બહુ ભેદભાવ. ૬૧૯

ઊંઘ્યાને સ્વપ્નાંતર ઘણાં, ઉત્તમ મધ્યમ જે વેદે ભણ્યાં.
પણ જાગ્યાઊંઘ્યાથી અળગું હૃદે, ત્યાં અખો આરોપી વદે.
સમજ્યાને છે સરખું સદા, અણસમજ્યો ભોગવે આપદા. ૬૨૦

અખા જે નર રહે અમંન, તેનું કરવું સર્વ ગગંન.
જ્યમ જિહ્વા પંચામૃત ખાય, ખાતી કરતી કહીં ન લેપાય;
વણખાધે કર થાય ચીકણો, એવો ભેદ અણલિંગી તણો. ૬૨૧

---

૬૧૬ પાણિ–હાથ. તાક–લાગ.
૬૧૭ પિયારી–પરાઈ. પારકી. જાણે–તું જાણ. મંડ–માંડણી.
૬૧૮ વંઠે–હાથથી જાય, નાશ પામે. દાગ-ડાઘ (મનરૂપી).
૬૧૯ ધંધ–જંજાળ. જન્માઅંધ–જન્મથી અંધ. ભૂવર્તી–પૃથ્વી પર રહેનાર.
૬૨૧ ગગંન : અટકાવ વગરનું, ૬૧૯૩ અને ૬૩૫૭માં કહ્યા પ્રમાણે-(?)

અખા અણલિંગીની વાત અગાધ, લિંગી નરને નહિ તે સાધ્ય.
સકળ લોક તે વૃક્ષ કરી કહે, પણ તે ન કહે જે બીજે રહે.
જોતાં સઘળો લક્ષમાં ફેર, લક્ષ ઉદ્યોત ને લક્ષ અંધેર. ૬૨૨

સામો કો દુઃખદાતા નથી, જ્યમ તાળી નવ પડે એકહથી.
સ્વપ્ને દીસે નર અનંત, તે જ્યમ અછતા પ્રગટે જંત.
અખા વસ્તુપણે જાગશે, તેને એવો અનુભવ હશે. ૬૨૩

અછતો દ્વેષ ને અછતો રાગ, રાગદ્વેષ માયાનો ભાગ.
જે તજશે તે દ્વેષે કરી, જે ભજશે તે રાગ આદરી.
સ્વસ્વરૂપ ત્યાં બેઉ એ નથી, ગુરુ લક્ષ અખા જો ઘેરથી. ૬૨૪

પ્રવૃત્યનિવૃત્યના સઘળા વેશ, ભિક્ષુક થા કે થાયે નરેશ.
રમત રમે છે માયા કાળ, મધ્ય અહંકાર વહે છે ગાળ.
મહાનિધિ મહારાજની દૃષ્ટ, અખા રમત એ પામે પુષ્ટ. ૬૨૫

કારણદૃષ્ટિ હોયે જન, તેનો અનુભવ નોહે અસન.
દેખે કિરણ સરીસાં સૂર, જેનું વસ્તુ વિષે છે ઉર.
અખા ચક્ષુ આંજે ગુરુદેવ, તે કાંઈ સમજે એનો ભેવ. ૬૨૬

સમજ્યું તે અણસમજ્યું થાય, અણસજ્યું સરખું સમજાય.
એની કો દેવા નહિ સાખ, અનુભવ ઊપન્યો તેને દાખ.
નિજ ઘરવર્તી જે કો હશે, અખા તે એમાં પહોંચશે. ૬૨૭

---

૬૨૨ બીજે–બીજમાં. ઉદ્યોત–પ્રકાશ.
૬૨૩ એકહથી–એક હાથ વડે.
૬૨૪ જ્યાં સ્વસ્વરૂપનું ભાન હશે ત્યાં. બેઉ–રાગ અને દ્વેષ.
૬૨૫ થાયે–તું થા, દૃષ્ટ–દૃષ્ટિ. પુષ્ટ–પુષ્ટિ.
૬૨૬ અસન–અસંજ્ઞ, અબૂજ જેવો. સરીસાં–સરખાં. સૂર–સૂર્ય.
૬૨૭ દાખ–દર્શાવ. ઘરવર્તી–ઘરમાં રહેનાર.

કુટકળ અંગ

તિલક કરતાં ત્રેપન થયાં, જપમાલાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પોહોતો હરિને શરણ.
કથા સુણી સુણી ફૂટયા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન. ૬૨૮

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.
એ અખા વડું ઉતપાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત ? ૬૨૯

મુક્તિ-બંધ પૂછે મતિમંદ, શોધી જોતાં સ્વે ગોવિંદ.
પ્રાણપિંડમાં હું કે હરિ, જો જુએ અખા નરતે કરી.
બંધ મોક્ષ ન કરે ઉચ્ચાર, જ્યમ આકાશકુસુમનો નોહે હાર. ૬૩૦

પિંડ જોતાં કો મુક્તો નથી, ત્રિવિધ તાપ ભોગવે ઘેરથી.
જ્યારે સકળ ઇન્દ્રિયે છૂટો રમે, રાગદોષ કોય નવ દમે.
સત્યસંકલ્પને અંમર કાય, સ્વસ્વરૂપ જાણે મહિમાય.
ત્યારે અખા મુકતું શું મંન, જાણે તો જાણી લે જંન. ૬૩૧

જે ધરી આવ્યો ભૌતિક કાય, દેવ નર નાગ રસનાએ કહ્યો નવ જાય.
કાળસત્તામાં તે તાં ખરો, એ તો મન કાઢયો કાંકરો.
મન વચન કર્મ હરિમાં ઢાળ, અખો સમજ્યો અંશે સોળ. ૬૩૨

ગહન ગતિ છે કાળ જ તણી; જેણે જે જે વાતો ભણી,

---

૬૨૮ આ છપ્પામાં લોકજીભે ઠીક ફેરફાર થયા છે.

૬૩૦ નરતે–નૂરત (પ્રકાશ) વડે.

૬૩૧ મુક્તો, મુકતું–મુક્ત.

૬૩૨ એનો તો મન('મન્ય')માંથી કાંકરો કાઢી નાખ્યો ! અંશે સોળ–સોળે અંશે, પૂરી રીતે.

તે તેનાં પામ્યા પરમાણ, પડછંદાની પેરે જાણ.
મહામોહ દુર્ધર્ષ અગમ અગાધ, અખા જીવને નાવે સાધ્ય. ૬૩૩

અનુભવી આગળ વાદ જ વદે, ઊંટ આગળ જ્યમ પાળો ખદે.
ઊંટ તણાં આઘાં મેલાણ, પાળાના તો છંડે પ્રાણ.
અખા અનુભવી ઈશ્વરનું રૂપ, તો સાગર આગળ શું કૂદે કૂપ ? ૬૩૪

આવી નગરમાં લાગી લાય, પંખીને શો ધોખો થાય ?
ઉંદર બિચારા કરે શોર, જેને નહિ ઊડવાનું જોર.
અખા જ્ઞાની ભવથી કયમ ડરે, જેની અનુભવ-પાંખ આકાશે ફરે ? ૬૩૫

જો જો રે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યું ઢોલ.
અંધ અંધ અંધારે મળ્યા, જ્યમ તલમાં કોદરા ભળ્યા;
ન થાયે ઘેંસ કે ન થાય ઘાણી, કહે અખો એ વાતો અમે જાણી. ૬૩૬

આંધળો સસરો ને સરંગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યું સહુ.
કહ્યું કાંઈ ને સમજ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.
ઊંડો કૂવો ને ફાટી બોક, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક. ૬૩૭

વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યાબેટી ઉછેરી ઘેર.

---

૬૩૩ દુર્ધર્ષ-જીતી ન શકાય એવું. જુઓ પાઠાંતર.

૬૩૪ પાળો-પગે ચાલનાર. ખદે-ટૂંકી ચાલથી ચાલે. સર૦ ખદતો ઘોડો. મેલાણ-મુકામ, લક્ષ્ય. છંડે-છંડાવે, મુકાવે.

૬૩૬ ખેડે(-સં. खेटक, મરાઠી खेडेगांव = ગામડું) ગામમાં.

૬૩૭ સરંગટ-સણગટ, ઘૂંઘટ. અહીં વિશેષણ-ઘૂંઘટ વાળેલી. સર૦ : 'સસરૂ અંધ નઈ વહુ સરગટ્ટ'- માંડણ ૧૪. -સમજ્યું-સમજાયું. ઈ: સર૦ : ૨૯૬ ઊ...ઉ : સર : ૨૯૧ ઊ.

વ્યાસ કથા કરે ને રડે, જાણે જે દ્રવ્ય અદકેરું જડે.
જો જાણે વાંચ્યાની પેર, તો અખા વાંચે નહિ આપને ઘેર? ૬૩૮

ગજા પ્રમાણે પ્રમોદે જીવ, બંધનમાં રાખે સદૈવ.
સાચી વાત તે સંત જ વદે, તેને મૂરખ ઊલટો નંદે.
અખા આંધળો લૂંટ્યો બેજાર, મતિ-ગુરુનો એવો વિચાર. ૬૩૯

જગતપ્રમોદીને દાઝ નવ ટળે, કોવાડામાંથી કાઢે જળે.
સમજુને છે સરખો ભાવ, તે ગુરુના મનમાં અભાવ.
એમ જાણીને રીસે બળે, અખા તે જ્ઞાનીની નિંદા કરવા વળે. ૬૪૦

વિષયી જીવ સાથે પ્રીત જ કરે, તત્ત્વદર્શી ઉપર અભાવ જ ધરે.
ખાનપાન વિષયાદિક ભોગ, તત્ત્વદર્શીને સર્વે રોગ.
અખા તે ગુરુના મનમાં ખરા, જીવઆવકાર દેઈ બેસારે અરા. ૬૪૧

ગુરુ થઈ બેઠો શાનો સાધ? એ તો સ્વામીપણાની વળગી વ્રાધ.
તે પીડાથી દુખિયો થયો, રોગી કરાર અનુભવથી ગયો.
વાચકજાળમાં ગૂંચવી મરે, અખા તે જ્ઞાનીનું કહ્યું કયમ કરે? ૬૪૨

---

૬૩૮ વ્યાસે વિદ્યા, વેશ્યાએ બેટી. આપને-પોતાને, આપણે. પેર-રીત.

૬૩૯ પરમોદે-આનંદપ્રમોદ આપે, રંજન કરાવે. કર્તા ૬૩૮માંનો 'વ્યાસ' અધ્યાહાર. બેજ્જાર-માંદો. મતિ-ગુરુ:બુદ્ધિ અને ગુરુનો (?). જીવ બેજાર-માંદો છે, તેને આંધળા ગુરુએ લૂંટ્યો.

૬૪૦ જગતપ્રમોદી-જગતમાં આનંદ પામનાર. દાઝ-દાહ, દઝાપા. કોવાડામાંથી-કહોવાણમાંથી કાઢીને જગતમાં રચ્યાપચ્યા જીવનો દાહ શમાવવા સમભાવવાળા સમજુ-જ્ઞાની-ગુરુ એને જળમાં-જ્ઞાનના શાતાજળમાં મૂકે છે. તે ગુરુ-પેલા લૂંટનાર ગુરુને આ વાત ભાવતી નથી.

૬૪૧ તે ગુરુ-પેલો લૂંટનાર ગુરુ. અરા-પાસે.

૬૪૨ સાધ-સાધુ. કરાર અનુભવ-અનુભવરૂપી કરાર (આરામ)થી ગયો-ચૂક્યો.

જ્ઞાનીને તો સર્વે ફોક, ધામાદિ લગી કલ્પ્યા લોક.
ત્રણ કાંડ બાળકની કા'ણી, તત્ત્વવેત્તાએ એ એવી જાણી.
તેની વાત ન માને ગૂઢ, અખા ગુરુ થઈ બેઠો મનમાં મૂઢ. ૬૪૩
સ્વામી થઈને બેઠો આપ, એ તો મનને વળગ્યું પાપ.
શિષ્ય શાખાનો શિર પર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર.
આશા રજ્જુની બાંધ્યો પાશે, અખા તે શું જાણે જ્ઞાનીની આશે? ૬૪૪
જ્ઞાની ગુરુ ન થાયે કેનો, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર તેનો.
અન્ય જીવની તેને શી પડી, જે તેને ઘેર નિત્ય કાઢે હડી?
સહેજ સ્વભાવે વાત જ કરે, અખા ગુરુપણું મનમાં નવ ધરે. ૬૪૫
ગુરુ થઈ મૂરખ જગમાં ફરે, બ્રહ્મવેત્તાની નિંદા કરે.
ભૂતકાળમાં જે થઈ ગયા, તેની મનમાં ઇચ્છે મયા.
અખા તે ક્યમ ભવની ટાળે વ્યથા, જે નિત્ય મડદાંની વાંચે કથા? ૬૪૬
જે પગલાં અગ્નિમાં જળે, તેને શરણ કાળ ક્યમ ટળે?
જ્યમ પડતો પક્ષી રાખે આકાશ, એમ પગાળો આપે વાસ?
નિ:પગલાંને શરણે જા, ત્યારે અખા ભવની છૂટે અજા. ૬૪૭
ચરણશરણ તો ખોટી કરી, વણચરણાંનો દીઠો હરિ.
ચરણ જળે કે ભૂમાં ડાટ, કે શ્વાન શિયાળિયાં કરડે કાટ.
તેની શરણ અખો શું ગ્રહે, જે સમજે તે એવું લહે. ૬૪૮

---

૬૪૩ ત્રણ કાંડ-કર્મ, જ્ઞાન, ઉપાસનાનાં પ્રકરણ. કા'ણી-કહાણી, વારતા.
૬૪૪ શિષ્યોની શાખા-વિસ્તાર-નો. પાશે-પાશ વડે. આશે-આશય.
૬૪૬ મડદાંની-ભૂતકાળમાં મરી ગયેલાની.
૬૪૭ અ૦આ૦ : પગે લાગવાની ક્રિયા અંગે ટકોર. પગાળો-જેને પગે લાગે છે તે. નિ:પગલાંને-જેને પગે લાગવાપણું નથી તેવા તત્ત્વ-બ્રહ્મ-ને. અજા-માયા,
૬૪૮ કાટ-કરડવું તે.

જોજો રે ભાઈ વાતનું મૂળ, પેટ ચોળી ઉપાયું શૂળ.
એક સમે ખર ભાડે ગયો, કાંદા દેખી ગળિયો થયો.
ખરે આપી તેજીને પેર, એવું જાણી અખા જૂતો ઘેર. ૬૪૯

કથા કરી તે શુકજી ખરી, પરીક્ષિતને મેળાવ્યા હરિ.
શિષ્ય થઈ ત્યારે આપ્યું શું? નગ્ન થઈ ગયા વનમાં પશુ.
નિસ્પૃહીની એવી કથા, અખા બીજી પેટ ભરવાની વ્યથા. ૬૫૦
રઘુ-જદુની વાત જ કહે, દત્ત-ભરથનું ઓઠું લહે.
અજગરવર્તી વનમાં પડ્યા, તે કહીંથી આવી ચઢ્યા?
તેને પોતા સરખા કર્યા, અખા ઘેરઘેર ઉપદેશ નવ કર્યા. ૬૫૧

દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર;
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું ખોય. ૬૫૨

સસાશીંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું;
વંધ્યાસુત બે વા'ણે ચઢ્યા, ખ પુષ્પ વસાણાં ભર્યાં.
જેવી શેખસલીની ચાલી કથા, અખા હમણાં ને આગળ એવા હતા.
જ્યાં જોઈએ ત્યાં ફૂડેફૂડ; સામાસામી બેઠા ઘૂડ.

---

૬૪૯ ઉપાયું-ઉપજાવ્યું, ઉત્પન્ન કર્યું. શૂળ-શૂળનું દર્દ, તેજી-ઘોડો, પેર-રીત, જૂતો-જોડાઓ. યુક્ત થાઓ, ઘેર-ઘરમૂળથી.

૬૫૦ પશુની જેમ, નગ્ન, વનમાં ગયા.

૬૫૧ રઘુજદુની-રામના રઘુકુળ અને કૃષ્ણના યદુકુળની, દત્ત-દત્તાત્રેય, ભરથ-ભરત રાજા, અજગરવર્તી-આજીવિકા અંગે અજગરવૃત્તિ રાખનારા, જે આવી મળ્યું તે ખાનારા, તેઓએ ઘેરઘેર જઈ ઉપદેશ કર્યા ન હતા.

૬૫૨ તોલે-દસશેરે.

૬૫૩ સસાશીંગનું-સસલાના શીંગડાનું, મૃગતૃષ્ણા-ઝાંઝવાં, ખપુષ્પ-આકાશ કુસુમ.

કો આવી વાત સૂર્યની કરે, તે આગળ લેઈ ચાંચ જ ધરે.
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા બાળક ક્યાંથી થયા?
અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ. ૬૫૪

લીલા વૃક્ષને ઓઠે રહે, જ્યમ પારધી પશુને ગ્રહે;
એમ હરિને ઓઠે ધૂતા ઘણા, ઉપાય કરે કનકકામિની તણા.
અખા એ ગુરુ શું મૂકે પાર, જેના શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર. ૬૫૫

અંગ આળસ ને તપસી થયો, ઘર મેલીને વનમાં ગયો.
કામબાણ ન શક્યો જાળવી, પછે રડવડતી એક આણી નવી.
શ્વાન ભસાવે હીંડે છક્યો, અખા હગ્યો નહીં ને ઘર નવ રખ્યો.

ગોરીના ગોટી વડ ભાગ, માતા પાસે આજ્ઞા માગ.
બળદની તે કેમ થાયે ગાય, મૂરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાન વિના તે સાધન એવાં, અખા તેમાં ન લેવાદેવા. ૬૫૭

સો અંધામાં કાણો રાવ, આંધળાને કાણા પર ભાવ;
સૌનાં નેત્રો ફૂટી ગયાં, ગુરુ આચારજ કાણા થયા.
શાસ્ત્ર તણી છે એક જ આંખ, અખા અનુભવની ઊઘડી નહિ ઝાંખ. ૬૫૮

---

૬૫૪ જાણ-જાણકારી, જ્ઞાન.
૬૫૫ ધૂતા-ધૂર્ત, ધુતારા.
૬૫૬ ઊ : હાજતે ન ગયો ને ઘર પણ સાચવી ન શક્યો. સર૦ : 'શ્વાન ભસાવઇ હીડ ચક્યુ, બાહરિ ન ગ્યુ ઘર ન રાખી સક્યુ,'–માંડણ ૧૦૩.
૬૫૭ અ : છાપેલી પ્રતોમાં 'ગોરીના થાવા વડઃ ભાગ' છે. ગોરી–સ્ત્રી–ને ગોટી (સ્તન ?) હોય છે તેવો વેશ કરી માતાજીને વીનવે છે, પણ બળદની ગાય કેમ થાય ?
૬૫૮ રાવ-રાજા, મુખી, આચારજ–આચાર્ય.

મુંડ મુંડાવી હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ;
મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી.
સૌને મન, તે કરે કલ્યાણ. અખા એને હરિ મળ્યાની હાણ. ૬૫૯

જ્ઞાતાનો એવો ઉપદેશ, પંચના ગુરુ તે સઘળો વેષ;
ઘર ઘર મહાત્મ વધારતા ફરે, દામચામના જતન જ કરે;
અખા જ્ઞાતાની ન માને વાત, સાચું કહેતાં ખીજે સાત. ૬૬૦

હરિને કાજે ઘાટ જ ઘડે, નિજ સ્વરૂપથી પાછો પડે.
પાણો કહે, હું પરવત લહું, એ આશ્ચર્ય તે કેને કહું ?
અખા થકી તે બીજો હરિ, જેમ પર્વતમાંથી પા'ણ જ ખરી. ૬૬૧

ડહાપણ ડહોળી રાબડ કર્યું, હતું નીર તે કીચમાં ગયું.
જાણપણે જાડો થયો, આત્મજ્ઞાનથી અળગો રહ્યો.
છે ખરો પણ ન દીસે ચંદ, અખા એ માયાનો ફંદ. ૬૬૨

અનંત કલામાં અદકા ખરા, બ્રહ્મવેત્તા એ સૌથી પરા.
વેદ બ્રહ્માએ પૂજ્યો હરિ, તેથી લક્ષ તજ્જ્ઞનો દૂરી.
ભૂતભવિષ્ય ને અજપાજાપ, અખો નહિ તો શેનો થાપ ? ૬૬૩

વૈષ્ણવ ભેખ ધારીને ફરે, પરસાદટાણે પત્રાવળાં ભરે;
રાંધ્યાં ધાન વખાણતા જાય, જેમ પીરસે તેમ ઝાઝાં ખાય;
કીર્તન ગાઈને તોડે તોર, અખો કહે જુવાનીનું જોર. ૬૬૪

---

૬૫૯ મુંડ–માથું. મળ્યાની હાણ–મળવા અંગે નુકસાન.

૬૬૦ મહાત્મ–માહાત્મ્ય. જતન–પ્રયત્ન. સાત–સત્ય.

૬૬૧ લહું–ઓળખું, ૦નો સાક્ષાત્કાર કરું. પા'ણ–શિલા.

૬૬૨ રાબડ–રબડી જેવું. જાણપણે–જ્ઞાનીપણાથી. જાડો–ફુલાયો હોય એવો, સ્થૂલ.

૬૬૩ પરા–દૂર. દૂરી–આઘો. અજપાજાપ–નિરંતર સહજ ચાલ્યાં કરતો જાપ.

અખા વસ્તુ વિચાર્યે બ્રહ્મ, અંતરભૂત જાણેવાં કર્મ.
જ્યમ પ્રત્યક્ષ પોગર દીસે લોહમાંય, ગાળે ત્યારે ફીટી જાય,
પાછો વળી ઘડાયે ઘાટ, ત્યમનો ત્યમ પોગરનો ઠાઠ. ૬૬૫

તે જ લોહનું જ્યારે દર્પણ કરે, સિકલ કરીને મશકલો ફરે,
તેજ નીકળ્યે પોગર ઢંકાય, આપોપું દીસે તે માંય.
અખા જ્ઞાનની એવી પેર, કોટિ યુગે કે આજ આદેર. ૬૬૬

લોહ ગળતાં દીસે પોગર ગળ્યાં, ઘાટ થાતે તે પાછાં વળ્યાં.
અહંતારૂપી લોહ છે સદા, ઘાટ થયા વિના ન રહે કદા.
અખા અહંતા-લોહું માર, માર્યા પછી તે તરશે વાર. ૬૬૭

જે જળમાં લોહ ડૂબી જતું, તે ઉપર દીસે રમતું.
ત્યમ ભવસાગર હરિસાગર થયો, જ્યારે આપોપાનો ભારજ ગયો.
અખા મધ્યથો તું જા ટળી, બંધ મોક્ષ કથેશ મા વળી. ૬૬૮

અખા બ્રહ્મ છે બાધું નામ, તે મધ્યે અળગાં અળગાં ગામ.
જ્યમ બાધું જોતાં એક જ ઝાડ, વિગતે જોતાં ભાગે જાડ્ય.
રંગ સ્વાદ પત્ર ફલ ફૂલ, સદ્ગુરુ મળે તો ભાગે ભૂલ. ૬૬૯

જાગ જોગ મંત્ર ફળ સિધ્ય, એ બ્રહ્મ ઉદર માંહેલી રિધ.
અંશી નર ઊંઘ્યો આપમાંય, સપને ભોગવે ત્રિતાપ જ ત્યાંય.
વિધિ સહિત પરબ્રહ્મને જાણ, ત્યારે અખા ટળે ભવતાણ. ૬૭૦

---

૬૬૫ પોગર–પુદ્ગલ. પરમાણું. (?)

૬૬૬ સિકલ–ચહેરો. મશકલો–પાલીસ કરવાનું સાધન; અકીકનું હોય તો 'ઓપણી', લોઢાનું હોય તો 'મશકલો'. આદેર–તું આદર.

૬૬૭ વાર–વારિ–પાણી ઉપર.

૬૭૦ અંશી–પરબ્રહ્મના અંશરૂપ.

આત્મલક્ષમાં નહિ પર આપ, વણસંતાને કેનો બાપ?
વણજોનારે દર્પણ જથા, બિંબપ્રતિબિંબની કોણ કહે કથા?
અખા દ્વૈત થયે ઉપાધ, તન મન વિના એ સાધન સાધ. ૬૭૧

બ્રહ્મજ્ઞાની બહુ ભેળા થઈ, બ્રહ્મના દેશની વાત જ કહી;
બ્રહ્મવિદ્યા રહી બ્રહ્મને દેશ, પોતામાં નવ આવ્યો લેશ.
થૈ થૈ વાતો સહુ કોઈ કહે. અખા અણચવ્યો કોક જ રહે. ૬૭૨

અણચવિયાનાં એ એંધાણ, જે સારાંમાઠાં ઝીલે બાણ.
અધ્યાત્મ ન જાણે આત્મ થકી, નોખો નોખો કહે છે બકી.
પોતે જાણે હું આત્મવેત્તા થયો, તે થાવામાં દેહભાગ જ રહ્યો. ૬૭૩

પોતે ટળીને સઘળું પ્રીછ, વાટે ચાલતાં આંખ મ વીંચ.
અદ્વૈત દ્વૈતનાં કરે છે કામ, સગુણ નિર્ગુણ ધાર્યાં નામ;
સગુણ નિર્ગુણ એ બે છે જોગ, પોતે ટળશે તેને પડશે ભોગ. ૬૭૪

પોતે ટળ્યા તે પ્રીછ્યા જાણ, તેને શોભે સઘળી વાણ.
પોતે ટળ્યા વિના શા કામના? એ તો અકૃતે વધારી કામના.
કહે અખો કાં ફોકટ ફૂલ? ભણ્યાગણ્યા પણ ન ટળી ભૂલ. ૬૭૫

ભણ્યાગણ્યા તો તે પરમાણ, જે જાણપણું ટાળીને જાણ;
મૂળ સ્વરૂપે જે કોઈ થયો, તેને ભણ્યાનો સ્વભાવ ગયો.
અખા એમ સમજ્યા તે માહંત, તેને સત્ચિતઆનંદ વદે વેદાંત. ૬૭૬

વેદાંતે વાતે વિચારી અશી, ને શ્રોતા વક્તા સમજ્યા જશી.
વેદાંત વાયક મોટો ભેદ, આસુરીનો કર્યો ઉચ્છેદ.
દૈવી તો છે ધણીનું રૂપ, અખા આસુરી ઊંડો કૂપ. ૬૭૭

આસુરી-દૈવીને ગડબડ થઈ, દીસે દૈવી તેમાં આસુરી રહી.
માટે જ્ઞાની ટળતા ફરે, જેમ રૂડે ઘેર જાતાં શ્વાનથી ડરે.
અખા શ્વાન જો પરલે થાય, તો રૂડાને ઘેર રૂડો જાય. ૬૭૮

---

૬૭૫ અકૃતે-અકૃત્યમાં. ફૂલ-(મ. 'ફૂલ્ય') ફુલાશ, પતરાજી.

ઘર તો સઘળાં રૂડાં કર્યાં, ત્યાં આસુરીરૂપે ભસે કૂતરાં.
સમજુ ઘણા પણ શ્વાનનો સંગ, વણ્દેવે જેમ વણસે રંગ.
અખા આસુરી કૂતરાં જાણ, આશાની ભક્તિ મોટી હાણ. ૬૭૯

નિરાશી ભક્તિ જે કોઈ કરે, તેનું સેજે કારજ સરે.
સ્વરૂપ તે અરૂપે અદ્વૈત થાય, દ્વૈતાદ્વૈતનો લેશ જ જાય.
આત્મઅનુભવે હોય પ્રકાશ, અખા અહંકાર તે પામે નાશ. ૬૮૦

અહંકૃતિ તજી સમરણ કરો, મન કર્મ વચન હરિ વડે આદરો;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ.
અહંકૃતે અણછતા ન થયા, છતા ધણીથી છેટા રહ્યા. ૬૮૧

છતો ધણી તુ છબીલો જાણ, જેની શોભે સઘળે વાણ;
છતો ધણી છે વાણીરહિત, છતો ધણી છે શબ્દાતીત;
એમ વાચ્ય અવાચ્ય જેને સબળું ઠર્યું, અખા તેહનું કારજ સર્યું. ૬૮૨

સાચો મારગ જે કોઈ લિયે, મિથ્યા મારગ મૂકી દિયે,
અટળ વસ્તુને અહોનિશ ધાય, ટળને બાંધણે બાંધ્યો નવ જાય.
ટળમાં રહે અટળશું પ્રીત, અખા એવા પુરુષની થાશે જીત. ૬૮૩

જાણી વસ્તુ ને ઊપન્યો વૈરાગ્ય, અણછતું આવર્ણ ન પામે લાગ:
ઓળખ્યા ચોર ને સાવચેત થયા, વળતા તે તો કુશળ રહ્યા:
અચેતને ચોર લૂંટી ગયા ભાઈ, સાવચેતને ઘેર આનંદવધાઈ. ૬૮૪

આનંદવધાઈ અનુભવથી થાય, અજ્ઞાનગાંઠો છૂટી જાય;
અનેક જુગનું આવ્રણ જેહ, જ્ઞાનવજ્રથી ભાંગે તેહ.
ધન ધન જ્ઞાનીજનનું ગાત્ર, જગત જાણ્યું જેણે તૃણમાત્ર. ૬૮૫

---

૬૭૮ ટળતા ફરે-દૂર રહે. પરલે-પ્રલય, નાશ.

૬૮૦ કારજ-કામ લેશ-જરીક અંશ.

૬૮૧ અણછતા-જુઓ ‘અછતો’ (૬અ). છતા : જે સત્-છે તે.

૬૮૨ છબીલો-મોહક છબીવાળો, રૂપાળો. સબળું-ભારે, મોટું.

જ્ઞાની તે જે કરે વિચાર, પરપંચ તજે ને સંઘરે સાર,
સકળ કામના સવળી કરે, વાસનાવપુ ઠેકાણે ઠરે,
ટાળે આપ ને ભાળે ઈશ, અખા એવા પુરુષને મળે જગદીશ. ૬૮૬

મોટી તાણ છે પંથ જ તણી, નથી જૂજવા એક છે ધણી;
પોતાના ઇષ્ટની પાળવી ટેક, સકળ ઇષ્ટનો અધિપતિ એક.
જેમ રાજા એક ને પ્રજા જૂજવી, અખો એ રીતે જુએ અનુભવી. ૬૮૭

રાજાનું જેમ શહેર જ એક, પ્રજા જૂજવી વર્ણવિવેક.
દંભી હોય તે રહ્યા ચડભડે, તેનું નામ તે ખરડે પડે.
સર્વને મળતો થઈ જાય, અખા આખું શહેર તેના ગુણ ગાય. ૬૮૮

એ દૃષ્ટાંત ન સમજે કોય, સહુનું બળ સહુમાંહે હોય;
જ્ઞાની જ્ઞાને કરીને કહે, મતિયો મત ને મતામાં રહે.
જાવા દ્યો જાણો તેમ થાઓ, આપણ આપણા અવગુણ ગાઓ. ૬૮૯

અવગુણ મ જોશો પ્રભુ મહારાજ, તમારા બાનાની તમને લાજ.
જેમ કોઈ કેના થઈને ફરે, તે તો તેની પક્ષ જ કરે.
તમે તમારાની પ્રભુ કરો સાર, અખા કરું વિનતી તજી અહંકાર. ૬૯૦

અહંકાર તજીને આશે રહ્યો, મન કર્મ વચને તમારો થયો;
જેમ કાષ્ઠની પૂતળી નાચે નરી, તે કળ સુતારે તમારે કરી;
વાજું વજાડો તો વાજે તદા, વણવજાડ્યું ન વાજે કદા. ૬૯૧

વાજું હું તમો વજાવણહાર, તે વાજું શાને ધરે અહંકાર ?
તે જોતાં સર્વ તમારાં કામ, આ અછતાનું અછતું નામ.

---

૬૮૮ ખરડે પડે–યાદીમાં નોંધાય, નોખું તરી આવે.
૬૮૯ મતામાં–૧. ' મતો '(સિદ્ધાન્ત)નું બહુવચન ' મતા 'માં; ૨. માલમતામાં.
૬૯૦ બાનાની–વચનની. સાર–મદદ.
૬૯૧ આશે આશાએ (આશય નહિ. પૂ. ' આશે '). કળ–ચાવી.

ધણધણ વાજું ધણીકર ઠવે, અખા આસુરીકર તવ અવળું લવે. ૬૯૨

આસુરીના ફેરા ફરે છે જંત, તે નવ જાણે વસ્તુ તંત.
મૂળ આસુરી ન ઓળખે અંધ, તો દૈવીનો ક્યાં મળે સંબંધ ?
ચોર શાહની ચિંતા કરે, અખા વળતો શાહ ચોરથી ડરે. ૬૯૩

ડર્યા શાહ તે પારે થયા, ઝખ મારીને ચોર જ રહ્યા.
કાઢી મૂક્યા ક્રોધ ને લોભ, સાથી કીધા શીલ સંતોષ.
જ્ઞાનેંદ્રિય કર્મેંદ્રિય જેહ, સર્વે સવળી થઈ છે તેહ.
અંતઃકરણ કહી જે ચાર, થાય અહર્નિશ જ્ઞાનવિહાર. ૬૯૪

જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જેને ગોપીની દશા.
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કુટુંબપરિવાર,
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામની કુળવંત થઈ. ૬૯૫

પ્રસન્ન થઈ પ્રભુ પ્રેમે મળ્યો, જોગજોગારથ કરવો ટળ્યો;
વિધિનિષેધ ને થાપઉથાપ, સંકલ્પવિકલ્પ ટળ્યો સંતાપ;
પ્રગટ્યો ઉરમાં પ્રેમાનંદ, પિયે સુધારસ પ્રેમદાવૃંદ;
સખીસમાગમ સદા નિજધામ, અખા અખેરસ તેનું નામ. ૬૯૬

અખેરસની ચાલે છે નદી, તે બ્રહ્મવેત્તા પીએ ભગવદી.
આળપંપાળ જેને આળસ્યું, સમદૃષ્ટિ સમજ્યા તે સસું.
કંઈ કંઈ કહેણી કથતા ફરે, અખા બ્રહ્મવેત્તા ભાગ્યે નીસરે. ૬૯૭

---

૬૯૨ ધણી (પરમાત્મા)નો હાથ તો વાજાને ધણધણ અવાજે સ્થાપે છે. ઠવે–(સં. स्थापय् પ્રા. ठव्) સ્થાપે. આસુરી શક્તિના હાથમાં છે તે ત્યારે (તવ)......

૬૯૩ તંત–તંત્ર, તાંતણો. શાહ–પ્રામાણિક માણસ, શરાફ.

૬૯૪ ચાર : મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર અંતઃકરણ.

૬૯૫ અખેરસ–અક્ષય (ન ખૂટે એવો) રસ.

૬૯૭ ભગવદી–ભગવાનના. આળસ્યું–અટક્યું, શમ્યું. નીસરે–બહાર લોકોમાં નીકળે

બ્રહ્મવેત્તા કેમ દશેં ભાઈ, જે બ્રહ્મકળામાં રહ્યા સમાઈ?
મેલી આંખે જે કોઈ ધાય, બ્રહ્મવેત્તા કેમ દશ્યાં જાય?
અખા આંખ જો ઊપજે નવી, તો બ્રહ્મવેત્તા દશેં અનુભવી. ૬૯૮

મેલી આંખને બેસે મળો, કથાકીર્તન કરે થઈ ભલો;
પછી સામસામા થઈ કરે જબાપ, અહંકૃતિજ્ઞાને વાધે આપ.
કેટલાકને જુદ્ધકથાનું જોર, અખા સિદ્ધાંત ન સમજે કરે બકોર. ૬૯૯

સમજુને સમજુનો સંગ, અણસમજુને આપે અંગ.
સમજુ-અણસમજુ મર ભેળા ભમે, ભેળા બેસે ને ભેળા જમે.
અણસમજુ તે આંધળા કૂવા, સમજુ સજ્જન સર સો ગાઉ જુવા. ૭૦૦

વસે વેગળા મર સમજુ સજ્જન, તોયે ત્યાંથી અર્પે મન.
પ્રપંચ રીતે ન રાચો ભાઈ, એવી પરાપારની છે સગાઈ;
એમ અનુભવી અનુભવીને લખે, અળગો રે' વીંધાણો પખે. ૭૦૧

વ્રેહે વેધ્યો તે જાણે આપ, સાજાને શો વ્રેહનો સંતાપ?
સાજો તો સાજાને ગાય, વ્રેહની વેદના વેધ્યાને થાય.
સાજા તો શાકટને જાણ, વ્રેહનો વેધ્યો તે જ્ઞાની વખાણ. ૭૦૨

શાકટને તો અનીતિ સાર, જેમ કાગને અશુભનો આહાર;
તે તો તેનું માને સુખ, કાળો કાળનાં ભોગવે દુઃખ.
શાકટને લાગે સુધારસ બાણ, પણ જ્ઞાનીના તો વેધે પ્રાણ;
જ્ઞાની વજ્રને સુધા કરી ગણે, શાકટ તો સુધાને વિષ ભણે. ૭૦૩

---

૬૯૮ દશેં-દેખાય. ધાય-દોડે. ૬૯૯ મળો-મેલ.

૭૦૦ આપે અંગ-સોબત આપે. સર-સરોવર. જુવા-જુદા, અલગ.

૭૦૨ શાકટ-શકટ (ગાડું) ખેંચનાર બળદ,-બળદ જેવી બુદ્ધિવાળા, એટલે કે માત્ર સંસારનો બોજ ખેંચનાર, હરિરસથી વંચિત. કોઈ વિશિષ્ટ પંથનો અહીં નિર્દેશ છે. શાક્ત [શક્તિ સંપ્રદાયવાળાં ઉપરથી 'વિષયાભિમુખ']-નો ઉલ્લેખ હશે? સર૦ કબીરઃ 'સાક્ત મરે, સંતજન જીવૈ ભરિભરિ રામરસાયન પીવૈ.' અરબી સકત ઉપરથી પણ સંભવે.

શાક્ટ જ્ઞાની બેઉ જાણવા માંય, અળગા કોઈ મ કે'શો ક્યાંય;
શાક્ટનો પ્રવૃત્તિ-પરિવાર, જ્ઞાનીનો તો નિવૃત્તિ-કુમાર;
એ બેઉને કરીએ એક, તો ગાદીએ બેસે જ્ઞાનવિવેક. ૭૦૪

જ્ઞાની વિવેકી ઠેરાયા રાય, ત્યારે આસુરીનાં થાણાં ઊઠી જાય.
અદ્દલ થયું ત્યારે સવા શેર, વિષ્ટિ કરતાં ચૂક્યું વેર;
આનંદમંગળ ઓચ્છવ થાય, હરિના જન તે હરિજશ ગાય. ૭૦૫

હરિજશ ગાય તે શું કહે? આપ ટાળી ભજનમાં રહે.
પછી અખા શે'રની શોભા નવી, જેમ વીતી રજની પ્રગટ્યો રવિ. ૭૦૬

હું-હું રૂપી વીતે રાત, તેને ટળતાં થાય પ્રભાત.
જેને પુરુષોત્તમ થાય પસાય, તેને સર્વે સવળું થાય.
અખા વસ્તુ આફરડી નવ મળે, આરત રાખી ધણીને બળે. ૭૦૭

આરત વિના ન ઊપજે હેત, આરત વિના પૂજારો પ્રેત.
પૂંછલી ભેંસ ન માંડે પગ, જોર કરીને થાક્યા ઠગ.
ઉપાડે ઘણા પણ ઊભી ન થાય, અખા જોર કરનારા પાછા જાય. ૭૦૮

નથી વાંક વિશ્વંભર તણો, જે કહીએ તે વાંક આપણો;
જેમ કોઈ ભોજન જમાડવા કરે, ત્યાં રિસાણો તે રીસે ફરે.
પૂર્ણાનંદ પીરસનારો રહે, અખા અભાગિયાને કોણ કહે? ૭૦૯

પૂર્ણાનંદ તો પૂર્ણ દયાળ, સર્વ જીવની કરે સંભાળ;
દયા સારુ જે દશ અવતાર, અસુરનિકંદન ભક્તઉદ્ધાર;
દયાએ કીધું ગીતા ભાગવત, દયા કરી સરજાવ્યા સંત;
દયા સારુ દાખવ્યા ધર્મ, અખા હરિનો મોટો મર્મ. ૭૧૦

---

૭૦૭ પસાય–પ્રસાદરૂપ, પ્રસન્ન. આફરડી–પોતાની મેળે.
૭૦૮ પૂજારો–પૂજનારો. પ્રેત–જેનો પ્રાણ નીકળી ગયો છે એવો, શબ. પૂંછલી–પૂંછલેલ, થાકીને બેસી પડેલ.

આત્મઉપકાર કઈ પેરે કરે, કોણ ઉપકારે આત્મા ઠરે ?
ભક્ત યથારથ જે કોઈ હોય, આત્માસહિત સમર્પે સોય;
કરી સમરણ નર્મળો થાય, અખા ધણીના થકો ઠેરાય. ૭૧૧

દેહકાળ દ્વૈતપદને નડે, જેમ સજીવન સાથે સજીવન લડે;
પણ જીવન્મૃતક જે વિરલા ભમે, તેને તે સજીવન શું દમે ?
જડચેતન તે શબની સમાન, અખા તે જ સજીવન જેને વસ્તુજ્ઞાન. ૭૧૨

જગતપ્રપંચ એમ ચાલ્યો જાય, જીવપણે જીવે તે સજીવ કહેવાય.
જડવત્ જીવનો એવો મતો, જીવન્મૃતકજ્ઞાની ગણવો અણછતો.
મૃતકજ્ઞાની તે સજીવન સહી, અખા જીવપણે જીવે તે જીવતો નહિ. ૭૧૩

મૂળ સ્વરૂપ કહ્યું નવ જાય, એક સ્વરૂપ તે કેમ કહેવાય ?
પ્રભુ આકાશથી ઊંચા ઘણા, ઊંડાપણની નહિ કાંઈ મણા;
દશે દિશામાં વ્યાપક અનુપ, એ હદે થાય કેમ અકળ સ્વરૂપ ?
પૂર્ણાનંદે કરી વિચાર, સ્વરૂપ ધારણ કર્યો ઉપકાર. ૭૧૪

જેને જડયું તેને સમું ફળ્યું, જેમ બીએ રૂપ ઢળે વણઘડયું;
વણઘડયો જેમ ઉપજે ઘાટ, અહંકૃતજ્ઞાન એ મોટો ઉચાટ;
નિત્ય અનિત્ય સમજાયું ખરું, અખા પ્રપંચને મેલે પરું. ૭૧૫

સમજુ સાખી અરધી ઓચરે, તેની તરોવડ શું પંડિત કરે ?
પંડિતને પંડિતાઈનું જોર, પણ અંતઃકરણમાં અંધારું ઘોર;
અખા તે થકી પ્રાકૃત ભલ, જો આવે સમજ્યાની કળ. ૭૧૬

શબરી સંસ્કૃત શું ભણી હતી ભાઈ, કયા વેદ વાંચ્યા કરમાબાઈ ?
વ્યાધ તે શું ભણ્યો'તો વેદ, ગણિકા શું સમજતી ભેદ ?
વળી શ્વપચની સમજો રીત. અખા હરિ તેના, જેની સાચી પ્રીત. ૭૧૭

---

૭૧૩ જીવન્મૃતકજ્ઞાની, મૃતકજ્ઞાની : સર૦ ૧૩૯૯.

૭૧૬ સાખી અરધી–અરધો દુહો. તરોવડ–ખુલાસો, સરખાઈ. પ્રાકૃત–સામાન્યજન. ભલ–ભલા, સારા.

ઝીણી માયા તે છાની છરી, મીઠી થઈને મારે ખરી;
વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહીથી ખાય;
પણ ઝીણો થઈને ઝીણી હણે, અખો સાચી પ્રીત તેની ગણે. ૭૧૮

નાહ્યાધોયા ફરે ફૂટડા, ખાઈ પીને થયા ખૂંટડા;
જગતપ્રમોદે જાડા થઈ, પણ ઝીણી માયા તે માંહી રહી.
કાય કરે તે ઝીણીની પક્ષ, ઝીણી જાડાને કરશે ભક્ષ. ૭૧૯

છતી આંખ ને જઈ આથડે, જેમ પતંગિયો દીવામાં પડે.
જો કદાપિ ઊપજે વૈરાગ, તો મીઠી માંહીથી ન દિયે માગ.
કોઈ કમાય ને કોઈક ખાય, કહે અખો મૂઠી ક્યાંથી થાય ? ૭૨૦

મૂઠી વણ કંઈ મહીપતિ વહ્યા, મૂઠી વણ કંઈ લોક જ રહ્યા.
મૂઠી વણ કંઈ કહાવે મહંત, મૂઠી વણ કંઈ ભેય અનંત;
મૂઠી વણ કંઈ ધનવંત ઘણા, હીરામાણેકની નહીં કંઈ મણા;
અખા રહેણીઆંક લખ્યો નહિ એક, એમ એકડાવો'ણાં મીંડાં અનેક. ૭૨૧

અનેકરૂપે માયા રમે, ત્યાં તેવી જ્યાં જેવું ગમે.
વળા જો કોઈને જ્ઞાન ઊપજે, તો જ્ઞાની થઈને ભેળી ભજે.
જે કર્મ હોય મૂકવા જોગ, અખા તેનો જ પડાવે ભોગ. ૭૨૨

એવા માયાના ઘણા છે ઘાટ, જ્યાં જોઈએ ત્યાં માયાનાં હાટ.
હાટે હાટે વહોરતા હોય, કોઈ ખાટે કોઈ મૂળગું ખોય.
ધન વોહોરતિયા જેણે વસ્તુ જોઈ, અખા પ્રેમના પાત્ર વડા નર સોઈ.
મોહમાયા નરમાઈને શું કરે ? બળતી અગ્નિ પણ જળમાં ઠરે. ૭૨૩

---

૭૧૯ ખૂંટડા–આખલા, ખૂંટ. પ્રમોદે–આનંદે.
૭૨૦ મીઠી–માયા. મૂઠી–અધ્યાત્મસંપત્તિ.
૭૨૧ અધ્યાત્મને અનુરૂપ રહેણી–આચરણ–રૂપી આંકડો પડે એ એકડો છે, બાકી બીજાં મીંડાં.
૭૨૩ તે વોહોરતિયા–ખરીદનાર ધન્ય. સોઈ–તે. નરમાઈ–નમ્રતા.

તૃણુ-તરુવરને અગ્નિનો ભે, આકાશ દાઝ્યું તે કો નવ કહે.
એમ અલ્પઆનંદી સદા અલ્પાય, અખા પ્રેમાનંદનો પ્રલય ન થાય.
પ્રેમાનંદની ભક્તિ આકરી, વસમી વાટ મહા ખરાખરી. ૭૨૪

કામરહિત તે કામનો વેશ, તેનો જ્ઞાની પંડિતને ન લાધે દેશ.
પ્રેમાનંદી જ્યાં ગાય ને વાય, અલ્પાનંદીને અટપટું જણાય. ૭૨૫

અલ્પાનંદી પોતાને પ્રેમાનંદી ભણે, જેમ વાંઝણી પુત્ર ખોળામાં ગણે.
વાંઝણીપુત્ર તે શોભાઅભિમાન, પણ ઉદરમાનથી ઊપન્યું ગણે સંતાન;
એમ અલ્પાનંદી પોતાને ગણે ભલ, અખા પ્રેમાનંદ નથી ઊપન્યો પલ. ૭૨૬

એમ ગાયવજાડે ગુણીજન ઘણા, રંગે રૂપાળા નહીં કાંઈ મણા;
કંઠે સુર તાળી ને તાન, ગમે ગંધર્વ ને પાતરનું ગાન;
પણ અખા એ તો કસબણ કહેવાય, પતિવ્રતા પૂરવે તેમ ગાય. ૭૨૭

પતિવ્રતા તે જે પિયુને ભજે, અનાયાસે અવરને તજે.
તેનાં વસ્ત્ર સાંખ્યાં જેમતેમ, તેની બરોબરી વેશ્યા કરશે કેમ ?
અખા પતિવ્રતા કરૂપણી હોય, પણ મોટો ગુણ માંહે પતિવ્રત જોય. ૭૨૮

પતિવ્રતા તે, જે સાચું વદે, સાચું બોલ્યું કેને ન સદે.
સાચું તો લીમડાનું પાન, તેમ કડવું લાગે સર્વે જ્ઞાન.
કડવે રોગ કાયાનો જાય, અખા મીઠાણે રોગ બમણો થાય. ૭૨૯

રોગીને તો કડવું ઘટે, લીમડો પીધે રોગ માંહીંથી મટે.
નિર્ગુણ લીમડો જો રોગ નિર્ગમે, તો સગુણ ભોજન સુખે જમે.
નિર્ગુણ થઈને સગુણમાં મળે, તો અખા જેમ દૂધમાં સાકર ભળે. ૭૩૦

---

૭૨૪ અલ્પાય-અલ્પતા (નાનમ) અનુભવે.

૭૨૫ વાય-વગાડે.

૭૨૬ ભલ-ભલે. પલ-ક્ષણ વાર માટે.

૭૨૭ પાતર, કસબણ-વેશ્યા પૂરવે-પરવડે.

૭૨૯ મીઠાણે-મીઠાસથી, ગળપણથી.

વિષય સગુણ તે વિષનું રૂપ, હરિલીલા સગુણ તે અમૃતરૂપ.
વિષ–અમૃત જો ભેળાં થાય, તો વળતું સર્વે વિષ થઈ જાય.
નિર્વિષપણે કરે પ્રેમ–કલ્લોલ, અખા સર્વે મીઠું જેમ ઘી ને ગોળ. ૭૩૧

નિર્વિષપણું તે સજીવનદશા, વિકાર સહિત તે મુડદા જશા.
મુડદાની આભડછેટ ઘણી, તે આભડછેટ કોઈએ નવ ગણી.
અળગી આભડછેટ જોવા જાય, પોતાની આભડછેટ પરલે ન થાય. ૭૩૨

પોતાનું કોઈ ન જુએ મૂળ, કોણ છે જીવ ને કોણ છે સ્થૂળ?
કયો જીવનો કહીએ દેશ? ક્યાંથી આવી કર્યો પ્રવેશ?
જાતો ક્યાં તે સમાશે જઈ?–અખા એ અજાણપ સર્વમાં રહી. ૭૩૩

અજાણી વસ્તુ મહા અનુપ, ધણીના અંશ ને ધણીનું રૂપ;
જેમ અર્ણવજળ રણમાં પરવરે, જામે ત્યારે નામ તેનું નોખું ઠરે.
તેમ ધણીના અંશમાં પરવર્યા ભાઈ, આસુરી રણમાં રહી સમાઈ. ૭૩૪

અજ્ઞાની કહે હરિ એમ કેમ હોય, નોખો નોખો ધણું વગોય?
સુખિયો દુખિયો થઈને દળાય, એવી ગડબડ કહો કેમ કળાય?
અખા તેહનો આ જ જબાપ, જે સુખદુઃખથી હરિ અળગા આપ. ૭૩૫

જેમ લૂણ આવી આંધણમાં ઊકળે, તો અર્ણવ તેથી શેને બળે?
તેમ સુખદુઃખ સઘળાં જીવને, તેમાંથી કાંઈ નથી શિવને.
લૂણ જળ થઈ જળમાં ભળે, એમ સુખદુઃખ અખા દાસ થયે ટળે. ૭૩૬

લૂણ તો જળમાં જઈ જળ થયું, ત્યારે લૂણપણાનું નખોદ ગયું.
ઘણા કહે જ્યોતમાં જ્યોત સમાઈ, એમ દાસનું નખોદ ન હોય ભાઈ.

---

૭૩૨ ઇ. તે–વિકાર સહિત દશાની. અળગી–અંત્યજ વર્ગ અંગેની, પોતાની–અંદરની વિકારદશાની.

૭૩૫ વગોય–વગોવાય.

૭૩૬ દાસ–હરિ આગળ દીનભાવ ધારણ કરનાર.

જળનું લૂણ તે જળમાં ખપે, અખા હરિના દાસ તે હજૂરમાં જપે. ૭૩૭

નકલ એમ ઉરમાં નહિ આણ, હરિજનરૂપ અસલ કરી જાણ;
એ દીઠે આપણો સરશે અર્થ, જોયા કરે મર જૂજવા ગ્રંથ;
થડ થકી તો ડાળે ચડાય, અખા ડાળેથી થડે ઊતરાય. ૭૩૮

થડને ગ્રહો એમ સઘળા કહે, પણ ડાળ વિના ફળ ક્યાંથી લહે?
એકલું થડનું થડ જો હોત, તો કોણ કહેનાર ને કોણ આ જોત?
અખા ડાળપત્રપુષ્પફળ થડમાં, તેમ લીલા અવતાર નામ સર્વે અટળમાં.૭૩૯

ઉપમા સહિત જે આત્મા કથે, તે મહી વિના જેમ પાણી મથે.
પાણી વિના જે મહી ડોળવું, તે ભાંગે ઘણું પણ થાય ઘોળવું.
જુગતી જાણ્યાવિના જો એકલું ધ્રાય, તો અખા એકલે નવનીત ન થાય ૭૪૦

તેમ આપ ટાળી જો જુગ આચરે, તો ગુણ વડે ગુણાતીતને વરે.
ગોરસ ને જળ ભેળાં મળે, મથે તો રૂપ મહી-જળનું ટળે;
મથતાં માખણ થાય પ્રકાશ, અખા પછી રહી તે પરઠી છાશ. ૭૪૧

નવનીત કમાયો જુગતે કરી, જેમ દેહ-આતમાવડિયે ઓળખ્યા હરિ.
તે વિવેકી સદ્‌ગુરુએ વલોવ્યું જદા, નવનીત નરાળું પામ્યો તદા;
અનુભવઅગ્ન્યે કીધું તૂપ, અખા ભાળ એ બ્રહ્મસ્વરૂપ. ૭૪૨

માન મેલી જેણે ભક્તિ કરી, તેણે દીઠા નિરંતર હરિ.
પઈની પેર તે ઘરમાં વસ્યા, શોકે રોયા ના કાંઈ હર્ષે હસ્યા.
કહે અખો નર સુખિયા થયા, દ્વંદ્વાતીત તે સુખે રહ્યા. ૭૪૩

---

૭૩૭ નખોદ-નિર્વાણ.
૭૩૮ ઈ: રખે વિવિધ શાસ્ત્રગ્રંથ જોયા કરે.
૭૪૦ મહી-દહીં. ભાંગે-વલોવે. ઘોળવું-મઠો. ધ્રાય-જમાવે, અધરકે.
૭૪૧ મહી-જળનું-દહીં અને જળનું. પ્રકાશ-પ્રગટ. પરઠી-સ્થાપી.
૭૪૨ ૦વડિયે-વડે. અગ્ન્યે-અગ્નિએ, અગ્નિ વડે. તૂપ-ઘી.
૭૪૩ પઈ-મુસાફર, સર૦ : 'પહેલે દા'ડે પરોણો. ને બીજે દા'ડે પઈ' 'ના' દેહલીદીપ છે, ના રોયા. ના હસ્યા.

જોજો રે મોટાની સૂઝ, સોનાનાં ઘરેણાં ને પીતળની પૂજ.
છે કર્તા ને થઈ રહ્યો દાસ, કરે ભક્તિ ને રાખે વિશ્વાસ;
કહે અખો એ અવળું પડ્યું, પરમેશ્વર ખોળતાં એહ પરપંચ મળ્યું.

નૈવેદન નોખાં નર તણાં, સમું એક ને વાંકાં ઘણાં;
વિષય ભર્મ કીધા છે સહાય, તેણે કારણ ભક્તપણે ન રહેવાય.
અખા અર્થ એકે નવ સર્યો, હરિમારગ અજાણ્યો રહ્યો. ૭૪૫

જીવભાવ સાંભળજો જંન, જીવ કહીએ જેનું મેલું મન.
હું-તું તારું-મારું કહે, અહંભાવમાં નિશ્ચે રહે,
દેહ માની દેખે સંસાર, અખો કહે જીવભાવ તે નિરધાર. ૭૪૬

ઝીહીલે પરમાંનાં પાન, મોહપદનું વાધ્યું માન.
બ્રહ્મભાવ નવ જાણે ભૂર, જ્યમ ઊગ્યો અર્ક નવ દેખે સુર.
જીવન્મુક્ત તો એમ નવ જડે, અખા ખણી ખાડમાં પોતે પડે. ૭૪૭

એકએક કહે મારો પંથ,-જ્યમ ગુણકાએ ધાર્યો કંથ.
વ્યત હતું તાં લગી રહી, ખૂટ્ય દ્રવ્ય અળગી થઈ.
નરતો નરતો કરીને નટી; અખો કહે પંથ મેલી વાંકે ગયા સટી. ૭૪૮

---

૭૪૫ નૈવેદન-નિવેદન.

૭૪૭ ઝીહીલે-ઝીલે. 'અ' : (?) ભૂર-ગમાર, ગાંડો, મૂર્ખ, અબુધ, સર૦: ભુરાંટો. સર૦:ગણપતિ: 'ભૂર, મ ભૂલિસિ ભિંતિ'-'માધવાનલ૦' ૧-૫૫, 'ભૂર ભણું હું તુઝનઈ' ૧-૫૩, માંડણ ૬૧૬-'એતાં કાં નવિ જાણઈ ભૂર!' સુર-સુરદાસ, આંધળો. ખણી-ખોદેલી.

૭૪૮ નરતો-ખરાબ. તું ખરાબ છે એમ વાંક કાઢીને નટી અળગી થઈ. પંથને મેલીને (સમજુ માણસો) વાંકે-વળાંકે. સટી-સટકી, ખસી ગયા. આ છપ્પા પછી હસ્તપ્રત નં. ૨માં નીચેનો છપ્પો લખેલો છે. આગલાનો આંક ૧૯ હતો તે પછી નીચેનાને ૨૦ આપ્યો છે અને પછીનાને ૨૧, ૨૨, વગેરે. પણ પછીથી નીચેના છપ્પા ઉપર, એને રદ કરવાના ઇરાદાથી,

માયા છે મહામોટી જાળ, પાસે કોરે ઊભો કાળ.
વિશ્વ સકળ એ ટોળે મળે, માંહે પેઠું તે નવ નીકળે.
અખા જેને સદ્‌ગુરુની દયા, તે ઝીણા થઈ ને નીસરી ગયા. ૭૪૯

પ્રથમ ગુરુની પૂજા કરે, પછે રામનામ હ્રદેમાં ધરે,
બીજે ઉપાસને બેસે ગાળ, વળતાં માથે આવે કાળ.
સ્વામીપણાની મ કરીશ આશ, અખા એમ થાજે નિજ દાસ. ૭૫૦

દાસ થયા તે દુખિયા નથી, વેદ પુરાણે જોયું કથી.
હરખશોક જેના મનના શમ્યા, તે સેવક થઈ ને સહુને નમ્યા.
મોટાઈનો માંહે ન મળે લેશ, અખા એ ભક્તિનો દેશ. ૭૫૧

કોઈક નર પરદેશે ગયો, કોટિધ્વજ સપનામાં થયો.
જાગી જોય તાં કાંઈ જ નહિ, જાણે મારી માત્રા ગઈ.
અખા એમ જીવ પોતાનું ગણી, અણછતો થઈ બેઠો ધણી. ૭૫૨

ચોકડી કરી છે. છંદ જુદો લાગવાથી રદ કર્યો હશે? પહેલી પાંચ પંક્તિમાં છંદનો પાઠ કરતાં વચ્ચે 'ત્યારે' લહેકાપૂર્વક ઉમેરવામાં આવ્યું છે એ જ, છંદ છે ચાલુ ચોપાઈ જ, છેલ્લી લીટી 'અખા બે ન બને–સેંથો ને તાલ'નો વિસ્તાર હોય. લહિયાએ ક્યાંકથી ઉતાર્યો છે, આંક ચાલુ રાખ્યા છે, પણ એ 'સંપાદક'ને અખાકૃતિ તરીકે એ છપ્પો ઇષ્ટ ન હોઈ, અહીં નીચે પાદટીપમાં મૂક્યો છે :

રહેવું અહીં ત્યારે ન થવાયે ગ્યાની,
વહેવાં વહીતરાં ત્યારે શેઠાઈ શાની?
જાવું વનમાં ત્યારે ન તાકવી વસતી,
કરવો ભેરવજાપ ત્યારે ન કરીએ ઘસતી,
કરવો વેપાર ત્યારે ન જોવો કલાલ,
કહે અખો એ બે ન બને–સેંથો ને તાલ. ૭૪૯અ.

૭૫૨ કોટિધ્વજ–કરોડોનું ધન હોય તેને ત્યાં ધજા ઉડાડતા. માત્રા–દ્રવ્ય.

તન મન ધન સુત ને સુંદરી, સઘળે દેખાડે એક જ હરિ.
મોઢે કહે અમે સાક્ષીભૂત, મન માયામાં ખેલે દ્રૂત.
કહે અખો એ વડું વાંકડું, જ્યમ વીંછીએ ચટકાવ્યું માંકડું. ૭૫૩

અનુભવની દેખાડે આંખ, મનમાં જાણે ધનની ધાંખ.
માંહેલું મન માયામાં ફરે, વૈખરીએ વાત બ્રહ્મની કહે.
સહુને કહે મિથ્યા સંસાર, પોતે ચાટે વારંવાર.
હેડમાં પગ ને મૂછે તાવ, કહે અખો એ ક્યાંનો ભાવ? ૭૫૪

ભજનભજન તો સહુ કો કહે, પણ ભજનપ્રતાપ કોઈ નવ લહે.
કરમાં માળા, મુખ કહે હરિ, મન વેપાર કે નારી ખરી.
અખા ભજની આકાશે રહે, જ્યાં મન બુધ્ય ચિત અહંકાર નો લે. ૭૫૫

સંતનો આશય કોયે નવ લહે, મૂરખ સર્વ દેહ સરખા કહે.
અરૂપ ભગવાન એમ વેદ જ વદે, તેને સંત ધરી રહ્યા રદે.
ગુંજા-રત્ન એક કાં ગણે? અખા ગણ્યા વિના શું ભણે? ૭૫૬

---

૭૫૩ દ્રૂત-દ્યૂત, જુગટાનો ખેલ.
૭૫૪ વૈખરી-વાણીના પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ ચાર પ્રકારમાંનો ચોથો પ્રકાર. હેડ-કેદ.
૭૫૫ ભજની-સાચો ભજન કરનાર. લે-લય.
૭૫૬ ગુંજા-ચણોઠી.

શબ્દસૂચિ

અકાજ-નકામું, વ્યર્થ ૫૬૮
અખે-અક્ષય, ન ખૂટે એવું ૫૫૪,૫૫૬
અચવ્યુ-ન કહેલું,-બ્રહ્મ ૮, ૨૩, ૧૪૨, ૩૭૯, ૫૩૪
અછતો-જેનું અસ્તિત્વ નથી તેવો ૬, ૬૨૩, ૬૨૪, ૬૯૨
અજમાલ-અજા(માયા)ની માળા (?) ૬૦૩
અટાટ-નકામું ૩૯૦
અણચવ્યું-ન કહેલું,-બ્રહ્મ ૫૯, ૧૬૬, ૪૪૬, ૪૬૮, ૬૭૨; ૦વિયું ૬૭૩
અણછતું-જેનું અસ્તિત્વ નથી તેવું ૧૨૭, ૧૩૨, ૧૮૩, ૨૨૯, ૩૭૬, ૪૧૫, ૪૩૯, ૪૬૭, ૬૮૧, ૬૮૪, ૭૧૩, ૭૫૨
અણમવી-અણમાપી, અમિત ૪૭૮
અતીત-સંન્યાસી ૬૧૪
અથા'-અથાગ (હસ્તપ્રત ૫ માં 'અથાહા' પાઠ છે.) [૧ 'અથ' (આરંભસૂચક) ઉપરથી. ૨ 'થા'ની આગળ 'અ' ઉમેરીને;-આ અર્થો અથવા ૬ના 'યથા' પાઠની આ મદદની જરૂર નથી.] ૩૧૭
અદબદ-અદ્‌ભુત. અલૌકિક,-પરમ તત્ત્વ ૧૪૭, ૨૬૦, ૩૫૧, ૫૮૪, ૬૦૪
અદબદા-અદ્‌ભુત ૧૫૫
અનલ-અગનપંખી ૧૪૨, ૫૨૫
અનીઠ-અનિષ્ટ, અભદ્ર ૩૯૦
અભૂલ-ભૂલચૂક વગર ૫૭૮
અભોગત-ભોગવ્યા(અનુભવ્યા) વિનાનો ૫૩૪
અમન-મનની પાર (અતિમનસ્), વિજ્ઞાન ૪૧૧, ૪૫૦
-(વિ.) અતિમનસ્‌માં પહોંચેલો ૩૩૪
અમરખ-વ્યર્થ; ખરેખર (?) ૪૮૭
અમંન જુઓ 'અમન' (વિ.) ૬૨૧
અર્ખેંકર્ખે-હરખ કે-હરખ (?) ૨૪૯
અર્વાકચે-અર્વાકીએ,અર્વાચીનોએ ૪૩૩
અર્વાચી-વાચાથી પર ૫૩૮
અલેલ-આનંદક્રીડા ૫૩૧
અવગત્ય-અવગતિએ ગયેલો ૫૬૧
અસન-જુઓ 'અસંન' ૬૨૬
અસંન-અસંજ્ઞ, અબૂઝ ૫૬૧
અસ્ત-અસ્થિ, હાડકાં ૪૫, ૯૨, ૨૬૨
અહરા-આઘા ૧૫૩
અહરેરુ-આઘેરું ૩૪૩
અંતરભૂત-અંતર્ભૂત,અંદર રહેલ ૧૪૪, ૬૬૫
અંથ-સહેજ પણ (? ૪ માં પાઠ છે 'આથ'-પૂંજી) ૨૯૪
આઠકાઠ-આટકાટ; કમઠાણ ૪૧,૫૪૨
આઠોડ-વ્યાપેલું (?) ૩૬૮
આથ-પૂંજી ૧૧૪, ૨૩૯, ૨૫૯, ૨૬૧, ૪૨૬
આદર-આરંભ (પ્રયત્નના અર્થમાં) ૧૧૦, ૪૪૯, ૪૫૧;
૦વું-૨૮, ૧૮૬, ૨૦૬, ૨૪૧, ૨૮૩

આગ્રજ–આગળ જન્મેલા,સુવર્ણ ૩૭૩
આધ–આધિ. માનસિક પીડા ૨૫૩, ૨૬૭
આપું–પોતાપણું,આપોપું ૪૬૪,૫૫૪
આભડછોત–આભડછેટ, છૂતાછૂત ૯
આવટવું–સંકલ્પવિકલ્પે ચઢવું ૧૬૭, ૨૨૨; ચકરાવે (આવર્તમાં) ચઢવું ૨૫૪
આશે–આશય ૬૪૪
આસ્ત્ય–અસ્તિ (છે) એવો ભાવ, અસ્તિત્વ, હોવું તે ૪૬૫
ઈયાહુ–પોતાની ઇચ્છાથી બળી જનારું અને સ્વાતિ નક્ષત્રમાં વર્ષાબિંદુથી ફરી સજીવન થતું (કાલ્પનિક) પંખી ૫૯૮, ૫૯૯
ઉથાપ–ઉથાપવું તે ૬૯૭
ઉદાલ–ખૂંચવી, આંચકી ૫૫૯
ઉપરછલું–ઉપર થઈને ૧૪૮, ૬૧૯
ઉપાયું ઉપજાવ્યું ૬૪૯
ઉભાત–ભાત મટી જવી તે ૫૨૪
ઉસારણ–ઉસરડી લેવું તે ઓસરવું તે ૨૯૦
ઊગટી–૦ને ટોણા મારી (?) ૨૪૩
ઊડી–ફૂદકો ૫૮૯
ઊથડ્યા–ખોટે માર્ગે ટિચાતા ૨૧૧
ઊધરે–ઉદ્ધરે, ઉપર કાઢે ૨૬૧
ઊસરી–ઓસરી ૩૩૨
એકભવી–એક ભવમાં સાક્ષાત્કાર મેળવનાર ૪૭૮
એકવાહ્યું–એક મારગે જતું ૫૯૭,૬૦૬
એકહથી–એક હાથે ૬૨૩
એળે–વગર મહેનતે. ફોગટમાં ૫૮૪
ઓઘટ–મહેણું; મુશ્કેલી (?) ૨૪૩
ઓટ–પડદો ૧૫૩
ઓપાણું–ઓપ(ચળકાટ) પામ્યું ૫૪૪
ઓલ–ઓળ, હાર ૫૧૫
ઓલવે–ઓથે ૩૫૬
કખાં’–કષાય, મેલ, વિકાર ૬૩
કજા–(૧) કાનૂન, કળા; (૨) મૃત્યુ ૩૦૭
કડચે–કટિએ, કેડ પર ૨૯૭
કરકરો–કઠણ, કકરો ૨૧૬
કરસણ–કૃષિ, ખેતી ૨૧૦
કરસણી–કૃષિ કરનાર ૧૯૩
કલણ–કલન, કળવું (સમજવું) તે ૪૭૬
કલણા–કલના, કળવું તે ૪૭૩
કલમે શરીખ–કલામે શરીફ, કુરાન ૩૮૭
કલો–કલહ, કજિયો ૩૦૪
કવિતા–કવયિતા, કવનાર, કવિ ૨૨ ૧૬૬, ૨૬૬, ૩૪૩
કળવકળ–કળ (યુક્તિ) અને વિશેષ યુક્તિ (વકળ) ૨૨૮
કંકોડી–એક જાતની કઠણ માટી ૧૮૯
કાટ–કરડવું તે ૬૪૮
કાતરો–કેળાંની લૂમ ૩૫૪
કારજ–કાર્ય ૪૬૨, ૫૨૩, ૫૪૩, ૬૮૦, ૬૮૨
કાસળ–આડખીલી ૭૯
કાળક–કાળપ, કલંક ૪૧૫

ક્રીહે-ક્રીધે, કર્યે ૫૨૧
ફૂકસ-ફુશકા ૨૭૫
ફૂટ-ફૂડી ૪૯
  ૦જ્ઞાની-ફૂડભર્યો જ્ઞાની ૩૩૨
ખટવું-ખાટવું, ફાવવું ૨૨૭, ૨૯૮,
  ૩૯૮
ખપે-જોઈએ ૧૦૭
ખરારે-ખરેખર, ખરાખરી ૧૨૦,
  ૩૭૧ ૫૩૮
ખંડણા-ટુકડા કરવા તે ૨૬૦, ૪૪૬
ખાણ-ઉત્પત્તિસ્થાન ૧૫૨, ૪૪૧
ખાણી-૧ ખાણ, ૨ ઢંગ (?) ૪૯૩
ખેડે-ગામડે ૬૩૬
ખેપન-ક્ષેપ, ગાળવું તે ૮૩
ગત-સમજ ૧૭૪, ૧૯૨
ગમ-વિદ્યા, ઉકેલ ૨૧, ૬૬, ૪૦૩
ગલિત-ગળેલો, નમ્ર ૨૧૬
ગાહુઆ-ગઢિયા ૫૬૯
ગાર-ગારો, ગેરો. વહેર. ૦કાઢે-નાશ
  કરે (?) ૨૮૧
ગાલ મારે-બડાશ હાંકે ૨૨૧
ગાળ મહેણું ૪, ૨૧૬, ૬૨૫, ૭૫૦
ગોખર-ગાયોમાં ઊછરેલો ગધેડો ૨૬૬
ગોટી-ગોટીલા જેવાં સ્તન (?) ૬૫૭
ગોર-ગુરુ ૩૩૬
ગ્રથલ-વળગાડ લાગ્યો હોય તેવો
  ૪૬૪, ૫૪૧
ઘર-મુકામ; એ૦-બ્રહ્મ ૩૬
ઘાટ-ઘરેણું ૩૭૨, ૪૬૬
ઘાટા-માલદાર; કઠણ ૨૨૭
ઘાયક-ઘાતક (?) ૩૩
ઘૂઘરી-બાફેલી જારબાજરી ૩૦૫
ઘેન-ગહન ૩૫૭ (સર૦ ૫૪૭આ)
ઘોળવું-મઠા જેવું ૭૪૦
ચકચૂંધ-અંજાવું તે ૩૫૭, ૫૦૦
ચર્મ-શરીર ૨૮૦, ૩૬૬ ૪૭૭, ૬૧૪
ચલણવલણ-ચાલવુંવળવું તે, હિલ-
  ચાલ ૨૫૭
ચલેવળે-ચાલેહાલે, હિલચાલ કરે
  ૫૧૪, ૫૧૯
ચવવું-કહેવું ૧૭૦, ૫૨૬, ૫૩૪ જુઓ
  'અચવ્યું,' 'અણચવ્યું'
ચળવળે-ચાલેહાલે, હિલચાલ કરે ૫૭૬
ચામ-શરીર ૩૩, ૯૩, ૫૯૧, ૬૬૦
ચામડું-શરીર ૧૦
ચાવે-કહે ૧૭૦
ચાસંધ-જાહેર, ઉઘાડે છોગે ૧૮૫
ચાંપ્યા-વળગ્યા (મામને), (મામે)
  દબાવ્યા ૧૨૧
ચોજ-આશ્ચર્ય, ચમત્કાર ૧૨૪, ૬૦૪
ચોરી-(?) ૬૦૩
ચોવટે-ચૌટે ૫૫૯, ૫૬૪, ૬૧૦
ચૌદું-ચોખ્ખું સોનું ૨૦, ૩૦૬
છબે-અડકે, પહોંચે ૨૪, ૫૭
છામખેડું-ચામખેડું, પૂતળીખેલ કર-
  નારનું સાધન ૧૫૧
છાંછલપાંછલ-જેવોતેવો, કાચોપોચો
  (રવાનુકારી શબ્દ?) ૨૯૨
જતન-યત્ન, મહેનત ૩૦૬, ૬૬૯

જતંન-(૧) યત્ન ૬૨, ૮૭, ૯૨;
(૨) રક્ષણ ૩૧૩
જત્ન-યત્ન ૩૯૬
જન-હરિજન, સંત ૮૧, ૧૮૮, ૨૦૧
જમલો-સાથે સર્વથી જોડાયેલો ૪૦૬
જમાલું-જમલું ૫૮૬
જંત્ર-યંત્ર ૪૫૨
જંથ-જંત્ર; તૂત (?) ૨૦૩
જંન-હરિજન ૧૩૧
જાગ-જગ્યા ૨૭, ૪૨૪, ૫૯૨
જાજરો જર્જર, જરી ગયેલો ૨૦૪
જાણ-જ્ઞાન ૩૩, ૧૨૬, ૧૭૬, ૬૫૪;
-જ્ઞાની ૧૭૯, ૨૩૩, ૨૮૩, ૩૧૩,
૩૨૩, ૩૩૭, ૫૨૧, ૫૩૦, ૫૩૧,
૫૬૪, ૫૬૯, ૬૬૨, ૬૭૬
જામણ-મેળવણ ૧૯૮
જુવા-જુદા ૭૦૦
જૂતા-જોડાઓ;'જૂત્યો' લેતાં, જોડાયો
૬૪૯
જોડ-સંબંધ ૫૩, ૨૧૯;
-જોટો, જોડી ૯૦,
-જોડવું તે; યમક (પદ્ય)ની રચના
કરવી તે ૧૬૫
ઝટે-ઝૂંટવે ૫૬૪
ઝરલાણી-ઝળકી, જ્વલિત થઈ (?)
૪૯૪
ઝાકમઝોળ-લહેર, આનંદ ૨૪૨
ઝામરઝોળે-આડંબરથી (?) ૧૯૭
ઝાંખ-ઝાંખી ૬૫૮
ટળ-ટળે (નાશ પામે) એવી વસ્તુ,
-સંસાર ૬૮૩
ટાકર-રણકી જમીન જેવું તાલિયું
માથું (?) ૨૨૬
ટાંક-શેરનો ૭૨મો ભાગ ૫૬૬
ટેક-કોઈ વસ્તુને પકડી બેસવું તે,
જીદ, અભિનિવેશ ૧, ૩૪, ૩૪૨,
૫૭૩, ૬૮૭
ઠગ-ઠગામણી, છેતરપિંડી ૯૧, ૬૦૮
ઠવે-સ્થાપે ૬૯૨
ઠાઠ-સાજ ૪૧, ૩૬૬, ૩૮૯, ૫૦૪,
૫૨૦, ૫૪૨, ૬૬૫
ઠેઠ-અંત, મુકામ ૮૪
ઠેરાવ-નિશ્ચય ૧૬૧;
-વ્વું નક્કી થવું ૩૫, ૪૦૭,
૪૬૬, ૭૦૫, ૭૧૧;
-વવું-નિશ્ચય કરવો, નક્કી
કરવું ૫૦૫
ડેહેકાણ-ઠગાયેલા ૨૧૪
ઢાળ-ઢોળાવ, રીત ૨૧૬
તકા-તક, છારા ૧૬૫
તગન-તજ્જ્ઞ, નિષ્ણાત (હસ્તપ્રત ૫
માં ૧૪૨ના 'તજ્ઞ'નું 'તગ્ન'
પાઠાંતર છે.) ૧૭૨
તજ્ઞ-તજ્જ્ઞ, નિષ્ણાત ૧૪૨
તણંગ-પખાલી ૨૮૫
તત્વાબોધ-તત્ત્વબોધ ૨૮૪, ૬૦૮
તરવું-ધોળા રંગની હળવી ધાતુ
૪૮૮
તરોવડ-ખુલાસો, સરખાઈ ૭૧૬
તલો-તળિયું (?) ૫૯૪

તંત-તંત્ર ૧૮, ૬૯૩;
-તાંતણો ૧૪૨, ૫૪૨;
-પરંપરા ૪૫૨;
-છાલ, કેડો, મમત ૩૬૩
તા-તાપ; (૪,૭ નો 'મલે' પાઠ લેતાં) તક ૧૦૪
તાક-લાગ ૬૬૬
તાગ-છેડો, નિવેડો; ત્યાગ ૬૧૧
તાં-તો ૫૫, ૨૦૯, ૨૪૨આ, ૩૧૮, ૬૦૦ વગેરે;
-ત્યાં (કાલવાચક) ૩૮, ૧૨૪, ૨૪૨ અ વગેરે
તાંત-તાર, તાંતણો ૪૫
તુષ-ફોતરાં ૫૨૭
ત્રાપડ તાપડું ૧૭૧
ત્રૂટ-તોટો ૪૬, ૬૦૨
ત્રેપનમો-શબ્દાતીત પરમાત્મા ૨૪૭
થાપ-સ્થાપના, ઠરાવ ૨૩, ૧૯૯, ૬૬૩, ૬૯૬;
-છક્કડ, ભૂલથાપ ૨૩, ૧૫૮, ૨૪૩, ૩૩૮, ૩૪૮, ૪૯૬, ૫૧૨, ૫૨૨, ૫૭૨
દક્ષણાવંત-દક્ષિણ (જમણી) બાજુ વળેલા ૩૬૩
દધા-દુગ્ધા, પીડા ૫૭૭, ૫૮૨
દરશવું-જોવું ૪૭૭; દેખાવું ૬૯૮
દરિદ્ર-દારિદ્ર્ય, ગરીબાઈ ૫૨૦, ૬૦૧
દુમાસ-દમાસ્કસનું કાપડ ૧૭૩
દ્યુત-દ્યૂત, જૂગટું ૭૫૩
દ્વરી-આઘો ૬૬૩
દ્રુહવવું-દૂભવવું ૧૮૭, ૨૨૨
દોહોલ-દોહ્યલું હોવું તે, મુશ્કેલી (?) ૧૮૫
દ્રોહો-(૧)ધરો; (૨) દ્રોહ (સર૦ ૨૨૦ ઉ, ૩૨૧ઇ) ૨૨૪
ધંધ-ધમાલ, જંજાળ ૨૭૪, ૬૧૯
ધા-દોડાદોડ ૨૧૦
ધાત-કોષ્ઠક, કોઠો, વ્યવસ્થા (મેળ) ૪૩૩, ૪૯૭, ૫૧૨, ૫૯૬
ધાતવું-ફાવવું, અનુકૂળ આવવું ૩૧૮
ધાવુ ધૂપવું-દોડવું ૩૫૫, ૩૮૨
ધાંખ-ધખના, ઝંખના, આતુરતા ૫૯૪, ૭૫૪
ધૂતા-ધૂર્ત, ધુતારા ૬૫૫
ધેર-ધરમૂળ ૬૪૯;
૦થી-ધરથી, મૂળથી ૧૦૩, ૧૨૨, ૧૪૪, ૬૨૪, ૬૩૧
ધ્રાય-અધરકે, જમાવે ૭૪૦
નધાત-ધાત ન થાય એ રીતની ૨૬૨
નરત-નૂરત, પ્રકાશ ૬૩૦
નર્ત્ય-નૂરત, પ્રકાશ ૩૩૪
નલાડ-લલાટ, કપાળ ૨૬૨
નસંક નિઃશંકપણે, ચોક્કસ ૨૬૨, ૫૮૯
નાટ-નાટક, તમાશો ૩૩૭, ૩૪૭, ૫૩૩
નારત-નાસ્તિ (નથી) એવો ભાવ, ન હોવું તે ૪૯૬
નારત્ય-જુઓ 'નારત' ૪૬૫
નિગમવું-કાઢવું ૧૫, ૧૦૮, ૧૯૮, ૨૬૩, ૩૧૧, ૪૨૧
નિદાન-ચિકિત્સા, પરિણામ ૫૦૯;
-(અ) છેવટે, અવશ્ય ૨૪

નિધ-નિધિ, ભંડાર (રૂપ પરમાત્મા) ૧૬, ૪૨૫
નિધાન-નિધિરૂપ પરમાત્મા ૨૪, ૫૧૭, ૫૧૮, ૫૨૦
નિરદાવો-દાવા(આસક્તિ)નો અભાવ ૧૯૦
નિરાશી-આશાઓ છોડીને વર્તનાર ૪૭૩, ૬૮૦
નિર્દાવો-જુઓ 'નિરદાવો' ૨૨૨, ૪૯૪
નિર્વાણ-વિ,) મુક્ત ૫૪૪
-(અ) અવશ્ય ૩૭૧
નિર્વેવી-નિરવયવી, અવયવ વિનાનું ૫૧૬
નિલગ-૧ અલગ; (૭ નો 'નલિંગ' પાઠ લેતાં) અલિંગ ૧૪૮
નિવેદન-નિત્ય નિ૦ રોજ નિવેદિત (રજૂ) થતું આત્મતત્ત્વ ૫૨૬
નિસ્તારો-પાર ઊતરવું તે, ઉદ્ધાર ૫૭૪
નિસ્પ્રેહ-નિઃસ્પૃહ ૫૨૯
નીમડવું-નીવડવું ૧૨૧, ૨૦૮, ૨૦૯, ૩૯૩, ૩૯૫, ૩૯૯, ૪૪૯
નેટ-નક્કી ૫૯૩
નૈરાશ-આશા રહિત ૪૮૭, ૪૮૯;
૦શી-આશારહિત દશા ૧૫
નૈવેદન,-નિવેદન, રજૂઆત ૭૪૫
પઈ-મહેમાન ૬૪૩
પખા-પક્ષ ૧૨૭, ૩૦૯
પખાં-પડખાં ૧૦
પખે-પક્ષમાં, બાબતમાં ૩૯૯
પડતું-ઘડી ન શકાય એવું (સોનું), હતાશ થયેલું (મન) ૩૦૬
પડવું-હતાશ થયેલું ૧૦૪
પતિયાવું-(સ. ક્રિ.) પ્રતીતિ કરાવવી, પટાવવું ૫૦૬;
-(અ. ક્રિ.) પ્રતીતિ કરવી, વિશ્વાસ કરવો, માનવું ૫૭૦
પત્રી-(૧) વૃક્ષ; (૨) પંખી ૨૮૮
પથ્થર-મૂર્તિઓ ૨૮૮
પર-પીંછું (પાંખ) ૨૫, ૬૧૫
પરઠવું-ઠરાવવું, નક્કી કરવું ૬૬, ૪૪૨, ૫૨૧, ૭૪૧
પરતીત-પ્રતીતિ, ખાતરી ૩૭૭, ૪૦૬
પરભવે-પરાભવ કરે, હેરાન કરે ૫૬૬
પરભાય-પ્રવાહ (ના 'પભા' રૂપ પરથી) ૫૦૪
પરું-દૂર ૩૧૪, ૩૪૪, ૭૧૫
પરિચય-પડદો ૫૩૬
પરેરે-પ્રેરે ૧૪૪
પશુ-પશુ જેટલી બુદ્ધિવાળો ૨૮૮ (સર૦ 'નરપશુ' ૨૯૬)
પસાય-પ્રસાદ રૂપ, પ્રસન્ન ૭૦૭
પહાણ-પથ્થરની મૂર્તિઓ ૧૦૯, ૩૧૯
પંચ-મહાભૂતનું શરીર ૨૪૪
પાગ-પગ ૫, ૨૪, ૨૫, ૬૧૧, ૬૧૩, ૬૧૫;
-પાઘડી ૨૨૬
પા'ણ-શિલા ૬૬૧;
-પથ્થરની મૂર્તિઓ ૧૦૯, ૨૮૩, ૩૧૯
પાણી-તીર્થો ૧૦૯
પાનોઠ-નરબાજરીનાં લાંબાં પાંદડાં, પાનઠ ૩૬૮

પારખ્યા–પરખ, પરીક્ષા ૨૬૮
પાલો–બરફ ૪૭, ૧૫૫
પાંકે-પરાક્રમની બડી બડી વાતો કરે ૨૧૫
પાંચ-કામક્રોધ આદિ ષડ્‌રિપુમાંના ૨૭૨, ૨૭૪
પિયારી–પરાઇ, પારકી ૧૪, ૬૧૭
પીવ-પ્રિય, સ્વામી ૫૬૨
પુનરપિ-પુનર્જન્મના ફેરા ૨૨૩
પુર્ખ–પુરુષ ૧૭૧
પુષ્પિત–શણગારેલી, ઉપરથી મીઠી, મલાવી મલાવીને રજૂ થતી ૫૪૮
પૂજ–પૂજા ૫૧૧, ૭૪૪;
–(વિ.) પૂજ્ય ૧૭૯, ૧૯૨, ૨૮૮
પૂરવતું–પરવડતું ૫૧, ૨૧૮, ૭૨૭ (૨૧૮માં હસ્તપ્રત ૬ અને ૭નો પાઠ જ 'પરવડતું' છે.)
પૂંછલી–પૂછિયલ, બેસક પડેલી ૭૦૮
પૂંછે–પૂછે ૫૫૯
પેર–પ્રકાર, રીત ૬૪૯
પોગર–પુદ્‌ગલ ૬૬૫, ૬૬૬
પોહોતું–પહોંચ્યું ૪૧૭, ૫૭૧, ૬૨૮
પ્રતિ–જોડ,સરખું,સમોવડિયું,પાછી૯૦
પ્રતિકાર–વિરોધ ૫૯૫;
–બદલો ૫૯૬
પ્રભા–પ્રવાહ ૨૬૯, ૪૦૨
ફાંકડા–ફાંકા જેવાં પોલાં, પોકળ, ફાંગડાં. જાળ, પ્રપંચ ૧૭૯
ફૂલ–કુલાશ, પતરાજી ૯૦
ફોકે–ફોગટ ૧૭૭, ૩૬૮
બકતું–કહેતું ૨૩૬, ૨૭૧, ૩૭૧, ૫૪૭, ૬૭૩
બરલે–બબડે ૩૩૮
બાજ–બાહ્ય, કરણી ૧૦૮, ૧૬૭;
–(વિ.) બાહ્ય, બહાર ૪૯૬, ૫૪૦
બાધું–બધું ૧૪૯, ૨૪૮, ૫૧૮, ૫૩૩, ૫૮૭, ૬૬૯
બાનુ–વચન, બાંયધરી ૬૯૦
બારેકાળ–આખો વખત ૯, ૮૧, ૯૯
બાવન–૫૨ મૂળાક્ષરની શબ્દલીલા ૨૪૩, ૨૪૭
બાળ–બાળબુદ્ધિ, અબૂઝ ૫૬૭, ૫૬૮
બાંધ્યોરૂંધ્યો–આખો, સમગ્ર ૩૪૯,૫૧૫
બિરદ–વચન, પ્રતિજ્ઞા ૫૬૭
બીહાને–બીધેલાને ૧૧૫
બુધ્યાતીત–બુદ્ધયતીત, બુદ્ધિથી પર ૫૭૬
બેમના–દ્વિધા, સંકલ્પવિકલ્પ ૫૯૩
બોક–ડોલ ૨૯૧, ૬૩૭
ભગળ–ભોપાળાં ૨૨૬
ભટ–કથા કહેનારા ૫૨૪
ભઠચે–ભઠવાથી, ધખવાથી, તપવાથી ૦ પાડતું–(?) ૫૯૧
ભલ–(વિ.) ભલો ૭૧૬; ૭૨૬, ૦પણુ-ભલાઈ ૨૬૬
–(અ.) ૦ભલે ૨૧૫
ભાજવું–ભાગવું, ૧૯૮,
–ભાંગવું ૧૮૦, ૨૪૩, ૨૬૧
ભાથી–બહાદુર યોદ્ધો ૧૦૫
ભારો–ભારવાળો, ભારેખમ ૧૨

ભૂપ-મોટા (રાજા જેવો) ૨૭૦, ૫૨૩;
-મોટી ૬૦૩
-મોટું પરમતત્ત્વ ૪૪૪
ભૂમંડ-ભૂમંડલ, પૃથ્વી ૧૬૨
ભૂર-ગમાર, ગાંડો, મૂરખ, અબુધ ૨૪૭, ૪૦૯, ૪૧૪, ૭૪૭
ભે-ભય ૪૩, ૩૨૮, ૪૩૨, ૭૨૪
ભેવ--ભેદ ૭૭, ૪૦૫, ૫૧૬, ૬૨૬
મકલાય-મલકાય, હરખાય ૯૨
મતો-મતમતાંતર, સિદ્ધાન્ત ૩, ૯૯, ૪૦૮, ૬૮૯, ૭૧૩
મનરખતી-મનસાચવતી ૧૭૬
મનીષ-મનુષ્ય ૫૭૪
મયા-હેતમાયા, દયા ૧૧૩, ૩૬૯, ૬૪૬
મરડ-વક્રતા ૨૧૬
મરતક-મૃત્યુ પામેલ ૬૭
મરત્યે-મૃત્યુએ ૨૬૩
મત્રે-માપે ૨૮૨
મશકલો--પાલીસ કરવાનું સાધન ૬૬૬
મસ-બહાનું ૨૦૭
મહાકારણ-બ્રહ્મ ૫૫૦
મહાનિધિ--મહા ભંડારરૂપ બ્રહ્મ ૫૦૨, ૫૧૬, ૫૫૧, ૬૨૫
મહાપુરુખ-જુઓ 'મહાપુરુષ' ૪૮૭
મહાપુરુષ-મોટા જ્ઞાની ૨૬, ૧૬૯, ૨૪૬, ૨૬૭, ૪૩૪, ૪૮૫
મહારાજ-પરમેશ્વર ૧૮૧, ૩૪૩, ૪૮૩, ૬૦૫, ૬૨૫, ૬૯૦
મહોર-મહોરાવાળા, દેખાવ કરનાર (?) ૩૩૬
મળો-મેલ ૬૯૯
મંડ-માંડણી ૫૫૨, ૬૧૭
માઠી-માથું ૨૮૩
માતમ-માહાત્મ્ય, મોટાઈ ૭૬
માદક-કેફ ચઢાવનાર ૨૫૨, ૩૬૬ ૪૩૮, ૪૪૦;
-કેફ ચઢેલ ૨૭૯
માનીનતા-માનીપણું, હુંપદ ૪, ૫, ૬૩, ૬૮
મારુઆડ-મારવાડ ૩૬૫
માહન્ત--મહંત, મહાપુરુષ ૪૨૮ ૪૭૩, ૬૭૬
મુકતું-મગતું, મોકળું, છૂટું, નિરંકુશ ૩૫૯, ૬૩૧
મુન્ય-મુનિવૃત્તિ (?) ૩૩૦
મૂળગું-મૂળનું, મૂળ ૧૨, ૪૭, ૧૪૫, ૨૫૨, ૨૬૬, ૨૭૫, ૫૩૧, ૬૦૪, ૭૨૩
૦ઘર-બ્રહ્મ ૩૮૬;
૦ધામ-બ્રહ્મ ૩૩૩, ૪૦૬, ૪૬૨;
૦પદ-બ્રહ્મ ૪૬૩;
૦ગી વૃત્તિ-બ્રહ્મભાવ ૪૬૩
મૃત-મૃત્યુ ૧૮૪
મેટચું-મટાડચું ફિટાડચું ૨૨૮
મેલાણ-મુકામ ૧૭૨, ૬૩૪
મેલ્યા-મળ્યા ૫૬૦
મેવાસ--ઝાડપાડુવાળો જંગલી પ્રદેશ ૧૭૮, ૨૧૧, ૫૪૮
મોડ-મરડાટ, ગર્વ, છદ ૨૮૮
મોરથી-આગળથી, તરફથી ૫૨૯
મોહોકમ-દૃઢ, પુષ્કળ ૫૭૯
મોંરખા-મોં સાચવવા પૂરત ૧૦૨

યતંન-યત્ન ૫૩૯

યથાબદ્ધ-જેવો બંધનમાં છે તેવો ૪૭૫

રગે-(૧) રગવા(કાલાવાલા કરવા)થી; (૨) રગ(હઠ)ને લીધે ૯૧

રચાણું-વ્યાપ્યું, તલ્લીન-તદ્રૂપ બન્યું ૯૨

રાબડ-રાબડી જેવું, રગડો ૬૯૨

રાસ-મેળ ૨૧૩;
-રાશિ, ભંડાર ૨૩૮ ('મેળ' અર્થ પણ બેસે.)

રૂઢે-રૂઢિએ, રૂઢિ વડે ૫૨૪

રૂસલ-રોષ, રિસાયેલાપણું (?) ૨૯૮, ૩૫૫; ૩૭૧, ૩૮૮

રૂંધ-રૂંધામણ ૩૫૭, ૫૦૦

રેશ-રહીશ, રહેશે (?) ૮૬

રોકારોક-રોકડો ૫૩૫

રોચના-લાલસા ૫૮૦

લખવું-સમજવું, ઓળખવું ૧૪૬, ૩૨૫, ૪૨૪, ૪૨૮, ૪૩૨, ૪૬૮, ૪૭૪, ૪૭૫, ૪૭૭, ૪૯૨, ૪૯૯, ૫૫૭, ૫૭૪, ૫૭૬ (પહેલું), ૫૭૭, ૭૦૧.

લગે-ને કારણે ૫૮, ૧૫૭, ૪૩૬

લબે-હોઠે ૫૭

લે-લય ૭૫૫

લેખ-લેખું ૪૯

વજા-સમજ, બુદ્ધિ, વિદ્યા ૬૪, ૩૦૭

વજે-સમજ; મળતર; સફળતા ૭૬; અંદાજ, મળતર ૩૧૯

વટવું-ઓળંગવું ૫૬, ૨૬૮, ૩૬૮ ૬૧૦

વતાગરો-વૈતરો ૧૯૨

વના-(બહુવચન) વર ૫૬૦

વનો-વર્ણ ૨૮૨

વમવું-કાઢી નાખવું ૪૦૦

વરતણ-આજીવિકા ૪૦૦, ૪૯૦

વર્ત્ય-વૃત્તિ ૩૫૦

વલાલ્યે-લાલન કરે, રમાડે (?)૩૪૪

વલો-માખણ ન બંધાવું તે ૩૭૭

વળણ-(વળાંક) રસ્તો ૧૨૦, ૨૧૩, ૨૪૪, ૩૨૦

વળૂંધ્યો-વળગ્યો ૧૮૧

વંચક-વાચક, કથા વાંચનાર ૧૯૧, ૨૬૯

વાજે-વાગે ૧૩૧, ૬૯૧

વાટ પડવી-લૂંટાવું ૫૪૮

વાની-પ્રકાર ૪૭૦

વાય-વગાડે ૭૨૫

વાર-પાણી ૧૫૩, ૬૬૭

વિકરવું-જુદું પાડવું ૨૫૫, ૩૨૪

વિક્રમ-૧ પરાક્રમ; ૨ વિકર્મ ૫૯૮

વિખે-વિષય ૩૨૫;
